

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૪૯મું · અંક ૫૭૮ · ફેબ્રુઆરી ૧૯૭૨

તંત્રી · બચુભાઈ રાવત

◁

તાજેતરમાં મુંબાઈમાં શ્રી અશ્વિન મહેતાએ ફોટોગ્રાફી અને સિલ્ક સ્ક્રીનની સહાય વડે તૈયાર કરેલાં ૩૨ ચિત્રોનું 'ફોટો-ગ્રાફિક્સ' નામે એક પ્રદર્શન યોજ્યું હતું. તેમાંથી વૃક્ષના થડ પર ગોપિત રહેલા સૌંદર્યને પ્રકટ કરતું આ ચિત્ર છે.

ફોટોગ્રાફી દ્વારા ગ્રાફિક્સ – મુદ્રણક્ષમ કળાની શક્યતા ખોળવા સાથે વિવિધ રંગ વડે એકરંગી ફોટોચિત્રની અદૃષ્ટ સુંદરતાને બહાર આણવાનો એ પ્રયત્ન હતો.

ઝીણી રેતી, ખરબચડા ખડક, પ્રાચીન શિલાલેખ, ટાયર વગેરે અવનવા ચિત્રવિષયોની સાદી નેગેટિવોમાંથી વચલા બધા ટોન દૂર કરી તદ્દન 'બ્લૅક' અને 'વ્હાઈટ' ભાગને જ મોટા સિલ્ક સ્ક્રીન પર ઉતારી તેના પરથી રંગીન શાહી વડે કાગળ પર ઉતારેલાં ચિત્રોનો આ એક પ્રશસ્ય પ્રયોગ હતો.

સાંકળિયું

ફેબ્રુઆરી ૧૯૭૨ • અંક ૫૭૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ : રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

વાચકો લખે છે

संक्रान्ति-पर्व-मंगलम् *

आस्वादयन्तु सुहृदः तिलमिष्टपाकम्
वाचां तथा मधुरिमा मुदमातनोतु ।
लोके भवन्तु सुखिनः सुधियां समाजाः
श्री-शारदा निखिल मंगल मादधातु ॥
एव भातयति-

(सुदामापुरी) —विद्यालंकारः शंकरदेवः

ઑક્ટોબર ૭૧ના અંકમાં વાચકો લખે છે વિભાગમાં મારા સ્નેહી શ્રી લક્ષ્મીનારાયણ પંડ્યાના કાવ્યની તફડંચીની ચર્ચા વાંચી આશ્ચર્ય થયા વિના ન રહે. મારે આ પત્ર મારા નામોલ્લેખના કારણે લખવો પડે છે. એ વખતે અમે પ્રકાશ પ્રિન્ટરીમાં સાથે બેઠા હતા, અને 'જનશક્તિ'નો અંક એમના હાથમાંથી મેં જોવા માટે લીધો અને આ કાવ્યની પંક્તિઓ ગમવાથી મેં એની નકલ કરવા દેવા અથવા છાપેલી પ્રત મને આપે એવી વિનંતી કરી, જે એમણે પૂરી પાડી મને ખૂબ જ આભારી કર્યો.

બીજી અગત્યની વિનંતી કરવાની છે: જ્યારે 'કુમાર'માં ફારમો છપાઈને બાઈન્ડ થાય છે ત્યારે બાઈન્ડરો સારી નરસી છપાઈવાળા અર્ધા છપાએલા કાગળો કે ચિત્રો જેમાં રજિસ્ટ્રેશન ખસી ગયું હોય છે તે પણ બાઈન્ડ કરે છે, અનેક વાર એક છપાઈ ઉપર બીજી છપાઈની છાપ પડી વાચન અને શોભા બંનેમાં ખલલ પાડે છે. તો આ બાબતમાં કૃપા કરી સુધારણા કરશો—સોનાની થાળીમાંની લોઢાની મેખ કાઢી નાખી સોનામાં સુગંધ મેળવશો.

ઈસ્લામીસુલેખન કળાવાળા લેખથી 'કુમાર' પ્રતીત કરાવે છે કે તે સર્વ ધર્મો અને પ્રજા આખરે એક છે. એવા વિશાળ-ઉદાર માનવતાવાદી દૃષ્ટિકોણને ફેલાવનાર સામયિક છે. તે ઈસ્લામ તથા મુસ્લિમ જીવન અને સંસ્કૃતિને લગતા વધુ લેખો તેમજ મહાન વિભૂતિઓનાં ચરિત્રો આપી ઈસ્લામ અને ઈસ્લામીઓ વિષે પ્રવર્તતી ગેરસમજનો અંધારપટ દૂર કરે.

પ્રમાણ ખાતર કહું તો ભણેલાઓ અને શિક્ષકોને પણ મોહર્રમ, ઈદ-(બકરી-રમઝાન) વિષે અજ્ઞાની બાળ્યા છે. કૃપા કરી આટલું 'કુમાર' જરૂર કરે. આખરે તો માટીના માનવી જ છે. મૃત્યુ પછી કોણ હિંદુ કોણ મુસલમાન રહે છે?

(મુંબઈ) —યુસુફ ડી. મરચન્ટ

ઑક્ટો. '૭૧માં શ્રી જલન માતરીએ, શ્રી લાભશંકર દવે અને શ્રી મરીઝની શેર વચ્ચે સામ્ય નિહાળી કરેલા સંકેત પરથી જણાય છે કે તેઓ બંને શેરોના દેખીતા સામ્યથી દોરવાઈ જતાં હાર્દ સુધી પહોંચ્યા નથી. કુદરત જાતમાત્રની ચિંતા કરતી હોઈ જીવનપર્યંત તો ઠીક, મૃત્યુ પછી કફનની જોગવાઈ પણ કપાસફૂલ દ્વારા કરી રાખી હોઈ મનુષ્યે જીવનમાં કેળવવી જોઈતી શ્રદ્ધા કે નિશ્ચિતતા તરફ જ શ્રી દવેનો મુખ્ય ઈશારો લાગે છે. આમ બંનેના વિચારલોક જ જુદા છે. એમ ન બને કે આ બંને શાયરોનો પ્રેરણાસ્રોત સમાનરૂપે પરંપરાગત ઉક્તિ: 'ફૂલ તો કપાસ કા, ઔર ફૂલ કાહેકા,—હોય?

(વેરાવળ) —ઇન્દ્રવદન બી. રાવળ

ઑક્ટોબર 'કુમાર'માં 'મઘમઘતો મોગરો' લેખ ગમ્યો. આ રીતે બીજાં—મલ્લિ, બકુલ, પારિજાત, કદંબ, શિરીષ, કેતકી આદિ પુષ્પો કે જે અલ્પપરિચિત કે અપરિચિત છે તેનાં નામો સંસ્કૃત ગ્રંથોમાં કાવ્ય-નાટક-ચરિત્રોમાં રાજાનાં ઉપવનવર્ણનમાં કે વસંત આદિ ઋતુનાં વર્ણનોમાં આવે છે. ત્યારે તેને પુષ્પવિશેષ નામ કહી સંતોષ માનવો પડે છે. તો જ્યારે આજે વિજ્ઞાને શોધ-સંશોધનના સીમાડા વિસ્તાર્યા છે તો એ પુષ્પો, વૃક્ષો-વેલીઓના આકાર પ્રકારનો પરિચય અધ્યાપકો ને જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડશે.

ગુજરાતની કવિતાનું સ્તર આજકાલ એકલું શબ્દાળ થઈ ગયું લાગે છે. ક્લિષ્ટતાને દુર્બોધતા જ આજની કવિતાનું લક્ષણ છે. કાન્ત કલાપી ને ન્હાનાલાલ, ને આગળ વધીને ત્રીશીના કવિઓની રચના કંઠે કરવાની રુચિ જેવી રુચિ, આધુનિક કવિની રચનામાં થાય છે ખરી?

(અમદાવાદ) —મુનિ પ્રદ્યુમ્નવિજય

નવેંબર '૭૧ના અંકમાં શ્રી સ્નેહરશ્મિના પરિચય (મારી માન્યતા)માં એમનું જન્મસ્થળ ચીખલી, જિ. સૂરત છે ત્યાં વલસાડ જોઈએ.

(વાઘલધરા) —રમેશ મ. નાયક

[* એમના જન્મ વખતે સૂરત જિલ્લો હતો.]

'કુમાર' માસિકના નીચેના જૂના અંકો મારે યોગ્ય કિંમતે કાઢી નાખવા છે. ૧૯૫૩—સપ્ટેમ્બર, ઑક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર; ૧૯૫૪—બધા જ અંકો; ૧૯૫૫—જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, મે અને જૂન. આ બધા અંકો સાથે આપવાના છે.

અશ્વિન કે. દેસાઈ, C/o કે. સી. દેસાઈ, દેસાઈ ટેકરા, મહુધા (જિ. ખેડા)

ઑક્ટોબર ૧૯૭૧ના અંકમાં ચંદ્રશેખર આઝાદ વિષેના લેખના ૩૭૧મા પાના પર છપાએલા ફોટામાં પાંચમો ફોટો મન્મથનાથ ગુપ્તનો નથી પણ શ્રી માહોરનો છે.

એસેમ્બલી બૉમ્બ અંગે લખતાં પૃ. ૩૭૩ ઉપર શ્રી મનહર શાહે લખ્યું છે કે 'એકાએકના આ ધડાકાથી ખળભળાટ મચી ગયો. પણ બચાવ યોજના બરાબર કારગત ન નીવડી. ભગતસિંહ અને અન્ય સાથીઓ પકડાઈ ગયા.'

આમાં હકીકતદોષ લાગે છે. 'એચ. એસ. આર. એ.' પોતાના સમાજવાદી વિચારો જનતા સુધી પહોંચાડવા માગતી હતી. તે વખતે અખબારો તેમને સાથ નહોતાં આપતાં એટલે અદાલતને વિચારોની અભિવ્યક્તિનું પ્લૅટફૉર્મ બનાવવા, ઈરાદાપૂર્વક, નાસી જવાની તક હોવા છતાં, સ્વેચ્છાએ હાથમાંની પિસ્તોલ વિધાન સભાની બેન્ચ પર શાંતિથી મૂકીને, કોઈ પણ જાતનો પ્રતિકાર કર્યા વગર ભગતસિંહ અને બટુકેશ્વર પકડાયા હતા - 'પકડાઈ ગયા' નહોતા.

એ જુદી વાત છે કે પાછળથી એમને છોડાવવા સાથીઓએ યોજના કરી હતી. પણ ભગતસિંહ બૉમ્બ ફેંકે ત્યારે કોઈએ તેમને બચાવવાની યોજના કરી નહોતી અને ભગતસિંહે જ કહ્યું હતું: બૉમ્બ હું જ ફેંકીશ.

શ્રી યશપાલે તેમના 'ફાંસી કે ફંદે તક' નામના પુસ્તકમાં ૧૧૧મા પાના પર લખ્યું છે: 'ભગતસિંહ ઔર દત્ત અવ્વલ તો દર્શકોંકી ભીડ કે સાથ હી બાહર નિકલ જા સકતે થે ઔર ઉસકે બાદ ભી નિકલ જાને કા કાફી સમય થા. પિસ્તૌલ ઔર બારહ કારતૂસ તબ ભી ઈન લોગોં કે પાસ મૌજૂદ થે. ઈન પર ચલાએ ગએ મુકદ્દમે મેં પુલિસ કે ગવાહોં કે બયાન કે આધાર પર જજ ને અપને ફૈંસલે મેં ભી યહ કહા થા કિ યદિ અભિયુક્ત ચાહતે તો ઉનકે બચકર ભાગ જાને કે લિયે કાફી અવસર થા.

યહ ભી તો નિશ્ચિત થા કિ ઉન્હેં ભાગ કર બચના નહીં થા, બલ્કિ અપની બાત કહ સકને કા અવસર બનાના થા.'

શહીદે આઝમ ભગતસિંહ બુઝદિલ નહોતા, એમનામાં પણ આઝાદ જેવી જ બહાદુરી હતી; પણ પ્રથમ દેશભક્ત, પછી ક્રાંતિકારી અને અંતે તેઓ સાચા સમાજવાદી બની ગયા હતા.

જાણ્યેઅજાણ્યે શ્રી મનહર શાહ દ્વારા શ્રી ભગતસિંહ અને શ્રી બટુકેશ્વર દત્તને અન્યાય થયો છે એટલે આ લખું છું.

(અમદાવાદ) —અનંત સાતા

ઑક્ટોબર ૧૯૭૧ના 'કુમાર'માં શ્રી શિવપ્રસાદ જોષીનો 'શેરદિલ રિચર્ડ' પરનો લેખ એક trite chronicle જેવો લાગ્યો. રિચર્ડની કથાના કેટલાક રસિક પ્રસંગો શ્રી જોષીના ખ્યાલ બહાર રહ્યા લાગે છે. ધર્મયુદ્ધે ચડયા પછી માંદા પડેલા રિચર્ડની સારવાર માટે જરૂરી કેટલીક ચીજો તેના શત્રુ સલાદીન પહોંચાડતો. પાછળથી બે વચ્ચે સમજૂતી સધાઈ; મુલાકાત યોજાઈ; સલાદીને રિચર્ડના બાહુબળની સાંભળેલી પ્રશંસાનો ઉલ્લેખ કરી તે નજરે જોવા ક્યારેક લહાવો મળે એવી ઇચ્છા પ્રગટ કરી. રિચર્ડને પોરસ ચડતાં તે જ સમયે (રીચર્ડના?) કાંડા જેટલો જાડો લોખંડનો સળિયો મંગાવ્યો. રિચર્ડનો ચાલાક મંત્રી કળી ગયો. તેણે કાનમાં કહ્યું કે હમણાં જ માંદગીમાંથી ઊઠેલા રાજવીએ દુઃસાહસ ન કરવું. પણ રિચર્ડ માન્યો નહિ. પોલાદી તલવારને એક ઝાટકે પેલા સળિયાના ટુકડા ઉડાવી દીધા.

પછી રિચર્ડે સલાદીનની ચપળતાની સાંભળેલી કથાઓ સંભારી આપી. સલાદીને રેશમી કાપડના ઝીણા કટકા મંગાવી, તેજથી વહેતી હવામાં તરતા મૂકી ઝબકતી વીજળીની જેમ વીંઝાતી તલવાર વડે તેના અધ્ધર જ ટુકડેટુકડા કરી નાખ્યા. રિચર્ડે અંજલિ આપી કે પોતાની અતુલ શારીરિક શક્તિ કરતાં, સામસામે આથડવાનું થાય ત્યારે, સલાદીન જેવું ચાપલ્ય દુશ્મનને હંફાવી દેવામાં વધારે કારગત નીવડે.

જો કે ધર્મયુદ્ધોની પ્રશંસા કરવા જેવું કાંઈ નથી. ધર્મને નામે ખેલાયેલાં યુદ્ધોમાં પણ બીજા કોઈ પણ યુદ્ધ જેટલો અમાનુષી અને હિચકારો વર્તાવ થયો હતો જેને પરિણામે વિશાળ જનસમુદાય ભારે આપત્તિમાં આવી પડયો હતો. ધર્મયુદ્ધોના ઘણા સિપાઈઓએ દુશ્મન સામે બહાદુરી બતાવવાને બદલે પોતાને નિભાવતી નિર્દોષ વસ્તીને રંજાડી હતી. બીજો પણ ઘણો દુરાચાર ધર્મયુદ્ધોનાં ઓઠાં નીચે આચરવામાં આવ્યો હતો.

પાછળથી, ધર્મની પકડ ઢીલી પડી ત્યારે, રાષ્ટ્રમાં દેવત્વ આરોપી તેને નામે ભૂરકી નાખી યુદ્ધમાંથી લાભ ખાટતા માણસોએ સામાન્ય જનોને યુદ્ધોમાં હોમવાનું ચાલુ રાખ્યું. ઊંચા આદર્શોને નામે ખેલાતાં યુદ્ધોમાં અને યુદ્ધજનિત આપત્તિમાં થોડાના સ્વાર્થ માટે આખી વસ્તીનો અનેક રીતે ભોગ લેવાય છે. યુદ્ધની ભભક વધારવી એટલે સંહારલીલાને આકર્ષક ઓપ આપીને પાશવી વૃત્તિને બહેકાવવી.

યુદ્ધની કથા રમ્ય તેને જ લાગે જેને યુદ્ધની ભીષણતાનું સહેજ પણ ભાન ન હોય.

(નવસારી) —આર. બી. દેસાઈ

ક્યારેક 'કુમાર' હાથ ચઢે ત્યારે એ વાંચવાનો લોભ ખાળી નથી શકાતો. ૪૮ વર્ષથી એકધારું ધોરણ જાળવી રાખવાની સફળતા માટે ધન્યવાદ. એક જ માસિક એ સિદ્ધિને વરી શક્યું છે અને તે કુમાર.

અંક ૫૭૪માં બે લેખોએ લક્ષ ખેંચ્યું. 'ચન્દ્રશેખર આઝાદ' અને 'રીચર્ડ'. આઝાદનો લેખ ખૂબ જ સરસ છે. આપણી નવીન પેઢીઓ માટે કે જ્યારે જીવનમૂલ્યો ખૂબ જ ઝડપે સારા કે નરસા માટે - ફેરવાતા જાય છે ત્યારે આવું વીરત્વપ્રેરતું સાહિત્ય આવશ્યક છે. આપણી ઐતિહાસિક દૃષ્ટિ ઊણપ ભરેલી છે. સ્વાતંત્ર્યયુદ્ધના સેન અને તારાચંદના ગ્રંથો લખાયા પણ એમાં વીરતાપ્રેરક દિમાગની ખામી લાગે છે. હમણાંહમણાં ૧૮૫૭ને આઝાદીના યુદ્ધ તરીકે સ્વીકારતા થયા છીએ, પણ આપણે ૧૮૫૭ને સ્વાતંત્ર્યયુદ્ધના ગણેશ માનીને ૨૦ થી ૪૫ સુધીના મહાસભાના અહિંસક સંગ્રામને ઇતિ ગણવામાં વચ્ચે એક સબળ કડી હતી એનું વિસ્મરણ કરીએ છીએ. ૧૮૫૭ના કાળ પહેલાં પણ સ્વાતંત્ર્યયુદ્ધના ગણેશ મંડાએલા જ હતા; એ પ્રયત્નો વેરવિખેર હતા ને એક રાષ્ટ્ર-ભાવના વડે સંકલિત નહોતા. આપણી આઝાદી '૪૨ના સ્વાતંત્ર્યવીરોને જ આભારી છે એમ માનવામાં ભૂલ થશે. એ આઝાદીના પાયામાં નામી-અનામી અનેક શહીદોનું રુધિર સીંચાયું છે. એ ભુલાવું ન જોઇએ. આ અંગે વીખરાએલું ઢગલેબંધ સાહિત્ય તો પડ્યું છે પણ એ સંકલિત સ્વરૂપમાં પ્રજાને ધરવાનો પ્રયાસ થતો દેખાતો નથી. 'મૉડર્ન રિવ્યુ'ની ફાઇલોમાંથી પુષ્કળ સામગ્રી મળી રહે છે પણ આપે Roll of Honour નામનું શ્રી કાલીચરણ ઘોષનું પુસ્તક જોયું છે. એ વીરોની કાર્યપદ્ધતિ માટે ગમે તે મતભેદ હોય પણ એમની શહીદી, સમર્પણ-ભાવના તો કેમ અવગણીએ? એક બીજું પ્રકાશન આપના લક્ષ ઉપર આણું. શ્રી એસ. એલ. શર્મા સંપાદિત 'ઇંડિયન ફ્રીડમસ્ટ્રગલ' - સેન્ટીનરી સૂવેનીર ૧૮૫૭-૧૯૫૭.'

આપની પાસે ઘણી લેખનશક્તિ મોજૂદ છે એ લેખન પાછળ યૌવનનું ખમીર ડોકિયું કરે છે. એનો ઉપયોગ આ ઇતિહાસ સંકલન પાછળ કેમ ન કરો? આ જ આ પત્રલેખનનો ઉદ્દેશ છે.

(ગણદેવી) —રંગીલદાસ કાપડીઆ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા ઘણી જ સુંદર અને શિષ્ટ ભાષામાં અપાય છે, જે જનતાને ઘણી ઉપયોગી નીવડશે. મારું લેખકને નમ્ર સૂચક છે કે તેઓ, વ્યંઢળો કે જે સરકારી દફતરે વસ્તીગણત્રીમાં પુરુષ તરીકેની ગણત્રીમાં લેખાય છે તેમના વિષે લખે. સ્ત્રી ને પુરુષ વ્યંઢળો સમાજમાં ફરતા જોઈએ છીએ. આવો વર્ગ નિર્માણ થવાનું વૈજ્ઞાનિક શું કારણ હશે?

(કરનાલી) —વિનુભાઈ પંડ્યા



આકાશદર્શન-૩

ફેબ્રુઆરી-માર્ચ માસનું આકાશ

દિવસો વીતતા જશે તેમ તેમ રાત્રિના પ્રારંભમાં કૃત્તિકા, મૃગ, બ્રહ્મમંડળ વગેરે તારામંડળો પશ્ચિમાકાશ તરફ વધુ ઢળેલા જોવા મળશે જ્યારે પૂર્વાકાશે હવે 'મિથુન', 'કર્ક', 'સિંહ', તથા ઈશાનમાંથી 'સપ્તર્ષિ' અને અગ્નિમાંથી 'હસ્ત' વગેરે મધ્યાકાશ તરફ આગળ આવતાં જોશો.

આકાશગંગાને એક કિનારે મૃગ અને બ્રહ્મમંડળ છે તો તેની સામેના કિનારે 'મિથુન' (Gemini), તેના પછી 'કર્ક' (Cancer) અને તેથી આગળ 'સિંહ' (Leo) નું તારામંડળ ધ્યાન ખેંચે છે.

મિથુન રાશિ છે જેમાં પશ્ચિમની માન્યતા પ્રમાણે બેલડાની કલ્પના છે. આપણે તેમાં નરનારીની જોડી કલ્પી છે. તેના બે યુગ્મ તારા 'પુરુષ' (Pollux) અને પ્રકૃતિ (Castor) એ યુગલના મસ્તકને સ્થાને શોભે છે. પુરુષ પ્રથમ વર્ગનો પીળો તારો છે. પ્રકૃતિ બીજા વર્ગનો શ્વેત. પણ પ્રકૃતિ એ મૂળ ત્રણ તારા છે અને એ ત્રણે તારા પાછા યુગ્મ તારા છે. આમ, એ કુલ છ તારા છે. પુરુષ અને પ્રકૃતિને સ્થાને પુનર્વસુ નક્ષત્રની ગણના થાય છે.

મિથુનની પૂર્વમાં કર્ક રાશિના ઝાંખા તારાઓના મંડળની વચ્ચે એક બહુ આછું ગુચ્છ દેખાય છે જે 'મધુચક્ર' એટલે કે મધપૂડાના નામે ઓળખાય છે. આ તારકગુચ્છમાં લગભગ ૩૦૦ જેટલા તારાઓ છે.

કર્કની દક્ષિણે એક નાનું શું તારાઓનું પંચકોણ જેવું ઝમખું છે. એ છે આશ્લેષા નક્ષત્રના તારાઓ. ત્યાંથી આરંભાઈ દક્ષિણમાં થઈ નૈઋત્ય નાગરાજ વાસુકિની પેઠે ફેલાએલું ઝાંખા તારાઓનું એક લાંબુ મંડળ

છે. એનું નામ પણ 'વાસુકિ' (Hydra) જ છે. આશ્લેષાના તારા એ આ વાસુકિની ફેણ. પણ આ મંડળમાં મુખ્ય તારો છે 'એકાકી'. એને 'સર્પમણિ' પણ કહે છે. આ વાસુકિની પીઠ પાસે 'ચષક' (Crater) નામે એક નાનું તારામંડળ છે. ચષક એટલે પ્યાલી. ધ્યાનથી જોતાં જણાશે કે એ નામ સાર્થ છે.

ચષકની પાસે જ આવે છે 'હસ્ત' (Corvus). હાથના પંજાનો આકાર એમાં કલ્પેલો છે. પશ્ચિમમાં એમાં કાગડાની કલ્પના જોડી છે.

પણ આ સમયનું અન્ય ધ્યાનપાત્ર મંડળ છે 'સિંહ'. મિથુન અને કર્ક પછી એનું સ્થાન છે. ઉન્નત મસ્તકે બેઠેલા સિંહ સમો એનો આકાર તુરત મનમાં વસી જાય છે. સિંહ રાશિ છે. એમાં એનું માથું અને ગરદન મળી દાતરડાના આકારે જે તારાઓ દેખાય છે તે 'મઘા' નક્ષત્રના તારા છે. અને આ દાતરડાની મૂઠને છેડે લટકાવેલા ફૂમતા જેમ શોભતો તારો પણ 'મઘા' (Regulus) નામે ઓળખાય છે. મઘા પહેલા વર્ગનો નીલશ્વેત તારો છે. મઘા આપણાથી એ ૮૪ પ્રકાશ વર્ષ દૂર છે. આકાશમાં સૂર્ય જે માર્ગે ગમન કરે છે એ માર્ગ પર જ એનું સ્થાન છે.

સિંહની કમરના સ્થાને જે બે તારા છે ત્યાં 'પૂર્વા ફાલ્ગુની' અને એના પછી સિંહની પૂછડીના છેડે ચળકતો તારો (અને એની ઉત્તરે એક ઝાંખો તારો) છે ત્યાં 'ઉત્તરા ફાલ્ગુની' નક્ષત્રની કલ્પના છે.

હવે ઈશાન તરફ નજર દોડાવો. ત્યાં 'સપ્તર્ષિ' (Ursa Major) ક્ષિતિજને ઉપર આવી રહ્યું છે. ઝોક લેતા પૂછડી બાંધેલા પતંગ જેવા આ તારામંડળનો આકાર મૃગ પછી તુરત મનમાં બેસી જાય તેવો છે. એના આ આકારમાં ગામડાના લોકો ગાડાની કલ્પના પણ જોડે છે જ્યારે પશ્ચિમમાં આ અને એની આસપાસની બીજા કેટલાક તારા સાંકળી લઈ મોટા રીંછની આકૃતિની કલ્પના જોડી છે. એને વધુ વિગતે આપણે પછી જોઈશું. હાલ તો નકશામાં દર્શાવ્યા મુજબ સપ્તર્ષિના પહેલા બે તારાને જોડતી રેખા લંબાવીએ તો એ ધ્રુવ તારા પર જઈ અટકે, એટલે કે ધ્રુવતારાને શોધવામાં આ બે તારા મોટી સહાય સમા છે એ જાણી લઈએ. આ પરથી જ એ બંને 'પૉઈન્ટર' (દર્શક) કહેવાય છે.

આ પૉઈન્ટરની સહાયથી ધ્રુવ તારો (Polaris – Pole star) જોયો? એની આસપાસ બીજા કોઈ મોટા તારા ન હોઈ એ તુરત ઓળખી શકાશે. પૃથ્વીની ધરીનો ઉત્તર છેડો હાલ લગભગ એની સામે જ મંડાએલો હોઈ એ તારો હમેશાં એ સ્થાને જ જોવા મળશે. એટલે જ તો એને ધ્રુવ તારો કહ્યો છે. આ છેલ્લા કથનમાં 'હાલ' શબ્દ એટલા માટે કે ભૂતકાળમાં પૃથ્વીની ધરી એની તરફ મંડાએલી નહોતી અને દૂરના ભવિષ્યમાં પણ ત્યાં મંડાએલી નહિ હોય. 'લગભગ' એટલા માટે કે એ ધરી ખરેખર જે બિંદુ પર મંડાએલી છે તે બિંદુથી સહેજ દૂર આ તારો છે. એ ભલે એક જ સ્થાને દેખાય, પણ હકીકતે તો એ પણ ખરા ધ્રુવબિંદુની આસપાસ ફરે છે. આમ ધ્રુવ ખરી રીતે તો અચલ નથી જ અને એ એક તારો પણ નથી. આપણાથી ૪૫૦ પ્રકાશ વર્ષ દૂરનો એ યુગ્મ તારક છે. ધ્રુવતારાને કેન્દ્રમાં રાખી તેની આસપાસ 'સપ્તર્ષિ'ના જ આકારનું ઝાંખા તારાઓનું એક નાનું મંડળ પ્રદક્ષિણા કરે છે. આપણે તેને 'ધ્રુવમત્સ્ય' કહીએ છીએ. પશ્ચિમમાં એ Ursa-Minor (નાના રીંછ) તરીકે ઓળખાય છે.

એક બીજી બાબત પણ નોંધવા જેવી છે. વર્ષના આ ગાળામાં આકાશમાં પ્રથમ વર્ગના તારાઓ એક સામટા જેટલી સંખ્યામાં જોવા મળે છે એટલા અન્ય સમયે જોવા નથી મળતા.

રાશિઓ અને નક્ષત્રો


હકીકતે તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે, પણ આપણે પૃથ્વી પર વસતા હોઈ સ્થિરતા અનુભવવા સાથે સૂર્ય-ચંદ્ર ને તારાઓ સાથેનું સમગ્ર આકાશ ફરતું હોય તેમ આપણને લાગે છે. અને પોતાની ધરી પરની પૃથ્વીની ગતિ પશ્ચિમથી પૂર્વ તરફની હોઈ આકાશી પદાર્થો આપણને પૂર્વથી પશ્ચિમમાં જતા જણાય છે. આ રીતે આકાશમાં સૂર્ય જે માર્ગે ગતિ કરે છે તે માર્ગને ક્રાન્તિવૃત્ત કહે છે. સૂર્યમાળાના અન્ય ગ્રહો પણ આ ક્રાન્તિવૃત્તની આસપાસ જ ફરતા દેખાય છે. ક્રાન્તિમાર્ગ ૩૬૦ અંશનો પૂર્ણ વલયાકાર છે. ગણતરીની સરળતા ખાતર એના બાર સરખા ભાગ પાડેલા છે જેને 'રાશિ' કહે છે. અને ભાગમાં દેખાતા અગ્રગણ્ય તારામંડળોનાં નામ પરથી એ દરેક રાશિને નામ આપ્યાં છે. તારામંડળનાં આ નામોની અને રાશિની કલ્પના પશ્ચિમની છે. એટલે એ મંડળમાં કલ્પેલી આકૃતિઓ અને નામો આપણને ક્યાંક બંધબેસતાં ન જણાય એ સ્વાભાવિક છે.


આપણી જ્યોતિષની ગણતરીઓ ચંદ્ર પર પણ આધારિત હતી. કેમ કે આકાશમાં એની ગતિ બીજા બધા કરતાં વધુ સ્પષ્ટ જણાય છે. ચંદ્ર લગભગ ૨૭ $\frac{૧}{૩}$ દિવસમાં પોતાનું એક ભ્રમણચક્ર પૂરું કરે છે. બીજી રીતે કહીએ તો ચંદ્ર રોજ પોતાના ભ્રમણ માર્ગનો $\frac{૧}{૨૭}$ ભાગ કાપે છે. આમ, એના ભ્રમણચક્રના ૨૭ ભાગ પડે. આપણે એ દરેક ભાગને 'નક્ષત્ર' નામ આપ્યું છે. નક્ષત્રની કલ્પના પૂર્ણતઃ ભારતીય છે, જ્યારે 'રાશિ'ઓ આપણે ત્યાં પાછળથી આવી છે. આ બંને ગણતરીઓ સાંકળીએ . બાર રાશિ અને સત્યાવીસ નક્ષત્રોના હિસાબે દરેક રાશિમાં સવા બે નક્ષત્રો આવે. રાશિચક્ર મેષ રાશિથી અને અશ્વિની નક્ષત્રથી આરંભાઈને મીન રાશિ અને રેવતી નક્ષત્રમાં પૂરું થાય છે.

ચંદ્રની કળાને કારણે તિથિ અને માસની ગણના સરળ બને છે. આ પરથી પૂર્ણિમાને દિવસે ચંદ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રના નામ પર આપણે માસનાં નામ આપ્યાં છે. દા.ત. જે પૂર્ણિમાને દિવસે ચંદ્ર મઘા નક્ષત્રમાં હોય તે માઘ, ફાલ્ગુનીમાં હોય ત્યારે ફાલ્ગુન.

ટિકિટ-સંગ્રહ

લેખક : [illegible] · અમદાવાદ







અંધારા આફ્રિકાખંડમાં ... ની સફરો ખેડતાં લાપત્તા બનેલા વિખ્યાત ડૅવિડ લિવંગસ્ટન અને એને ખોળી કાઢનાર અમેરિકન ખબરપત્રી હેન્રી મૉર્ટન સ્ટૅન્લીના ઐતિહાસિક મિલનને ચિત્રિત કરતી એ પ્રસંગની શતાબ્દી નિમિત્તે બહાર પડેલી ટાંગાનિકા, કેન્યા, યુગાન્ડાની ખાસ ટિકિટ. જમણી બાજુની બે ટિકિટો : દુનિયામાંથી જાતિભેદ નિવારવાના પોતાના એક ધ્યેયને સૂચક આલેખનોવાળી સંયુક્ત રાષ્ટ્રસંઘની બે બહુરંગી ટપાલટિકિટો. જે ગયા સપ્ટેમ્બર માસમાં બહાર પડેલી.



દેખ સીતા (રમેશ રાઠોડ) વિહંગાવલોકનની એક સુંદર રજૂઆત


ભાવનગરના 'આકાર' મંડળના કલાકાર સભ્યોની કૃતિઓ
(જુઓ 'કલાવાર્તા')



કૃષ્ણ-ફરિયાદ (કોકિલા જ. દવે) એક હિંદી કાવ્ય પરથી કરેલું ચિત્ર



ગીતગોવિંદ (ગુલાબબહેન શાહ) વિષયાનુરૂપ ચિત્રમાધુર્ય



વામનઅવતાર (વિનોદ અભાણી) કથાપ્રસંગોને સાંકળી લેતું સંયોજન



વાસંતી
(રસિકલાલ પરીખ)

રંગ દ્વારા
વસંતની
તપ્ત-શીળી
મધુરતા પ્રકટ
કરતું એક
સુંદર ચિત્ર

નીચે:
દીપાવલી
(ભરત પંડચા)

પર્વનો ઉત્સાહ વ્યક્ત
કરતું ગતિમય-સંયોજન
(જુઓ 'કલાવાર્તા')



ચરણને / ભાનુપ્રસાદ પંડ્યા

· શિખરિણી · સૉનેટ ·

તમોને શું શોભે, ચરણ! બની જાવું અનુચર
અહીં આ રસ્તાના? અટન તમ આપી દઈ શકે
વ્યવસ્થાની દોરી? લખી દીધું તમે દાસખત આ
કહો ક્યારે? ક્યારે ગિરવી પગદંડી ધરી દીધી?

કરો રસ્તાચીંધ્યું ગમન, કદી ભૂલાં પડી જવું
વળાંકે, લાજીને શરણ જઈ પંટાં વિનવવાં'
પુરાવું સંકેલી ચલન, જવું જ્યાંત્યાં ખખડતાં!
પછી શી રસ્તા પે તમતણી કહો, છાપ જ પડે?

કશું યાદ'વે છે? તિમિર સમ ગાઢાં વન અને
ભલે હો સામે કો' ગિરિવર થીજ્યા વાદળ સમો
તમે એ વીંધીને ધસમસી જતાં! પાછળ ફૂટી
જતી કેડી શોભે—ઝળળ ધૂમકેતુની દુમ-શી!

તમે ચાહ્યે રાખો પથની પકડીચાલ—શી દશા?!
તમારે ચાહ્યે હો પથ નવીન—એ આશ વિફલા?

લાગ્યા કરું / મહેન્દ્ર સમીર

· ગઝલ ·

રાતભર બસ એકલો જાગ્યા કરું,
હું જ મારાથી અલગ લાગ્યા કરું.

એમ યુગને આંબવો સ્હેલો નથી,
એક પળ લઈ ક્યાં લગી ભાગ્યા કરું?

થાય છે કે હું ય તુજ તકદીરને,
ઠોકરો થઈ દરબદર વાગ્યા કરું.

લાવ મારાં મૃગજળો પાછાં ખુદા!
હું નહિ જન્નત હવે માગ્યા કરું.

એ જ છે તોબા તણી લજ્જત 'સમીર'
હોઠ પર લઈ જામને ત્યાગ્યા કરું.

મધ્ય રાત્રિના ચન્દ્રોદયે / માણેકલાલ પટેલ

ઘડી માળે સૂવા ગુપચુપ થતો સ્હેજ પડખે
થયો, ત્યાં અંધારું ત્રમત્રમ રવોના અડપલે
દિશાઓને ડારે, ક્ષિતિજપટના ઘોર નભને
ગ્રસી વંટોળાતો સરવરકિનારો ખળભળે,
હિમે થીજી વાડો સરસર સપાટે તડતડે,
ઉજારો ફંગોળે લચકઈ જતો મોલ કણસે.
ઊભી વાટે વૃક્ષો કલરવ રડે, બેવડ વળી
જતી શાંતિ ભાગે, વ્યથિત ભૂમિ કંપી ઝઝૂમતી!

અરે, આ તે કેવો સમય! શ્વસને બીક વધતી,
જડે પક્ષ્મો બીડી પરિચિત જગે વિસ્મિત બની;
ફફાળો ખોવાઉં વિવમ બનતા કૌતુક મહીં,
ચકાસું ઊંડાણો પ્રબળ નિજનાં ભીતર થકી.

તહીં તો ચમકાવે 'ક્ષણ' અધવચે ફાટી પડતી
અને થાયે શીળો સ્મિતસુભગ ચન્દ્રોદય! પછી
તૃણે નાચી ઊઠી નીલમવરણી નંદિત ક્ષણો,
લહેરાતા હૈયે રિમઝિમ થતા ઝાકળકણો!

રન્નાદેનો આશીર્વાદ / કનુ મહેતા 'વ્યોમ'

· ગાન ·

બાઈ મારે રન્નાદે માતાનો આશીર્વાદ ફળી ગયો રે લોલ,
લોલ મારા ઘરને ઘોર અંધારે કે દીવડો બળી ગયો રે લોલ.

બાઈ મારી બચકારે બચકારે જનેતા નીતરે રે લોલ,
લોલ એનું મરક મરકે મોં ને મમતા બચી ભરે રે લોલ.

બાઈ મારી જીભડી કાલી કાલી પરાણે વાતું કરે રે લોલ,
લોલ હું કામકાજ કરવા ઊઠું ને વ્હાલપ આડી ફરે રે લોલ.

બાઈ મારે પાલવડે પચરંગી હું ભાત્યું ચીતરું રે લોલ,
લોલ એ ચોરી જશેની બીકે હું પલળી કોરો કરું રે લોલ.

બાઈ મેં કાળે દોરે પ્રોવી નજરિયા પારા બાંધ્યા રે લોલ,
લોલ એને સારુ ભાવતાં અંન તજીને મોળાં રાંધ્યાં રે લોલ.

બાઈ હું તો થાબડતી હીંચકાવું ને એને નીંદર ચડે રે લોલ,
લોલ મારી છાતી ગજગજ ફૂલે કે કિચૂડ કિચૂડ કરે રે લોલ.

બાઈ હું તો કજિયે રમણારીડ હાલરડાં ગાયા કરું રે લોલ,
લોલ એને વાયુ ઊનો વાયે તો ઓળઘોળ કાયા કરું રે લોલ.

બાઈ તમે એકદમ ક્યાં ખોવાયાં?! હું એકલી વાતું માંડું રે લોલ!
વાંઝણી ઝબકી નીંદરમાંથી ને દડ દડ આંસુ પાડું રે લોલ!

¶ ચરણને : શહેરી સંસ્કૃતિના અને યંત્રયુગની અસર તળે પરવશ બનતા આજના માનવીની સ્થિતિને નિરૂપતા આ સૉનેટમાં ચરણને ઉદ્દેશીને અન્યોક્તિથી ઉપાલંભ આપ્યો છે. વાહનોની ભીડમાં ગતિનાં પ્રતીક જેવાં ચરણની સ્વતંત્રતા ગુમાવી બેઠેલ માનવીને અષ્ટકમાં ઉપરાઉપરી પ્રશ્નો દ્વારા ઢંઢોળ્યો છે. (એમાં 'છાપ'નો શ્લેષ નોંધપાત્ર છે.) તે પછી ષટકમાં વન અને ગિરિનાં મુક્તવિહારી ચરણોનો અતીત યાદ કરાવ્યો છે. પ્રકૃતિમાં એ ચરણો ચાલતાં ત્યારે કેવો આનંદ માણતાં અને પુરુષાર્થે ખેડતાં પાછળ કેડી કંડારી જતાં! પરંતુ આજે તો 'સાફ સૂથરી' સડકો પર ચાલ્યાં જતાં ચરણો પાસે નવીન કેડીની અપેક્ષા વિફલ જ ને? એ પ્રશ્નથી વૈફલ્યની ચોટ અંતે તીવ્ર બને છે. સડકની ચાળ પકડીને જતો પરતંત્ર પથિક ક્યો નવો માર્ગ આંકી શકે એ અંતિમ પ્રશ્નોમાં પુરુષાર્થવિહીન ગુલામની દયનીય દશા પણ વ્યંજિત છે. ¶ લાગ્યા કરું : એકાંત જાગૃતિમાં પોતાના અંતરની થતી જુદી જ પહેચાન; વિરાટ કાર્ય આગળ વામણી શક્તિની વિમાસણ; વિઘ્નસંતોષનો લઘુતાભાવ; વિફલ અભીપ્સાની ઈશ્વર સામે રીસ; અને અંતિમ ચોટમાં પશ્ચાત્તાપની લિજ્જત—એક એક શે'રમાં એક એક ભાવનું લાઘવથી સમર્થ આલેખન કરતી ગઝલ. ¶ મધ્ય રાત્રિના ચંદ્રોદયે : પ્રથમ આઠ પંક્તિઓમાં મધ્ય રાત્રિની ભયંકરતાનું પ્રકૃતિવર્ણન આલેખ્યા પછીની ચાર પંક્તિઓમાં નાયકની વિમાસણ બતાવી છે. તમરાંના રવનાં અડપલાંથી ક્ષિતિજને ડારવાની, ને જોરદાર પવનમાં ફંગોળાતા મોલના કણસવાની કલ્પનાઓ જુઓ! પંખીના કલરવો દ્વારા વૃક્ષોને રડતાં કહેવામાં અને શાંતિને બેવડ વળી ભાગી જતી બતાવવામાં પણ અભિવ્યક્તિનું એવું જ નાવીન્ય છે. પણ આવા ભયાનક વાતાવરણમાં એકાએક ચંદ્રોદયની ક્ષણ ચમકી રહે છે, અંધારું ભાગે છે, તૃણો પર જાણે આનંદની ક્ષણો નાચી રહે છે અને ઝાકળનાં બિંદુઓ હસી રહે છે. એમાં ચિત્તને નિરાશામાંથી આશામાં લઈ જતી છેલ્લી બે પંક્તિ ઉત્તમ છે. અન્ય રીતે લેતાં નિરાશાના તમસમાં અંતે આશાનો ચંદ્રોદય થાય જ છે એવો આશાવાદ ઇંગિત છે. ¶ રન્નાદેનો આશીર્વાદ : કોઈ વંધ્યાના માતૃત્વના કોડની તૃપ્તિના આનંદનું ગીત. હરખઘેલી માતાની બાળક તરફની ક્રિયાઓ એમાં નવીન અભિવ્યક્તિ પામી છે. ટપકતા ધાવણને 'જનેતા નીતરતી' કહેવી, માતાને બદલે ખુદ મમતા જ બચી ભરે તેમ કહેવું અને કામકાજમાં વ્હાલપ આડી ફરતી બતાવવી એમાં એક પ્રકારની તાજગી છે. પરંતુ આ આનંદનો આઘાત છેલ્લી બે પંક્તિઓમાં લાગે છે. વંધ્યાની મુરાદો સપનામાં મહોરી ઊઠી'તી, પણ ત્યાં જ સ્વપ્નું ભાગ્યું અને જાગ્યું કારુણ્ય!

ઉત્કટ જિજ્ઞાસા અને ઉદ્દીપ્ત શ્રમસાધનાના અવિરત જલસિંચન વડે પોતાની તેજસ્વી બુદ્ધિ-પ્રતિભાને ફલદાયિની બનાવનાર શ્રમશીલ સંશોધક, દૃષ્ટિસંપન્ન સંપાદક ને વિનમ્ર વિદ્વદ્વર્ય

આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી

લેખક ધીરુભાઈ પરીખ

આજથી લગભગ પોણો સો વર્ષ પહેલાંની વાત છે. કપડવણજ ગામમાં ત્યારે ભારે આગ લાગેલી. ચિંતામણિ પાર્શ્વનાથની ખડકીમાં એક મકાન ભડકે બળતું હતું. એ વખતે ત્યાંથી પસાર થતાં, એક મુસલમાન વહોરા ભાઈએ મકાનમાંથી આવતો કોઈ બાળકના રુદનનો સ્વર સાંભળ્યો અને ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એ એમાં ધસી ગયા! જેવું તો ચારેક માસનો એક બાળક આગનની જ્વાળાઓ વચ્ચે પારણામાં પડ્યોપડ્યો રડતો હતો. બાળકને લઈને એ વહોરા ભાઈ બહાર નીકળી ગયા. હિંદુનું બાળક હતું એટલે કોઈ હિંદુને ત્યાંથી પાણી લાવીને એને પાયું અને દૂધ પાઈ એક દિવસ રાખ્યું. બીજે દિવસે એમણે એ બાળકના વાલીની ખોજ આદરી.

આ તરફ નદીએ કપડાં ધોવા ગએલી માતા પાછી ફરી. આગમાં ભરખાએલું પોતાનું મકાન નજર સામે પડ્યું અને તરત જ પારણામાં સુવાડીને ગએલી તે પોતાનો નાનકડો પુત્ર આંખ સામે તરવરી રહ્યો. માનું હૃદય ભાંગી પડ્યું! એણે માની લીધું કે પોતાનો પુત્ર જરૂર આગમાં સ્વાહા થઈ ગયો હશે. ત્યાં તો બીજે દિવસે પેલા પરોપકારી અને સાહસિક વહોરા ભાઈએ એ માતાનો પુત્ર એના હાથમાં મૂક્યો અને એના જીવમાં જીવ આવ્યો. રામનાં રખવાળાં ખરેખર અકળ હોય છે!

એ બાળક તે જ મુનિશ્રી પુણ્યવિજયજી. એ વખતે બાળકને આમ અકસ્માતમાંથી ઉગારી લેવા પાછળ ભાવિમાં વિદ્વદ્વર્ય વિભૂતિના પ્રાકટ્યનો દૈવી સંકેત કોણ કળી શક્યું હશે?

આવા મુનિજીનો જન્મ ઈ. ૧૮૯૫ ને સત્તાવીશમી ઑક્ટોબર રવિવારે થએલો. વિ. સં. પ્રમાણે એ દિવસ કાર્તિક સુદ પાંચમનો. જૈન ધર્મ પ્રમાણે એ જ્ઞાનપંચમી. આમ, જ્ઞાનપંચમીને દિવસે જન્મેલા પુણ્યવિજયજીએ આજીવન તીવ્ર જ્ઞાનોપાસના કરીને જન્મદિનને સાર્થક કર્યો.

પુણ્યવિજયજી તો એમનું દીક્ષાનામ; એમનું જન્મનામ તો હતું મણિલાલ. પિતાનું નામ ડાહ્યાભાઈ દોશી. પત્ની તથા પુત્રને કપડવણજમાં મૂકી એમણે મુંબાઈમાં નસીબ અજમાવવું શરૂ કરેલું, ત્યાં જ આ આગનો અકસ્માત બન્યો; એટલે તરત જ એ વતન આવી, પત્ની માણેકબેન અને પુત્ર મણિલાલને પોતાની પાસે મુંબાઈ લઈ ગયા. આ રીતે પુણ્યવિજયજીનાં બાળપણ અને કિશોરકાળ મુંબાઈમાં વીત્યાં.

પિતા ડાહ્યાભાઈ ધંધાર્થી હતાં ય ધર્મબુદ્ધિવાળા. માતા માણેકબેન તો પૂરેપૂરાં ધર્મનિષ્ઠ સન્નારી. એમના જમાનામાં જ્યારે કન્યા-કેળવણી નામવત્ હતી ત્યારે માણેકબેને ગુજરાતી છ ધોરણનો અભ્યાસ કરેલો. માતાનું આ વિદ્યાબીજ જ પુત્ર મણિલાલમાં છેવટે વિકસીને વટવૃક્ષ બન્યું.

મુંબાઈમાં પિતૃછાયા નીચે અંગ્રેજી છ ધોરણ સુધી અભ્યાસ કર્યો ત્યાં જ પિતાનું અવસાન થયું. ધર્મનિષ્ઠ વિધવા માતાને હવે દીક્ષા લેવા પ્રબળ ઇચ્છા થઈ. પરંતુ પુત્રની બાળ વય જોઈ વિચારમાં પડી ગયાં. આખરે પુત્રને પણ દીક્ષા લેવડાવવામાં જ એમણે શ્રેય માન્યું. પાલીતાણામાં ચતુર્માસ ગાળી, ત્યાંની નવ્વાણું ધર્મયાત્રા વિધિપૂર્વક પતાવી, માતા માણેકબેન વડોદરા પાસેના છાણી ગામમાં આવી પહોંચ્યાં. ત્યાં પોતાના પુત્ર મણિલાલને શ્રી કાંતિવિજયજીના મુનિમંડળને ચરણે સોંપ્યો. ગુરુ ચતુરવિજયજીએ મણિલાલને વિ. સં. ૧૯૬૫ના મહા વદ પાંચમે, એટલે કે ઈ. ૧૯૦૯ના ફેબ્રુઆરી માસમાં દીક્ષા આપી. એ વખતે મણિલાલની વય તેર-ચૌદ વર્ષની. હવે બાળક મણિલાલ દીક્ષિત પુણ્યવિજય બન્યા.

એમની સાચી કેળવણીનો પ્રારંભ આ દીક્ષિતજીવનના આરંભથી જ થયો કહેવાય. જો કે એકધારો સળંગ વ્યવસ્થિત અભ્યાસ કરવાનું તો ક્યારે ય બન્યું જ ન હોતું, છતાં ય પ્રગુરુ કાંતિવિજયજી ને ગુરુ ચતુરવિજયજીએ નવદીક્ષિત પુણ્યવિજયજીમાં ઊંડો રસ લઈ એમને કેળવણીની કેડીએ લાવી મૂક્યા. એમના અભ્યાસ માટે જે બે-ચાર શિક્ષકો વિદ્યાદાન કરતા તેમાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી મોખરે હતા. પાછળથી તો આ ગુરુ-શિષ્ય સંબંધ ગાઢ મૈત્રીમાં પરિણમેલો. વળી, ગુરુ ચતુરવિજયજી તો સંશોધન અને સંપાદનના પણ જબરા શોખીન. એમના જ સહવાસથી પુણ્યવિજયજીમાં સંશોધનની જિજ્ઞાસા મહોરી ઊઠી, જેનાં મીઠાં ફળ એમની સુદીર્ઘ સંશોધનપ્રવૃત્તિમાં જોઈ શકાય છે.

પ્રગુરુ કાંતિવિજયજીની વૃદ્ધાવસ્થા હોઈ પ્રશિષ્ય પુણ્યવિજયજીને લાગલાગટ અઢાર વર્ષ એમની પાસે સેવાર્થે પાટણમાં જ રહેવાનું થયું. આ વખતે પણ એમના જ્ઞાનપિપાસુ આત્માએ મળેલી તકનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. સૈકાઓથી સંઘરાએલી, વિવિધ જ્ઞાનથી ખચિત હસ્તલિખિત પોથીઓથી સમૃદ્ધ એવા પાટણના બધા જ જ્ઞાનભંડારોનું એમણે એ દરમ્યાન અવલોકન કર્યું. પછી જુદાજુદા જ્ઞાનભંડારોની અવ્યવસ્થામાં વ્યવસ્થા લાવવાનો એમને વિચાર આવ્યો, અને અત્યંત પરિશ્રમ ઉઠાવી એમણે એ ભંડારોનાં સુદીર્ઘ સૂચિપત્રો જાતે જ તૈયાર કર્યાં. અંતે એમના પ્રયાસથી પાટણમાં 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'ની સ્થાપના થઈ.

દીક્ષાના પ્રથમ વર્ષ જ પ્રગુરુ અને ગુરુ પાસે એમણે બધાં પ્રકરણોનો અભ્યાસ કરી લીધો. ત્યાર બાદ બીજે વર્ષે ખેડા જિલ્લાના વસો ગામના શ્રાવક ભાઈલાલ પાસે સંસ્કૃત 'માર્ગોપદેશિકા'નો અભ્યાસ કર્યો પછી પંડિત શ્રી નિત્યાનંદજી શાસ્ત્રીની નિશ્રામાં 'સિદ્ધહેમ લઘુવૃત્તિ', 'હેમલઘુપ્રક્રિયા', 'ચંદ્રપ્રભા વ્યાકરણ', 'હિતોપદેશ', 'દશકુમારચરિત' વગેરે શાસ્ત્રો અને સર્જનગ્રંથોનું પરિશીલન કર્યું. ત્યાર પછી તો પાળિયાદ નિવાસી પંડિત શ્રી વીરચંદભાઈ મેઘજી પાસે એમણે 'લઘુવૃત્તિ'નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવા ઉપરાંત કાવ્યોનું પણ વાચન કર્યું. તો જૈન તત્ત્વજ્ઞાન અને ભારતીય દર્શનશાસ્ત્રના પારગામી પંડિત સુખલાલજી પાસે વિ. સં. ૧૯૭૧–૭૨માં અનુક્રમે પાટણ અને વડોદરામાં 'કાવ્યાનુશાસન', 'તિલકમંજરી', 'તર્કસંગ્રહ' તેમજ 'છંદોનુશાસન' જેવા પ્રશિષ્ટ અભ્યાસ ગ્રંથોનું વિગતે પરિશીલન કર્યું. આ બધા અભ્યાસે એમના જ્ઞાનની ક્ષિતિજોનો અને દૃષ્ટિકોણોનો અદ્ભુત વિકાસ કર્યો. એમના આ અભ્યાસકાળમાં આપણને એક સત્ત્વનિષ્ઠ અને સત્યનિષ્ઠ જ્ઞાનસાધકનાં દર્શન થાય છે. એક સાચાવિદ્યા-અર્થીને છાજે તેવી ઉત્કટ જિજ્ઞાસા, ઉચ્ચ બુદ્ધિમત્તા, ઉષ્માયુક્ત જ્ઞાનોપાસના, ઉદ્દીપ્ત શ્રમસાધના અને ઉદાહરણીય વિનમ્રતાનાં પુણ્યવિજયજીમાં જે દર્શન થાય છે તે આજના યુગના પરીક્ષાલક્ષી 'વિદ્યાર્થી'ને માટે અનુકરણીય અને અનુસરણીય છે.

એમની આ વિદ્યાભ્યાસની ધારા સાથે શાસ્ત્ર સંશોધનની ધારા પણ ચાલતી જ રહી. સંશોધન અને કેળવણી અન્યોન્ય પૂરક થઈ પડ્યાં. એમની સંશોધન-પ્રવૃત્તિનો આરંભ મુનિ રામચંદ્ર રચિત સંસ્કૃત 'કૌમુદી-મિત્રાનંદ-નાટક'નું ઈ. ૧૯૧૭માં સંપાદન કર્યું ત્યારથી ગણી શકાય, ત્યાર પછીના જ વર્ષે, ૧૩મી સદીમાં થએલા મુનિ રામભદ્રના 'પ્રબુદ્ધ રૌહિણેય નાટક'નું સંપાદન કર્યું. એ જ અરસામાં આચાર્ય મેઘપ્રભનું 'ધર્માભ્યુદય-છાયા-નાટક' સંપાદિત કર્યું. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'ઐન્દ્રસ્તુતિ-ચતુર્વિંશતિકા'નું સંપાદન એમણે ૧૯૨૮માં કર્યું. આ રીતે એમણે અભ્યાસ સાથે સંપાદનમાં પણ પોતાની પ્રતિભા કેળાવી. એમની સકલ જ્ઞાનપ્રતિભા ત્રણ માર્ગે કાર્યરત રહી છે: (અ) પ્રાચીન સાહિત્ય-સંસ્કૃતિના સંશોધન સંપાદનમાં, (બ) પ્રાચીન ગ્રંથભંડારોના વિશ્લેષણ અને વ્યવસ્થાકાર્યમાં, (ક) દેશી-પરદેશી જ્ઞાનપિપાસુઓ અને અભ્યાસીઓના સંશોધનકાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભૂત થવામાં.

સંપાદક તરીકેની એમની ખ્યાતિ મુખ્યત્વે ૧૯૩૩ થી '૪૨ સુધીમાં પ્રગટ થએલ 'બૃહત્કલ્પસૂત્ર'ના નિર્યુક્તિ અને ટીકા સાથેના છ ભાગ, 'વસુદેવ હિંડી'ના બે ભાગ, તથા 'અંગવિજ્જા,' 'આખ્યાનક મણિકોશ', 'કલ્પસૂત્ર', 'નંદિસૂત્ર' વગેરે પર આધારિત છે. આ ઉપરાંત એમણે પાટણ, ખંભાત, લીંબડી, જેસલમેર, બિકાનેર, જોધપુર, ભાવનગર, પાલીતાણા, વડોદરા, અમદાવાદ આદિના જ્ઞાનભંડારોની ચીવટપૂર્વક તૈયાર કરેલી ગ્રંથસૂચિઓ એમની અથાક શ્રમશીલતા ને અદ્ભુત ધીરજની દ્યોતક છે. એમાંય જેસલમેરના ગ્રંથભંડારની પ્રવૃત્તિ તો દાદ માગી લે તેવી છે.

આશરે ઈ. ૧૯૫૦નો સમય. જેસલમેરના વિશાળ અને વિકટ ગણાતા ગ્રંથભંડારનું સંશોધન કરવાના અડગ નિર્ધારથી એમણે અમદાવાદથી રેલ્વેના પાટે પાટે પદયાત્રા આરંભી. હજુ પ્હો ફાટવા પહેલાંનું અંધારું હતું. ચાલતાં ચાલતાં તેઓશ્રી પંદર-સત્તર ફૂટ ઊંડા એક ગરનાળામાં પછડાયા! પરંતુ દૈવ કૃપાએ આબાદ રીતે ઉગરી ગયા અને ઊભા થઈ વળી પાછો એમણે લગભગ તેર માઈલનો પગપાળા પ્રવાસ કાપ્યો. જેસલમેરની કષ્ટયાત્રાનો આ તો આરંભ જ હતો!

અંતે એઓ ત્યાં પહોંચ્યા ત્યારે પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડેલો. મરુભોમમાં વેરવિખેર ગામડાં, અબુધ પ્રજાજનો સાથે પનારો પડવો, બળબળતી રેતીમાં ખુલ્લે પગે પ્રવાસ ખેડવો, જ્ઞાન-ભંડારના નિયમજડ રક્ષકોને રીઝવવા: આ બધું જ સહીને એમણે જેસલમેરના જ્ઞાનભંડારમાં સંશોધનના શ્રીગણેશ માંડ્યા. ત્યાં દોઢેક વર્ષ રહ્યા એ દરમિયાન ખાવાપીવાની પણ પ્રતિકૂળતા. મકાઈના રોટલા ને જાડી દાળ પર જ એમણે દિવસો ગુજારવા માંડ્યા. ક્યારેક તો પીવાના પાણીની પણ ભારે તંગી પડે. પરંતુ આ સંકટમય સંજોગોનાં ઝાપટાં એમના અખંડ પ્રજ્વલિત જ્ઞાનદીપને સહેજ પણ ડગમગ કરી શક્યાં નહિ. આ કષ્ટોના કંટકોએ એમની અવિરત કર્મયાત્રાને સહેજ પણ રોકી નહિ. બલ્કે આ મુસીબતોએ એમને વધારે મહેનતુ બનાવ્યા, આફતોએ વધુ આશાવાદી બનાવ્યા ને પ્રતિકૂળતાની ઘોંસે એમને વિશેષ ધૈર્યવાન બનાવ્યા. આખા ભંડારને એમણે પુનર્વ્યવસ્થિત કર્યો તેમજ શ્રમસાધ્ય વિસ્તૃત સૂચિ તૈયાર કરી. દુષ્પ્રાપ્ય હસ્તપ્રતોની જાળવણી કેમ થાય એનું એમણે સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું. ત્યાંની અમૂલ્ય તાડપત્રીઓની એમણે માઈક્રો ફિલ્મ લેવડાવી કે જેથી પછીના કાળમાં સહુ એનો ઉપયોગ કરી શકે. અને તદનુસાર આ તાડપત્રીઓનો ભારતના તેમજ ભારત બહારના અનેક અભ્યાસીઓએ ઉપયોગ કર્યો પણ છે. એમનું જેસલમેરનું કાર્ય એમની તીવ્ર જ્ઞાનોપાસના, દૂરંદેશીપણું અને અપાર ખંત તેમજ ધીરજની ગવાહી પૂરે છે.

પણ આ સૌમાં જૈન આગમોનો અદ્યતન ઢબે અભ્યાસ કરી તેની



સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગુજરાતી ભાષાઓના પ્રકાંડ-પંડિત તથા લિપિશાસ્ત્ર, સિક્કાશાસ્ત્ર ને મૂર્તિશાસ્ત્ર વગેરે પુરાવિષયોના જ્ઞાતા આજીવન જ્ઞાનોપાસક

પુનર્વાચનાઓ તૈયાર કરવાનો એમનો પુરુષાર્થ શિરમોર જેવો છે. પિસ્તાળીશ જેટલાં જૈન આગમોનો, એની નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકાઓનો, પ્રથમ તો કેટલાંક વર્ષો સુધી એમણે મૂક અભ્યાસ કર્યો. પછી બે-ત્રણ સંનિષ્ઠ લહિયાઓની મદદથી એમણે સંપાદનો તૈયાર કરવા માંડ્યાં. પરંતુ આ વખતે એ લહિયાઓને ચૂકવવાના પૂરા પૈસાની પણ સગવડ નહિ. છતાંય પોતાનું અજાચક વ્રત એમણે છોડ્યું નહિ. ઈ. ૧૯૪૭-૪૮માં શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈને આ વાતની ખબર પડી. એમણે મુનિશ્રીનું કાર્ય નિહાળ્યું અને પ્રસન્ન થઈ લહિયાઓનું લહેણું ભરપાઈ કરી આપ્યું. એટલું જ નહિ પણ મુનિજીને પોતાનું સંશોધનકાર્ય આગળ ધપાવવામાં સર્વ રીતે સહાય કરવાનું એમણે વચન આપ્યું. આ આગમોની છેલ્લી વાચનાઓ આજથી લગભગ પંદર સો વર્ષ પૂર્વે વલભીપુરમાં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના માર્ગદર્શન નીચે તૈયાર થએલી; ત્યાર પછી છેક આ કાળે મુનિશ્રી પુણ્યવિજયજીએ અપાર પુરુષાર્થથી જે નવી વાચનાઓ તૈયાર કરી તે જૈન ધર્મમાં અને આ સદીના સંપાદન-ક્ષેત્રમાં અમૂલ્ય અને અદ્વિતીય પ્રદાન લેખાશે. આમાંના બે ગ્રંથો—ચૂર્ણિ સાથેનું 'નંદીસૂત્રમ' અને વિવિધ ટીકાઓ સાથેનું 'નંદીસૂત્રમ'—તો અનુક્રમે ઈ. ૧૯૬૬ અને ૧૯૬૮માં છપાઈને પ્રકટ પણ થયાં છે. એમના આ ભગીરથ પ્રયાસને અનુલક્ષીને એમને 'આગમપ્રભાકર' કહેવામાં આવ્યા છે તે ઉચિત જ છે.

સંપાદન ઉપરાંત હસ્તપ્રતો ભેગી કરવી, ગોઠવવી, તેની અન્વીક્ષા કરવી, એ પણ એમની પ્રિય પ્રવૃત્તિ રહી. તે અંગેનો ઈ. ૧૯૩૫માં પ્રગટ થએલો



મુનિશ્રી પુણ્યવિજયજી અડસઠ વર્ષની વયે

'ભારતીય શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા' નામક દીર્ઘ નિબંધ આ વાતની શાખ પૂરે છે. વિવિધ કાળની હસ્તપ્રતો વાંચવાની આ પ્રવૃત્તિને પરિણામે એમણે દેવનાગરી પહેલાંની બ્રાહ્મી લિપિ ઉકેલવાનું તેમજ દેવનાગરીના સદીએ સદીએ બદલાએલા મરોડ ઉકેલવાનું કાર્ય આત્મસાત્ કર્યું. સાથેસાથે વિવિધ સૈકાની દેવનાગરી લિપિ લખવામાં પણ એમણે નિપુણતા મેળવી લીધી. પ્રાચીન ચિત્રકળા, લિપિશાસ્ત્ર સિક્કા, મૂર્તિઓ વગેરે પુરાતત્ત્વ વિષયોના પણ એ અચ્છા જ્ઞાતા હતા લિપિશાસ્ત્રના તો એ એવા અસાધારણ અભ્યાસી હતા કે લિપિ પરથી કઈ હસ્તપ્રત કઈ સદીની હશે તેનું ચોક્કસ અનુમાન કરી શકતા.

સંશોધક તરીકે સાંપ્રદાયિક અને છતાં વ્યક્તિગત મત-માન્યતાઓથી મુક્ત એવી ઐતિહાસિક દૃષ્ટિ તેમની પાસે હતી. તુલનાત્મક અભ્યાસરીતિ અને સત્યાન્વેષી સંશોધનપ્રીતિ એમને સહજ હતાં. આથી જ એઓ પોતાના સંશોધન હેઠળની કૃતિની ખૂબી-ખામીનું તાટસ્થ્યપૂર્ણ દર્શન કરી શકતા. ગુણગ્રાહક દૃષ્ટિએ એમનામાં કોમળતા અને સહાનુભૂતિ પ્રગટાવ્યાં હતાં તો સત્યોપાસનાએ નિર્ભયતા અને નિષ્પક્ષપાત ખીલવ્યાં હતાં. એમની સર્વાંગી અન્વેષણાત્મક દૃષ્ટિએ એમની પાસે અણિશુદ્ધ સંપાદનો કરાવ્યાં છે. માઈક્રોફિલ્મ, ફોટોસ્ટેટ તેમજ એન્લાર્જમેન્ટ જેવી વૈજ્ઞાનિક સાધનપદ્ધતિનો પણ એમણે સંશોધક તરીકે પૂરતો ઉપયોગ કર્યો છે.

આવા જ્ઞાનવીર સાધુપુરુષનું વ્યક્તિત્વ પણ આકર્ષક અને અદ્‌ભુત હતું. ચિત્તની નિર્વિકાર અવસ્થામાંથી પ્રગટેલી મુદ્રા હરહમેશ એમના વદન પર અંકિત રહેતી. નિર્મળ જ્ઞાનસાધનાએ એમના વ્યક્તિત્વને અત્યુચ્ચ બનાવ્યું હતું. પરિણામે એમની વિરતિ રસહીન કે ઉદાસ નહોતી, પણ સદા પ્રસન્નતાથી છલકાતી રહેતી. એમની સરળતા ને સમતા એમનાં વાણી-વર્તનમાં સદા નર્તન કર્યા કરતી. એમની અનાસક્તિએ એમને કઠોર નહિ પણ કોમળ બનાવ્યા હતા. કોઈનું પણ દુઃખ જોઈ એમનું દિલ દ્રવી જતું. એમની પાસે આવનાર કોઈ પણ દુખિયું પ્રશાંત થયા વગર પાછું ફરતું નહિ.

હસ્તપ્રતોનો એમનો પરિગ્રહ પણ ઉદારતા અને પરોપકારનો પ્રેર્યો હતો. આથી જ કોઈ પણ અભ્યાસી કે વિદ્વાન એમની પાસે આવે કે તરત જ પોતાના સંગ્રહમાંથી સહેજ પણ સંકોચ વગર એ આવનારને ઉપયોગી સામગ્રી પૂરી પાડતા. આશંકા કે અવિશ્વાસનું સહેજ પણ નામ નહિ. એમની આ વૃત્તિ જ સામેની વ્યક્તિમાં પણ વિશ્વાસનું વાવેતર કરતી. વિશ્વાસથી જ વિશ્વાસ કેળવાય છે એની પ્રતીતિ એમણે પોતાના વર્તન દ્વારા કરાવી આપી હતી.

ઉદારતા પણ એવી જ અનુકરણીય. અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ના આરંભમાં એમણે જ પોતાની દસ હજાર હસ્તપ્રતો તદ્દન નિર્મમપણે કાઢી આપી હતી. નિખાલસતા અને નમ્રતા પણ એમના વ્યક્તિત્વને દીપ્તિમંત કરતાં. અને એમની વત્સલતાથી તો કોઈ અનભિજ્ઞ નથી. જૈન કે જૈનેતર, નિરક્ષર કે સાક્ષર, ધનિક કે નિર્ધન સૌના પ્રત્યે એ પૂરો સમભાવ રાખતા.

એઓ રૂઢિગ્રસ્ત આચારવિચારની મર્યાદા જાણતા, તો નવીનની ઉપયોગિતાને પણ પિછાણતા. આથી જ ક્ષીરનીર-વિવેક એઓ જાળવી શકતા. શ્રમણસંઘના ભિન્નભિન્ન સમુદાયો વચ્ચે જે વાડાબંધી જેવું હોય છે તેનાથી તેઓ સર્વદા અલિપ્ત રહેતા. કોઈ પણ ગચ્છના અનુયાયીનો એમને છોછ નહોતો. આ રીતે એમણે એક આદર્શ શ્રમણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પર્ણિકાથી પર પુણ્યવિજયજીએ સામી વ્યક્તિના નાનામાં નાના ગુણને પણ મોટો ગણી સન્માન્યો હતો.

જ્ઞાનની જેમ એમણે ચારિત્ર્ય પર પણ ખૂબ ભાર મૂક્યો હતો. શીલ અને પ્રજ્ઞા જ ઉચ્ચ વ્યક્તિત્વનાં ઘડતર બળો છે એમ એમના જીવન પરથી કોઈ પણ કળી શકતું. એમની વિદ્વાને અહંકારનો ઓપ નહોતો દીધો.

પોતાના અવિરત જ્ઞાનયજ્ઞનો ભંગ ન થવા દેવા માટે એમણે જૂનવાણી કક્ષાના મોટામોટા આડંબરી મહોત્સવો ટાળ્યા હતા, તેમ એ જ ઈરાદાથી સુધારાના બહાના નીચે ઉપાડવામાં આવતી ઊહાપોહયુક્ત ચળવળથી પણ એઓ સદા દૂર રહ્યા હતા. પદવી કે પદની એમણે કદાપિ આકાંક્ષા રાખી નહોતી. શિષ્યો કે નામના મેળવવા પાછળ પણ એમણે નજર રાખી નહોતી. આથી જ આવા સાંસારિક વ્યામોહથી પર રહી એઓ એકધારી જ્ઞાનસાધના અને આત્મસાધના કરી શક્યા હતા. 'મુનિ' તો જૈન સૂરિઓમાં સામાન્ય પદવી છે, જ્યારે 'આચાર્ય'ની પદવી અતિ માનવંતી છે. વડીલ સૂરિઓ અને પાટણના શ્રી સંઘે એમને 'આચાર્ય' પદથી વિભૂષિત કરવાનું ઠરાવ્યું ત્યારે એમણે નમ્રતાપૂર્વક એ પદનો પણ અસ્વીકાર કર્યો. વિદ્વત્તાના પ્રતીકરૂપ અપાતી 'પંન્યાસ' પદવીનો પણ એમણે અસ્વીકાર કરેલો. વડોદરાના શ્રીસંઘે તો એમને પૂછ્યા વગર જ વિ. સં. ૨૦૧૦માં 'આગમપ્રભાકર'નું બિરુદ આપી દીધેલું. પરંતુ આનું કશું ય વળગણ એમને નહોતું. (અનુસંધાન પૃષ્ઠ ૭૮)

વારતા
૧૯

વૈતાળ પચ્ચાસી

ચોર

વિનોદ ભટ્ટ

અને આજે તો બેવકૂફ નથી જ બનવું એવું નક્કી કરી રાજા વિક્રમે મડાને ખાંધે નાખી ઉજ્જેણી ભણી ચાલવા માંડ્યું. ત્યારે મડાએ આ વારતા શરૂ કરી:

'બે ચોરોએ એક શાહુકારના ઘરમાં ખાતર પાડ્યું. મહામુસીબતે બંનેએ કબાટનું તાળું તોડ્યું. બેમાંના એક ચોરે કબાટ ખોલી, એક કબાટમાં હાથ નાખ્યો તો તેના હાથમાં એક પુસ્તક આવ્યું. પુસ્તક પર તેણે ટૉર્ચ ફેંકી. ટૉર્ચના પ્રકાશમાં પુસ્તકનું નામ વાંચી તે હસી પડયો.

'કેમ, શું થયું?' બીજા ચોરે દબાએલા અવાજે પૂછ્યું. તેને ઉત્તર આપવાને બદલે પહેલા ચોરે બીજા ચોરના હાથમાં તે પુસ્તક મૂક્યું. બીજા ચોરે ય પુસ્તક પર બૅટરી મારી નામ વાંચીને હસવા માંડ્યું...'

વારતાને અહીં અટકાવતાં મડાએ રાજા વિક્રમને પૂછ્યું: 'હે વિક્રમ, પુસ્તકનું નામ શું હશે ને નામ વાંચીને બંને ચોરો કેમ હસી પડ્યા હશે?'

'પુસ્તકનું નામ "નીતિશાસ્ત્ર" હશે અને આ બંને જણે વર્ષો અગાઉ એ લખ્યું હશે.' વિક્રમે જવાબ આપ્યો.

અને—'અરે વિક્રમ, તું તે ચતુર છે કે બેવકૂફ...' એમ બોલતું મડું ફરી સિદ્ધ-વડ ઉપર લટકી ગયું.

પલીતો

કે જે ચંપાયો અને...
કુંવારદેવની એક નવી વાર્તા



ચેતન અને અચેતન અંતરમાં એક ભયંકર ગજગ્રાહ ચાલી રહ્યો હતો. આવી પ્રક્રિયા છેલ્લાં પંદર વીસ વર્ષમાં આ પહેલી વાર મેં અનુભવવા માંડી હતી.

મદુરાઈ આવ્યો હતો. એક કામસર રોકાવાનું થયું હતું દસેક દિવસ. કામ બહુ વ્યસ્ત રાખે એવું નહોતું, પરંતુ એટલો લાંબો સમય રોકાવું આવશ્યક હતું. બપોરના ચાર વાગ્યા પછી ભમતારામની અવસ્થા હતી મારી. ઈશ્વર વિષે ખાસ એવી આસ્થા ન હોવાને કારણે અને મંદિરોની ગંદકી વિષે અમુક પૂર્વગ્રહી મતને કારણે જગવિખ્યાત મીનાક્ષી મંદિરની મુલાકાત પણ છેક છેલ્લે દિવસે ઠેલી હતી. પરંતુ પ્રથમ દિવસે જ નિરુદ્દેશ અહીંતહીં સાંજના ત્રણેક કલાક વિતાવતાં ઊબી ગએલા જીવે તાક્ષણ એ મંદિરે જવાનો નિર્ણય લઈ લીધો. એ ઘન સંધ્યાકાળે, વીજળીના ને નીઑન લાઈટના ઝળાંહળાં થતા પ્રકાશમાં, જબરદસ્ત શિલ્પમંડિત ગોપુરમ્ આગળ સાવ વામનાવસ્થામાં ઊભા રહેતાં, ટોચ ઉપરની દૈત્યની વિકરાળ મુખાકૃતિની વિગતોની ઝીણવટ પકડવાનો વૃથા પ્રયત્ન કરતા મારા મનમાં ચાલતી પ્રક્રિયાને જાણે એકાએક એવો પલીતો ચંપાઈ ગયો કે જે, દિવસો પસાર થતાં, ધીમેધીમે પ્રજ્જ્વલિત થતો જઈ છેવટે એક શાંત-સ્થિર પ્રકાશમાન શિખામાં ફેરવાઈ ગયો.

એ હિંદુ મંદિર હતું ને હું હિંદુ હતો: જો કે માત્ર કહેવાનો. હા, એ મારો સ્ટાંડર્ડ જવાબ હતો, જે યંત્રવત્ મુખમાંથી ને પેનમાંથી સરી પડતો; જ્યારે મારે કોઈ અરજીપત્ર ભરવાનું આવતું કે ક્યાંક પોતાની જાત વિષે એક પ્રકારનું જનરલાઈઝ્ડ આઇડેન્ટિફિકેશન આપવાની જરૂર પડતી ત્યારે! હું થોડાં વર્ષ અમેરિકામાં હતો અભ્યાસાર્થે. મને ત્યાંના લોકો એમના નાનામોટા સમારંભોમાં કૌતુકસંતોષ માટે આમંત્રતા. પ્રશ્નોતરી થતી: 'તમે કોણ છો? 'હિંદુ છું'. 'હિંદુ છો? હિંદુ કોણ?'

ખરી વાત છે. હિંદુ કોણ? મંદિરે ન જનાર, ધર્મપુસ્તકોથી બહુધા અપરિચિત એવો હું હિંદુ કહેવાઉં?' હું થોથવાતો. ક્ષોભ થતો. જબરી શરમ લાગતી મારા ઘોર અજ્ઞાનની. હિંદુ એટલે આર્યન...? સિંધુ નદીની આસપાસ રહેનારા...? દ્રાવિડિયન ખરા...? એઓ અનાર્ય નહિ? મહાભારતમાં આવતા ને એ યુદ્ધમાં લડનારાઓ મારા વડવા નહિ? એમનું લોહી મારી નસોમાં નથી શું? એમાં બધી જાતિઓ હતી: મ્લેચ્છ, યવન, રાક્ષસ, નાગ...કોણ નહિ? મારો વર્ણ, મારા કેશ, મારી નાસિકા, મારા ઓષ્ઠ, મારું કાઠું...! એ કયા અવશેષોનાં પ્રતિનિધિ? મારા ધર્મનાં કમાન્ડમેન્ટ્સ ક્યાં? મારું ધર્મપુસ્તક? રામાયણ, મહાભારત, ગીતા...! દેવ કયો કે કયા? હજારો દેવ-દેવીઓ છે. પ્રાણીઓ પણ દેવો! હા; ઉંદર, હાથી, વરાહ, અશ્વ, મોર, હંસ...! એકમુખ, દ્વિમુખ, ના, અસંખ્યમુખ! એક-હાથ, બે-હાથ, બહુ-હાથ...! ન હાથ, ન પગ, ન મુખ, નાકારનો સાકાર! અરે! લિંગ પણ!! આર્યોની પહેલાં ને ખ્રિસ્તીઓની પછી પણ! ખરી વાત છે: હિંદુઈઝમનો અર્થ શો? ખરો હિંદુ કોણ? મારી લજ્જા ને ગૂંચવણનો પાર ન રહેતો; કેમ કે લોકો સંશયમાં માથાં ધુણાવતાં. મારી પાસે આનો કોઈ સીધો, સરળ ને સ્પષ્ટ જવાબ નહોતો. હિંદુ છું એમ પોપટની માફક રટતો; એનાં કારણો આપવાનું આવડતું નહિ.

મને એમ હતું કે બે-ત્રણ કલાકમાં હું મંદિરને સંપૂર્ણ જોઈ નાખીશ. મંદિરે જવાનો શૉખ ઐતિહાસિક ને સ્થાપત્યવિષયક અચરજને કારણે હતો. પતી જશે થોડા કલાકોમાં, એમ માન્યું હતું. પરંતુ બન્યું કંઈ જુદું જ. અદ્ભુત અનુભવ થયો મને. હવે દિવસનું કામ પતે કે પાંચ વાગતામાં તો મારા પગ કોઈ અજબ ચુંબકત્વને કારણે મંદિર તરફ વળી જતા. મંદિરના મહાકાય ગોપુરમ્ આગળ ખડા થતાંની સાથે પેલી પ્રક્રિયા ભડભડ બળવા માંડતી. માનવમહેરામણની સાથે હું પણ અંદર ઘસડાતો. પશ્ચિમ ગોપુરમ્, પૂર્વ ગોપુરમ્, દક્ષિણ ગોપુરમ કે પછી ઉત્તર ગોપુરમ્—જ્યાંથી યે પ્રવેશું, પ્રવેશતાં જ પશ્ચિમ ગોપુરમના અંદરના ભાગમાં કંડારેલા દાનવ-દેવો સાગરને વલોવે છે તેનો જાણે હું રવૈયો બની જતો.

અમેરિકામાં એક વખત હું એક બાર્બર શૉપમાં વાળ કપાવવા ગયો હતો. બાર્બરની જાત આખી દુનિયામાં એકસરખી હશે. વાળ કાપતી કાતરની સાથે એની જીભ પણ તાલ મિલાવતી ચાલતી હતી. વાતમાંથી વાત નીકળી ને મેં મને થતી એક વાળ અંગેની મૂંઝવણ પૂછી: એક વિચિત્ર અનુભવ થઈ રહ્યો છે મને, મારા દોસ્ત, યાદ છે એટલાં વર્ષોથી મેં પાંથી પાડ્યા વિના વાળ ઓળ્યા છે. હવે કોણ જાણે શાથી ઓચિંતાની અમુક પાંથી સહજ જ પડી જાય છે—ન પાડવી હોય છતાં! એમ પડી જતી પાંથીને કાંસકાથી સરખી કરતાં એણે કહ્યું કે એ નવાઈની વાત નથી. બચપણમાં જે ઢબની પાંથી માએ પાડી હોય તે ઢબની પાંથી આછા વાળ થતાં આપોઆપ ઘણામાં આવી જાય છે. માણસના સંસ્કારનું પણ એવું નથી થતું શું?—અત્યંત રહસ્યમય માહિતી!

આ મંદિર નથી, મંદિરો નથી; નાનાંમોટાં અનેક મંદિરોનો મહાસમુદાય છે. પરકમ્મા કર્યા જ કરો, એનો જાણે કદી અંત જ નથી આવવાનો. જીવનચક્રના રહસ્યના પાયા પર જાણે એનું નિર્માણ ના કર્યું હોય! મંદિરમાં પ્રવેશતાંની સાથે દશ્ય પ્રતીકોની રાહે મનમાં અસંખ્ય પ્રતીકાત્મક વિચારોની કડીઓ ઉપરાઉપરી ઊભરાતી—જેમ ભક્તોની શૃંખલા મીનાક્ષી માતા ને શિવના મંદિરના ગર્ભના દ્વાર આગળ ખડકાય તેમ.

નાનો હતો. પાંચ, છ, આઠ કે દસ...કેટલાં વર્ષનો તે ચોક્કસ યાદ નથી. મોટીબા સંધ્યાકાળે મંદિરે જતાં. મને એમની સાથે લઈ જતાં. એને કદાચ મંદિર પણ ન કહેવાય—અલબત્ત, માત્ર પાર્થિવ દૃષ્ટિએ એક નાના ગોપુરમ્ આગળ પણ એ વામન દહેરી લાગે. અંદર કયા ભગવાન બિરાજતા તે ય આજે ખયાલમાં નથી. એટલું બરાબર યાદ છે કે એનું પ્રવેશદ્વાર ખાસ્સું મોટું હતું ને બહાર બે મોટા વાઘ, દ્વારપાળની જેમ ખડા હતા. એમના પર બેસવાનું મને ખૂબ ગમતું. વળી, મંદિરની કાળા-ધોળા આરસની ભાતીગળ ફરસ પર ઉનાળાના દિવસોમાં આળોટવાની મઝા પડતી.

અહીં કલ્પના કંઈ કહ્યું કરતી નથી. એક એક માણસ પોતાના ધ્યાનમાં મગ્ન છે. એની શ્રદ્ધામાં લીન છે. દરેકને ખબર છે એ શા માટે ત્યાં આવ્યું છે, અને શું જોઈએ છે. અહીં માણસોનો ભયકર કોલાહલ છે, કલબલાટ છે. આ ખરેખર ભવ્ય અને અત્યંત વિશાળ રીતે વિચારાએલી યોજના છે. પલ્લવ રાજાઓ, પાંડ્ય રાજાઓ, ચોળ રાજાઓ! ભલે તેઓ થોડા અંદરોઅંદર લડ્યા. પરંતુ એમણે વિશાળ હૃદયે, મુક્ત મને, સમર્થ કલ્પના વડે વિચાર્યું. એની સાક્ષી રૂપે ઊભાં છે આ સ્થાયી, અપૂર્વ, સ્થિર ને સર્જનાત્મક ચિરંજીવ અંશો. આ સર્જનોમાં એમણે અપાર દ્રવ્ય ખર્ચ્યું હશે. એ દ્રવ્ય, એ શક્તિ, એ મજદૂરી જેઓ ખંડના-

ત્મક લક્ષ્ય ને પ્રવૃત્તિઓમાં વાપરી શક્યા હોત. એમણે મોટાં લશ્કરો ઊભાં કર્યાં હોત, એમનાં આયુધોને ધારદાર બનાવ્યાં હોત, જનગણમાં ઝનૂન જાગ્રત કર્યું હોત, ને પછી પ્રચંડ પોકારો સાથે તેઓએ પરધર્મીઓ પર ઘાતકી હુમલા કર્યા હોત. એમનો દારુણ સંહાર આદર્યો હોત—જો પેલા લોકોએ ધર્મપરિવર્તન ન સ્વીકાર્યું હોત તો. એમણે એમની સંહારવૃત્તિને સંતોષી જરૂર, પણ તે શિવના તાંડવની અદ્ભુત સૌન્દર્યથી કંડારેલી મૂર્તિઓમાં. અસુર તત્ત્વોનો એમ એમણે ધ્વંસ કર્યો. એમની દાનવી વૃત્તિઓનું આમ આમૂલ પરિવર્તન કર્યું એટલું જ નહિ, કાળામેશ પથ્થરોમાંથી આ ઊર્ધ્વીકરણ દ્વારા એમણે બેનમૂન, નાજુક-કરાળ, પાર્થિવ-અપાર્થિવ, વાસ્તવિક-અવાસ્તવિક એવાં શિલ્પ ઉપજાવ્યાં.

અમેરિકાથી વળતાં કૅરોમાં હું બે દિવસ રોકાયો હતો. ફારોહોએ રચેલા પિરામિડ જોવા ગયો હતો. ટૂરિસ્ટ બન્યો હતો. લાંબા કાળા ફૂમતાવાળી, ઊંચી, લાલ ટોપી મેં પહેરી હતી; સલામ આલેકુમ ને ઈન્શાલ્લાહ બોલ્યો હતો; ઊંટ પર બેઠો હતો; નૅફરટીટીનું આલાબાસ્ટરમાં કોતરેલું મુખારવિંદ ખરીદ્યું હતું. પિરામિડોને લાંબા સમય સુધી સ્ફિંક્સ આગળથી નિહાળી, એમની સાવ ખરબચડી સપાટી જોઈને ગાઈડને પૂછ્યું હતું કે એ પહેલેથી જ એવી હતી કે પછી હજારો વર્ષના ત્રિઋતુઓના મારને કારણે એવી બની ગઈ હતી? એણે મને ત્રણમાંના એક પિરામિડની ટોચ બતાવી, નેફરટીટીના આલાબાસ્ટર તરફ નિર્દેશ કરી કહ્યું હતું: 'બધા પિરામિડો આવા લીસા, સુંદર, ચમકદાર આલાબાસ્ટરથી ઢંકાએલા હતા. પછી અમુક રાજાઓએ વેરથી એકએક પથ્થર ઉખાડી પેલું ધર્મસ્થાન બનાવ્યું. પણ પાછળની માનવપેઢીઓને એનાં સાહસ ને શૌર્યનો અને સાથેસાથે પિરામિડની અદ્ભુત સુંદરતાનો ખયાલ આવે તે માટે એ ટોચનો અવશેષ એમણે નમૂના રૂપે રહેવા દીધો હતો.'

આવે છે, જરૂર ખ્યાલ આવે છે. હિંદના સંદર્ભે તો બરાબર યાદ આવે છે. આર્યો આવ્યા. એ પહેલાં કોઈ બર્બરો પણ આવ્યા હશે. આર્યો હતા સશક્ત, કુનેહબાજ, ઊજળી ચામડીવાળા ને ચડિયાતાં આયુધોવાળા. એઓ હિંદુકુશથી પ્રવેશ્યા. પણ એ પૂર્વજો અત્યંત બુદ્ધિવાન હતા. એમણે અહીંના રહેવાસીઓ સાથે દૂધમાં સાકર ભળી જાય તેમ મળી જઈ આ ધર્મની સ્થાપના કરી અને એને આપ-લે કરી લગભગ હમણાં સુધી ટકાવ્યો. જેમ અત્યંત સહજપણે પરાશરે મત્સ્યગંધાને અપનાવી અને એને મહામાતા તરીકે સ્થાપી તેમ. પેલાં ધાડાં આવતાં રહ્યાં: હૂણ, ગ્રીક, યવન, મોંગોલ, પર્શિયન ને એવાં સહુને ઉદાર હૃદયે આપલેની શરતે એમનામાં સમાવી લીધા. ઓહ! કેમ એ ધર્મનો ધ્વંસ થયો? ગમે તેમ પેલાં ધાડાં આવતાં જ ગયાં: તૈમુર, બાબર, પોર્ટુગીઝ, ફ્રેંચ, અંગ્રેજ, ચીની, રૂસી, હિપ્પી,... હજુ ય આવે છે, કદાચ આવ્યે જ જશે. જ્યારે એની સમાવવાની શક્તિ ખૂટી ગઈ ત્યારે ય, જ્યારે સેંકડો વર્ષથી એનું ખંડન થઈ રહ્યું છે ત્યારે ય જાણે એનો મંત્ર તો 'જ્યાં ધર્મ ત્યાં જય' રહ્યો છે.

હા, આ દેશવાસીએ મૌનપણે સર્જન કર્યે રાખ્યું છે. અહીં આ એનું સમર્થ કલ્પનોત્તેજક સ્મારક છે. થાંભલાઓ ગણું છું, અંદરની નાજુક થાંભલીઓ જોઉં છું. એના પરનું શિલ્પ બારીકાઈથી અવલોકું છું. એવું જીવંત છે કે વારંવાર એને સ્પર્શવાની એષણા જાગી ઊઠે છે. વિચાર આવે છે: આ પથ્થરનો થાંભલો બનાવતાં શિલ્પીને કેટલા દિવસ લાગ્યા હશે? આ મૂર્તિને કોરતાં કેટલા મહિનાઓ વહી ગયા હશે? હાથમાં ટાંકણું ને હથોડી લઈ બેઠેલા આ સાધક કલાકારે અપાર ધીરજથી—જેનું માત્ર ખંડન જ થતું આવ્યું છે એનું—સર્જન કેમ કરી ચાલુ રાખ્યું હશે? અને તે ય સેંકડો વર્ષનો આપણો ઇતિહાસ સ્મરણમાં હોવા છતાં તલવાર ઘસવાને બદલે શત્રુ પર ત્રાટકવા માટેની વિરાટ શક્તિને કસવાને બદલે, વૈરાગ્નિ પ્રજ્જ્વાલવાને બદલે, હાથમાં કસબ ને હૃદયમાં અપાર સ્નેહ સાથે એણે સર્જનનો આનંદ લૂંટ્યાં કર્યો! અજબ એની સાધના!

હિંદુ વિધિ પ્રમાણે પરણવું નહોતું. બધું ધતિંગ લાગતું હતું. પુરોહિત, વેદી, ગણપતિ, પૂજન, અર્ચન, ઘી-આહુતિ, ફેરા; બધો આડંબર લાગતો હતો, ફોગટ જણાતું હતું. માબાપનાં દિલને દુઃખાવી, સાદાઈથી થોડા મિત્રોની સાક્ષીમાં બધું પતાવ્યું હતું. ધર્મ સામેની, સાપના લિસોટા સામેની એ ઝુંબેશ હતી.

અહીં માનવસાગર ઊભરાયો હતો. પ્રત્યેક મુખ પર કંઈ અજબ નેહ, આતુરતા ને સૌમ્યતા વરતાતાં હતાં એ શાંત, ઉષ્મ સંધ્યા હતી. દુંદુભિ ગાજી, શરણાઈઓ વાગી, વાજિંત્રોનો નાદ થયો. સંસ્કૃતમાં દેવસ્તુતિ ઉચ્ચારાવા લાગી. એક મોટો ગજરાજ શણગારાઈ રહ્યો. ચાંદી-સોનાની સુંદર મીનાક્ષીઅમ્માની મૂર્તિ પુરોહિતોએ માતંગ પર સજ્જ કરી. સવારી ચાલવા માંડી. જાણે લોકોને ઘેલું લાગ્યું. વંદન, નમસ્કાર, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ, દંતૂશળનો સ્પર્શ, પુરોહિતોનો સ્પર્શ, સ્તુતિ, ભજન, કીર્તન, ગજરાજની પદરજનો સ્પર્શ, એના મળમૂત્રનું અર્ચન! સવારી આગળ વધી. હનુમાનની મૂર્તિ, શિવની મૂર્તિ, રામ-સીતા લક્ષ્મણનો ગોખલો, વરાહની મૂર્તિ, પાર વગરનું શિલ્પ, ઉત્કૃષ્ટ, કલાત્મક કારીગરી. મંત્રોચ્ચાર, વાજિંત્રોનો નાદ, ધૂપની સુવાસ, માનવસમુદાય સાથેનું એકાત્મ્ય. એકમાત્ર ધ્યેય: શાંતિ: જીવમાત્રનું શાંતિ માટેનું એ સ્થાન.

શાંતિ! જીવનની શાંતિ. લિંગથી માંડીને પથ્થરની મૂર્તિની પૂજા પાછળનું રહસ્ય સમજાઈ ગયું. પથ્થરની મૂર્તિ ને નેતિનો મંત્રોચ્ચાર બેઉ પાછળનું રહસ્ય સ્ફુટ થયું. શક્તિ ને રુચિ પ્રમાણે હરેકની પસંદગીની છૂટ. ધર્મમાં પણ. યાદ આવી વિધવા માશી, કાકી, ફોઈ ને મામી—કાળા કાળા વા ધોળા ધોળા સાલ્લાઓમાં લપટાએલી એ કાયાઓ. દેવ ઊઠયા, દેવ નાહ્યા, દેવ વાઘા સજ્યા, દેવ જમ્યા, દેવ પોઢયા...ચાલો દેવનાં દર્શને! દેવ મારા નાના માખણચોર, દેવ મારા નંદજીના લાલ, દેવ મારા કાળા કાન, દેવ મારા વલ્લભ, દેવ મારા પ્રિયતમ, દેવ મારા પ્રિયવર, દેવ મારા રક્ષણહાર; દેવ, દેવ, દેવ મારું સર્વસ્વ. ને મારું સર્વસ્વ એમનાં ચરણોમાં સમર્પણ! એક-બે-ત્રણ નહિ, પાંચ-દસ નહિ, વીસ-ત્રીસ વર્ષ નહિ; આખું આયખું કેમ કરીને વીતત એમનું—જો એ ગિરધરલાલની શ્યામ મૂર્તિ ન મળી હોત તો?!

વર્ષો થયાં. મંદિર પાસે ભૂલથીય ઢૂકયો નથી. નાસ્તિકને નાતે ઘરના ગોખલામાં સ્થાપેલા લાલજીને સપરમે દિવસે ય નમન નથી કર્યું. જ્યારે મીનાક્ષીના પુનઃસ્થાપન પછી આરતી પૂરી થઈ ત્યારે હું હા' જોડી, આંખો મીંચી, હોઠ ફફડાવતો ધ્યાનસ્થ હતો! બચપણમાં ગો' લા શ્લોકનું સ્મરણ થતું હતું. નવાઈની વાત હતી કે અક્ષરે અક્ષર હૂબ યાદ હતો; 'યંશૈવા: સમુપાસતે શિવ ઈતિ બ્રહ્મેતિ વેદાંતિન:. ...ત્રૈલોક્ય નાથો હરિ:'

કામ પતાવી ઘેર આવ્યો, આરામ લીધા બાદ તે સંધ્યાકાળે મેં આપ તૈયાર થઈને પત્નીને ઉદ્દેશી કહ્યું: 'ચાલ જોઉં, મંદિરે જઈ આવીએ'

'હેં? શું? મંદિરે?! આંચકો લાગ્યો હોય એમ એ હબકીને મા સામે આંખો વકાસીને જોઈ રહી. પછી આર્જવભર્યે સૂરે એ મને વીનવી રહી: 'મજાક ઉડાવો છો મારી? તમારે જે માનવું હોય તે માનજો; ન માનવું હોય તો તેમ. પણ ભલા થઈને મારા ભગવાનની હાંસી ના ઉડાવશો.'

'સાચું કહું છું. ઉપહાસ નથી કરતો. ચાલ, તૈયાર થઈ જા. મંદિરે જઇએ.'

હજુ ય ડોકું નકારમાં ધુણાવતી એ પૂછી રહી: 'કયા મંદિરે? અહીં મંદિર કયાં છે તેની યે તમને કયાં ખબર છે?'

'કોઈ પણ મંદિર! ક્યાંય પણ હશે જ. એક નાની દહેરી હશે તો પણ ચાલશે. ચાલ, આપણે જીવનમાં પહેલી વાર સાથે દર્શને જશું. મંદિરનાં દર્શન એ સર્જનના આનંદનાં દર્શન છે.' ભારે રેશમી સાડી પરિધાન કરતી એની આંખો હર્ષાશ્રુથી ઝળહળ થતી મેં જોઈ. એના ઓષ્ઠ, સ્વગત કશુંક અનાભિવ્યક્ત વ્યક્ત કરવા મથતા, ફડફડી રહેલા મેં જોયા.

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

ઈસવી સન ૧૮૧૮માં ખડકીના યુદ્ધમાં અંગ્રેજોએ બાજીરાવ પેશ્વાનો પરાજય કર્યો ત્યારથી ગુજરાતમાં મરાઠી સત્તાનો અંત આવ્યો અને અંગ્રેજી હકૂમત સ્થપાઈ. ઘણાં વર્ષોની અંધાધૂંધી પછી ગુજરાતની પ્રજાએ અંગ્રેજી રાજઅમલમાં પહેલી વાર સુખશાંતિ અને સલામતીનો સ્વાદ ચાખ્યો. અંગ્રેજી વિદ્યા અને સંસ્કૃતિનો પ્રબળ પ્રભાવ પ્રજા પર પડ્યો. ૧૮૫૭ની સાલમાં અંગ્રેજોએ મુંબઈ, કલકત્તા અને મદ્રાસમાં યુનિવર્સિટી સ્થાપી. મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના એ ગુજરાતના સાહિત્યિક અને સાંસ્કારિક ઘડતર માટે મહત્ત્વનું સોપાન બની રહ્યું. યુનિવર્સિટી દ્વારા અંગ્રેજી સાહિત્ય અને વિવિધ વિચારધારાનો પ્રજાને સતત સંપર્ક થવા માંડ્યો. અંગ્રેજી સાહિત્યના સંપર્કને કારણે આપણે ત્યાં અનેક સાહિત્યસ્વરૂપો ઉદ્‌ભવ્યાં અને ખીલ્યાં. અંગ્રેજી ભાષાએ આપણા માટે અનેક વિદ્યાઓનું દ્વાર ઉઘાડી દીધું. અંગ્રેજી ભાષા ગ્રીક, લૅટિન, જર્મન, ફ્રેંચ જેવી અનેક સમર્થ ભાષાઓનું તત્ત્વ પચાવીને અતિ સમૃદ્ધ બની છે. અંગ્રેજી સાહિત્ય સાગર જેવું વિશાળ છે અને આપણા સાહિત્ય, તેમ જ વિવેચન પર તેનો ઊંડો પ્રભાવ છે.

આ અંગ્રેજી સાહિત્યનો યત્કિંચિત્ પરિચય ઉચ્ચ શિક્ષણ લેતા અંગ્રેજીના વિદ્યાર્થીઓને કરવાનો હોય છે. ગુજરાતી ભાષામાં અંગ્રેજી સાહિત્યનો કિંચિત્ આસ્વાદ પણ કરાવે તેવું ભાગ્યે જ કોઈ પુસ્તક છે. હા, એક પારસી લેખક કાવસજી નવરોજી વેસુવાલાએ 'વિલાયતના કવીશ્વરો' નામનું એક પુસ્તક ઈ. ૧૮૮૦માં રચેલું છે. લેખકે સહૃદયતાપૂર્વક તેમાં સમર્થ અંગ્રેજ સર્જકોની સાહિત્યકૃતિઓનો રસાસ્વાદ કરાવ્યો છે. એમનું લખાણ પારસીશાઈ છતાં સ-રસ ને પ્રાસાદિક છે. એ પુસ્તક રચાયાને નવ દસકા જેટલો સમય વીતી ગયો છે. એ પછી અંગ્રેજી સાહિત્ય વિષે અનેક દૃષ્ટિકોણથી પશ્ચિમના વિવિધ વિદ્વાનોએ સંખ્યાબંધ પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. અંગ્રેજ કવિ ચૉસરની પૂર્વે રચાએલા ઍંગ્લોસૅક્સન સાહિત્ય વિષે પણ હવે ઠીકઠીક પ્રકાશ પડી ચૂક્યો છે. શ્રી કાવસજી વેસુવાલાએ કવિ ચૉસરથી આરંભ કર્યો છે. એમનું એ પુસ્તક અત્યારે દુર્લભ છે. ગુજરાતી ભાષામાં રચાએલા એ પુસ્તકે આ લેખકના ચિત્તમાં ગુજરાતીમાં નવેસરથી અંગ્રેજી સાહિત્યનો આસ્વાદ કરાવે તેવું પુસ્તક રચવાનો વિચાર રોપી આપ્યો. એ પછી અંગ્રેજી સ્પેશિયલનાં કેટલાંક વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવતાં શીખવતાં એ વિશાળ સાહિત્યપ્રદેશ પર થોડોક દૃષ્ટિપાત કરવાનો મોકો મળ્યો અને સેવેલો મનોરથ પ્રબળ થયો. 'કુમાર'ના તંત્રી શ્રી બચુભાઈ રાવતે દર માસે હપ્તાવાર આ પ્રકારના લેખો પ્રગટ કરવાનું આનંદપૂર્વક સ્વીકાર્યું એટલે આ સાહસનો આરંભ થાય છે. એ સાહસ જ છે, ને અંગ્રેજી સાહિત્યનાં મારા નિકટનાં સાથીઓની પ્રેરણા અને સહાય વિના આ કાર્ય મેં ભાગ્યે જ આરંભ્યું હોત.

અહીં અંગ્રેજી સાહિત્યનો વિગતપૂર્ણ ઇતિહાસ રચવાનો ઉપક્રમ એ વિશાળ સાહિત્ય-સાગરમાંથી થોડુંક આચમન કરાવવાનો જ એક નમ્ર પ્રયાસ છે. અત્યારના સંજોગોમાં અંગ્રેજી ભાષા-સાહિત્ય આપણે ત્યાં ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે ત્યારે અંગ્રેજી ભાષા-સાહિત્ય ને સંસ્કૃતિને ઘડનારા સમર્થ સર્જકોની પ્રતિભાનો ગુજરાતી ભાષામાં કંચિત્ પરિચય પણ સહૃદયોને આવકાર્ય લાગશે એવી આશા છે.

પૂર્વભૂમિકા

ગુજરાતી સાહિત્યમાં વીસમી સદીના ત્રણેક દાયકા સુધી પંદરમા સૈકામાં થઈ ગએલા નરસિંહ મહેતાને આદિ કવિ તરીકે બિરદાવવામાં આવતા હતા. નરસિંહથી જ આપણા સાહિત્યનો આરંભ મનાતો હતો. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સંશોધકોએ નરસિંહ પૂર્વે રચાએલા ગદ્ય અને પદ્ય સાહિત્ય પર સારો એવો પ્રકાશ પાડ્યો છે; અને હવે આચાર્ય હેમચંદ્રના સમયથી–અગિયારમાં સૈકાથી–એ આરંભ થયો ગણાય છે.




ઈસ્વી સન પૂર્વે ૧૯૦૦ થી ૧૭૦૦ વર્ષ પહેલાંના બ્રિટનના ભીમકાય શૈલ-સ્થાપત્યના અવશેષ–'સ્ટૉન હેન્જ'. ૧૮ ફૂટ ઊંચા, ૭ ફૂટ જેટલા પહોળા અને લગભગ ૨૬ ટન જેટલા વજનદાર પથ્થરોના સો સો ફૂટના ઘેરાવાના આ અવશેષો, સંભવતઃ ત્યારની સૂર્યોપાસક પ્રજાના કોઈ પ્રકારના ધાર્મિક વિધિઓ માટે રચાયા હોવાનું મનાય છે. એની રચના પરથી કેટલીક ખગોળવિષયક ગણતરીઓ પણ થઈ શકે છે.

અંગ્રેજી સાહિત્યમાં પણ આ પ્રકારની જ પરિસ્થિતિ હતી. છેક આ સદીની શરૂઆત સુધી ચૌદમા સૈકામાં થઈ ગએલા કવિ ચૉસરને અંગ્રેજી સાહિત્યનો આદિ કવિ ગણવામાં આવતો હતો. પરંતુ નવા સંશોધનના ઉજાસમાં હવે એ હકીકત પ્રતીત થઈ ચૂકી છે કે ઈસુના છેક સાતમા-આઠમા સૈકાથી અંગ્રેજી સાહિત્યનો ઉગમ થયો હતો ને કેડમન (Caedmon) તથા બિઓવુલ્ફ (Beowulf)ના અજ્ઞાત કર્તા એ અંગ્રેજી સાહિત્યના આદિ કવિઓ હતા. એમની ભાષા જર્મન—ઍંગ્લોસૅક્સન હતી.

અર્વાચીન ગુજરાતી ભાષા જેમ અપભ્રંશની સીધી વારસદાર છે તેમ અર્વાચીન અંગ્રેજી ભાષા આ જૂની ઍંગ્લોસૅક્સનમાંથી ઊતરી આવી છે. જો કે તેમાં રોમનોએ પ્રસારેલી લૅટિન અને નૉર્મનોની ફ્રેન્ચ ભાષાના પ્રવાહ સ્પષ્ટપણે ભળેલા છે. રોમનોએ પચાવેલી ગ્રીક ભાષાનો પ્રબળ સંસ્કાર પણ તેમાં હોય જ. અંગ્રેજી ભાષામાં રચાએલા વિશાળ સાહિત્યપટમાં વિવિધરંગી તાણાવાણાનો વણાટ છે. એમાં કેલ્ટ પ્રજાની સંવાદી તરંગોની ભાત છે, ટ્યૂટનની પ્રજાની વિષાદઘેરી ઉષ્માનો પાશ છે, ફ્રેંચ પ્રજાની સોનેરી છટા તેમાં ભળી છે અને ઇટાલીના ભરતની વિશેષતા પણ તેમાં મનોહર છે. આ બધા તાણાવાણામાંથી એક મનભર વિશાળ સંવાદી પટ પ્રગટ્યું છે. પણ તેમાં સુરેખ, સ્પષ્ટ ઊપસી આવતી ભાત તો ઍંગ્લોસૅક્સનની જ છે.

આ ઍંગ્લોસૅક્સનો એ હાલની અંગ્રેજ પ્રજાના પૂર્વજો. બ્રિટનના પ્રદેશને એમના થકી જ 'ઇંગ્લૅંડ' નામ મળ્યું. આદિ બ્રિટનવાસી તો ત્યારનાં ત્યાંનાં જંગલોમાં પથ્થરોનાં હથિયાર વડે કરાતા શિકાર પર નભતો ગુફાવાસી હતો. તે પછી લાંબા માથાવાળા કાળા ને ઠીંગણા આઈબીરિયનો આવ્યા. (આઈબી તે હાલનું સ્પેઈન.) એ લોકોએ પશુપાલન કરીને ખેતીમાં બળદ અને શિકારમાં કૂતરાની મદદ લેવા માંડી, અગ્નિની શોધ થઈ અને પથ્થરને બદલે કાંસાનાં હથિયાર બન્યાં, ઈ. પૂર્વે પાંચમા સૈકામાં કેલ્ટ લોકો આવ્યા. ટોળાં બાંધીને રહેતા એ યુદ્ધખોર લોકોએ બ્રિટનોને હરાવી સત્તા સ્થાપી. કાંસાનાં ખંજરને બદલે હથિયારોમાં લોખંડની તલવાર લાવ્યા ને ખેતીના બળદ ઉપરાંત લડાઈના ઘોડા માટે અશ્વપાલન પણ ફેલાવ્યું. સ્ટોનહેન્જ અને સિલબરીના તથા એવબરીના પ્રાચીન અવશેષો પરથી એ સમયની પ્રજા ધર્માભિમુખ અને મંત્રતંત્ર તથા નરબલિમાં માનનારી જણાઈ છે.


HPÆT PE GARDE
na ingear dagum. þeod cyninga
þrym ge frunon hu ða æþelingas elle
fremedon. oft scyld scefing sceaþen
þreatum monegū mægþum meodo setl
of teah egsode eorl syððan ærest pear
fea sceaft funden he þæs frofre geba
pox under polcnum peorð myndum þah
oð þ him æghpylc þara ymb sittendra
ofer hron rade hyran scolde gomban
gyldan þ pæs god cyning. ðæm eafera pæs
æfter cenned geong in geardum þone god
sende folce to frofre fyren ðearfe on
geat þ hie ær drugon aldor lease. lange
hpile him þæs lif frea puldres pealdend
porold are forgeaf. beopulf pæs breme
blæd pide sprang scyldes eafera scede
landum in. Spa sceal geong guma gode
ge pyrcean fromum feoh gif tum on fæder



ડાબી બાજુ છેડે: 'બિઓવુલ્ફ'નું પ્રથમ પૃષ્ઠ. લગભગ ઈ. ૧૦૦૦માં લખાએલી એની એકમાત્ર અને તે પણ અમુક અંશે બળી ગએલી નકલ હાલ બ્રિટિશ મ્યૂઝિયમમાં સંઘરાએલી છે.

◁ કેડમનના સ્તુતિકાવ્યનું એક પૃષ્ઠ. કહેવાય છે કે કેડમન મૂળ તો એક ભોળો ભરવાડ હતો, પણ સ્વપ્નમાં મળેલી દૈવી પ્રેરણાથી એણે કાવ્યરચના કરવા માંડી. એની રચનામાં કાવ્યની શિસ્તબદ્ધતા નથી, પણ તેમાંથી અર્થ તારવી શકાય એટલી સ્પષ્ટ તો તે છે જ. બહુધા એમાં નીતિબોધ છે. એના સમયના ધર્મધુરંધરોએ બાઈબલના ઘણા ભાગ એના દ્વારા ત્યારની અંગ્રેજી ભાષામાં ઉતરાવ્યા હોવાનું મનાય છે. પણ એણે રચેલી સ્તુતિનો પ્રારંભિક ભાગ જ ખુદ કેડમને રચ્યો હોવાનું પણ એક મંતવ્ય છે.

રોમન રાજ્ય

ઈ. સ. પૂર્વે ૫૫માં સામ્રાજ્યલિપ્સુ રોમન સરદાર જુલિયસ સીઝરે બ્રિટન પર ચડાઈ કરી, પણ ન ફાવ્યો. બીજે વર્ષે ફરી આવીને એણે જીત તો મેળવી પણ અહીંની અસંસ્કૃત કંગાળ પ્રજામાં એને રસ ન રહેતાં તે પાછો ફર્યો. પણ ટોળીઓ બાંધીને અંદરોઅંદર લડતા બ્રિટનો પર ક્લૉડિયસના સમયમાં રોમનું આધિપત્ય સ્થપાયું. અઢાર વર્ષે એના રોમન અધિકારી સામે બળવો થયો પણ રોમનોએ એ દબાવી દીધો, કેલ્ટ ધર્મગુરુઓ—ડ્રુઈડ—ની કતલ કરી ધાક બેસાડી દીધી.

પરંતુ બીજી બાજુ આ રોમનોના સમાગમથી એમની રાજભાષા લૅટિનનો મહિમા વધવા સાથે ઉચ્ચ સંસ્કારસંપન્ન રોમન આચારવિચારની પણ બ્રિટનવાસીઓ પર અસર વધવા લાગી. ઍગ્રિકોલા જેવા રોમન સૂબાએ પ્રજાને કળા ને ઉત્સવોનો રસ લગાડી અંદરોઅંદર ઝઘડતા એમના યુદ્ધખોર માનસને નવી દિશામાં વાળ્યું. કાયદો અને સુવ્યવસ્થા સ્થાપીને નવાં નગરો, વિશાળ માર્ગો, ઉદ્યાનો વગેરે વધારવા સાથે ઉત્તર તરફની જંગલી પ્રજાથી બચવા રોમનોએ એક લાંબી દીવાલ પણ બંધાવી. ધીરેધીરે રોમનોના અનુકરણમાં બ્રિટનવાસીઓ રાચવા લાગ્યા. એમનાં ખમીરવંત પરાક્રમો આથમી ગયાં. પરિણામે પાંચમા સૈકામાં માતૃભૂમિ ઇટાલીના રક્ષણાર્થે રોમનો બ્રિટન છોડીને ગયા ત્યારે તકની રાહ જોઈ બેઠેલા જર્મનીના જ્યૂટ લોકો અને એ પછી ઍંગ્લો તથા સૅક્સન પ્રજાએ આક્રમણો કર્યાં. એશઆરામમાં નિમગ્ન બ્રિટનવાસીઓ માટે એમનો સામનો મુશ્કેલ બની ગયો. પણ કિંગ આર્થરે યોગ્ય નેતૃત્વ પૂરું પાડી એ વિદેશી આક્રમણોનો મુકાબલો કર્યો.

આ આર્થરની આસપાસ અંગ્રેજી સાહિત્યમાં અનેક દંતકથાઓ વણાએલી છે. અનેક કવિઓએ તેના વિષે કૃતિઓ રચી છે. એણે પરદેશી પ્રજા સામે વિજય મેળવ્યો ને થોડોક વખત શાંતિ જળવાઈ. પરંતુ તેનું કાર્ય પૂરું કરે તેવો કોઈ વારસદાર બ્રિટનની પ્રજાને મળ્યો નહિ. દંતકથા પ્રમાણે તો કોઈ દેશદ્રોહીએ તેનું કર્યુંકારવ્યું ધૂળમાં મેળવ્યું.

ઍંગ્લો-સૅક્સનો

આર્થરની પછી થોડાંક જ વર્ષોમાં ઍંગ્લો-સૅક્સન આક્રમકોએ બ્રિટનોને સખત હાર આપી. એમણે વ્યવસ્થિત રીતે બ્રિટનના પ્રદેશ પર પોતાનું વર્ચસ્ સ્થાપ્યું. રોમન સંસ્કૃતિનાં વળતાં પાણી થયાં. લૅટિન ભાષાને જાકારો મળ્યો. રોમનોની રીતરસમો તૂટવા માંડી. થોડા દસકામાં ઍંગ્લો સૅક્સનોની સત્તા બ્રિટનમાં બરાબર સ્થાપિત થઈ ગઈ. ત્યાં તેમણે પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં. સૅક્સનો બ્રિટનના દક્ષિણ ભાગમાં વસ્યા અને તેમનો પ્રદેશ સસેક્સ તરીકે ઓળખાયો. ઍંગ્લો અથવા એંગ્લ્સ બ્રિટનની પૂર્વમાં વસ્યા. તેમની સંખ્યા વિશેષ હોવાથી તેમના પ્રભાવ હેઠળ બ્રિટનનો પ્રદેશ ઍન્ગલ લૅન્ડ—ઇંગ્લૅન્ડ તરીકે ઓળખાવા માંડ્યો.

આ ઍંગ્લો સૅક્સનો બ્રિટનમાં ઠરીઠામ થવા માંડ્યા તે પૂર્વેથી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર બ્રિટનમાં દાખલ થઈ ચૂક્યો હતો. ઈસવી સન ૫૯૭માં રોમથી ઑગસ્ટાઈન નામનો ધર્મગુરુ બ્રિટનમાં આવ્યો હતો અને કેન્ટ પ્રદેશમાં રાજા ઇથલબર્ટે (Ethlebert) તેને માન્યતા આપી હતી. જ્યુટોને આક્રમણ માટે આમંત્રણ આપનાર પણ તે કેન્ટનો રાજા પોતે. ત્યાં તેમણે કેન્ટરબરી ચર્ચની સ્થાપના કરી હતી. બ્રિટનના રાજા ફીલ્ડરે (Wielder) પણ ઑગસ્ટાઇનને માન્યતા આપી હતી. ક્રમશઃ ઍંગ્લો સૅક્સન રાજ્યો 'ચર્ચ'ની અસર તળે આવ્યાં એ અંગ્રેજી સંસ્કૃતિના વિકાસમાં મહત્ત્વની ઘટના છે.

ઍંગ્લો સૅક્સન લોકો મૂળે તો ખેડૂત અને શિકારી હોવા છતાં સંજોગવશાત્ તે દરિયાખેડૂ પણ બન્યા. દેખાવે ઊંચા, ખડતલ, માંજરી આંખોવાળા ઍંગ્લોસૅક્સનોનો બ્રિટનના લોકો પર ઊંડો પ્રભાવ પડ્યો. એમની પ્રતિભા જેટલી સાહિત્યમાં નહિ તેટલી સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં ઝળહળી ઊઠી. કાયદો વ્યવસ્થા અને વહેવારમાં તેમની સ્વાભાવિક વૃત્તિ; સાહસની ઝંખના પણ તેમનામાં પ્રબળ; ઊર્મિ અને કલ્પનાશક્તિ તેમનામાં ખરાં, પણ તેનું સ્થાન ગૌણ; ચિત્તમાં અંકાએલાં મૂલ્યો પ્રત્યેની તેમની નિષ્ઠા પણ ખરી; વ્યક્તિ-સ્વાતંત્ર્ય માટેની ભાવના તો અતિપ્રબળ; એમના સમાજમાં સ્ત્રીને પણ મિલકતના અધિકાર મળતા. તે સભાઓમાં છૂટથી રાજકારણની કે નગરવ્યવસ્થાની ચર્ચા કરી શકતી. અલબત્ત ઍંગ્લોસૅક્સનોને સ્ત્રી-પુરુષની સમાનતા ઇષ્ટ નહોતી. કુંવારી છોકરી માબાપના રક્ષણમાં અને પછી પતિના રક્ષણમાં રહેતી. પત્ની આજ્ઞાંકિત ન રહે તો 'સાવરણીના ત્રણ સપાટા'નો ઈલાજ અસરકારક લેખાતો. આ મહાન પ્રજાએ પોતે નોંધપાત્ર સાહિત્ય ભલે ન સર્જ્યું પરંતુ ભાવિ સર્જકો માટે તેમણે ઉચ્ચ ભૂમિકા અવશ્ય રચી આપી.

ઍંગ્લોસૅક્સન પૂર્વેનું સાહિત્ય

ઍંગ્લોસૅક્સનોનું પ્રાચીન સાહિત્ય અલિખિત છે. ગીતો અને કથાઓ રૂપે કંઠોપકંઠ જળવાતું રહેલું એ સાહિત્ય શૌર્યપોષક ને રોમાં-

ચક છે. ઍંગ્લો સૅક્સનોને મૂળાક્ષરોનું જ્ઞાન હતું પણ તેનો ઉપયોગ તેઓ શિલાલેખો માટે જ કરતા. સાહિત્ય માટે લિપિ આવવાની હજુ વાર હતી. આ સાહિત્ય મોટે ભાગે લોકસાહિત્ય હતું. એનો કર્તા શોધવાનું શક્ય નહોતું. આ સાહિત્યનો ગાયક (minstrel) તંતુવાદ્યની સહાયથી લોકસમુદાયને ગીતો અને કથાની લહાણ પીરસતો. એની સાથે સહાયક તરીકે ઓળખાતો ગ્લીમૅન (gleeman) રહેતો. ગીતોનો ગાયક ગીતોનો રચયિતા પણ બની રહેતો. અને ગાયક ઉપરાંત શિક્ષક અને ધર્મોપદેશકનું કાર્ય પણ તે બજાવતો.


સહેલી ભાષામાં એ ગાયક પ્રાચીન વીર પૂર્વજોનાં પરાક્રમોને ગીતો અને કથાઓમાં ગૂંથી લોકોને ચાનક ચડાવતો. ટોળીઓમાં રહેતા લોકોમાં તેનું ગીત યુદ્ધ સમયે પરાક્રમની પ્રેરણા બની રહેતું. આપત્તિકાળમાં તેમાંથી આશ્વાસક સૂરો પ્રગટતા. યુદ્ધમાં કે શિકારમાં, ને વિજય પછી માંસ ને મદ્યની મહેફિલમાં આ ગાયકની અનિવાર્યતા ગણાતી. ટોળીના નેતા અથવા મુખી પોતે ગાયકને સાથે રાખતો, એટલું જ નહિ એ પોતે પણ કેટલીકવાર ગાયક તરીકે પ્રવીણતા પ્રાપ્ત કરતો. ('બેઓવુલ્ફ'-ના વીર કાવ્યમાં હ્રોથ્ગર રાજા પોતે વાદ્ય વગાડે છે.) યુદ્ધમાં તેમ દરિયાઈ સાહસોમાં પણ ગીત અનિવાર્ય ગણાતાં. ઈશ્વરની પ્રાર્થના, ને આકાશ-પૃથ્વીની આરાધના ગીતોમાં થતી. મૃત્યુ વેળાએ સાથીઓને અલવિદાનું ગીત પણ ગાયકના મુખેથી સરી જતું. ઋતુઓનાં ચક્ર, દિવસ અને રાત્રિના વળાંક ગાયકની કલ્પનાને ચગાવતા અને તેમાંથી ગીતોની ને કથાઓની સરજત થતી. આ પ્રકારનું સાહિત્ય કાળક્રમે પરાક્રમી પૂર્વજોનાં જીવન સાથે સંકળાવા માંડયું ને એમાંથી વીર કવિતા-મહાકાવ્ય (Epic)નો જન્મ થયો. આનો પ્રાચીન દાખલો 'બેઓવુલ્ફ'માં જડે છે. જંગલમાં વસનારી પ્રજાના વીર પૂર્વજોનાં પરાક્રમોની કંડોપકંડ ચાલી આવતી ગીતમાળામાંથી 'બેઓવુલ્ફ'નું વીરકાવ્ય સર્જાયું.

બેઓવુલ્ફ: સૌથી પ્રાચીન વીરકાવ્ય (Epic)

અંગ્રેજી સાહિત્યની સૌથી પ્રાચીન ગણાતી વીર કવિતા 'બેઓવુલ્ફ' દસમી સદીમાં લખાએલી. આઠ સૈકા સુધી અંધારવાસ વેઠયા પછી અચાનક એ કૃતિ પર પ્રકાશ પડયો. એની માત્ર એક જ હસ્તપ્રત મળેલી અને તેનો પણ કેટલોક ભાગ બળી ગએલો! ૩૧૮૩ પંક્તિમાં આ કૃતિ રચાએલી છે. ઍંગ્લોસૅક્સન સાહિત્યમાં-અરે જૂનામાં જૂના જર્મન સાહિત્યમાં પણ આ પ્રકારની બીજી કોઈ વીરકવિતા પ્રાપ્ય નથી. એટલે 'બેઓવુલ્ફ'નું સ્થાન પ્રાચીન અંગ્રેજીમાં વિશિષ્ટ બની રહે છે.

ઈ. સ.ના છઠ્ઠા સૈકાના બીજા દસકામાં ફ્રાન્ક (Frank) પ્રજાએ ગૉથ (Goth)ને હરાવ્યા. એ હારેલા સૈન્યનો એક વીરનાયક તે બેઓવુલ્ફ. શૌર્ય અને પરાક્રમની બાબતમાં તે અપ્રતિમ ગણાતો. આ વીર નાયકને વિષય બનાવીને 'બેઓવુલ્ફ'નું મહાકાવ્ય ઈસુના આઠમા સૈકામાં કોઈ અજ્ઞાત કવિએ રચ્યું જણાય છે. કાવ્યનો વિષય કે કાવ્યમાં આવતાં પાત્રોમાં કોઈ અંગ્લોસૅક્સનની ખાસ વિશેષતા દેખાતી નથી. આ મહાકાવ્યમાં પ્રાચીન જર્મન પ્રજાના શૌર્યયુગનું ચિત્ર છે. સ્કૅન્ડીનેવિયાની લોકકથાઓ પર તેની ઈમારત રચાઈ છે, એમ કેટલાક વિવેચકોનું મંતવ્ય છે.

'બેઓવુલ્ફ'નું વસ્તુ મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાએલું છે. ડેન્માર્કના રાજા હ્રોથ્ગરે (Hrothgar) પોતાના સૈન્ય માટે એક કિલ્લો બાંધ્યો હતો. પરંતુ એક રાક્ષસ ગ્રેન્ડેલ (Grendel) આ કિલ્લામાં ઘસી આવી સૈન્યના ઘણા માણસોને ખાઈ જતો હતો. એને રીઝવવા રાજાએ અનેક બલિ ધરાવ્યા, પણ એનો ત્રાસ ઘટયો નહિ. રાક્ષસના ભયને કારણે કિલ્લો સૂનો પડી ગયો. બાર બાર વર્ષ સુધી રાજા હેરાનપરેશાન રહ્યો. એવામાં જેઆટસ (Geatas)ના રાજા હીજલૅકના (Hygelac) ભાણેજ બેઓવુલ્ફે આ સમાચાર જાણ્યા. રાજાને સહાય કરવા તે ડેન્માર્ક



કેલ્ટ આક્રમણો આવ્યા પછી બ્રિટનમાં લોખંડી તલવાર અને અશ્વપાલનનો આરંભ થયો. આજની વેલ્શ, સ્કૉટ અને આઈરિશ પ્રજા પર આ કેલ્ટ સંસ્કૃતિ અને ભાષાની ઘણી અસર હજી ટકી રહી છે. રાઈન નદીના પ્રદેશમાં ખીલેલી કેલ્ટ કલાકારીગરી આવાં આક્રમણો બાદ ચોપાસ પ્રસરી જેની અસર બ્રિટનમાં પણ પડી; એટલું જ નહિ, પ્રાચીન બ્રિટિશ કળા ત્યાં ઊંચા સ્તરે પહોંચી. ફૂલપત્તીની ભાત, પ્રાણીઓનું આલેખન અને ભૌમિતિક આકારોની અટપટી શોભનરચનાઓ સાથે એમાં મીનાકારીનું કૌશલ ભળતાં એ સમયમાં જે અનેક સુંદર શોભનો રચાયાં તેમાંથી ઉપર આપેલાં થોડાં ઉદાહરણો પરથી એની સિદ્ધિનો આછો શો ખયાલ આવશે. મથાળે મધ્યમાં આપેલા એક આભૂષણ નીચે માથાનો શીંગડાંવાળો ટોપ, ડાબી બાજુ કાંસાનું મ્યાન અને તલવારની મૂઠ, મધ્યમાં નીચે ટોપ હાથઆરસીની પીઠ અને જમણી બાજુ મીનાકામવાળું એક આભૂષણ તથા વાળમાં ખોસવાની પિન છે.

આવ્યો. રાજાએ એના સત્કાર માટે દરબાર ભર્યો, મિજબાની આદરી. રાણીએ જાતે તેના જામમાં શરાબ રેડી આપ્યો.

આ બધાં વર્ણનો પ્રાચીન જર્મન પ્રજાની સામાજિક ખાસિયતોનું પ્રતિબિંબ પાડે છે. દરબારમાં પ્રગટ થતા વિવેકવહેવાર, મિજબાની અને જલસા, રાણીની મહેફિલમાં ઉપસ્થિતિ;–ટૂંકમાં એ જમાનાની court life (દરબારી દબદબા)નો સારો એવો પરિચય મળી રહે છે. ખાવું, પીવું ને યુદ્ધો ખેલવાં, સંગીતના જલસા માણવા, આ એ પ્રજાની તરી આવતી લાક્ષણિકતાઓ છે. કાવ્યમાં આવતાં પાત્રો ઓછુંબોલનારાં પણ કાર્યપ્રવૃત્ત છે. કાવ્યનો નાયક બેઓવુલ્ફ પણ અપ્રતિમ યોદ્ધો છે. રાણીએ એનો જામ શરાબથી છલકાવ્યો ને ત્યાં જ બેઓવુલ્ફે રાક્ષસને મારવાના યા જાતે મરી ફીટવાના સોગંદ લીધા. 'સૂર્યમાંથી સાક્ષાત્ જીવન અને પૃથ્વી-



△ ઈ. સ. પૂર્વે ૪૩માં વિજય મેળવ્યા પછી રોમન સમ્રાટ ક્લોડિયસનું બ્રિટનમાં આગમન. રોમન શાસન દરમિયાન બ્રિટિશ સમાજની અનેક રીતરસમોમાં રોમન પ્રભાવ પ્રસરી ગયો. તેના એક દૃષ્ટાંત રૂપ આજે પણ એક ભગ્ન સ્નાનાગાર બાથ મુકામે જળવાઈ રહ્યું છે. ▽ આ જાહેર સ્નાનાગારો એ સમયનાં ગરીબ-અમીરોના મિલનસ્થાન સમા હતા. ત્યાં સામાન્ય કસરતોથી માંડી ઠંડા-ગરમ પાણીના સ્નાન સુધીની લાંબી ક્રિયાઓમાં લોકો ભાગ લેતા ને અરસપરસ ભળતા. ▽




માંથી ઉપમા પામનાર' બિઓવુલ્ફ પ્રાચીન પ્રજાને મન આદર્શ નાયક છે; પરોપકારમાં જ તેની કુલીનતા છે. સાહસોનો તેને ઉન્માદ છે. યુદ્ધમાં વિકટ પરિસ્થિતિમાં તેને પરાક્રમનો નશો ચડે છે. એ યુદ્ધઘેલો સેનાપતિ છે. શૌર્યના કેફમાં તે જીવનનું અસ્તિત્વ પણ વિસરી જાય છે.

'Only joy of battle grips
Him by the throat and makes him blind.'

રાજા હ્રોધ્ગરને બિઓવુલ્ફના ઉદ્ગારોથી શાંતિ થઈ. રાત પડી. બિઓવુલ્ફે એના સૈનિકો સમક્ષ રણકતા આત્મવિશ્વાસથી એ રાક્ષસ સામે તલવાર પણ વાપર્યા વિના પોતે એકલા લડાઈ કરવાની જાહેરાત કરી. સેનાનાયકનાં વચનમાં તેના સાથીઓને પરમ શ્રદ્ધા હતી. એ સહુ નચિંત મને નિદ્રા માટે ચાલ્યા ગયા. રાત જામી અને રાક્ષસ આવ્યો તેનું થોડીક પંક્તિઓમાં કવિ સરસ વાતાવરણ ઉપસાવે છે: ગાઢ રાત્રિ શિકારીની જેમ સરકવા માંડી. કિલ્લાના રખેવાળ સૈનિકો નિરાંતની નિદ્રામાં હતા—માત્ર એક જીવ જાગતો હતો. અંધારભર્યા ટેકરાળ પ્રદેશ વટાવતો ગ્રેન્ડેલ કિલ્લામાં ધસતો આવતો હતો:

Came on the dark night
Gliding, the shadowy prowler. The warriors slept
Who were to hold the antlered hall,
All but one...
Then from the moor under the misty cliffs
Came Grendel marching; he bore God's anger...

બ્રિટન પરના રોમન શાસનનો એક અન્ય ભવ્ય અવશેષ : 'હેડ્રિયન્સવૉલ' ઉત્તર તરફનાં આક્રમણો ખાળવા નૉર્થમ્બરન ટેકરીઓમાં ઈ. ૧૨૨માં રોમન સમ્રાટ હેડ્રિયને આ ૭૩ા માઈલ લાંબી, ૧૮ ફૂટ ઊંચી અને ૬થી યે વધુ ફૂટ પહોળી દીવાલ બંધાવી હતી.



બિઓવુલ્ફ અને ગ્રેન્ડેલ વચ્ચે ભયાનક લડાઈ થઈ. બિઓવુલ્ફે અતુલ પરાક્રમ દાખવી ગ્રેન્ડેલનો આખો હાથ તેના ખભામાંથી ખેંચી કાઢ્યો. વેદનાની ભારે ચિચિયારી નાખતો ગ્રેન્ડેલ નાસી ગયો. બીજે દિવસે બિઓવુલ્ફે એ હાથ પ્રજામાં પ્રદર્શન માટે રજૂ કર્યો. લોકોએ તેને વધાવી લીધો. વીર પૂર્વજોનાં પરાક્રમોની અનેક ગાથાઓની લોકોએ મહેફિલ માણી. રાજા હ્રોધ્ગરે દરબાર ભર્યો. રાણીએ તેમાં ઉપસ્થિત રહી બિઓવુલ્ફની જાહેરમાં પ્રશંસા કરી. ગાયકોએ શૌર્યગાથાઓ અને રોમાંચક ગીતોથી દરબારને હિલોળે ચડાવ્યો. રાજાએ બિઓવુલ્ફને કીમતી ભેટો આપી. રાણીએ હાર ભેટ તરીકે આપ્યો.

રાક્ષસ ઘાયલ થઈને નાસી ગયો તેનો નગરજનોએ મનભર ઉત્સવ માણ્યો. પરંતુ એમનો આનંદ ઝાઝો ટક્યો નહિ. રાજાના સૈનિકો ભયમુક્ત બનીને રાતે કિલ્લામાં સૂતા. ત્યાં ગ્રેન્ડેલની રાક્ષસી મા, પુત્રનું વેર લેવા ધસી આવી અને રાજાના મુખ્ય સલાહકારને ઉઠાવી ગઈ. આ સમાચાર જાણી રાજા દુ:ખી દુ:ખી થઈ ગયો. બિઓવુલ્ફને તત્કાળ આ દુર્ઘટનાની જાણ કરવામાં આવી. તેણે એ રાક્ષસી પર વેર લેવાના કસમ ખાધા. તે અને તેના સાથીદારો એ રાક્ષસીના વસવાટના સ્થળે પહોંચી ગયા. વૃક્ષોની ઘટા નીચે ઢંકાએલા અને દરિયાની સાથે સંધાએલા એક તળાવની ગુફામાં એ રહેતી. બિઓવુલ્ફ પાણીમાં ડૂબકી લગાવી સીધો તેની ગુફામાં પહોંચ્યો: તેણે એની સાથે જીવસટોસટની લડાઈ કરી અને ગુફામાં પડેલી તલવારથી તેને મારી નાખી. કિનારે બિઓવુલ્ફની વાટ જોઈ ઊભેલા સૈનિકોએ તેના જીવનની આશા મેલી દીધી હતી ત્યાં જ ગ્રેન્ડેલના શબ પર સવાર થએલો બિઓવુલ્ફ સપાટી પર તરી આવ્યો. ગ્રેન્ડેલનું ડોકું તલવારથી કાપી તે લઈ વાજતેગાજતે તેણે હ્રોધ્ગરના રાજનગરમાં પ્રવેશ કર્યો. રાજમહેલમાં બિઓવુલ્ફે પોતાના સાહસની કથા વર્ણવી. રાજાએ તેનાં અતુલ પરાક્રમોને બિરદાવ્યાં. એમાંથી ગર્વ કરનારાઓ કેવું પતન પામે છે તેની ઉપદેશવાણી પણ રજૂ થઈ.

આ મહાકાવ્યમાં એક તરફ લડાઈ, તથા સાહસની કથા અને તેની સાથે જ ભાવનાઉપદેશ ને જીવન વિશેની ગંભીર ચર્ચા પણ ચાલ્યા જ કરે છે. વિવેચકોનો સ્પષ્ટ અભિપ્રાય છે કે આ મહાકાવ્ય ભલે પ્રાચીન જર્મન પ્રજાનું હોય પરંતુ ખ્રિસ્તી ધર્મગુરુઓએ એ કાવ્યમાં ધર્મ પ્રત્યેનો અનુરાગ પ્રજામાં કેળવવા તેમાં નીતિ, સદાચાર, શ્રદ્ધા, જીવન અને જગતની વ્યર્થતા અને એવી ચર્ચાઓ ગૂંથી લીધી છે. આ મહાકાવ્ય પર એ ખ્રિસ્તી ઉપદેશકોએ ભારોભાર સંસ્કાર કરેલા છે. કૃતિમાં એથી વૈચિત્ર્ય અને સંસ્કૃતિના વિરોધાભાસ પ્રગટ થાય છે.

બિઓવુલ્ફે રાજાનું શાનદાર સ્વાગત માણી બીજે દિવસે વતન જવા

રોમન સામ્રાજ્યની પકડ ઢીલી પડતાં પાંચમીથી સાતમી સદી દરમિયાન ઇંગ્લૅંડની ભૂમિ પર પશ્ચિમ યુરોપમાંથી ઍંગ્લો સૅક્સનોનાં આક્રમણો આવ્યાં. મૂળ તો ઍંગલ્સ, સૅક્સન્સ અને જ્યૂટ્સ લોકોનાં એ સામુદ્રિક આક્રમણો હતાં. ઇંગ્લૅંડમાં સ્થિર થયા પછી એ અનેક નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગએલા અને અહીંની રોમન પ્રભાવવાળી કેલ્ટ પ્રજા સાથે લગ્નસંબંધથી પણ જોડાએલા. ઍંગ્લો સૅક્સન આક્રમણો એમના યુદ્ધખોર જુસ્સા અને ક્રૂરતા માટે વિખ્યાત છે, પણ આર્થરની સરદારી તળે તત્કાલીન બ્રિટિશ પ્રજાએ એમનો સારો એવો સામનો કરી ખાળ્યા હતા. પૂર્વમાં થએલાં આ આક્રમણોથી પશ્ચિમમાં વેઈલ્સ અને સ્કૉટલૅન્ડ તરફ ખસી ગએલી પ્રજામાં આજે યે કેલ્ટ સંસ્કૃતિની અસર ટકી રહી છે.



માટે વિદાય માગી. રાજાએ વળી તેને મૂલ્યવાન ભેટોથી નવાજ્યો: એ પોતાને દેશ પાછો ફર્યો. એ વાતને ઠીક સમય વીત્યો. જેઆટસ રાજ્યનો એ વારસદાર બન્યો ને પચાસ વર્ષ તેણે રૂડીપેરે રાજ્ય અમલ ચલાવ્યો. પરંતુ તેની વૃદ્ધાવસ્થામાં, વળી પાછો આગ ઓકતા એક રાક્ષસનો ઉપદ્રવ થવા માંડ્યો. તેનો નાશ કરવા બેઓવુલ્ફ પોતાના સૈનિકો સાથે નીકળ્યો. અહીં વળી કવિ કથાને રોકીને બેઓવુલ્ફનાં ભૂતકાલીન સાહસોનું વિગતે વર્ણન આપે છે. આ કૃતિમાં એવાં વિષયાંતરો ઘણાં અને કઠે તેવાં છે એથી કૃતિની આકૃતિ ખંડિત થાય છે. એ રાક્ષસની ગુફા પાસે આવે છે ત્યાં વળી પોતે પોતાના કુટુંબના પૂર્વ ઇતિહાસ પર ચિંતવન કરવા માંડે છે. ગુફામાં પ્રવેશતાં પહેલાં બેઓવુલ્ફે તેના સૈનિકોને સૂચના કરતાં કહ્યું: 'હું એકલો જ તેની ગુફામાં પ્રવેશીને તેની સામે જંગ ખેલીશ. તમે બધા ગુફાની બહાર મારી વાટ જોજો.'

પ્રાચીન કાળની એ જર્મન ટોળીઓમાં નાયક અને તેના સાથીદારો વચ્ચેના સંબંધો ઉચ્ચ ભાવના પર નિર્ભર રહેતા. નાયકનું તેમના પ્રત્યેનું વર્તન કોમળ અને મુલાયમ રહેતું. સૈનિકોમાં ટોળીના મુખી અથવા નાયક પ્રત્યે અંગત વફાદારીનો ખાસ ગુણ હતો. નાયક માટે જીવવાનો અને મરવાનો તેમનામાં ઉચ્ચ આદર્શ હતો. બેઓવુલ્ફના એક અંતેવાસી વીજલેફ (Viglaf) માટે કવિ ઉદ્ગાર કરે છે.

Such should a man be, a thegn atneed

વફાદારી ના હોય તો એ માણસ શાનો! દ્રોહ કરનારને સમાજમાં ક્યાંય પ્રતિષ્ઠા મળતી નહિ. સ્વતંત્ર મનુષ્ય તરીકેના તેના અધિકાર પણ છીનવી લેવાતા. વિદ્રોહ કરનાર મનુષ્યનું કલંક તેના સંબંધીઓને પણ નડતું, કનડતું.

બેઓવુલ્ફે રાક્ષસ સામે લડવા માટે ગુફામાં પ્રવેશતાં પહેલાં એના સાથીદારો સમક્ષ નિખાલસ મનથી વાતોવિચારણા કરી. પોતે ગ્રેન્ડલ સામે તલવાર વિના લડેલો એમ અહીં પણ તલવાર વાપર્યા વિના જંગ ખેલવાનું પોતાને કેવું બધું ગમ્યું હોત, પણ શા માટે આ વખતે તલવારનો ઉપયોગ કરવો પડે તેમ છે, તેની બધી વાત તેણે સહુને સહૃદયતાથી સમજાવી. પછી બેઓવુલ્ફે રાક્ષસના રહેઠાણમાં પ્રવેશ કર્યો. રાક્ષસ તેના પર તૂટી પડ્યો. બેઓવુલ્ફની તલવાર આ રાક્ષસ સામે કામયાબ બની શકી નહિ. રાક્ષસના અણધાર્યા હુમલા સામે તે થોડી ક્ષણ તો મૂંઝાઈ રહ્યો. પણ તેનો નિકટનો સાથી વીજલેફ તેની સહાયમાં અંદર દોડી આવ્યો. બીજા કેટલાક સાથીઓ ભયના માર્યા નાસવા માંડ્યા. રાક્ષસના હુમલાને રોકવા બેઓવુલ્ફે તલવાર વીંઝી પણ તલવારના ટુકડા થઈ ગયા. રાક્ષસે તેને ગરદનમાંથી સજ્જડ પકડ્યો; ત્યાં જ વીજલેફે એ દૈત્ય પર છાપો માર્યો. અચાનક ધસારાથી દૈત્ય ગભરાયો ને જરા પાછો હટ્યો. એટલી પળોમાં તો બેઓવુલ્ફ સાવધ થઈ ગયો. અને છરીથી તેણે રાક્ષસ પર ઘાતક હુમલો કર્યો. રાક્ષસ કળ ખાઇને ધરતી પર ગબડી પડ્યો, પણ મરતાં મરતાં તેણે બેઓવુલ્ફને મરણતોલ ઘા કર્યો હતો. બેઓવુલ્ફ પણ પડ્યો.

રાક્ષસે ઘણા લોકોને મારી લૂંટીને મબલખ ધનભંડાર એકઠો કર્યો હતો. મૃત્યુ પહેલાં એ ખજાનો જોવાની બેઓવુલ્ફે ઇચ્છા દર્શાવી. પછી કોઇ ફિલસૂફની હેસિયતથી મનમાં નિર્વેદ ધરીને વીજલેફને તે સંબોધી રહ્યો: 'પચાસ વર્ષ મેં રાજ્યકારભાર ચલાવ્યો. મારા રાજ્યની આસપાસ કોઈ રાજાએ મારા પ્રદેશ સામે આક્રમણ કરવાની, મને ભયથી દબાવવાની હિંમત કરી નથી. મેં રૂડી રીતે રાજ્યવહીવટ સંભાળ્યો છે. કોઈ વાર પણ ઘાતકી દુર્વ્યવહાર આચર્યો નથી. ભાગ્યે જ જૂઠા સોગંદ ખાધા છે એટલે તો આજે ઘાયલ અવસ્થામાં મરણની ઘડીએ પણ મને આનંદ છે. હવે વહાલા વીજલેફ! પેલા પુરાણા પથ્થર તળેના આ રાક્ષસના ભંડારની દેખભાળ માટે તું તત્કાળ રવાના થઈ જા. મારા મૃત્યુની કિંમત ચૂકવીને મેં એ વિપુલ ધનભંડાર હાંસલ કર્યો છે. અત્યાર સુધી એ પ્રજાના ઉપયોગ માટે નહોતો. મારાં ધન્ય ભાગ્ય કે મૃત્યુ પહેલાં હું તે પ્રજાની સેવામાં ધરી શકીશ... હવે આ વિશ્વમાં મારો કાળ ભરાઈ ચૂક્યો છે.' આટલું કહી બેઓવુલ્ફે વીજલેફને પોતાની અંતિમ ક્રિયા માટે સૂચનાઓ આપી, પોતાનું બખ્તર ને હાર ભેટ તરીકે આપ્યાં અને તેના પ્રાણ ઊડી ગયા.

નાસી ગએલા સૈનિકોને વીજલેફે ખૂબ ફિટકાર આપ્યો. બીજા વફાદાર યોદ્ધાઓ તેના ગુણોનું સ્મરણ કરી આંસુ સારી રહ્યા. બેઓવુલ્ફની આખરી ઇચ્છા મુજબ તેનો ભવ્ય રીતે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. એ પછી મૃતદેહના અવશેષો પર એક નાનો ટીંબો ચણવામાં આવ્યો. એ ટીંબાની પ્રદક્ષિણા કરતા બાર યોદ્ધાઓના મુખેથી શોકના ઉદ્ગારો અને મૃત બેઓવુલ્ફના ગુણોના સ્તવન સાથે આ મહાકાવ્ય સમાપ્ત થાય છે.

આ મહાકાવ્ય અંગ્રેજી સાહિત્યની પ્રાચીન અને અમોલી મીરાત છે. એમાં સાહસનો ઉન્માદ અને જીવનનો વિષાદ બંને સમાંતરે ચાલે છે. સમગ્ર કૃતિમાંથી પરાક્રમોના રોમાંચ કરતાં વૈફલ્ય અને નિરાશાના સૂર વિશેષ પ્રગટ છે એમ વિવેચકોનો અભિપ્રાય છે. એક વિદ્વાન લગવી (Le Gouis)નું મંતવ્ય છે: It breathes the air of the tomb.—કૃતિમાં મૃત્યુના સતત ધબકાર સંભળાય છે.

મહાકાવ્યમાં જેમ ઘટનાઓ પ્રાચીન જર્મન કાળની છે તેમ તેનો વીર નાયક પણ અંગ્રેજી મહાકાવ્યના વીર નાયકોથી નિરાળો છે. □

મૃત્યુ

એક હૃદયસ્પર્શી પાત્ર · એક હૃદયસ્પર્શી બનાવ · એક હૃદયસ્પર્શી વાર્તા · · · · ·

લેખિકા · **કુ. ભારતી ગણાત્રા**

લીની કૅાર ગુજરી ગઈ?! માની જ નથી શકાતું! પેલી સામેની અગાસીમાં ઢીંગલીની જેમ, પતંગિયાની જેમ, પ્લાસ્ટિકના રંગીન દડાની જેમ રમ્યા કરતી લીની જાણે હમણાં રમત મૂકીને અગાસીની પાળી પાસે દોડી આવી બૂમ મારશે: 'ની,...ઇ...ના રમવા આવ.'

ચૌદ-પંદર વર્ષની લીનીએ આ દુનિયામાં આવીને રમત, ખેલ, ઊછળકૂદ સિવાય બીજું કંઈ જાણ્યું જ નથી, એમ એની મા કહેતી: 'આ છોકરી મારું લોહી પીવા જ આવી છે. આને છોકરો બનાવતાં ભગવાને છોકરી ઘડી નાખી...ખેર, એના પપ્પાને દીકરાનો બહુ અભરખો છે. ને અમારે ત્રણ દીકરીઓ જ, તે આ છોકરાની ખોટ પૂરી કરશે...એના પપ્પા તો એમ જ કહે છે કે લીનીને ખૂબ ભણાવીગણાવી મારે દીકરા સમોવડી બનાવવી છે...જૂઓ ને, કરે બધું, પણ મિજાજ સત્તર ખાંડીનો છે... કોણ જાણે લેણું લેવા આવી છે કે દેવા, કંઈ સમજાતું નથી. કો'ક વાર મા અકળાઈ ઊઠતી ને ફરી-'આ વર્ષે પાછી આખા રાજ્યમાં ટેબલટેનિસની જુનિયર ચૅમ્પીઅન બની છે. સ્કૂલમાં તો રમતની દરેક આઈટેમના પહેલા કપ ને મેડલ લીનીના જ હોય. એક કબાટ તો ભરાઈ ચૂક્યો: હવે રાખવા ક્યાં, તેની ય ઉપાધિ...નવો કબાટ.'

ના, ના, ના; લીનીની મા તારે હવે નવો કબાટ નહિ કરાવવો પડે. હવે તો છે એને જ તારાં આંસુથી ભીંજવવા સાચવી રાખ...

ખરખરો કરવા આવનારા પણ દુઃખદ આશ્ચર્યથી કહેતા હતા કે આવી થનગનતી છોકરી એક મહિનાની ટૂંકી માંદગીમાં હતી ન હતી થઈ ગઈ! એના રોગને છેલ્લે સુધી કોઈ પારખી જ શક્યું નહિ. 'લોહી સુકાઈ રહ્યું છે, નવું લોહી બનતું નથી, કમળાની અસર છે' થી માંડી 'બ્લડ કૅન્સર' સુધીનાં નામો બોલાઈ ચૂક્યાં હતાં. અમેરિકાથી ઇંજેક્શનો મંગાવાયાં હતાં. પણ ત્યાં સુધીમાં તો લીનીએ 'મોટીબહેન, હવે તું ને રીટુ બે બહેનો! હું તો ચાલી—' કહી દીધું હતું: 'હવે તમે દિવાળી નહિ ઊજવી શકો; મને ઉપર મોટા બાપુજી બોલાવે છે...તમારી દિવાળી મારે બગાડવી નથી... પપ્પા હવે નિયમિત ઑફિસે જાય છે કે નહિ?... એમને ઘરમાં સૂઈ રહેવા ન દેજો...'સૂતાંનું નસીબ સૂતું, જાગતાનું જાગે' એમ મારાં બહેન કહેતાં હતાં...બહેનને કોઈ બોલાવોને, મારે જતાંજતાં એમને એક વાર જોઈ લેવાં છે...અને મારા ક્લાસની બહેનપણીઓને પણ કહો કે મને જોવા આવે...પછી કોઈ દિવસ નહિ મળાય... અને ડૉક્ટર, તમે મને હવે આશ્વાસન આપવાનો પ્રયત્ન ન કરો. કાલે પપ્પાને કહેતા હતા તે મેં સાંભળ્યું હતું...તમને એમ કે હું અંગ્રેજી નથી સમજતી, કેમ!' કહી તો હસી પડી હતી: 'હવે હું બચીશ જ નહિ...તમે મને સાજી ન જ કરી શક્યા ને?'

મા કકળીને બોલી ઊઠી હતી: 'લીની, લવારો બંધ કર. તને કશું થવાનું નથી... આખો દિવસ તેં આજે બોલ્યા જ કર્યું છે...ન જંપી છે, ન મને જંપવા દીધી છે...' ત્યારે તેણે પોતાની ફિક્કા પડેલા ચહેરાની ચમકતી આંખો ફેરવી સ્હેજ હસીને કહ્યું હતું: 'મા, મારી છેલ્લી છેલ્લી વાતો તો સાંભળી લે. પછી તને ક્યાં કોઈ દિવસ સાંભળવા મળવાની છે? તને તો મેં હમેશાં હેરાન જ કરી છે—રડાવી જ છે. આજે હવે છેલ્લુંવેલ્લું ખૂબ ખૂબ ખૂબ રડાવી લઈશ. પછી કોઈ દિવસ નહિ...પપ્પાજીને ય દુઃખમાં દુઃખ મેં ઉમેર્યું છે...નાની કહેતી હતી કે તેં સોનાનો નેકલેસ પપ્પાને વેચવા માટે આપી દીધો હતો...બસ, હવે વધુ ખર્ચ ન કરશો. હું કંઈ બચવાની નથી....મોટીબહેન, મારા કપ-મેડલને રાખ ન ચોળીશ હોં-બરાબર વિમથી જ માંજી ચળકાવીને રાખજે-હું રાખતી તેમ...અને મારો દિવાળીનો નવો ડ્રેસ જ મને છેલ્લી વખતે પહેરાવજો: લાલ જરીવાળું ફ્રૉક, લાલ મોજાં, લાલ રિબન......'

'લીની! લીની! ભગવાનને ખાતર ચૂપ કર...'

આને લીનીનો જનાજો નીકળ્યો ત્યારે બધાં ચૂપચાપ ચારે બાજુ બારીએ બાળીએ આંખોમાં આંસુ ભરી ઊભાં હતાં. નીનાને લાગ્યું કે જાણે લીની પણ પોતાની બારીએ આ જોવા માટે ઊભી રહી ગઈ હશે! રસ્તા પર કંઈ પણ નીકળે ત્યારે તે પહેલી જ દોડીને જોવા નીકળી હોય. યમનાં દૂત જેવી કાળી શબવાહિની પર ઝીણી પીળી બત્તી ફરતી હતી. લીનીના બાપે પહેલાં હાથ જોડ્યા ને પછી બે હાથમાં મોં છુપાવી પોકેપોકે રડી પડ્યો: 'દીકરી ઇઇ...મેં તારે માટે કંઈ કરવામાં બાકી રાખ્યું નથી હોં... સ્થિતિ હતી કે નહોતી, તો યે બની શકે તે બધું આ કમભાગી બાપે કર્યું. બેટા...તારે આમ જ ચાલ્યા જવું હતું તો તું આટલી વહાલી થઈ શા માટે દીકરી...આટલું નામ કેમ કર્યું રે...' લીનીને ન ઓળખતાં એવાંની આંખો પણ બાપના આ વલોપાતથી ભરાઈ આવી હતી.

એક રૂમમાં બેસી અમે લીનીને યાદ કરતાં હતાં—એના મેડલકબાટને, એની દોડધામને, એના કામને, ભાંગતા જતા ઘરમાં એણે પૂરેલા પ્રાણને: 'ઉફ્! લાગતું જ નથી કે લીની હવે નથી'...કોઈ અધીરાઈ અસંતોષથી ચિલ્લાયું અને બાલ્કનીમાં બેસી ચોખા વીણતા નવ વર્ષના પોરિયા શંકરે ગભરાઈને બેધ્યાનમાં ઊંચું જોયું—તેના હાથમાં માંડમાંડ સમાતી થાળી વાંકી વળી ગઈ અને કલાકની મહેનતે તેણે વીણેલા અને વગર વીણેલા ચોખા ભેગા થઈ ગયા. ફાટેલે મોઢે એ થાળી સામે જોઈ રહ્યો ને પછી હસવા માંડ્યો.

તડક મિજાજિયા હસુએ એ તરફ જોયું ને બોલ્યો: 'લ્યો, છે જ ને મૂર્ખો! ક્યારનો બેસીને વીણે છે તે ભેગા કરી નાખ્યા, ને હવે મૂરખની જેમ બેસીને હસે છે.'

હસુ ને શંકરનાં મોં ને વાતથી બધાંને એક વાર હસવું આવી ગયું; પણ પાછાં ગંભીર થઈ જઈને સૌ ઊઠ્યાં ને કોઈ દુનિયાડાહ્યાએ ગંભીરતાથી 'હા રે હા, એવી છે જિંદગી!' કહી લીનીની વાતની સમાપ્તિ કરી.

શંકરે બધા ચોખા ભેગા કરી પાછું ધીમે ધીમે વીણવાનું શરૂ કરી દીધું હતું; અને બધાંને પણ કામનું મોડું થતું હતું. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૪

ઉટાંટિયું

ઉટાંટિયું એટલે મોટી ઉધરસ ('હૂપિંગ કફ'). નાનાં બાળકોના આ રોગ થયા પછી મટવો મુશ્કેલ છે. મહિનાઓ સુધી બાળકને દયામણી સ્થિતિમાં ઉધરસ ખાતું જોયા કરવું પડે છે. ઉધરસ ખાતાં બાળકની આંખ ચડી જાય છે, મોં લાલચોળ થઈ જાય છે. ઉધરસને અંતે બહુધા ઊલટી થાય છે. આ રોગમાં વાયુથી કફ સુકાઈ જતો હોઈ બાળક બહુ રિબાય છે. આ ચેપી રોગ છે, એટલે બીજા બાળકને એ ન લાગે તેની ખાસ કાળજી રાખવી.

એક અનુભૂત પ્રયોગ અહીં બતાવું છું. તમાકુની દાંડલીને ભેગી કરી તેને માટીની તાવડીમાં નાખી બાળવી. દાંડલી કાળી પડી જાય અને સફેદ થાય તે પહેલાં ઉતારી તેનો ખૂબ ઝીણો ભૂકો કરી તેમાં સમપ્રમાણ જેઠીમધનું ચૂર્ણ મેળવી ખૂબ ઘૂંટવું. ચોખાભાર આ ચૂર્ણ મધમાં ચટાડવાથી બાળકને રાહત થશે.

બાળકની છાતીમાં પંચગુણ તેલ ચોળીને તેના પર નાગરવેલનું પાન મૂકી ઘીના દીવાથી ગોટા ગરમ કરી સેક આપવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળ
આત્મકથાનક-૧૧૮

'કુમાર'નું તંત્રીપણું

હવે તો મને દિવસ-રાત જરા ય ફુરસદ નહોતી. 'કુમાર'નો પ્રારંભ ગાંધીયુગમાં થયો હતો અને હું તથા મારા મિત્રો ગાંધીજીના સ્વાશ્રય, સ્વાતંત્ર્ય અને સમર્પણના આદર્શોથી રંગાઈ ગયા હતા; એટલે ગાંધીજીની પ્રવૃત્તિઓ હમેશાં નજર સામે રાખતા અને તેનું અભિવાદન કરતા. કોઈ કામ દેશના હિતનું હોય તો કોઈ તે કરી આપે એવી આશા રાખનાર માટે હીણપત ગણાતી. મેં ધાર્યું હોત તો તસવીરો ચીતરનાર (પોર્ટ્રેટ-પેઈન્ટર) કે ડિઝાઈનરનું પાટિયું શહેરની કોઈ સારી જગ્યાએ ચડાવી ધંધા અને ધરાકીના વર્તુલમાં ઘૂમતો હોત, પણ મેં તો હાજીમહમ્મદ જેવા ચાહોમ કરનારા તંત્રી જોયા હતા. હવેના જગતમાં ચિત્રો અને ફોટોગ્રાફીની સહાય વિના જગતનાં કે જગતની પ્રગતિનાં સ્વરૂપો સમજવાં અશક્ય લાગતાં હતાં અને તે કામ સરકારી તંત્રની કેળવણી પામેલા, પરીક્ષાનાં થોથાં જ વાંચી બનેલા વિદ્વાનો કે સાક્ષરોથી બને તેમ નહોતું. તેઓ શાળા-કૉલેજોનું ભણતર જ વાગોળ્યા કરતા. સૌન્દર્યની ભાત ઉપજાવતું લોકજીવન, સમાજની બહુરૂપી સૃષ્ટિ કે વ્યક્તિવિશેષ, પરાક્રમો, છટાઓ, સાહસો કે પ્રવાસોની કોઈ વાત કરતું નહિ. તંત્રીઓ નિરાંતને વખતે લખતા. વિદ્વાનો ફુરસદે નિબંધો આપતા. અંગ્રેજ કવિઓથી પ્રેરાએલા જુવાનો છૂટક કાવ્યો કરતા તે તેમના મિત્રોમાં જ વંચાતાં. હાજીમહમ્મદ સાથે રહી મેં વિદ્વાનો લેખકો તથા મુંબઈના તંત્રીઓને નિકટતાથી જાણ્યા હતા. તંત્રીએ આજના વિશ્વ માટે માહિતગારી મેળવવા કેટકેટલા સંદર્ભ ગ્રંથો, કેટલાં સામયિકો, કેટલા ચિત્રગ્રંથો જોવા ઉપરાંત તેના નિર્માતાઓની વિધિઓ વિચારો અને અનુભવો પણ સંઘરવા પડે છે એ બધો તાલ અને ધમાલ મેં જોયાં હતાં. પણ હવે શિર પર બોજો લઈ અનુભવ કેળવવાનો હતો.



કાકાસાહેબ કાલેલકર
ઓરંગાબાદ પરિષદના
પ્રમુખપદે-ઈ. ૧૯૨૮

પ્રથમથી જ મને ખયાલ હતો કે 'કુમાર' પત્રમાંથી મને પાઈ પણ મળવાની નથી, પણ જેમને હું કામમાં જોડીશ તેમના યોગક્ષેમની જવાબદારી તો મારી પર જ રહેશે. હું અન્ય કોઇને મારી ભાવના કે આદર્શો માટે સ્વાર્પણ કે ત્યાગ કરવાનું કેમ કહું? તેમને યોગ્ય આજીવિકા આપવાનો અને સમય સુધરે તો વધુ લાભો આપવાનો હું સંકલ્પ કરી ચૂક્યો હતો. એટલે મારે 'કુમાર'નાં ચાલુ બિલો, ખોટનો ખર્ચ, રોકેલા માણસોનો નિભાવ, ખરીદી વગેરે ઉપરાંત મારા ઘરનો ખર્ચ મેળવીને સાથે જ લેખન, ચિત્રકામ, થોડું ઉપજીવિકાનું કામ, શિક્ષણ, મુલાકાતો, પ્રવાસો, પત્રવ્યવહાર વગેરે જોગવાઈ કરવાની હતી.

આ બધાંમાં મારું પીઠબળ શ્રી બચુભાઈ રાવતની અપાર નિષ્ઠા અને સાહિત્યસેવાની ધગશ તથા આદર્શવાદ હતાં. એમણે પોતાનું યોગક્ષેમ મારા પર મૂકી, મારાં સર્વ કામોમાં પૂરો રસ લઈ પાર પાડવા નિયમિત જાગૃતિ રાખી. છાપખાના અને પત્રવ્યવસ્થાની સર્વ ચિંતા મેં તેમના પર છોડી દીધી અને તે બાબતોમાં તેમણે ખૂબ ઝીણવટથી અનુભવો નોંધવા માંડ્યા. નવજીવન છાપખાનું એક પ્રગતિશાળી પત્રકારત્વનું ધામ હતું. ત્યાં તેમણે દોઢેક વર્ષ કામ કર્યું હતું, એટલે ત્યાં બીબાં ગોઠવનારથી માંડી બાંધણી (બાઇન્ડિંગ) કરનારા સુધીની ગતિવિધિથી પૂરા માહિતગાર થઈ ગયા હતા. કાગળો પણ ત્યાંથી જ મળતા. પૂઠાં ને મુખચિત્રોના મુદ્રણ માટે શહેરમાં એકમાત્ર કલાત્મક સારું ચિત્રમુદ્રણ કરનાર મૉનાર્ક પ્રિન્ટરીના માલિક વીરજીભાઈ હતા તેમણે સારો સહકાર આપ્યો.



'કુમાર'ની કચેરીમાં : ડાબેથી-દેશળજી પરમાર રવિશંકર રાવળ અને બચુભાઈ રાવત

૫૯૨ સંપાદનકાર્ય

'કુમાર'નાં ચિત્રો અને લેખોની પસંદગી-વહેંચણી માટે ઈશ્વરકૃપાથી હું શ્રેષ્ઠ કહેવાય એવા મિત્રમંડળનો સહકાર પામ્યો હતો. કાકાસાહેબ કાલેલકરે શરૂઆતથી જ પોતાનો ફાળો આપવો શરૂ કર્યો: ભાઈ ધૂમકેતુએ 'ઇતિહાસ-દર્શન' મથાળા નીચે ઇતિહાસના પ્રેરક અને નોંધપાત્ર પ્રસંગો તેમની તેજીલી શૈલીમાં આપવા માંડ્યા, તો ભાઈ દેશળજી પરમાર નિયમિતપણે એકાદ ચરિત્ર અને નવાં નમણાં





જમણી બાજુ છે ગુજરાતનું પહેલું છાયાચિત્ર: 'અબોલા રાણી' જેના ભાઈઓ કાગડા થઈ ગયા હતા તેની વાર્તાનું ચિત્ર, ચિત્રકાર રવિશંકર રાવળ. તે પછી પાંચ મહિને કનુ દેસાઈએ કરેલું એમનું પ્રથમ છાયાચિત્ર 'સરિતા તીર'. △

કાવ્યો આપવા માંડયાં. પાછળથી ભાઈશ્રી હરિનારાયણ આચાર્યે સ્વાસ્થ્ય તેમજ પ્રકૃતિદર્શન વિષે લખવા માંડયું. પ્રો. આથવલે, કવિ ત્રિભુવન વ્યાસ, વિજ્ઞાની લાભશંકર ભટ્ટ, કવિ ખબરદાર વગેરે શરૂથી ચમકયા હતા. ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠના અધ્યાપકોની અમારા પર કૃપાદૃષ્ટિ હતી.

મારી પાસે અપ્રાપ્ય ફોટોગ્રાફો ને ચિત્રો તથા પુસ્તકોનો સંગ્રહ હતો, ઉપરાંત મારા વિદ્યાર્થીઓ જે ફોટોગ્રાફી કે નકશો કરવા તૈયાર થવા આવતા હતા તેમને માટે આ પ્રાયોગિક ક્ષેત્ર મળ્યું હતું. હું જાતે કલા-વિષયક માહિતી અને અભ્યાસમાં ઘણું આપવા ઉત્સુક હતો, ને કલાની વિદ્યાક્ષેત્રે પ્રતિષ્ઠા કરવાની તીવ્ર આકાંક્ષા રાખતો હતો. એક દિવસ કલાકાર પણ સમાજમાં ગ્રૅડયુએટો જેવો જ માનભર્યો નાગરિક બને તે રીતે દરેક નવદીક્ષિતને તૈયાર કરતો હતો અને આવેલા લેખો માટે કોઈ સંગ્રહ કે પુસ્તકમાંથી ફોટોગ્રાફો, નકશા કે નવા આલેખો તૈયાર કરાવતો હતો. આ કાર્યમાં શ્રી રવિશંકર પંડિત મને હમેશાં તત્પરતાથી સાથ આપતા ઉપરાંત બચુભાઈની વિરલ શક્તિઓએ સક્રિય પ્રકાશનમાં તેમનો પ્રકાશ પ્રકટાવ્યો. નવાં સુશોભનો, પ્રતીકો, શીર્ષકોનાં ચિત્રોની તેમની માગ યુરોપી પ્રકાશનોની સ્પર્ધા કરતી હતી. તે ઉપરાંત તેમની સાહિત્ય-પ્રીતિ તેમજ કાવ્યાનુરાગે 'કુમાર'માં જે નવીનતાઓ આણી તેણે પણ આકર્ષણ વધાર્યું હતું. મેં વાચકોનો સીધો પરિચય સાધવા 'મિજલસ'માં વિચારો આપ્યા. અન્ય સ્થળે પ્રકટ થતી સારી સામગ્રીથી વાચક' રહી ન જાય તે માટે બચુભાઇએ 'માધુકરી' યોજી. (એ માટેનો શબ્દ એમણે કાકાસાહેબના સાહિત્યમાંથી મેળવ્યો.) તે ઉપરાંત એમણે બેએક વર્ષ બાદ શરૂ કરેલું 'કુમાર'નું 'છેલ્લું પાનું' 'સરજનહારની સૃષ્ટિ', 'લીલો મેવો', 'પૂછો તંત્રીને', 'અથાણું', 'ગયે મહિને–આ મહિને' વગેરે તેમની વ્યાપક સંપાદકીય શક્તિનાં નિદર્શક છે. ફોટોગ્રાફીની હરીફાઈ, રંગપૂરણી કે પ્રસંગચિત્રો ને કલાપૃષ્ઠો 'કુમાર'નાં અનન્ય અંગો બન્યાં હતાં. 'ચીતરવાનું સ્હેલ છે' એ પાઠ-માળા પણ પહેલા જ વર્ષે મેં શરૂ કરી હતી.

પણ આ બધો ખટારો છાપખાનામાં લઈ જઈ, તેને સુશોભિત સુવ્યવસ્થિત રંગઢંગમાં યોજી તૈયાર કરાવવાનું–અશિક્ષિત બીબાં ગોઠવનારા, છાપનારા ને સમયનો હિસાબ રાખનારા વહીવટદારો સાથે માથાફોડ કરી વખતસર કામ પાર પાડવાનું-વિકટ કામ તો બચુભાઈ જ કરી શકે.

કોઈ પણ પત્ર આ ખર્ચાળ યુગમાં ને મોંઘાઈમાં જાહેરખબરની મદદ વગર નભવું મુશ્કેલ; તેમાં યે પુખ્ત જનો માટેનું નહિ પણ શાળા ને ગૃહની બહારની વાતો લાવનારું પત્ર જાહેરખબર ક્યાંથી લાવે? એ દિશામાં વર્ષો સુધી તંગી ભોગવવી પડી, પણ આરંભથી જ સહાનુભૂતિ બતાવનાર એકમાત્ર સંસ્થા 'ઝંડુ ફાર્મસી'ને યાદ કર્યા વિના હું રહી શકતો નથી.

દિવસ ને રાત એકઠાં કરતાં પણ અમારો સમય ઓછો પડતો એમ કહું તો ચાલે. નિદ્રા-આહાર સિવાયનો બધો વખત ચિંતન, લેખન, રચના ને મુલાકાતો પાછળ જતો; છતાં 'કુમાર'નું પત્રકારત્વ સજીવ રાખવા હું યુવાન વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ, વર્તન, વિચારો ને પરિષદો કે શિબિરોનો સમાગમ શોધતો. રાષ્ટ્રીય જાગૃતિનાં બધાં એંધાણ 'કુમાર'માં નોંધાય તેની પણ અમે ચીવટ રાખતા. શહેરની જાહેર સભા ભાગ્યે જ ચૂકતા તેમજ કોઈ સમર્થ વિચારક કે સાક્ષર શહેરમાં આવે તો મળી લેતા.

બોરસદમાં હૈડિયાવેરો પ્રજામતથી દૂર થયો તેની ખુશાલીમાં બોરસદમાં પરિષદ થઈ તેના પ્રમુખ કાકાસાહેબ હતા અને સત્યાગ્રહ અંગે ગુજરાતમાં પ્રથમ વાર બોરસદનું નામ ગાજ્યું હતું. પણ ઘણાએ બોરસદ જોયું પણ નહિ હોય; એટલે એ ઐતિહાસિક પ્રસંગે બોરસદનું ચિત્ર આપવા હું મારો ઘોડીવાળો (સ્ટૅન્ડ) કૅમેરા લઈ ગયો હતો અને બોરસદની બજારનું ચિત્ર આપ્યું હતું.

'કુમાર'ના પહેલા જ વર્ષમાં અમે ગાંધીજીના યરોડા જેલમાં ઉપવાસી-દેહનાં અને તેમના બિછાના પાસે બાળક ઇન્દિરા બેઠાં હતાં તે છબિઓ સરસ રીતે આપી હતી. એવી જ રીતે તા. ૬–૬–૧૯૨૪ના રોજ અમદાવાદમાં કૉંગ્રેસ કાર્યવાહક સમિતિની બેઠક મળી ત્યારે સ્વામી આનંદે મારા માટે પ્રવેશની ગોઠવણ કરી આપી હતી. તે સભામાં પંચવિધ બહિષ્કારનો ઠરાવ હતો (તમામ પરદેશી કાપડનો, સરકારી શિક્ષણ સંસ્થાઓનો નોકરીઓનો, ખિતાબોનો ધારાસભાઓનો). તે સમયે ભારતના શ્રેષ્ઠ અગ્રેસરો વૉકઆઉટ કરી બહાર નીકળી ગયા. પાછળથી સર્વાનુમતે ઠરાવ તો થયો, પણ ગાંધીજીને ભારે પરિતાપ થયો અને તેમની આંખમાંથી અશ્રુ સરી પડયાં. ઍનિ બેસન્ટ, પંડિત મોતીલાલ નેહરુ, ચિત્રરંજન દાસ, વગેરે નેતાઓ વિના એ ઠરાવનું મહત્ત્વ નહોતું. તેમનું દર્દ અને સંદેશ સમજીને મૌલાના બંધુઓએ તેમને શાંત કર્યા અને સમાધાન કરાવ્યું. મેં એ વખતે ઘણા મહાપુરુષોને પ્રત્યક્ષ જોયા. તેમના સ્કેચ કર્યા અને તે પર તેમના હસ્તાક્ષરો લીધા. તેમાંના થોડા 'કુમાર'માં રજૂ થએલા. તે જ પ્રમાણે ઉમરેઠની યુવક પરિષદમાં હાજરી આપી તેનો નજરે દેખ્યો હેવાલ 'કુમાર'માં આપ્યો હતો.

એમ અમારું સંપાદન-કાર્ય ખુરશી પર બેઠાં થતું નહોતું, પણ ગુજરાતના સીમાડા આવરી ક્ષેત્રકાર્ય પણ જાગૃતપણે ચાલતું હતું. ગ્રાહકોની સંખ્યા અલ્પ (પહેલા વર્ષને અંતે માત્ર ૬૦૦) હોવા છતાં તેના વાચન-વિષયો અને ચિત્રોએ ગુજરાતમાં નવીન કુતૂહલ જમાવી દીધું એ નક્કી.

૫૯૩ સંસ્કાર-પરિચયો

ડૉ. જેઈમ્સ કઝિન્સની મુલાકાત મેં અગાઉ જણાવી છે. એ જ અરસામાં બનારસથી રાયસાહેબ કૃષ્ણદાસજી, કવિશ્રી મૈથિલીશરણજી અને

મુનશી અજમેરીજીએ, બનારસમાં ભારતીય ચિત્રોનો કલાસંગ્રહ સ્થાપવાને રૂ. ૧૫,૦૦૦ જેટલો ફાળો મેળવવા અમદાવાદ આવી શેઠશ્રી અંબાલાલભાઈના 'રિટ્રીટ' બંગલે મુકામ કર્યો હતો. રાય શ્રી કૃષ્ણદાસજીનું નામ તો મેં તેમના 'સાધના' નામના ગદ્યકાવ્યોના સંગ્રહના વાચનથી જાણ્યું હતું. તેમાં કવિવર રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'ની છાયા સ્પષ્ટ લાગતી હતી, છતાં તરંગાવલી જુદી જ ભાતની હતી. તેમના ફાળાનું શું થયું હશે તે તો હું જાણી શક્યો નહોતો, પણ આ ત્રણે માનવંતા અતિથિઓ એકાએક મારા બાકરઆ પોળના મકાને આવી પહોંચ્યા. કદાચ શેઠ અંબાલાલભાઈની પ્રેરણા હશે કે ચિત્રો સંબંધે મારે તેમને મળવું જોઈએ. તેમની મુલાકાત ઘણી મધુર અને પ્રેરક બની. તેઓ કેટલાંક બેનમૂન ભારતીય ચિત્રો પણ સાથે લાવ્યા હતા. મારાં ચિત્રો અને આલેખનો પણ જોયાં.

છેવટે મૈથિલીશરણજીએ સ્ફોટ કર્યો કે 'રાયસાહબ કી દૃષ્ટિ આપ કે ઉપર હૈ.—તમને જ બનારસ લઈ જવા ચાહે છે. અમારે ભારતીય કલાના ઉપાસક અને ભક્ત હોય અને સાથે સાહિત્યપ્રેમી હોય એવા આચાર્યની જરૂર છે.' મેં સ્પષ્ટ કર્યું કે 'હવે હું ગુજરાતની સેવામાં આબદ્ધ થયો છું—વણાઈ ગયો છું, એટલે હવે તો અમદાવાદ આમરણાંત મારું કાર્યક્ષેત્ર રહેશે. બહારનાં ગમે તે પ્રલોભનો મને ખેસવી શકશે નહિ.'

તે દિવસે સાંજે સાહિત્ય સભાના સભ્યો સાથે તેમની મુલાકાત અને વાર્તાલાપ પ્રેમાભાઈ હૉલમાં ગોઠવાયાં હતાં ત્યાં મેં ફરી તેમનાં દર્શન કર્યાં. તે સભામાં રાય કૃષ્ણદાસજીએ ભારતીય કલાકૃતિઓનાં મૂલ્યો ઉપર થોડા વિચારો રજૂ કર્યા. મૈથિલીશરણજીએ એક કાવ્ય સંભળાવ્યું. છેવટ મુનશી અજમેરીજી રાજસ્થાની લોકકથાઓના ભંડાર છે કહી રાય સાહેબે તેમને એક વાર્તા કહી સંભળાવવા કહ્યું. તેમણે ઊભા થઈ જૂના વાર્તાકારની ઢબે પોતાની કવિતાની બાનીમાં 'હેમલા ભૂત'ની વાર્તા કહી. એમની કાવ્ય-કડીઓ તો યાદ રહી નહિ, પણ વાર્તા સાંભળવાની સાથેસાથે તેના કથાક્રમ મેં નોંધી લીધો અને પછીથી તે આખી યે વાર્તા મુનશી અજમેરીજીનાં કેટલાંક લઢણો પ્રમાણે ગોઠવી કાઢી, તે પાછળથી 'કુમાર'ના બીજા વર્ષમાં મુનશીના નામસ્વીકાર અને મારાં ચિત્રો સાથે પ્રકટ થઈ હતી. પછીથી 'અજવાળી રાત'માં પણ તે લેવાઈ અને ફરી દિલ્હીના એક બાળકોના માસિક પત્રે તે પ્રકટ કરી.

આ પછી ગુજરાત વિદ્યાપીઠના પ્રા. મલકાની ત્યાંના આચાર્ય ગિદવાણીજીને લઈ એક વાર મારે ત્યાં આવ્યા. મલકાનીજીને કલા પ્રતિ બહુ જ અનુરાગ હતો. ત્યારે વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા કનુ દેસાઈ દ્વારા તેમણે મારો પૂર્વ-પરિચય સાધ્યો હતો. પણ આ વખતે તો આચાર્ય ગિદવાણી 'To-Morrow' નામનું એક સામયિક કાઢવાના હતા તે માટે કવર-ચિત્ર (પૃષ્ઠચિત્ર) કરાવવા આવ્યા હતા. મેં તેમનું કામ યથેચ્છ કરી આપ્યું હતું અને પ્રસન્ન થયા હતા. તે પછીથી તેમણે શ્રી મલકાની, શ્રી કૃપાલાની ને ડૉ. હરિપ્રસાદ અને કાકાસાહેબને પ્રેરણા આપી, કનુ દેસાઈ માટે શાંતિનિકેતન જઈ અભ્યાસ કરવાની બે વર્ષની છાત્રવૃત્તિ વિદ્યાપીઠની કાર્યકારિણી સભામાં મંજૂર કરાવી હતી.

આમ પરપ્રાંતના વિદ્વાનો અને કલાપ્રેમીઓના સંબંધો અને પરિચયોથી અમારા અંતરમાં પણ ભારતીયતાનો વિકાસ થવો શરૂ થયો હતો. કોઈ અજબ ધૂન અને રંગે 'કુમાર'નો દૃષ્ટિપથ વિસ્તરતો હતો. અને તે માટે મારે તેમજ બચુભાઈને ચારે તરફ શું બની રહ્યું છે તેની નજર રાખવી પડતી. બચુભાઈ દર શુક્રવારે સવારે વહેલા સ્ટેશન પર જઈ વ્હીલરના સ્ટૉલ પર ઇંગ્લિશ મેઈલમાં આવેલાં ચોપાનિયાં જોઈ આવતા અને કોઈ પણ નવી શૈલી કે વિચારવસ્તુ યા ચિત્રવાળો લેખ જુએ તો તે અંક ખરીદી લઈ આવતા. વડોદરા રેલવે બુકસ્ટૉલ એજન્ટ ડાહ્યાભાઈ રાવત સાથેના એમના સંબંધના નાતે અમદાવાદ સ્ટેશન પરના એજન્ટ એમના પરિચિત હોઈ એમને નિરાંતે બેસી બધાં

લ ઘુ ક થા

પુનર્લગ્ન

રતિલાલ બોરીસાગર

પતિ-પત્ની એક છબી સામે જઈને ઊભાં રહ્યાં. બંનેનાં પુનર્લગ્ન હતાં. તેણે છબી પર હાર ચડાવ્યો. વિશાખાએ પણ તેમ કર્યું. બંને થોડી વાર છબી સામે જોઈ રહ્યાં.

'જેણે અરધેથી મારો સાથ છોડી દીધો.' કહી તેણે વિશાખા સામે જોઈને ફરી છબી સામે જોયું. તેના અવાજમાં દર્દ હતું. ચહેરા પર વિષાદ હતો. વિશાખા મૂગી મૂગી સાંભળી રહી. કશુંક બોલવું જોઈએ એમ તેને લાગ્યું, પણ શું બોલવું તે તેને સૂઝ્યું નહિ.

'મારું જીવન તેના લીધે જ ભર્યુંભર્યું હતું. તે આ ઘરની સંસ્કારલક્ષ્મી હતી. તું માફ કરજે વિશાખા, હું પણ તેને કદી ભૂલી શકીશ નહિ.' તેના અવાજમાં દર્દ વધ્યું. ચહેરા પરનો વિષાદ વધુ ઘેરો બન્યો. વિશાખા મૂગી મૂગી સાંભળી રહી. કશુંક બોલવું જોઈએ એમ તેને લાગ્યું, પણ શું બોલવું તે તેને સૂઝ્યું નહિ.

તે ધીમેથી ફરી. સહેજ દૂર જઈ તેણે બૅગ ઉઘાડી, અને તેમાંથી એક ફોટો કાઢીને તેના હાથમાં મૂક્યો: 'આ એમનો ફોટો છે. સાત વર્ષ પહેલાં એક અકસ્માતમાં...' વિશાખાથી ડુસકું ભરાઈ ગયું.

તે ફોટો સામે જોઈ રહ્યો. નજર જડાઈ જાય એવો મોહક ચહેરો હતો. ભવોભવનાં સપનાં સંઘરીને બેઠેલી પાણીદાર આંખો હતી. મુખ પર અનિર્વચનીય સ્મિત હતું.

તેણે વિશાખા સામે જોયું. વિશાખાએ ફરી ડૂસકું ખાળ્યું. 'વિશાખા! હવે આ બધું ભૂલ્યે જ છૂટકો છે.' વિશાખા મૂગી મૂગી સાંભળી રહી. કશુંક બોલવું જોઈએ એમ તેને લાગ્યું, પણ શું બોલવું તે તેને સૂઝ્યું નહિ.

સામયિકો વાંચવા દેતા. જરૂર પડયે જોઈએ કે ઉધાર પણ ધીરતા.

તેમજ મેં પણ નિયમ રાખ્યો હતો કે રોજની ટપાલ સાથે મળીને જોવી અને જવાબો નક્કી કરવા. 'કુમાર' સંબંધી બધો વહીવટી કાર્યક્રમ તેમના હાથમાં મૂકી દીધો હતો અને મને તેનો વિચાર કરવાનો પણ ભાગ્યે જ સમય મળતો. કલાના પ્રદેશમાં ફોટોગ્રાફીના ક્ષેત્રમાં નવા અભ્યાસીઓ એકઠા કરવા, તેમને પ્રગતિલક્ષી કરવા અને લેખનવૈવિધ્યના પ્રકારો શોધવા, વિશિષ્ટ જ્ઞાનવાળા અનુભવીઓ ને વિદ્વાનોને યુવકો માટે લખવા પ્રેરવા વગેરે કર્તવ્યોની મને ધગશ લાગી હતી.

અમને મોટી નિરાંત થઈ હતી કે છાપવાના બ્લૉક બધા અમારે ત્યાં જ થવા લાગ્યા હતા. આજના ધોરણે એ કામ માલ વિનાનું કે ઊતરતું લાગે, કારણ કે અમે મેળવેલા કામ કરનાર પણ શિખાઉ જેવા જ હતા અને સાધન-સામગ્રી પણ જેમતેમ ઊભાં કર્યાં હતાં. લાઈનબ્લૉક (રેખાંકિત ચિત્રોના) તો સાધારણ ઑફિસના કૉપીઇંગ પ્રેસ પર છાપી ગ્રાહકોને બતાવતા, પણ ફોટો-બ્લૉક, જે બારીક જાળીદાર સ્ક્રીન કે પડદો કૅમેરામાં રાખી લેવાતા તેનાં પ્રૂફ કાઢવાને ઊંચી શાહી અને દાબ આપનારું યંત્ર જોઈએ તેથી તે કામ માનાકે પ્રિન્ટરીમાં વીરજીભાઈ પાસે કરાવી લેતા. અમારા બ્લૉકનું કામ વધતું ચાલ્યું. અને બ્લૉક ખાતાનો ખર્ચ તો માથે નહિ પડે એની ખાત્રી થઈ ગઈ. અમદાવાદમાં એ પહેલું જ બ્લૉક ખાતું સરજાયું હતું. આજે તો ડઝનેક એવાં ખાતાં તથા છાપખાનાં સુંદર અને સુસજ્જ સાધનોથી ધૂમ બ્લૉક-કામ કરતાં થઈ ગયાં છે અને તેનો ઉપયોગ પણ વધી ગયો છે.

બીજા વર્ષમાં મેં છાયાચિત્ર સ્વરૂપનો 'અબોલા રાણી'ની વાર્તા માટે પ્રયત્ન કર્યો હતો. પાછળથી શ્રી કનુ દેસાઈએ તેનો વિકાસ કરી શાંતિનિકેતનમાં નામના કરી.

(ચાલુ)

○○○ ગામડાનાં ફળો ○○○

અમીલાલ ઢાંકી

શહેરી જીવનની સતત ધમાલ-જંજાળમાંથી છૂટી ઘણી વાર આપણને આસપાસના ખુલ્લા ગ્રામવિસ્તારમાં જઈ ત્યાંનું મુક્ત વાતાવરણ માણવાનું મન થાય છે. એવાં પર્યટનોમાં કુદરતને ખોળે સાથે લીધેલું કે ત્યાં જઈ બનાવેલું ખાવાનું ખાધા પછી યે જો આસપાસમાં વડના ટેટા કે પીપરની પેપડી મળી જાય તો એ ચાખવાની લાલચ રોકી શકાતી નથી. એનાં અનેક કારણો છે. પણ આજે ગામડાનાં ફળોનો વપરાશ ઘણો ઘટી ગયો છે અને સમય જતાં કદાચ એની ઓળખ પણ વિસરી જઈએ એવું યે બને ખરું. રાયણ, બોર, કરમદાં અને ટીમરુ આવાં ફળો છે. રાયણ, બોર ને કરમદાં (ખાસ કરીને સફેદ જાત) તો શહેરમાં જાણીતી છે, પણ ટીમરુ કદાચ બહુ જાણીતાં નથી. અહીં એની થોડી ઓળખ કરીએ.

રાયણ તો સૌની જાણીતી છે. પાકી લીંબોળી જેવાં એનાં પીળાં મીઠાં ફળનો સ્વાદ, એની ચીકાશ અને ખાતાં ડચૂરો બાઝવાનો સૌને અનુભવ છે. 'રાણ કોકડી' તરીકે ઓળખાતી એની સૂકવણી પણ જાણીતી છે. ડુંગરાળ અને નદીકાંઠાના પ્રદેશોમાં રાયણ ઊગે છે. ગંઠાએલાં જાડાં ને વાંકાંચૂકાં થડવાળાં રાયણનાં વિસ્તારવાળાં વૃક્ષો જમીનમાં ઊંડાં ને મજબૂત મૂળ ઘાલે છે. રાયણનાં પાન બંને છેડે ગોળ, ચારપાંચ ઇંચ લાંબાં ને લીસાં ચળકતાં હોય છે. આ પાન કે ડાળ તોડતાં સફેદ દૂધ નીકળે છે જે થોડી વારમાં ચીકણું બની જાય છે. શિયાળામાં એનો ફાલ બેસી ઉનાળો આવતાં એનાં ફળ-રાયણનાં ઝૂમખાં પાકીને પીળાં થઈ જાય છે.

રાયણ ઉપયોગી વૃક્ષ છે. એનાં પાનની લુગદી ગૂમડું મટાડવામાં વપરાય છે. એનાં બીયાં પાણીમાં ઘસીને વીંછીના ડંખ પર લગાડાય છે. રાયણની ડાળને સૂકવીને એના પરની છાલ ઉખેડી, પૉલિશ કરીને તેની સરસ હાથલાકડી બનાવાય છે. રાયણનું લાકડું ચીકણું અને મજબૂત હોઈ તે સાંતીના દાંતા હળનાં ચવડાં વગેરે જેવાં ખેતીનાં સાધનો બનાવવામાં વપરાય છે. પથ્થરના તળ વગરના કૂવાના બાંધકામમાં રાયણના લાકડાનો મંચ બાંધી તેના ઉપર ચણતર કરવામાં આવે છે. ગુજરાતમાં રાયણની ડાળ ઉપર ભેટકલમ બાંધીને ઉછેરેલી ચીકુની કલમનાં ઝાડને વધુ આયુષ્યવાળાં બનાવાય છે.

બોર પણ જાણીતાં ફળ છે. ચણીબોર, મોટાં વડબોર અને એની એક વચલી ખાટી જાત સૌને પરિચિત છે. વડબોરનાં ઝાડ પંદર-વીસ ફૂટ ઊંચાં વધે છે ને બહુ ઊંડાં મૂળ નાખે છે. એનાં પાન દોઢ-બે ઇંચ મોટાં ગોળ-લંબગોળ આકારનાં હોય છે. તેમાં રેશમના કીડા ઉછેરી શકાય છે. એનું લાકડું પણ ચીકાશું હોઈ ખાટલાના પાયા કે ખપાળીના દાંતા વગેરે બનાવવામાં વપરાય છે.

ચણીબોરનાં જાળાં તો ગામડેગામડે જોવા મળે છે. એનાં ઝીણાં ગોળ પાન વચ્ચેથી ટચૂકડાં પાકાં લાલચટક બોર શોધવાનો અને એ પાડીને ખાવાનો લહાવો, ડાળ પરના તીણા વંકાએલા કાંટાના ઉઝરડા વેઠીને પણ બોર લેવાનું ગામડાનાં બાળકો ચૂકતાં નથી. આ બોર પિત્તશામક ને પૌષ્ટિક મનાય છે. આ બોરડીના મૂળને ઉકાળતાં પાણી લાલ રંગ પકડે છે, જેનાથી જખમો ધોવાથી જલ્દી રૂઝ આવે છે. સુકાએલી બોરડીનાં જાળાં એના પરના પુષ્કળ કાંટાને કારણે વાડ બનાવવામાં ઉપયોગી છે. સૌરાષ્ટ્રમાં બરડા ને બારાડી પંથકમાં આ બોરડીનો પાલો ઢોરને ખવડાવે છે. આ પાલો ખાધેલા ગાય-ભેંસના ઘીમાં આછીશી લીલી ઝાંય દેખાય છે.

ચણીબોરથી મોટી, બોરની પીળી ને ખાટી જાત પર લાખ થાય છે. તેનું તથા વડબોરનું અથાણું પણ થાય છે ને સૂકવણી પણ કરવામાં આવે છે.

કરમદાંની તો ચારેક જાત આપણે ત્યાં થાય છે જેમાંથી સોરઠ બાજુની કાળી ને મીઠી તથા ગુજરાત તરફ વધુ જોવાતી ગુલાબી ઝાંયવાળી સફેદ ને ખાટી જાત વધુ જાણીતી છે. કરમદાંનું ઝાડ પંદરવીસ ફૂટ ઊંચું અને એની ડાળ લાંબી તથા જમીન તરફ ઢળીને પથરાએલી હોય છે અને તેના પર સામસામા મજબૂત કાંટા હોય છે. શિયાળો ઊતરતાં જૂઈના ફૂલ જેવાં સફેદ કે ગુલાબી ઝાંયવાળાં સુવાસિત ફૂલો બેસે છે ત્યારે કરમદીનો દેખાવ ખીલી ઊઠે છે. ફળ કાચાં હોય ત્યારે લીલાં અને ખાટાં હોય છે, જેનો સંભારો બનાવાય છે. પાક પર આવતાં કરમદાં રાવણાં (જાંબુની એક નાની ગોળ જાત) જેવડાં ને જેવાં કાળાશ પડતા રંગનાં થાય છે અને તેમાં ભૂખરાં પાતળાં બી હોય છે. એક પ્રકારની વિશિષ્ટ મીઠાશવાળાં કરમદાંની વચ્ચે ખાતાં એકાદ કડવું કરમદું પણ આવી જાય ખરું.

સફેદ કરમદાં તો એના પરની ગુલાબી ઝાંયને લીધે સુંદર દેખાય છે અને એટલે એની ખટમીઠી ચટણી કે અથાણું બનાવવા ઉપરાંત સ્ત્રીઓ પાન સાથેના એના નાના ઝૂમખાને વાળમાં પણ ખોસે છે.

કરમદાં પિત્તહર ને રક્તવર્ધક હોઈ લોહીની ઊણપમાં એનું શરબત પીવાય છે. કહેવાય છે કે એનાં મૂળને પાણીમાં ઉકાળીને પાવાથી સર્પદંશનું ઝેર નરમ પડે છે. કરમદીનાં પાન ઢોરના ચારા તરીકે પણ વપરાય છે.


ટીમરુ એ વગડાઉ ફળ હોઈ શહેરમાં બહુ જાણીતું નથી, પણ પાકાં મોટાં ગુંદાં જેવડાં એનાં ગોળ ફળની, દેખાવે બહુ આકર્ષક નહિ એવી છાલ નીચે, બેથી આઠેક બીજ સાથેનો, પીળાશ પડતો એનો માવો સ્વાદે મીઠો હોઈ ગામડાંમાં સીમખેતરે જતાંઆવતાં લોકો એનો લાભ જરૂર લે છે. કાચાં હોય ત્યારે કઠણ ને છાલ પર રુવાટીવાળાં ટીમરુ ધૂળેટી પર પાકે છે.

ગુણમાં શીતળ ને પિત્તહર હોઈ લોહીવિકારમાં એ ફાયદો કરે છે. ગિર પ્રદેશમાં ટીમરુ બહુ જાણીતાં છે. એનું વૃક્ષ દસવીસ ફૂટ ઊંચું ને સીધું વધે છે, જેના પર ભૂખરી ખરબચડી છાલ હોય છે. પાનખરમાં ખરી જઈને વસંતમાં 'ટીમરવા'ને નવાં પાન આવે ત્યારે શરૂમાં પીળચટા રાતા રંગનાં હોય છે, પણ પુખ્ત થતાં બેથી પાંચ ઇંચ વધી ઘેરાં લીલાં થઈ જાય છે. ટીમરુનાં પાનની બીડી પણ બને છે. એનું લાકડું યે ચીકણું હોઈ ઘરની થાંભલી, ખેતીનાં સાધનો, પાવડા કોદાળીના હાથા તરીકે વપરાવા સાથે એને સંઘાડા પર ઉતારીને અવનવી ચીજો પણ બનાવાય છે.

ખેતી વધારવાના ઉત્સાહમાં ઘટાડવા માંડેલી વન-સંપત્તિની સાથે આવાં ઉપયોગી વગડાઉ વૃક્ષોનો પણ ધાણ નવળી જાય એ જોવું એ જરૂરી છે.



રાયણ... ટીમરુ... કરમદી... બોર... અને ચણીબોરનાં પાન



પુષ્પ કે પતંગિયાં, પાણી કે પંખા, જે કંઈ નજરે ચડે તેમાંથી કિમોનોના કારીગર કલાકારો અજબ ભાત ઉપજાવી શકે છે.








કિમોનોના અનેક પ્રકાર છે. સ્ત્રીની વય અને સ્થાન અનુસાર એનો આકાર અને રંગભાત પસંદ થાય છે. નમ્રતા, વિવેક અને મર્યાદાની સમજનાં એ પસંદગીમાં દર્શન થાય છે. ઉપર કિમોનોના ત્રણ પ્રકાર આપ્યા છે. પહેલા 'ટોમશોદે'માં કાળા પોત પર બહુધા કૌટુંબિક સંજ્ઞાનું આલેખન હોય છે. પરિણિતા સ્ત્રીનો એ પોશાક છે. બીજા ભાતખચિત 'કુરિશોદે'ની બાંયો લગભગ એક મીટર જેટલી પહોળી રખાય છે. ત્રીજા 'હોમોંગી'ની બાંયો અર્ધામીટર જેટલી પહોળી રહે છે. બહુધા મુલાકાતો જેવા પ્રસંગે એ પહેરાય છે.

નીચે : 'ઓબી' (કમરબંધ)ની ત્રણ ભાત. કયા કિમોનો સાથે કેવા પોત-ભાતની ઓબી શોભશે એની સમજ અનોખી કલાસૂઝ માગી લે છે. ઓબીમાં પણ તદ્દન સાદા પોત પર માત્ર એકબે મોટા બુટ્ટાથી માંડી પુષ્પોથી ભરચક ભાત સુધીનાં અનેકવિધ શોભનો જોવા મળે છે. જમણી બાજુના પાના પર મથાળે: કિમોના પર બાંધેલી ઓબી આગળથી ને પાછળથી દેખાતી ને નીચે: કિમોનોથી સજ્જ બે જાપાની યુવતી.







ભા કિમોનો

ભારતની સાડીની માફક, રંગભભક ને વૈવિધ્યપ્રચુર ભાતશોભનોથી અલંકૃત, 'કિમોનો'નું જાપાનના એક આગવા પોશાક તરીકે અનોખું આકર્ષણ છે. અસલ તો એ સ્ત્રી-પુરુષો બંને માટેનો પોશાક, પણ કાળાનુક્રમે વિકસેલા તેના શોભનવૈવિધ્યથી આજે બહુધા જાપાનની સ્ત્રીઓના એક સુંદર આગવા પોશાક તરીકે એ વધુ ખ્યાત છે. પોતાના રોજિંદા વપરાશમાં આજે જાપાનની પ્રજાએ પશ્ચિમી પોશાક અપનાવી લીધા છતાં ઉત્સવો ને સમારંભોમાં તો હજી યે જાપાનની સ્ત્રીઓ 'કિમોનો' પહેરવાનું જ વધુ પસંદ કરે છે. અને ખરેખર, કિમોનોની રંગભાતના અત્યંત આકર્ષક વૈવિધ્ય તથા એને પહેરવાના અવનવા ચાતુર્યથી સમગ્ર દેહ ઢંકાઈ જવા છતાં યે સ્ત્રીના સૌન્દર્યને તે ગૌરવભર્યો ઓપ આપે છે. જાપાનની સ્ત્રીઓના ઋજુ મોહક સૌન્દર્યની જે પ્રતિષ્ઠા છે તેમાં આ કિમોનોને પણ મોટો યશ છે.

સ્ત્રીઓ ચાલે ત્યારે એના પગની પીંડીઓ દેખાય, કે કંઈ કામ કરતી વખતે યે એના હાથ કાંડાથી ઉપર ઉઘાડા દેખાય એ જાપાનમાં એક કાળે અજુગતું ગણાતું હતું. કિમોનો દ્વારા એ મર્યાદા સચવાતી. વળી, શરીરના પ્રમાણમાં ટૂંકા પગવાળી જાપાની સ્ત્રીઓના વરવાપણાને પણ કિમોનો દ્વારા ઢાંકી શકાતું. ઠંડીમાં હૂંફ અને ગરમીમાં મોકળાશ મેળવવામાં પણ કિમોનો બહુ સગવડભર્યો પોશાક બની રહેતો. આમ, અનેક કારણે, અગાઉ પહેરણ અને લેંઘા જેવો પોશાક પહેરતી જાપાનની પ્રજાએ ઉમરાવશાહીના કાળ (ટોકુગાવા-ઈ. ૧૬૦૩ થી ૧૮૬૭)માં આ પોશાકનો વિકાસ સાધ્યો. કાળાનુક્રમે એ જીવનમાં એટલો વણાઈ ગયો કે એમાંથી એનાં આગવાં શોભનો ને વૈશિષ્ટ્ય વિકસ્યાં. આરંભમાં જાપાનના ચુસ્ત વર્ગભેદોને કારણે કિમોનોના પણ ચડતા-ઊતરતા નિશ્ચિત પ્રકારો હતા. પણ ધીરેધીરે તે ભૂંસાતા જઈ એક આગવા ને ઉમદા સ્ત્રીપોશાક તરીકે એણે અનોખું ગૌરવ પ્રાપ્ત કર્યું.

કિમોનોના આ વિકાસની સાથે, એ પહેરવામાં બંધાતા કમરબંધ (જેને જાપાનીઓ 'ઓબી' કહે છે તે)ના પણ વિવિધ પ્રકારો ને શોભનો વિકાસ પામ્યાં. જાપાનની પ્રકૃતિપ્રેમી પ્રજાએ કિમોનો અને ઓબીનાં રંગશોભનોમાં અસીમ વૈવિધ્ય આણીને એની પ્રતિષ્ઠા વધારી. આને કારણે વસ્ત્રશોભનની કળાનો પણ ઘણો વિકાસ થયો. અને આજે ઔદ્યોગિક વિકાસની સાથે સામુહિક ઉત્પાદનના વધારાના કાળમાં યે કિમોનો બનાવવાની કળા એક અનોખી કળા તરીકે ગૌરવભેર ટકી રહી છે. ક્યોટો એનું મુખ્ય ધામ મનાય છે. ત્યાં કિમોનો બનાવવાના નિમિત્તે વિવિધ પ્રકારનાં કાપડની રંગાવટની, શોભન-આલેખનની, તેના પરની છપાઈની તથા ભરતગૂંથણની ખાસ કળા પેઢીઉતાર ચાલી આવે છે. આજની આધુનિક દૃષ્ટિએ પણ કિમોનોના પરંપરિત સૌન્દર્યને એક અનોખો ઓપ આપ્યો છે. કુદરતથી ખસતી જતી આંખને પ્રકૃતિના સૌન્દર્ય સાથે કિમોનોએ એના અસીમ ભાતસૌન્દર્ય અને અવનવા રંગવૈવિધ્ય વડે હજી જડી રાખી છે.

('જાપાન ઈલસ્ટ્રેટેડ'ના આધારે)





ચન્દ્રવદન મહેતાની
અંતરઅઠરી-૪૮

મનિલા- મણિમાલા કે મણિમલ્લિકા?

તોકિયો છોડતાં પ્રો. ઍન્ડને મને અત્યંત ભાવભીની વિદાય આપી. તેઓ મિશિગનમાં જ ભણાવતા હતા, પરંતુ એશિયાનાં નાટકો પ્રત્યે અનુરાગ પેદા થતાં તેઓ આ બાજુ ખાસ જાવામાં અને પછી જાપાનમાં અભ્યાસ અર્થે લાંબો સમય રોકાવાના હતા. જાવાનાં નૃત્ય-નાટકો ઉપર એમનું પુસ્તક લગભગ તૈયાર થઈ ગએલું, જેમાં એમણે, જાવાની નૃત્યકલા સ્વયંભૂ ત્યાં જ મૌલિક રીતે વિકસી છે, એની ઉપર બીજા કોઈ પણ પ્રદેશની અસર નથી, એવાં વિધાનો કરેલાં. એ વાંચી મેં એટલું જ કહ્યું કે, 'આ ખોટું છે. તમારા મતને બે દેશમાંથી પડકારાશે. તમારું અવલોકન અને તમારી વિચારણા પાયાથી જ નબળી છે. મારી સૂચના છે કે આ ફરી વાર લખો.' એમણે મને બે દેશ તે કિયા એ પૂછ્યું, તો મેં એક હિન્દ અને નેધરલૅન્ડ્ઝ એમ જવાબ આપ્યો. નેધરલૅન્ડ્ઝનું નામ સાંભળી એ ડઘાઈ ગયા. પાતંજલ યોગસૂત્ર ઉપર ડચ વિદ્વાનોનાં મંતવ્યો, એમણે ત્યાંથી મેળવેલી પ્રતો વગેરે ઉપર મેં પ્રમાણો આપવા માંડયાં, ત્યાંથી રામાયણ-મહાભારતની ત્યાં પ્રકટેલી આવૃત્તિઓ વિષે અનેક મંતવ્યો ટાંકી બતાવ્યાં ત્યારે એ ઢીલા પડી ગયા અને વિમાસણમાં મુકાયા. જાવાના જીવનથી અને બીજી સંકળાએલી પૂર્વકાળની વિગતોથી અજાણ રહેવાથી આવાં ઘણાં અધૂરાં વિધાનો અનેક અંગ્રેજ વિવેચકોનાં તો હતાં જ, પણ અમેરિકનોનાં પણ ઓછાં નથી. આ બધી બાબતોની અમે એમને ત્યાં બેસી, તેમજ સાથે ફરતાંફરતાં, નાટકો જોતાં ઘણી વાર ચર્ચા કરી હતી. વળી, મિશિગનમાં પેલો 'આંતરરાષ્ટ્રીય સાહિત્યની પરસ્પરની અસરો' ઉપર મારો અંગ્રેજીમાં ભણાવાએલો અભ્યાસક્રમ મને યાદ, એની નોંધો તૈયાર, એટલે એ સન્મિત્રે તરત ફરી વાર બધું તપાસી જઈ, એક આંટો હિન્દ પણ મારવાનું નક્કી કરી, પુસ્તકને શિકે ચઢાવ્યું. પણ ત્યારથી એ મારા સારા મિત્ર બની ગયા હતા. એથી ઍરપોર્ટ ઉપર જાણે બે ભાઈ વિખૂટા પડતા હોય એવી લાગણી બંનેને થઈ હતી.

તોકિયોથી યા જાપાનથી નીકળેલા પ્રવાસીઓ હૉંગકૉંગ જવાના. હું તાઈવાન થઇને હૉંગકૉંગ થઈ ફિલિપ્પાઈન્સમાં મનિલા ગયો. પરંતુ એ માટે વિગતવાર લખવાનો અર્થ નથી; કારણ હૉંગકૉંગ વિષે અઢળક લખાયું છે-અને ખાસ તો ત્યાંની હિન્દની વસ્તી વિષે; ત્યાં ઊતરતાં બે કે ત્રણ દિવસમાં જેટલા કલાક મળે, ધારો કે બોંતેર કલાક મળે તો એમાંથી જાણે એંશી જેટલા કલાક બનાવી, સાત પેઢી સુધી ચાલે એટલા માલની ખરીદી વિષે. સાડીઓ, સૂટ, ખમીસ, કૅમેરા, બૅગ, ટ્રાન્ઝિસ્ટર, ગ્રામોફોન, રેકૉર્ડ, ટૉર્ચ, થર્મોસ વગેરે બે હાથ અને ખભા ઉપરાંત મજૂરો ઉપર જેટલો જે જે કિસમનો લદાય એટલો માલ આ પ્રવાસીઓ લાદવાના. એમાં એક વિચાર એમાંથી થોડો વેચી પૅસેજ-મના હાથ કરવાનો; બીજો વિચાર મિત્રો સગાવહાલાંઓને ભેટ ધરવાનો. એમાં કેટલુંક તો હિન્દની બનાવટનું કાપડ પણ ત્યાંથી ખરીદી અહીં લાવવાના. વિચારધારા એવી કે, 'ઓ! અહીં કેટલું સસ્તું મળે છે! લઈ લઇએ.' અને પછી હોટલ-ઉતારા પર, ઍર કે સ્ટીમર પર ધાડધાડ કરી જતાં પહેલાં ટૂંક સમયમાં એને બૅગોમાં ઠાંસવાના, ન સમાયું તો બીજી બૅગ લેવા પાછા દોડવાના, જે હાથ લાગી તે માગ્યા ભાવે મધરાત પહેલાં લાવવાના, પોતાની જાત ઉપર બબડવાના, હિન્દ પહોંચતાં કસ્ટમની યાદ આવતાં એ ખાતાને જડે એટલી ગાળ થકી શણગારવાના! આ ધાંધલ-ધમાલમાં હૉંગકૉંગ બેટ કે ભૂશિર કે આસપાસના રળિયામણો પ્રદેશ તો નહિ જ જોવાના, તો એ આંતરરાષ્ટ્રીય બંદર ઉપર બ્રિટિશ પ્રજાનો પગદંડો કેમ, કયારથી અને પડખે પડોશમાંના ચીનની પ્રજાની કડવી કારમી આંખનું શું એ વિષે તો ચોક્કસ અજ્ઞાન સેવવાના, એ દેખીતી વાત છે.



ફિલિપ્પાઈન્સની ભૂમિનું એક લાક્ષણિક દશ્ય: જગ્યાની ભીંચ ટાળવા ટેકરીઓના ઢાળ કોરી કોરીને કરેલાં ચોખાનાં વાવેતર

મનિલામાં ચારેક દિવસ રહ્યો. ન્યૂ યૉર્કની અમારી થીએટર કૉન્ફરન્સમાં મનિલાના પ્રતિનિધિ એડ્યુકેશન થીએટરના મંત્રી ગિયાદુન્ડે આવ્યા હતા. એમણે મને મનિલા આવવાનું નોતરું આપ્યું હતું, અને એ થકી આ પ્રદેશ નવો હોઈ જોવા ઉમળકો આવ્યો હતો. વળી ત્યાં ચારેક યુનિવર્સિટીઓમાં ભાષણો આપવાનાં હતાં. ઉતારો એક ગર્લ્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ સાહેબના ગેસ્ટ હાઉસમાં હતો. ત્યાં પહેલે જ દિવસે મૅટ્રિકમાં ભણતી દશબાર વિદ્યાર્થિનીઓ મળવા આવી. એ બધી હિંદથી વર્ષો પહેલાં વેપાર કરવા ગએલાં કુટુંબોની હતી. કોઈ સિન્ધી તો કોઈ પંજાબી, તો કોઈ ગુજરાતી; પણ ત્યાં હિંદી તરીકે જ ઓળખાતી આપણી એ પ્રજા. અહીં હિન્દી તરીકે ઓળખાવામાં આપણે સૂગ સેવીએ છીએ.

યુનિવર્સિટીઓમાં ભાષણ શબ્દથી કંઈ ફુલાઈ જવાની જરૂર નથી, કારણ અહીં દરેક કૉલેજ એ યુનિવર્સિટી જ ગણાય એવી વ્યવસ્થા છે. અને મોટે ભાગે ધરમની, રોમન કૅથલિક સંસ્થાઓ, તે હિસાબે ચાલે. પણ આમ તો ત્યાંની ભાષા અસ્પાનિયા. ખુશીની વાત તો એ હતી કે બધે જ અંગ્રેજીમાં ભાષણ કર્યાં. તે બધાંમાં ચારસોથી હજાર જેટલા વિદ્યાર્થીઓ હાજર રહે, તે બધા જ સમજનારા હતા, ભાષણ બાદ અંગ્રેજીમાં સવાલો પણ પૂછતા હતા. મનિલાની આસપાસ નાના મોટા ઘણા ટાપુઓ છે. પરંતુ ત્યાં શી રીતે જવાય? જવું તો જોઇએ. કેમ? કારણ હજી કયાંક દૂરદૂરના ટાપુઓમાં હિન્દુમંદિરોના અવશેષો પડ્યા છે. મનિલાના મુખ્ય ટાપુમાં તો, કહે છે કે, સોળમી સદી પહેલાં ઘણી પ્રાચીન ઇમારતો હતી—મંદિરો, બૌદ્ધવિહારો વગેરે; પરંતુ સ્પેઈનનાં લશ્કરો જ્યારે ત્યાં ફરી વળ્યાં, ત્યારે એમણે બાદશાહના હુકમ પ્રમાણે



સદીઓ સુધીના સ્પેનિશ શાસનની અસરે ફિલિપ્પાઈન્સની સંસ્કૃતિને જુદો જ વળાંક આપ્યો હતો. ત્યાંના લોકોનાં ને ત્યાંનાં અનેક સ્થાનનાં નામ પણ સ્પેનિશ છે. ત્યાંના રસમો-રિવાજ અને સ્થાપત્યમાં પણ એની છાપ જોવા મળે છે. એવી સ્પેનિશ અસરવાળું એક ખંડેર.

મકાન-મંદિરોને તોડીફોડીને એવાં તો સાફ કરી નાખ્યાં કે પથરાના એક અમસ્થો કોતરાએલો ટુકડો પણ જોવા ન મળે! પરંતુ જ્યાં જ્યાં નામોનિશાન નાશ કરવા મથે છે, ત્યાં ઊંડે ઊંડે ક્યાંક તો મૂળિયાં રહી જ જાય છે. કંબોડિયાનો અંકોરવાટ એ એક દેખીતો દાખલો છે. માઈલ લાંબી ભીંતો ઉપર આખું મહાભારત કોતરાએલું જોવા મળે એ શું સૂચવે છે? ત્યાંથી મનિલા કેટલું દૂર? આમ માયા, આમ ઈન્કા, આમ હાવાઈ. તો મનિલા રહી કેમ જાય? આજે જેમ પશ્ચિમી સંસ્કૃતિ ચારે કોર ફરી વળી છે, એમ બેપાંચ હજાર વર્ષો પહેલાં એક જુદા જ પ્રકારની સંસ્કૃતિ ચારે કોર ફરી કેમ ન વળી હોય!

કુદરત જ્વાળામુખી થકી, ધરતીકંપ થકી, પ્રચંડ વાવાઝોડાં થકી ભારે વિનાશ કરે છે એ તો જાણીતી વાત છે. પણ એટલી જ જાણીતી વાત માનવીઓની પણ છે: એક પ્રજા સંસ્કૃતિ વિસ્તારે છે, પ્રસારે છે, એમ કરવામાં તન મન અને ધનથી બધો જ પ્રયાસ કરે છે, ત્યારે તરત જ બીજી પ્રજા એનો સમૂળગો નાશ કરવા ધ્વંસક બળ તરીકે ચારે કોરે ઘૂમે છે. કોને દોષ દેવો! કુદરતને કે માનવીને? એમ મનિલામાંથી મૂળિયાં ઉખેડાયાં. અને ક્યાંક દૂર દૂરના ટાપુમાં અવશેષો રહ્યા: પણ આજે જે છે તેનો ય વિનાશ નહિ થાય, નવા પ્રવાહો નહિ આવે એની શી ખાતરી?

મનિલાનાં પોતાનાં પુસ્તકોમાં એનો ઇતિહાસ તપાસતાં નીચે પ્રમાણે હકીકતો જાણવા મળે છે: એશિયાની દક્ષિણે ૬૦૦ માઈલ દૂર સાત હજાર ટાપુઓનો આ સમૂહ. એમાં મુખ્ય 'લક્ષમ' અને 'વિસાયાસ'. (કરો સંસ્કૃત-લક્ષમ્ અને વ્યાસ.) એવા ટાપુઓની ધરતી સરવાળે ગ્રેટ બ્રિટન કરતાં સહેજ વધારે અને જાપાનના ટાપુઓ કરતાં કંઈક નાની. ત્યાં એક વખત શ્રી દિશાયાન અને મધ્યપાશ્રિત રાજ્યકુલોની વસાહતો હતી. ઈ. ૧૫૨૧માં મૅગેલીને આ પ્રદેશ શોધી કાઢ્યો, ને સ્પેનિના રાજા ફિલિપની હકૂમત હેઠળ આવતાં એને ફિલિપ્પાઈન્સ નામ આપવામાં આવ્યું--અને એની સત્યાનાશી શરૂ થઈ. ૪૦૦ વર્ષના સ્પેઈનના અમલમાં ઘણું ઘણું થઈ ગયું. પછી તો ત્યાં બળવાઓ થયા, સ્પેઈન અને અમેરિકા વચ્ચે કોલકરાર થતાં, એ મુલક થોડો સ્વતંત્ર થયો, અને ઈ. ૧૯૪૬થી એ પ્રદેશે પોતાની સંપૂર્ણ સ્વતંત્રતા હાંસલ કરી.

અસંખ્ય ટાપુઓના આ આટલા મુલ્કમાં ૮૭ ભાષાઓ છે. ફિલિપિનો એમાં મુખ્ય, પણ શિક્ષણની ભાષા હજી અંગ્રેજી છે. પ્રશાંત સાગરમાં ગણ્યા ગણાય નહિ એટલા ટાપુઓ છે. અહીંથી પશ્ચિમે નીચે નજર કરીએ તો જાવા, સુમાત્રા, ટોંગા, ફિજી અને એમ ચારે બાજુ વિસ્તરીએ તો હાવાઇથી માંડી ઑસ્ટ્રેલિયા સુધી વિવિધ પ્રકારના ટાપુઓ અને ત્યાં વિવિધ સંસ્કૃતિ પથરાએલી છે. એનો વિચાર કરો તો લાગે કે આપણે કશું જ જાણતા નથી. આપણો લેખક એ બાજુ ગયો નથી, યા જઈ શક્યો નથી; ત્યાં જવાની એને હોંસ નથી; હોંસ હશે તો સરકાર એને ત્યાં જવા દેવા તૈયાર નથી. આ પરિસ્થિતિમાં આર્ય સંસ્કૃતિ કે બ્રાહ્મણ સંસ્કૃતિ કે દ્રવિડ સંસ્કૃતિ એ તરફ ફેલાઈ, પથરાઈ, સ્થગિત થઈ, ભેળસેળવાળી થઈ, કુંઠિત થઈ, નષ્ટપ્રાય થઈ, એનો તાગ કાઢવામાં કોને રસ છે?

મનિલાની સરકાર પ્રવાસીઓ માટે જે પરિપત્રો તૈયાર કરે છે એમાં જ આ ઇતિહાસ આપવામાં આવ્યો છે. આ ૭૧૦૭ ટાપુઓનાં નામો જ આપણે તપાસીએ, તો એમાં સંસ્થાન: હું એને લક્ષમ કહું; વિસાયાસ (એ અંગ્રેજી શબ્દોના ઉચ્ચાર પ્રમાણે, પણ) તે વિશ્વાસ કે એવું કંઈ જરૂર સંભવે; અને મિન્ડન તે મંડન હોઈ શકે. એમાં ગોખ્ખા ઉચ્ચારવાળા શ્રી વિસાયાન મધ્યપક્ષીત સામ્રાજ્યોનો ઉલ્લેખ: આથી વધારે પુરાવા શા જોઈએ? જાતજાતની પ્રજા ત્યાં આજે વસે છે. અરબો છે તો હિન્દુઓ પણ ઘણા છે. તળાવોનાં નામોમાં પણ તાલ શબ્દ આવે છે. પણ આપણે આ વ્યુત્પત્તિશાસ્ત્રની કુંડલિનીમાં નહિ ફસાઈએ. અલબત્ત, ચારે કોર સ્પેઈનના હાકેમોએ ધર્મના ધ્વજાગરા ફરકાવી ઘણાં નામોને બદલી નાખ્યાં છે. છતાં એના કેટલાક ટાપુઓમાં સૂર્યોદય માણવા જેવું છે. પાંચ હજાર ફૂટ ઊંચું બાગુઈ઼ઓ એક અપ્રતિમ સ્થળ છે. ઠંડક સારી. સુંદર પર્વતમાળાઓમાં ફેરવાતાં દૃશ્યો, અને અહીં જ ઊંડાણમાં સોનાની ખાણો: પછી શું જોઈએ? અહીંની ખીણોમાં, એ લોકોના કહેવા પ્રમાણે હજારો વર્ષોથી ત્યાંના રહેવાસી જે રીતે પહાડોને કાપી કાપી ચોખા ઉગાડતા રહ્યા છે, એ તો એટલી પ્રાચીન છે કે એમની ભાષા, એમના રીતરિવાજો વગેરેના અભ્યાસ કરતાં પણ પૂરો તાગ મળતો નથી. ક્યાંથી મળે? એ બધાંને ફક્ત પશ્ચિમના છેલ્લાં ચારસો વર્ષના માપદંડથી આંકવામાં આવે તો ક્યાંથી મળે?

મારાં ભાષણો દરમ્યાન બેચાર સિન્ધી ભાઈઓ અને વિદ્યાર્થિની બહેનો સાથે પરિચય થયો. એ લોકોની ત્યાં મોટી વેપારી પેઢી હોઈ મને પોતાની મોટરોમાં ફેરવીને ઘણાં સુંદર સ્થળો બતાવ્યાં. પરંતુ એમનો હેતુ કેવળ વ્યાપારનો, એટલે જૂની વાતો જાણવાનો લાભ ન મળ્યો. અને લાયબ્રેરીઓમાં જૂનાં પુસ્તકો અંગ્રેજી યા સ્પેઈનની ભાષામાં જ હોવાથી લાંબો અભ્યાસ કરવાનો મોકો મારે જતો કરવો પડ્યો. પણ મનિલા નામ જ મધુરું છે. મણિયાલા હશે? મણિમાલા હશે? નજીકમાં સાગરપટ્ટીને પલ્લવન પટ્ટી તો કહે છે. અંગ્રેજી જોડણી પ્રમાણે 'પલવન પૅસેજ'. એટલે આ ટાપુઓ મણિમાલાને નામે ઓળખાતા હોય તો નવાઈ નહિ. અથવા મણિમેખલા હોય, એનું મનિલા થયું હોય એમ પણ બને.

આ સિન્ધી કુટુંબ નામે ગનોમલ, ને એના મિત્રમંડળમાંની રાણી ગિડવાની મને એમની દુકાનમાં લઈ ગઈ. ત્યાં અચાનક મિ. મલ્લિકનો ભેટો થયો. મિ. મલ્લિકે મારાં ભાષણોના છાપામાં ઉલ્લેખો વાંચ્યા હતા અને મળવા ઘણા ઉત્સુક હતા એમ જણાવી, મનિલામાં ઊતરતાં તરત મેં હિન્દની ઍમ્બસીને મારા આવવાની જાણ કેમ ન કરી એવો મીઠો ઠપકો આપ્યો. મને બગડતાં વાર ન લાગી. ટૂંકમાં જ યુરોપ તેમજ અમેરિકાની હિન્દની એમ્બસીના કડવામીઠા અનુભવોની પરંપરા સંભળાવી, એટલે એ ગુસ્સે થવાને બદલે હસ્યા. એમના હાસ્યથી હું મ્હાત થયો, ને તરત તો એમણે ત્યાંની ક્લબમાં રાતે ડિનર ગોઠવ્યું, ત્યાં જમવા જવાની હા પાડી બેઠો. રાધા ગનોમલ, એના ભાઈ આસોમલ વગેરેને પણ



પશ્ચિમના જલમાર્ગે આટલાંટિક અને પૅસિફિક મહાસાગરો પાર કરી દૂર પૂર્વના દેશોમાં પહોંચવા નીકળેલા મૅગેલનની સફર એ જેમ પૃથ્વીની પહેલી પ્રદક્ષિણા બની રહી, તેમ એ ફિલિપ્પાઈન્સ ટાપુઓની શોધની અને ત્યાં મૅગેલનના મોતની નિમિત્ત પણ બની.

અસંખ્ય નાના ટાપુઓના આ સમૂહમાં ખ્રિસ્તી ધર્મ અને સ્પેઈનની સત્તા સ્થાપવાના અત્યુત્સાહમાં મૅગેલને જીવ ખોયો. પણ એના સાહસથી પાછળના સ્પેઈનના સાહસિક નાવિકો માટે નવો જલમાર્ગ ખુલ્લો કર્યો ને તેમણે પોતાના રાજા ફિલિપ બીજાના નામ પરથી આ ટાપુઓને ફિલિપ્પાઈન્સ ટાપુઓ નામ આપ્યું.

ત્યાર પછી ત્રણ સદી સુધી સ્પૅનિશ સામ્રાજ્યના એક ભાગ તરીકે રહી, ઈ. સ. ૧૮૯૮માં સ્પેઈન-અમેરિકાના યુદ્ધના પરિણામે આ ટાપુઓ યુનાઇટેડ સ્ટેટ્સના કબજામાં આવ્યા ને ઈ. ૧૯૪૬ની ૪થી જુલાઇથી એ સ્વતંત્ર પ્રજાસત્તાક બન્યા છે. મનિલા એ તેની જૂની રાજધાની હતું. આજે ક્વેઝોન પાટનગર છે.

આમ તો ફિલિપ્પાઈન્સ સમૂહમાં ૭૧૦૭ ટાપુઓ છે, પણ એમાંના મોટા ભાગના અત્યંત નાના ને નામ વિનાના છે. બાકીના મુખ્ય ૧૧ ટાપુઓમાં પણ મોટા તો ત્રણ જ : લુઝોન, વિસ્યાસ અને મિન્ડાનો, જેના પર અહીંની મોટા ભાગની વસતિ-'ફિલિપિનો' વસે છે. પ્રજા પચરંગી છે જેમાં ભારતીઓ પણ ઘણા છે.

ટાપુઓનો મોટો ભાગ ખડકાળ ને પર્વતોથી છવાએલો હોઈ બાકીની ભૂમિ પર અહીંની પ્રજા ખેતી કરે છે. ત્રણેક કરોડની અહીંની વસતિ માટે એ પૂરતી છે એટલું જ નહિ, શેરડી, નારિયેળ ને કેળના રેસા જેવા 'મનિલા હેમ્પ'ની તો નિકાસ પણ તે કરી શકે છે. મુખ્ય પાક ચોખા ને મકાઇ. માંસાહારમાં મુખ્યત્વે માછલી. ખેતી પાડાની સહાયથી થાય છે. સાથે થોડા ઢોરઢાંખર પણ ખરાં. થોડી ખાણો પણ અહીં છે જેમાંથી સોનું, લોઢું, ક્રોમિયમ અને અન્ય ધાતુઓ મળે છે. ઘણાખરા ટાપુઓ પર ગીચ જંગલો પણ છે. હવામાન ભારે વરસાદવાળું વિષુવવૃત્તીય.

મુખ્ય શહેર, મુખ્ય બંદર, મુખ્ય હવાઈ મથક ને મુખ્ય ઔદ્યોગિક શહેર મનિલા. વીસેક લાખની ત્યાં વસતિ છે. પંદર ચોરસ માઇલના વિસ્તાર માં એ બધી ખદબદે છે. ક્વેઝોન, પાસે, કાલુકાન વગેરે કસ્બા એની નજીકમાં જ છે. રબ્બર, તેલ, કાગળ, મીઠું, સિમેન્ટ, પ્લાઇવૂડ, ધાતુ અને કાચ વગેરેના ઉદ્યોગો પણ હવે વિકસ્યા છે.

એશિયાની અગ્નિ કંઠારથી ૬૦૦ માઈલ દૂર, વિષુવવૃત્તથી ૧૫ અંશ ઉત્તરે, ફૉર્મોસાની દક્ષિણે અને બૉર્નિયોની પશ્ચિમે આવેલા આ ટાપુઓનો કુલ વિસ્તાર ૧,૧૬,૨૨૦ ચોરસ માઇલ છે. એક કાળે અહીં 'શ્રી-વિજયાન' અને 'મજ્ઞાપાહિત' નામક સામ્રાજ્યોનું વર્ચસ્વ હતું, પણ ઈ. ૧૫૨૧થી લગભગ ૪૦૦ વર્ષ સ્પેઈનને તાબે રહ્યા બાદ ૧૮૯૮માં બંડ કરી આ ટાપુ સ્વતંત્ર બનેલા. તેપછી ફરી સ્પેઇને ત્યાં સત્તા સ્થાપી હતી.

યુરોપીઅન, અમેરિકન, ભારતીય, ચીની, અરબ અને અન્ય પ્રજાઓના ખીચડામાં અહીં રાષ્ટ્રભાષા ફિલિપિનો (ટાગાલૉગ) ઉપરાંત અંગ્રેજી તથા સ્પૅનિશ સાથે લગભગ ૮૭ બોલીઓનું ચલણ છે. આદિવાસીથી માંડી આધુનિક સંસ્કૃતિના રંગ અહીં જોવા મળે છે. -સં.

નોતરવામાં આવ્યાં હતાં, એટલે જમવા જવામાં મને થોડોઘણો ઉત્સાહ હતો. અહીં કેરી બારે માસ! એટલે એ ખાવાની મજા પડી.

હિન્દના મનિલામાંના એમ્બૅસેડર મિ. મલિક મને નામથી ઓળખતા હતા, અને એકાદ વાર મને મળ્યા પણ હતા, એની યાદ પણ દેવડાવી. એથી હોય કે એમના સ્વભાવજન્ય સૌજન્યથી હોય, એમણે મારી સાથે બહુ સારો વિવેક દાખવ્યો, એટલું જ નહિ પણ મારી એક પછી એક થતી ફરિયાદપરંપરા માટે પણ મોટે ભાગે સહાનુભૂતિ વ્યક્ત કરી. પાકી કેળવણી નહિ, અભ્યાસ નહિ, કામની શીખવણી નહિ, ઘટતી તૈયારી નહિ, એવાં એવાં ઘણાં કારણો જવાબદાર છે એ પણ એમણે સમજાવ્યું. એ અમદાવાદમાં હતા, શેઠ અંબાલાલ સારાભાઇને ઓળખતા, અને ત્યાં રહ્યા પણ હતા, તેમ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં કંઇ હોદ્દો પણ ભોગવ્યો હતો, એથી ગુજરાતી સારું બોલતા હતા. વાતેચીતે વિનયવિવેક, ઘણા મળતાવડા, આ એક અપવાદરૂપ એમ્બૅસેડરનો, અને તે પણ પ્રવાસના છેવટના ભાગમાં મને સારો અનુભવ અને પરિચય થયો.

એમના મંત્રી અટ્ટુક સાથે ત્યાં જ જમતાં ઓળખાણ થઇ. એ વળી એમના થકી સરસ વ્યક્તિ નીવડી. મૂળ વતની દાર્જીલિંગના એટલે બીજે ત્રીજે દિવસે તો અમે લગભગ સાથે જ ફર્યા, દાર્જીલિંગની ઘણી વાતો કરી. એણે જ મને મનિલાના ૫૦૦૦ ફૂટ ઊંચા શિખરની વાતો કરી, વખત નહોતો નહિ તો એ મને ત્યાં ફરવા લઈ જવા તૈયાર હતા. ઊગતો તરુણ, આંખમાં ઉત્સાહ, હૃદયમાં દેશદાઝ. સરકારમાં આવા ભાવનાશાળી બધે જ અટ્ટુકો હોય તો કેવું સારું? એમ વારંવાર મનમાં થયા કર્યું.

આમ નવી ઓળખાણ સાથે એક વખતના હિન્દુ સંસ્કૃતિવાળા મનિલા પ્રદેશમાં પાંચ છ દિવસ ગાળી ત્યાંથી બેંગકોક જવા ઊપડયો. મારી પાસે પાસપોર્ટ, વીસા બધું હમેશાં પાકું જ રહે છે. ઈસ્ટર્ન પ્રદેશોના એ બાજુ વિસા કઢાવતાં નાકે દમ આવે છે; આજે મૂકી જાઓ, કાલે આવજો. કાલે જાઓ ત્યારે કહે કે આટલા ફોટા આપો, લેતા કેમ ન આવ્યા? એમ આંટાફેરા કરાવી, પાકું તેલ કાઢી વિસા આપે. દરમિયાન તમે જે શહેરમાં હો ત્યાં અરધો પોણો દિવસ બીજાં બધાં કામમાંથી અળગા થઇ આ વિસાની રામાયણમાં બગાડો. તોકિયોમાંથી મેં બેંગકોકની વિસા લીધેલી, સ્વિસ એરવાળા તે સિવાય મને ત્યાં ઊતરવાની ટિકિટ જ બુક ન કરે. એટલે મારી પાસે વિસા તો પાકી, પણ મનિલાના એરપોર્ટ ઉપર બધાંને સાહેબજી સલામ કરી નીકળ્યા બાદ અંદર જતાં પહેલી જ ચોકી ઉપર બૅગ તો ઊંચકાઈ અંદર ગઈ, લેબલ પણ લાગી ગયાં, કસ્ટમમાંથી પણ પસાર થઇ ગયા, પછી સ્વિસએરનું પ્લેન આવતાં, ઉપર જઇને બેઠા એટલામાં એક અફસર ચડી આવ્યો : પ્રો. મહેતા, મહેતા કરતો જાણે મારા નામનાં છાજિયાં લેતો હોય તેમ. અને પાસપોર્ટ માગ્યો. એ લઈ આમ તેમ ઊથલાવી મને પોતાની સાથે નીચે ઊતરવા સૂચના કરી, અને એના માઈમના અભિનય પ્રમાણે હું બારણા સુધી ગયો ને રોકાયો— નીચે ન ઊતર્યો. માળો કહે કે ડૉન્ટ ગો. એટલું જ અંગ્રેજી બોલે. કંઈક રકઝક થઈ, એટલે હું તો ભોટ ગામડિયા જેમ ત્યાં પ્લેન ઉપર ચડવાની સીડીના પગથિયા ઉપર બેસી જ ગયો! ન પ્લેનમાં, ન મનિલાની ધરતી ઉપર. આવી જા બચ્ચા! એના બોલવામાંથી એટલો સાર નીકળે કે તમારી પાસે વિસા નથી. પણ ક્યાંથી તેનો જવાબ ન આપે. ફિલિપ્પાઈન્સની તો હતી જ, હવે શું છે? આખરે પ્લેન ઊપડવાનો સમય થયો, અને મેં

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૬

કલ્કિ

'ભક્તિવૃત્તિનો વેદમાં અરુણોદય' થતો હોવાનું શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી નોંધે છે. પાછળથી (શુક્લ-યજુર્વેદ અ૦ ૨૩) વિષ્ણુ 'પ્રિયતમ' લેખે સ્થિત થયા, અને તે પછી ક્રમશ: 'અવતાર'ની માન્યતા પ્રચારમાં આવી એવું અનુમાન થઇ શકે છે. મહદ્ અંશે અવતારવાદ શ્રીમદ્ ભગવદ્‌ગીતાને આભારી હોય એવું જણાય છે. ગીતાનો સમય ડૉ. રાધાકૃષ્ણન્ ઈ. સ. પૂર્વે પાંચમા શતકમાં મૂકે છે, એટલે મોડામાં મોડી આ સમયથી અવતારોની વાત અસ્તિત્વમાં આવી એવું તારવી શકાય. પુરાતત્ત્વીય પુરાવામાં ઈ.સ. પૂર્વે ૧૫૦નો વિદિશાનો ગરુડધ્વજ અને ઈ. સ. પૂર્વે ૧૦૦ આસપાસના મથુરામાંથી મળેલા કૃષ્ણમૂર્તિની છાપવાળા સિક્કા અવતારવાદને સ્પષ્ટ અનુમોદન આપતા બની રહે છે.



અવતારોની સંખ્યા વિષે બધા ગ્રંથો એકમત નથી. મહાભારત શાંતિપર્વમાં પ્રથમ છ ને પછી દસ, હરિવંશમાં છ, વાયુપુરાણમાં બાર અને ભાગવતમાં બાવીસ અવતારો ગણાવ્યા છે. પાછળથી ચોવીસ અવતારો અને તેમાંથી દસ મુખ્ય અવતારો રૂઢ થયા. એમાં કલ્કિ દરેક જગ્યાએ ભવિષ્યમાં થનાર છેલ્લા, અને દસમાંના એક મુખ્ય અવતાર તરીકે મળે છે.

ભાગવતના પ્રથમ સ્કંધના ત્રીજા અધ્યાયમાં 'કલિયુગના અંતે જગતપતિ ભગવાન વિષ્ણુયશા નામના બ્રાહ્મણથી કલ્કિ નામે અવતરશે' એવી નોંધ છે. અન્ય પુરાણોમાં 'શંભલગ્રામ' એવો સ્થળોલ્લેખ પણ છે. કલ્કિપુરાણમાં કલ્કિ વિષે અપાએલી માહિતીને સ્વ. ડોલરરાય માંકડ ઐતિહાસિક માને છે. ('નૈવેદ્ય'-પૃ. ૯૮) તેઓ એવી સંભાવના રજૂ કરે છે કે 'મૃચ્છ-કટિક' નાટકનો કર્તા શૂદ્રક કલ્કિ છે. એ જ રીતે શ્રી રસિકલાલ પરીખ પોતાના 'શર્વિલક' નાટકના નાયક 'શર્વિલક' વિષે પણ 'કલ્કિ ન હોય?' એવી શંકા દર્શાવે છે! બુદ્ધ-મહાવીર પછી ૪૦-૫૦ વર્ષે કલ્કિ થયા એવું અનુમાન પણ તેઓ બાંધે છે.

અસ્તુ. અવતાર તરીકે કલ્કિ સર્વમાન્ય છે અને તેમનો આછોપાતળો પૂજાવિધિ પણ અસ્તિત્વમાં હોય એવું માનવાને કારણો મળે છે. હરિજનોમાં રામદેવપીરનો ઘોડો અને તેમના પાઠ તથા ભજનમાં 'નકળંક' એવું નામ કલ્કિને ઉદ્દેશીને હોય એમ લાગે છે. મુખ્યત્વે સાજ-સજ્જાવાળો અશ્વ એમનું પ્રતીક મનાયો છે. કલ્કિ કે એમના અશ્વની કોઈ મૂર્તિ આ પહેલાં ગુજરાતમાં પ્રાપ્ત નથી. અહીં આપેલી મૂર્તિ આ દૃષ્ટિએ વિશિષ્ટ છે. શિહોરના બ્રહ્મકુંડમાં દશાવતારોની સાથે કલ્કિનો આ અશ્વ પણ આવેલો છે. બારમી સદીની આ મૂર્તિ હાલ તો સૌરાષ્ટ્રની વિરલ અને ગુજરાતભરની અનન્ય મૂર્તિ છે.

નરોત્તમ પલાણ

પાસપોર્ટ માગ્યો તે એ ન આપે. એના સાથીદાર સાથે પાસપોર્ટ એણે નીચે ઑફિસમાં મોકલી દીધેલો. હવે જુઓ મજા! પણે કૅપ્ટન ધૂંઆફૂંઆ કરે; અને અમે બન્દા દેશી ભમભોટ જેવા સીડી પર સવાર થઇને બેઠા! બીજું શું થાય? કંઇ ચોરી નથી કરી, સોનું નથી લીધું. અને આ શી આફત? મારા હૃદયમાં ત્યારે કશો ધ્રાસકો નહોતો પડ્યો; બલ્કે ગમ્મત થતી હતી. પરિણામે કૅપ્ટન કૅબિનમાંથી આ સીડી ઉપર ઘોડે ચડેલા ઘરાકને જોવા મારી પાસે આવ્યો અને માળો મને ભોટ સમજી પૂછે છે: 'સ્પીકે આંગ્લ? ફ્રાન્કવા?' તો બન્દા કહે છે: 'બોથ—પરફેક્ટલી આસ્ક મી ઇન ગુડ ઇંગ્લિશ.' એટલે સંવાદ બરાબર ચાલ્યો. મને કહે કે શી ગરબડ છે. મેં કહ્યું નથિંગ. તમે આ તાવદાનમે પૂછોને? નથી એ કાંઇ સમજાય એવી ભાષા બોલતો, મનિલાની સિત્તોતેર ડાયલેક્ટમાંથી એકાદી અડાવ્યે રાખે છે, તે હું શું સમજું? એટલે એ બે બાઝયા. એને અંતે કૅપ્ટન કહે: 'એ કહે છે કે તમારી પાસે બૅંગકોકની વિસા નથી તે નહિ જવાય. અને જઇએ તો સ્વિસ એરને ૫૦૦૦ ડૉલરનો દંડ થાય.'

મેં કહ્યું કે એ વાત બરાબર. તમારી સ્વિસ એર કંપનીએ મને પાકી છાપો મારી આપી. ત્યારે પાસપોર્ટ નહોતો જોયો? અહીં બધાંને તકલીફ આપો છો, પ્લેન મોડું કરો છો. એટલે કૅપ્ટને પાસપોર્ટ માગ્યો. એણે પેલા ડફોળને એ લઇ આવવા કહ્યું, તો ડફોળ કહે કે એ પાસપોર્ટ આ પ્રવાસીને તું ન આપે તો લઇ આવું. કૅપ્ટને વચન આપ્યું અને એ પાસપોર્ટ લેવા ગયો. ત્યારે મને કૅપ્ટન કહે છે કે આ માણસે અગાઉ પણ એક વાર આવો વિક્રમ સરજ્યો હતો. એટલામાં એ આવ્યો. કૅપ્ટને પાસપોર્ટ લીધો, પાનાં ઉથલાવ્યાં અને પળવારમાં થાઇલૅન્ડનો વિસા કાઢી બતાવ્યો એટલે પેલાને સંતોષ થયો. પણ હવે કૅપ્ટન બગડ્યો. એણે ફિલિપ્પાઇન ભાષામાં એક પછી એક બોણાવવા માંડી. અંગ્રેજી આવડતું નથી, વાંચતાં આવડતું નથી, તો સ્વિસએરમાં નોકરી શાની કરે છે? આ સદ્‌ગૃહસ્થની પહેલાં માફી માગ; એને તારે હાથે પાસપોર્ટ આપી દે, અને ઊતર અહીંથી, હું તારો રિપોર્ટ કરું છું. બસ. વાત પતી ગઈ, રિપોર્ટનું નામ આવતાં પેલો તો એના પગ પકડી હવે એ ભોંય બેઠો, અને આ નકામા નાટકનો બીજો અંક શરૂ થયો. આ જંજાળમાંથી માંડમાંડ છૂટ્યા બાદ પ્લેન ઊપડ્યું. પ્લેન હવામાં થાળે પડતાં કૅપ્ટન મારી પાસે આવીને પેલા ભોટની વાત સમજાવવા બેઠા. દરમિયાન મારી સ્વિટ્ઝરલૅન્ડની મુસાફરી, ત્યાંના પ્રવાસો, શહેરો વગેરેની વાતો જામતાં મનિલાથી બૅંગકોક આપણને જેને વી.આઈ.પી. ટ્રીટમેન્ટ કહે છે તે મળી. કૅપ્ટનનું કહેવું હતું કે પેલા દફતરદારનું મગજ ડીલેઈડ ઍક્શનવાળું છે. બધા સહીસિક્કા થઈ ગયા પછી એનો અંદરનો એક નક્શો એને સૂચવ્યા જ કરે છે કે 'હે અલ્યા! તેં પાસપોર્ટ બરાબર જોયો છે? જોયો છે?' અને તરત એ સંશય પેદા થતાં એ સીધો પ્લેન ઉપર દોડે છે. આ બીજો પ્રસંગ.

બૅંગકોકમાં વળી નવી આફત! હું રહેવાનો હતો મારા એક મિત્રના મિત્રને ત્યાં. એ પોતે તેડવા આવવાના હતા, એટલે એનું સરનામું મારી પાસે નહોતું. અહીં એરપોર્ટની પાપપુણ્યની બારીઓમાંથી નીકળતાં ફારમ આપે, ને કહે કે ક્યાં ઊતરવાના છો તે લખો. મેં કહ્યું: 'આઈ ડોન્ટ નો', એટલે વાત વંડી. (પાછળથી મારા યજમાને કહેલું કે ગમે તે હોટેલનું નામ લખી દેવાનું, એટલું ધ્યાનમાં રાખવું. ત્યારે મેં કહ્યું કે મને અહીંના હોટેલ વિષે પણ કશી ખબર નથી. તો કહે રામનું નામ દઈ દેવું) મારું ફૉર્મ કોરું જોઈ પેલાએ મને બાજુ ઉપર ઊભા રહેવા કહ્યું અને બધા ટપોટપ પસાર થઈ ગયા. ત્યાં મારા યજમાને મને દૂરથી જોયો ને હાથ ઊંચો કર્યો, એટલે મેં પેલા અફસરને કહ્યું કે જો પેલા મારા દોસ્ત! એમને ત્યાં ઊતરવાનો છું. એણે પોલીસને મોકલી એમને બોલાવ્યા. એ બંનેએ થાઇ ભાષામાં એટલે કે સંસ્કૃતના અપભ્રંશમાંથી અવતરેલી ચીની અપભ્રંશમાં થઇને ગળાએલી અંગ્રેજી ડચ અપભ્રંશ થાઇમાં વાત કરી, એટલે મારો છૂટકો થયો. ત્યાં જ મેં પાણી મૂક્યું કે ઈસ્ટર્ન પ્રદેશોમાં જવું તો કેવળ જાપાન જ; બીજા દેશોમાં જતાં પહેલાં હજાર વાર વિચાર કરવો.

ભારતના ૧૫૦ વર્ષ જૂના દૈનિકપત્ર મુંબઇ સમાચારના એક ઘડવૈયા



સોરાબજી પાલનજી કાપડિયા

સામાન્ય સ્થિતિમાંથી અનન્ય કર્તવ્યનિષ્ઠા અને આપબળે આગળ આવનાર ધીર ને ગંભીર, અનુભવવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ, નીડર ને ઉદાર તથા બહુલક્ષ્મી પ્રજ્ઞાવાન એ સજ્જન પત્રકારનું સમગ્ર જીવન આજની પેઢીને માટે પ્રેરણા રૂપ બને એવું હતું

લેખક · યજ્ઞેશ શુકલ

મહેરજીભાઈ માદન પછી 'મુંબઈ સમાચાર'ના તંત્રીપદે આવેલા એવા જ બીજા સમર્થ પત્રકાર સોરાબજી પાલનજી કાપડિયાની પત્રકાર તરીકેની કારકિર્દી ૬૦-૬૫ વર્ષની હતી, જેમાંનાં છેલ્લાં ૪૦ વર્ષ તો (૧૯૨૧ થી ૧૯૬૧) એમણે 'સમાચાર'ને સર્વજનપ્રિય બનાવવા માટે પોતાનો પ્રાણ પાથરવામાં ખર્ચ્યાં, તે એટલે સુધી કે 'મુંબઈ સમાચાર' એટલે સોરાબજી કાપડિયા એવો પર્યાય બની રહ્યો. એમના સમયમાં 'મુંબઈ સમાચાર' ભારતની દરેક કોમનું માનીતું પત્ર બની ગયું એટલું જ નહિ પણ ગુજરાતી અખબારોનું તો તે શિરોમણિ બની રહ્યું.

ઈ. ૧૯૧૫ પછીનો કાળ ભારતના રાજકીય ક્ષેત્રે નવી જ ઊથલપાથલનો હતો. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહના શસ્ત્રનો સફળ પ્રયોગ કરીને કર્મવીર મોહનદાસ કરમચંદ ગાંધી (જે થોડા જ સમયમાં 'મહાત્મા' અને પાછળથી 'રાષ્ટ્રપિતા' તરીકે જનહૃદયમાં સ્થાન પામી ગયા તે) ભારત આવી ગયા હતા અને એમણે એક વરસ સુધી દેશની રાજકીય પરિસ્થિતિનું નિરીક્ષણ અને અભ્યાસ કરીને રાજકારણમાં પ્રવેશ કરવાની સાથે જ કોંગ્રેસની પ્રવૃત્તિમાં નવો પ્રાણ ફુંકાયો હતો. તેની સાથોસાથ હોમરૂલ લીગનું આંદોલન પણ ચાલતું હતું. આને લીધે રાષ્ટ્રીય આંદોલનને સાથ આપનારાં પત્રો લોકપ્રિય બનતાં જતાં હતાં, ને પરિણામે પત્રને તથા ચળવળને બંનેને લાભ થતો હતો.

એ ગાળામાં 'મુંબઈ સમાચાર'ની આર્થિક સ્થિતિ ડગમગુ હતી. તેને જો રાષ્ટ્રીય આંદોલનમાં વેગપૂર્વક જોડવું હોય તો તેને આર્થિક સધ્ધરતાના પાયા ઉપર મૂકવાની જરૂર હતી. આથી, ઈ. ૧૯૨૧માં રાષ્ટ્રીય રંગે રંગાએલા શ્રી નવરોજી હોરમસજી બેલગામવાળાએ 'સમાચાર'ના તે વખતના માલિક શ્રી કેખુશરૂ મીનોચેરજી પાસેથી એ અખબાર તથા તેનું છાપખાનું બંને ખરીદી લીધાં, અને તેની સાથોસાથ, પોતાના જેવા રાષ્ટ્રીય રંગે રંગાએલા બીજા મિત્ર બરજોરજી ફરામજી ભરૂચા મારફત પ્રયાસ કરીને, તે વખતે રાષ્ટ્રીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે જાણીતા થએલા 'સાંજ વર્તમાન'ના તંત્રી શ્રી સોરાબજી પાલનજી કાપડિયાને પણ મેળવી લઈને 'સમાચાર'ના તંત્રીપદે સ્થાપિત કર્યા.

સોરાબજી કાપડિયાની પત્રકાર તરીકેની કારકિર્દી મહેરજીભાઇ કરતાં પાંચેક વર્ષ અદકી હોઈ તેમને ગુજરાતી પત્રકારત્વના ભીષ્મપિતામહ કહી શકાય. એ બંનેનો હિસ્સો 'મુંબઈ સમાચાર'ની લોકપ્રિયતા ને લોકોપયોગિતા અંગે ઘણો મહત્ત્વનો અને મહામૂલો રહ્યો છે. જોકે એ બંનેની વિચારસરણીમાં થોડો ફેર હતો. મહેરજીભાઈ બીજી બધી રીતે આગળપડતા વિચારો ધરાવતા છતાં ગાંધીજીના અસહકારના આંદોલન સાથે સહમત ન હતા-બલ્કે તેનો વિરોધ કરતા હતા. આથી ઉત્તરાવસ્થામાં તેમને ચાહનારા વર્ગમાં પણ તેઓ અપ્રિય થઈ પડયા હતા; જ્યારે સોરાબજી રાષ્ટ્રીય આંદોલન સાથે જાણે ઓતપ્રોત થઈ ગયા હતા અને અખબારી સ્વતંત્રતાના આગ્રહ કાજે જેલમાં સુધ્ધાં ગયા હતા.

બીજી બાજુ મહેરજીભાઈ જાહેર જીવનમાં ઊલટથી ભાગ લેતા હતા અને જાહેર મંચ ઉપરથી ભાષણો પણ કરતા હતા, જ્યારે સોરાબજીનું જાહેર જીવન 'સમાચાર' પૂરતું જ મર્યાદિત હતું. તેમણે ભાગ્યે જ કોઈ જાહેર સમારંભમાં હાજરી સરખીયે આપી હશે. કોઈ સ્થળે ભાષણ કરવાનું તો તેમની આગળ નામ પણ લઇ શકાતું નહિ. પોતે અંગત પ્રસિદ્ધિથી તદ્દન વેગળા રહેતા એટલું જ નહિ પણ કોઈ પોતાની પ્રસિદ્ધિ કરે તે પણ તે ચલાવી લેતા નહિ. આથી તો આ લખનારે જ્યારે ઈ. ૧૯૫૯ના નવેમ્બર માસના 'નવચેતન'માં 'ગુજરાતી પત્રકારત્વની ઉજ્જવળ સેવાનાં સાઠ વર્ષ' નામક લેખમાં ગુજરાતી ભાષાના સૌથી પ્રથમ અખબાર 'મુંબઈ સમાચાર'ના તંત્રી તરીકે સોરાબજી કાપડિયાની આ ક્ષેત્રની વિપુલ સેવાની નોંધ લેવા ચાહી ત્યારે તેમણે બિલકુલ અસહકાર કરેલો, અને એ લેખને છપાતો અટકાવવા પણ મથ્યા હતા; છતાં બીજા આધારો દ્વારા માહિતી મેળવીને પણ લેખ પ્રસિદ્ધ કર્યો ત્યારે ભારે નારાજ થઈને આ લખનાર સાથે ત્રણચાર દિવસ સુધી અબોલા લીધા હતા! તેઓ અંતરથી માનતા કે 'Editors must be read; never seen or heard'—તંત્રીઓનો પરિચય તેમની કલમ દ્વારા જ મેળવવાનો હોય, જાહેરમાં તેમને જોવા કે સાંભળવાની અપેક્ષા રાખવી નહિ; એટલે કે તંત્રીઓનું સાચું સ્થાન જાહેર મંચ ઉપર નહિ પણ કાર્યાલયમાંની પોતાની ખુરશી ઉપર જ છે. ખ્યાતનામ 'ગુજરાતી' સાપ્તાહિકના તંત્રી—અને બીજી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખ—મણિલાલ ઇચ્છારામ દેસાઇ પણ આમ જ માનતા. જાહેર સમારંભોમાં તેઓ ભાગ્યે જ જતા, અને ભાષણ તો કદી જ કરતા નહિ. ભલી પોતાની તંત્રીખાતાની ખુરશી અને ભલું પોતાનું કામ. સોરાબજી પણ એ નીતિને આજીવન વળગી રહ્યા હતા.

એમનો જન્મ ઈ. સ. ૧૮૮૦ની ૩૦મી મે અને વિ. સં. ૧૯૩૬ના વૈશાખ વદ ૭ને રવિવારે એક સામાન્ય પારસી કુટુંબમાં થએલો. અભ્યાસ પૂરો થાય તે પહેલાં કિશોરાવસ્થામાં જ પિતાનું અવસાન થતાં ૧૭-૧૮ની વયે મુંબઈના વાડીબંદરના ગુડ્ઝ ડેપોમાં કારકુનની નોકરીએ લાગી જવાની ફરજ પડી. પણ ત્યાં લાંચરુશ્વતની બદી ભારે હતી. ખાતાના ઉપરીઓ પણ લાંચ લેતા ને સોરાબજીએ તેમાં મદદ કરવાની હતી. માતાપિતા તરફથી ઉચ્ચ સંસ્કાર પામેલા સોરાબજી જીવનની શરૂઆતમાં જ આવી પડેલી આ બદીને વશ થવાનું આવતાં ખૂબ અકળાતા હતા અને તેમનું હૃદય ડંખતું હતું, એટલે એમણે નીડરતાથી એમાં સહાયભૂત થવાની ના પાડી દીધી. પરિણામે નોકરી ગઈ ને ગરીબ કુટુંબ મુશ્કેલીમાં મુકાઈ ગયું, પણ લાંચ નહિ લીધાની ટેક જાળવવાનો ભારે સંતોષ હતો.

એવામાં 'રાસ્ત ગોફ્તાર' પત્રમાં થોડુંક કામ મળ્યું. ત્યાંથી તે 'જામે જમશેદ' પત્રમાં ગયા. ત્યાં જાહેરાતો લખવાનું કામ સોંપાયું. અંગ્રેજી-માંથી જાહેરાતોનો તરજુમો કરવાનો. એ કામ ફાવે નહિ, અંગ્રેજી પૂરું સમજાય નહિ; છતાં ધીરજ અને પરિશ્રમથી શબ્દકોશની મદદ લઈ-લઈને એ કામ પાર પાડ્યું અને એ કસોટીમાંથી પાર ઊતર્યા. તે પછી તેઓ 'અખબારે સોદાગર' પત્રમાં જોડાયા જ્યાં માસિક ૫૦ રૂપિયામાં પ્રૂફરીડિંગ ને રિપોર્ટિંગથી માંડીને તંત્રીલેખ લખવા સુધીનાં બધાં કામ કરવાં પડતાં અને કામ હોય ત્યારે દિવસે ને રાત્રે ગમે ત્યારે કામ પર જવું પડતું. બહારગામ પણ જવું પડતું, પણ પત્રકારત્વની સાચી તાલીમ તેમને અહીં જ મળી. એ વ્યવસાયના એકેએક પાસાનું જ્ઞાન એમણે એમાં મેળવી લીધું જે એમની ભાવિ કારકિર્દીનું મોઘું ભાથું બની રહ્યું.

દસેક વર્ષ આમ ઘડાયા પછી એ અનુભવની મોંઘી મૂડી લઈને ઈ. ૧૯૦૭માં તેઓ 'અખબારે સોદાગર' છોડીને 'સાંજ વર્તમાન'ના ઉપ-તંત્રીપદે ગયા, જ્યાં લગભગ પંદર વર્ષ રહીને વિવિધ કક્ષાએ કામગીરી બજાવી એ પત્રના તંત્રીપદે પહોંચ્યા અને એ પદેથી એ પત્રને એમણે ખૂબ લોકપ્રિય બનાવ્યું. સાંજનું તે એકમાત્ર ગુજરાતી અખબાર હોવાથી તેને વિકસાવવાની સોરાબજીને સારી તક મળી, અને પોતાની દીર્ઘદૃષ્ટિ, કુનેહ, સમયસૂચકતા અને સમાચારસૂઝ વડે તેને ખૂબ ઊંચે લાવી મૂક્યું. આજે કેટલાંક વર્ષથી એ પત્ર બંધ પડ્યું છે, પરંતુ એનો પણ એક જમાનો હતો અને સોરાબજીએ એની પાછળ ઘણો પરિશ્રમ રેડ્યો હતો.

એમની સમાચારસૂઝ અને પત્રનિષ્ઠાના એકાદ બે પ્રસંગ નોંધવા જેવા છે. એ વખતે સર ફિરોઝશાહ મહેતાનું દેશના રાજકારણમાં અગ્ર સ્થાન હતું. મુંબાઈના તો તેઓ બેતાજ બાદશાહ ગણાતા. કૉંગ્રેસના પણ તેઓ એક અગ્રણી હતા અને ઈ. ૧૯૦૯ની લાહોરની કૉંગ્રેસના તેઓ પ્રમુખ ચૂંટાયા હતા. પરંતુ એ કૉંગ્રેસની બેઠક મળે તે પહેલાંના છઠ્ઠા દિવસે તેમણે પ્રમુખપદનું રાજીનામું આપ્યું. આ બાતમી સોરાબ-જીએ કોઈક રીતે એક રાત્રે મેળવી. એ પ્રકટ થાય તો મોટી સનસનાટી મચી જાય એવી એ બાતમી હતી; પણ તેની પાકી ખાતરી કર્યા વિના પ્રકટ થાય અને તેનો જો ઇનકાર થાય તો પત્રની પ્રતિષ્ઠા જોખમાય. આથી તેની પાકી ખાતરી કરવા તે વહેલી સવારે સર ફિરોઝશાહને ઘેર ગયા. ત્યારે સર ફિરોઝશાહ નાહતા હતા; પણ સમાચારના મહત્ત્વની દૃષ્ટિએ તેમણે તત્કાળ મળવાની માગણી કરી અને સ્નાનગૃહમાં રૂબરૂ મળીને પોતાને મળેલી બાતમીનું સમર્થન મેળવી લીધું.

આ સમાચારનું મહત્ત્વ ઘણું હતું, કેમ કે સર ફિરોઝશાહનું નામ દેશમાં તેટલું જ વિલાયતમાં પણ ગાજતું હતું. એટલે સોરાબજી આ સમાચાર સાથે જાણીતી સંસ્થા પી.ટી.આઈ.ના એક સંચાલકને મળ્યા. એ તો આથી ખૂબ ખુશ થઈ ગયા અને સોરાબજીને ૧૦૦ રૂપિયાની નોટ આપવા માંડી. પણ સોરાબજીએ તો પોતાના પત્રનું નામ પરદેશમાં રોશન થાય એ હેતુથી એ સમાચાર તેને આપ્યા હતા, એટલે તે રકમ સ્વીકારવાની ચોખ્ખી ના પાડીને માત્ર આ સમાચાર 'સાંજ વર્તમાન' પાસેથી મળ્યા છે એવી રીતનો ઉલ્લેખ કરવાનો આગ્રહ રાખ્યો, અને એ મુજબ લંડનનાં અખબારોમાં એ વર્તમાન છપાયા.

'સાંજ વર્તમાન'ને લોકપ્રિય બનાવવાની આવી જ એક બીજી તક સોરાબજીએ ઝડપી લીધી હતી. તેઓ 'સાંજ વર્તમાન'માં જોડાયા પછી થોડા જ સમયમાં લોકમાન્ય ટિળક સામેનો રાજદ્રોહનો મુકદ્દમો મુંબા-ઈમાં શરૂ થયો હતો. બીજાં અખબારો તો છેક બીજી સવારે જ એ ખટલાના ખબર લોકોને પહોંચાડી શકે; એટલે તે જ દિવસે સાંજના પોતાના પત્રમાં જો તેની દિવસ દરમ્યાનની કારવાઈના ખબર લોકોને મળી જાય તો પત્ર ખૂબ લોકપ્રિય બની જાય આમ વિચારીને સોરા-બજીએ કોર્ટમાં જેમ જેમ સુનાવણી ચાલતી જાય તેમ તેમ તેના અહે-વાલ પત્રની ઑફિસે પહોંચતા જાય અને સાથેસાથ બીબાંમાં ગોઠ-વાતા જાય એવી રિપોર્ટિંગની વ્યવસ્થા કરી. પરિણામે એ ખટલાના તાજા અહેવાલવાળું 'સાંજ વર્તમાન' પત્ર મેળવવા માટે લોકોનો દરોડો પડવા માંડ્યો અને તે લોકપ્રિય બની ગયું.

પરંતુ એમની આવી નિષ્ઠા છતાં એમની નીડર, તટસ્થ નીતિ અને રાષ્ટ્રીય વલણને કારણે એ પત્રના સંચાલકોને એમની સાથે મતભેદ રહ્યા કરતો હતો. હોમરૂલ લીગના આંદોલન અને લૉર્ડ વિલિંગ્ડનના બહિષ્કાર અંગે કેટલીક ઉગ્રતા જાગી હતી. પ્રિન્સ ઑવ વેલ્સના બહિ-ષ્કારમાં સાથ આપવા માટે તો 'સાંજ'ના સંચાલકોની મોટર પર પથરા પડ્યા હતા. આથી તેઓ ઘણા નારાજ થયા હતા. વળી 'સાંજ વર્તમાન'-ને સફળરીતે ચલાવવા માટે સોરાબજીને એની ભાગીદારીમાં જોડવાના પ્રશ્ન અંગે પણ સોરાબજીને નિરાશ કરવામાં આવ્યા હતા. આવા વાતા-વરણમાં, અગાઉ જણાવ્યું તેમ, 'મુંબઈ સમાચાર' પત્રને રાષ્ટ્રીય ચળ-વળનું મુખપત્ર બનાવવા માટે શ્રી બેલગામવાળાએ તે પત્ર ખરીદી લીધું ત્યારે તેના તંત્રીપદ માટે બાહોશ વ્યક્તિ તરીકે 'સાંજ વર્તમાન'ને ઊંચે લાવનાર અને રાષ્ટ્રીય દિમાગ ધરાવનાર સોરાબજી ઉપર તેમની નજર પડી. સોરાબજી પાસે એ દરખાસ્ત આવતાં તેમણે એ તક ઝડપી લીધી અને ઈ. ૧૯૨૧માં તેઓ 'મુંબઈ સમાચાર'ના તંત્રીપદે નિમાયા.

ઈ. ૧૯૨૧નું એ વર્ષ ભારતના ઇતિહાસનું મહત્ત્વનું વર્ષ હતું. હિંદના રાજકારણ પર પ્રભાવ પાડી રહેલા લોકમાન્ય ટિળકનું અવસાન થતાં ગાંધીજીના અસહકાર યુગનો ઉદય થયો હતો. પરદેશી બેડીમાંથી દેશને મુક્ત કરનારાં આંદોલનોની શરૂઆત એ વર્ષથી થઈ હતી. એ જ વર્ષમાં રાષ્ટ્રીય ચળવળના મુખપત્ર તરીકે ચલાવવાના ઉદ્દેશથી ખરીદાએલા 'મુંબઈ સમાચાર'ના સુકાનીને પદે રાષ્ટ્રીય માનસવાળા નીડર તંત્રી તરીકે સોરાબજી આવતાં એક સુભગ યોગ જામ્યો અને સોરાબજીને પોતાની સર્વ શક્તિઓને કામે લગાડવાનું મોકળું મેદાન મળ્યું.

વેપારી આલમના અખબાર તરીકે મહેરજીભાઈએ જમાવેલી 'મુંબઈ સમાચાર'ની પ્રતિષ્ઠા સોરાબજીએ, દેશદેશાવરના વિવિધ બજારોના ભાવતાલ મેળવવા પર વધારે ધ્યાન આપીને, તથા પારસીઓના પ્રશ્નોની ચર્ચા વિશિષ્ટરીતે આપવા ઉપરાંત જૈન, ભાટિયા, લોહાણા, કપોળ, વહોરા, મુસ્લિમ એમ સર્વ કોમોના પ્રશ્નોની વિસ્તૃત છણાવટને અવકાશ આપી-ને અનેકગણી વધારી દીધી અને એનું રાષ્ટ્રીય માર્ગદર્શન તમામ વર્ગને રુચિકર થઈ પડ્યું. વળી સોરાબજીની નીતિ કોઈ એક જ પક્ષની રજૂ-આત કરવાની ન હતી. રાષ્ટ્રીય વિચારસરણી અને વેપારી આલમનો અવાજ રજૂ કરવાની મુખ્ય નીતિને વળગી રહીને તેમણે અન્ય પ્રશ્નો-માં અન્ય પક્ષો માટે 'સમાચાર'નાં દ્વાર ખુલ્લાં રાખ્યાં, જે નીતિ આજે પણ એ પત્રે જાળવી રાખી છે અને એ જ એની લોકપ્રિયતાનું સાચું રહસ્ય છે. સર્વ કોમની અને સર્વ પક્ષોની અપેક્ષાઓને સંતોષતું આજનું 'મુંબઈ સમાચાર' સોરાબજીની જ સૂઝ અને પરિશ્રમનું પરિણામ છે.

'મુંબઈ સમાચાર'ની આ કૉંગ્રેસ તરફી, રાષ્ટ્રીય અને સર્વજનપ્રિય નીતિને કારણે અસહકારના આંદોલન દરમ્યાન એનો ફેલાવો ખૂબ વધી ગયો હતો, એટલે ચાલુ યંત્રોથી એને પહોંચી વળવું મુશ્કેલ જણાતાં છાપકામ માટે એક ભારે મોટું યંત્ર મંગાવવામાં આવ્યું. પત્રની કચેરી પણ હરિ બિલ્ડિંગમાંથી બદલીને 'રેડ હાઉસ'માં લાવવામાં આવી હતી. આમ વિકાસકાર્ય ચાલુ હતું એવામાં 'ગાંધી-અર્વિન' કરાર થયા, સત્યા-ગ્રહ બંધ થયો અને રાષ્ટ્રીય આંદોલનના જુવાળમાં ઓટ આવી. તેની સાથે અખબારોનો ફેલાવો ઘટી ગયો. બીજી બાજુ 'સમાચાર'ના સંચા-લક શ્રી બેલગામવાળા આર્થિક મૂંઝવણમાં આવી પડ્યા અને 'સમા-ચાર' મોટા દેવામાં આવી ગયું. પરિણામે 'કામા, નૉર્ટન ઍન્ડ કંપની' નામની પેઢીના ભાગીદારો તેમુરસ રુસ્તમજી ન. કામા અને મંચેરજી

નસરવાનજી કામાએ 'મુંબઈ સમાચાર' તેમજ અંગ્રેજી દૈનિક 'બૉમ્બે-ક્રૉનિકલ' બંને ખરીદી લીધાં. પણ 'સમાચાર'ના તંત્રીપદે તો સોરાબજી જ કાયમ રહ્યા, એટલું જ નહિ પણ વધારામાં એ બંને અખબારોના જનરલ મૅનેજરની ફરજ પણ તેમને માથે આવી.

'તમારા કામને, તમારી ફરજને અને તમારા ડેસ્કને વળગી રહો' એ શ્રી સોરાબજીનો સિદ્ધાંત હતો અને તે એમણે જીવનભર અક્ષરશઃ પાળ્યો હતો. 'મુંબઈ સમાચાર'નો સર્વતોમુખી વિકાસ થાય એ તેઓ સતત ઝંખતા રહેતા અને તેથી પત્રના કામકાજને અંગે તેઓ ઘણી વાર ચોવીસ ચોવીસ કલાક સુધી પત્રના કાર્યાલયમાં જ રહ્યા હોય એવું પણ બન્યું હતું. પત્રકારત્વના વ્યવસાયને અંગે તેમને પ્રલોભનમાં ફસાવવાના પણ પ્રયત્નો થયા હતા, પણ સોરાબજીએ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ જાળવીને આ વ્યવસાયમાંથી પોતાનો અંગત લાભ સાધવાની વૃત્તિ કદી રાખી ન હતી, તેમ કોઈ પ્રલોભન તેમને ફસાવી શક્યું ન હતું.

'સમાચાર'ના રાષ્ટ્રીય ઝોકને કારણે સોરાબજીને સરકારના મહેમાન પણ બનવું પડ્યું હતું. ઈ. ૧૯૩૨માં બીજી ગોળમેજી પરિષદ નિષ્ફળ ગયા પછી બ્રિટિશ શાસકોએ તેમનો દમનદોર છૂટો મૂકી દીધો અને તેની સામેના સત્યાગ્રહના સમાચારો છાપવાની અખબારોને કડક મનાઈ થઈ. તેને અવગણીને સત્યાગ્રહના સમાચાર પ્રકટ કરવા માટે સોરાબજીને ગિરફતાર કરવામાં આવેલા અને તેમને જેલની સજા પણ થએલી, અને પછી એ જ સરકારે એમની નિષ્પક્ષ જ્વલંત કારકિર્દીની કદરમાં એમને જે. પી.નો ઈલ્કાબ આપેલો અને ઑનરરી મૅજિસ્ટ્રેટ બનાવેલા.

એ જ રીતે ધર્મઝનૂનીઓના હુમલાના ભોગ પણ તેમને બનવું પડેલું. વિવિધ ધર્મોનો એમનો અભ્યાસ ઘણો ઊંડો હતો અને એ ધર્મોને સ્પર્શતા પ્રશ્નો ઉપર તેમણે તંત્રીલેખો પણ લખેલા. વકફના કાયદાને અંગે વહોરા કોમના વડા મુલ્લાંજીની સત્તાને પડકારતી ચળવળ ચાલેલી તથા અદાલતમાં ખટલો પણ ચાલેલો. તેના આપેલા ચુકાદા અંગે સોરાબજીએ લગભગ ચાર કટાર જેટલો લાંબો તંત્રીલેખ લખેલો, જેણે વહોરા કોમમાં સારી ચકચાર જગાડેલી. આ જ રીતે બુરહાનપુર દરગાહ કેસ તથા ચાંદાભાઈ ગલ્લા કેસ અંગેના સોરાબજીના લેખ નોંધપાત્ર તથા ચકચાર જગાડનારા બન્યા હતા. વડા મુલ્લાંજીની સત્તાને પડકારનારો જે એક પ્રગતિશીલ વર્ગ ઊભો થયો હતો તેના આંદોલનને સોરાબજી 'સમાચાર' દ્વારા સબળ સાથ આપતા. એક વેળા આ લખનારે એ પ્રગતિશીલોનો પક્ષ લઈને 'યુગધર્મને પિછાનો, વડા મુલ્લાંજી!' એ મથાળા હેઠળ અગ્રલેખ લખેલો—અલબત્ત સોરાબજીની પ્રેરણાથી જ. એની સામે ઝનૂનવાળી વહોરાઓ 'સમાચાર' કાર્યાલયમાં ધસી આવ્યા અને સોરાબજીને મુક્કા માર્યા. (પાછળથી એ તોફાનીઓ સામે ખટલો ચાલીને તેમને સજા થએલી.) આ બનાવ માટે આ લખનારે સોરાબજી આગળ પોતાના લેખને કારણે આવું બનવા માટે રંજ પ્રકટ કર્યો ત્યારે તેમણે અભય આપીને સ્પષ્ટપણે કહ્યું હતું કે 'એ જવાબદારી મારી જ હતી. મારી પ્રેરણાથી જ તમે લખ્યું હતું.' આવી નેક નિષ્ઠા ઉપરીઓમાં જવલ્લે જ જોવા મળે છે.

છેલ્લાં વર્ષોમાં સોરાબજીએ લાંબા સમયથી અગ્રલેખો લખવાનું છોડી દીધેલું અને 'સમાચાર'ના સમગ્ર સંચાલન ઉપર જ પોતાની ચકોર નજર રાખતા રહેલા. તેમની પછી અગ્રલેખો લખવાનું કામ, 'સમાચાર'-ના તંત્રીખાતામાં વિવિધ કામગીરી બજાવીને ઘડાએલા શ્રી ફરામરોઝ થાણાવાલા કરતા હતા, અને તેમની નિવૃત્તિ પછી, પત્રકારત્વના એવા જ એક જૂના જોગી અને 'સમાચાર' સાથે સાડા ત્રણ દાયકા જેટલો લાંબો સેવા-સંબંધ ધરાવતા છબિલદાસ અંકલેશ્વરિયાને હસ્તક તે આવ્યું હતું. તેઓ ઈ. ૧૯૫૮ના એપ્રિલની ૨૫મીએ 'મુંબઈ સમાચાર' કાર્યાલયમાં જ અચાનક પોઢી ગયા હતા. તેમની પછી અગ્રલેખની કામગીરી આ લેખના લેખક બજાવી રહ્યા છે.

સદા આનંદી રહેવું અને ગુસ્સો ગળી જવો એ સોરાબજીના વિશિષ્ટ ગુણ હતા. એંશી જેટલાં વર્ષનું એમનું દીર્ઘ આયુષ્ય એમના નિયમિત, વ્યસનરહિત જીવન અને યોગનાં આસનોના વ્યાયામના ફળસ્વરૂપ હતું.

હાથ નીચેના કર્મચારીઓ પ્રત્યે તેઓ મમત્વ રાખતા અને બેકાર પત્રકારો માટે સતત ચિંતા કરી તેઓને થાળે પાડવાનો પ્રયત્ન કરતા. 'વંદેમાતરમ્' અને પાછળથી 'પ્રજામત' પત્રો બંધ પડતાં ઘણા પત્રકારોને તેમણે 'સમાચાર'માં સમાવી લીધા હતા. ગરીબો પ્રત્યે એમની હમેશાં સહાનુભૂતિ રહેતી અને એમને દ્વારે ગએલું કોઈ દીનદુઃખી સહાય વિના પાછું ન ફરતું. પોતાની આવકમાંથી ગરીબોને તેઓ નિયમિત છૂપી મદદ કર્યા કરતા. 'આપશો એટલે બમણું મળશે' એ એમનો મંત્ર હતો.

શાસ્ત્રીય સંગીતના તેઓ શોખીન હતા અને તેની સારી જાણકારી ધરાવતા. સંસ્કૃતના તેઓ સારા જ્ઞાતા હતા અને વેદાંત તેમજ હિંદુ શાસ્ત્રોનું રહસ્ય સમજવા તેઓ પ્રયત્નશીલ રહેતા. કર્મની ફિલસૂફીમાં-કર્મફળમાં તેમને અજબ શ્રદ્ધા હતી.

અવસાનની પહેલાં ત્રણેક માસ તેમની તબિયત વધારે લથડી, એટલે પારસીઓના પરમ પવિત્ર યાત્રાધામ ઉદવાડા, જ્યાં શ્રીજી ઈરાનશાહ બિરાજે છે ત્યાં, જવાની તેમને તીવ્ર ઇચ્છા થઈ. ઈ. ૧૯૬૧ની ચોથી એપ્રિલે ત્યાં પહોંચ્યા. શ્રીજી ઈરાનશાહનાં દર્શન કરીને ત્યાં (પ્રાર્થના) ભણ્યા પણ કંઈક સ્વસ્થ થાય તે પહેલાં તબિયતે ફરી ઊથલો ખાધો ને ૭મી એપ્રિલે સવારે તેઓ આ દુનિયા છોડી ગયા.

જીવનની છેલ્લી ઘડી સુધી તેઓ 'સમાચાર'ની ચિંતા કરતા રહેલા. એમને અંજલિ આપતાં આ લખનારે લખ્યું હતું તેમ 'ગુજરાતી પત્રકારત્વને ઘડવામાં, તેનાં મૂળ સંગીનરીતે નાખવામાં અને એ પત્રકારત્વને તેના સાચા અર્થમાં જનતાના તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ આપવામાં શેઠ સોરાબજીએ પોતાના (૮૧ વર્ષના આયુષ્યનાં) ત્રેસઠ-ચોસઠ વર્ષના વ્યવસાયી જીવનમાં જેવો ફાળો આપ્યો તેવો ફાળો આપવાનું માન ભાગ્યે જ બીજા કોઈ પત્રકારને ફાળે જાય છે. ગુજરાતી દૈનિક પત્રકારત્વને સ્થિરતા, ભાષાશુદ્ધિ ને સ્પષ્ટ માર્ગદર્શન આપનારું કરવામાં સ્વ. મહેરજીભાઈ માદનનો ફાળો મોટો હતો, તો તેને જનતાના વિવિધ વર્ગોની લાગણીને વાચા આપનારું અને એમાં લોકરુચિને ચોક્કસ દિશામાં વાળવાનું તથા આઝાદી માટેના રાષ્ટ્રીય આંદોલનને વેગ આપવામાં સહાયક બનાવનારું, શેઠશ્રી સોરાબજીનો હિસ્સો મોટો હતો.'

શ્રી સોરાબજી કાપડિયાના અચાનક અવસાનથી 'સમાચાર' સાથેના તેમના ૪૦ વર્ષના સંબંધનો અંત આવ્યો. એમને સ્થાને નવી નિમણૂક થતાં સુધી ઍક્ટિંગ તંત્રી તરીકે શ્રી બરજોરજી રુસ્તમજી બનાજી નિમાયા અને ત્રણ માસ બાદ તા. ૧ જુલાઈ ૧૯૬૧ના રોજ ('સમાચાર'ના ૧૪૦-મા વર્ષના પ્રવેશ દિને) શ્રી મીનુ દેસાઈની તંત્રી તરીકેની નિમણૂક જાહેર થઈ. એમણે પણ 'સાંજ વર્તમાન'માં વિવિધ કામગીરી બજાવીને પત્રકારત્વનો ઠીકઠીક અનુભવ લીધો હતો અને તે પછી 'સાંજ' તરફથી પ્રકટ થએલા 'મુંબઈ વર્તમાન'નું તંત્રીપદ પણ કુશળતાથી સંભાળ્યું હતું. એ બંને પત્રો બંધ થયા પછી તેઓ 'મુંબઈ સમાચાર'માં જોડાયા હતા; સોરાબજી જેવા સમર્થ અને પ્રતિભાસંપન્ન સંપાદકનું વ્યક્તિત્વ વિલીન થયા પછી પણ આજ અગિયાર વર્ષથી 'સમાચાર'ની લોકપ્રિયતા સાથે તેની જનસેવાની પ્રવૃત્તિ વધતી રહી છે તે પરથી પુરવાર થાય છે કે શ્રી મીનુભાઈ સ્વ. સોરાબજીએ દોરેલા ચીલા પર સફળતાપૂર્વક સંપાદન કરી રહ્યા છે. 'સમાચાર'ના અગ્રલેખના લેખક તરીકે આ લખનાર તેમની સાથે ઠીકઠીક સંકળાએલા હોવાને કારણે વિશેષ લખતાં સંકોચ થાય છતાં કહેવું જોઈએ કે શ્રી મીનુભાઈ હજી યુવાન છે અને તેમની આગળ ઉજ્જ્વળ ભાવિ પડેલું છે. તેમાં તેઓ 'સમાચાર'ને વધુ ને વધુ આગળ લઈ જવાને સમર્થ થશે એવી તેમની શક્તિઓ શ્રદ્ધા પ્રેરે છે. (ચાલુ)

સ્વભાષા દ્વારા સ્વજનોની સેવા —એની શૈલી કેવી હોય?

કાકાસાહેબ કાલેલકર

એમ તો બધાં જ પ્રાણીઓ અવાજ દ્વારા પોતાની લાગણી વ્યક્ત કરે છે અને વિચાર-વિનિમય પણ કરે છે.* તેઓ ગળામાંથી જે અવાજ કાઢે છે તે ભાષા કહેવાય કે નહિ એ સવાલ છે. ભૂખ, થાક, ત્રાસ, બીક કે તિરસ્કારની લાગણી અવાજ દ્વારા વ્યક્ત થઈ શકે છે. વિજયનો આનંદ અને સામા પ્રાણીને ડરાવવાની વૃત્તિ પણ અવાજ મારફતે વ્યક્ત થઈ શકે છે. એટલે આવી પ્રાથમિક લાગણીઓ વ્યક્ત કરવાની જે શક્તિ છે, એને 'ભાષા' કહી શકાય. પણ પ્રાણીઓને એ ભાષા શીખવી નથી પડતી. દેશ પરત્વે કે સમાજ પરત્વે અવાજમાં ફેરફાર પણ નથી થતો. ભારતના કાગડા યુરોપ કે અમેરિકા જાય તો પણ એમણે પોતાની લાગણી વ્યક્ત કરવામાં મૂંઝવણ હોઈ ન શકે. અને કુદરતી રીતે લાગણીઓ વ્યક્ત કરવાના સાધન તરીકે જે અવાજ ગળામાંથી નીકળે છે તે આપણી ભાષાની વ્યાખ્યામાં બેસી ન શકે એમ પણ આપણે કહી શકીએ.

કુદરતે માણસને વિકાસશીલ મન અને બુદ્ધિ આપી. લાગણીઓ ઉપરાંત એ વિચાર કરી શકે છે તથા વિચારનું પૃથક્કરણ પણ કરી શકે છે. અને ખાસ વાત એ કે વિચાર-વિનિમય કરી માણસ એકબીજાને ચિંતન-મનન માટે મદદ પણ કરી શકે છે, તેથી જ એક જણે માણસની વ્યાખ્યા જ કરી છે કે 'જે બોલી શકે છે તે માણસ.' આ બોલવાની કળા માણસે ખીલવી. તેથી સમાજ પરત્વે, દેશ પરત્વે ભાષાઓ અલગ અલગ થઈ. ભાષા શીખ્યા વગર આવડે નહિ એ સ્થિતિ પણ થઈ.

મા-બાપ પાસેથી બાળકો બોલતાં શીખે. બોલતાં આવડે એટલે સમાજમાં ભળી શકે. પછી વિચાર-વિનિમય ઉપરાંત અમુક વાક્યો મોઢે કરી માણસ પોતાના જ્ઞાનનો સંગ્રહ પણ કરવા લાગ્યો. આમ એણે કહેવતો ઊભી કરી અને એ રીતે 'અનુભવના નાણા'નો પ્રચાર થવા લાગ્યો. ભાષા એટલે વિચારનું પૃથક્કરણ. ધીમે ધીમે એ કળા વધતી ગઈ. પરિણામે માણસની મૂડી વધી. એક પેઢીનો અનુભવ, બીજી પેઢીને વારસામાં મળવા લાગ્યો. એમાંથી સંસ્કૃતિ ઉદ્ભવી. ભાષા એ માણસ માટે તમામ પ્રગતિનું ઉત્તમ સાધન થઈ ગયું.

આ રીતે જન્મ સાથે, પોતાના કુટુંબ દ્વારા અને સમાજ દ્વારા, માણસ જે ભાષા મેળવે છે અને કેળવે છે તે એની જન્મભાષા અથવા સ્વભાષા કહેવાય છે. એ એની પહેલવહેલી મૂડી. એ ભાષાનો આંતરિક વિકાસ થાય અને સામાજિક ફેલાવો વધે તે પ્રમાણમાં માણસની બધા જાતની શક્તિઓ વધે છે. ભાષા એ સંસ્કૃતિનું એક ઉત્તમ સાધન છે. અને એમાં યે જન્મભાષા અથવા સ્વભાષા એ માણસના વ્યક્તિત્વનું એક અવિભાજ્ય અંગ છે. જેમ પોતાનું શરીર, રહેવાનું સ્થાન, અને મા બાપ મળીને માણસનું જીવન બંધાય છે તે પ્રમાણે ભાષા પણ એના વ્યક્તિત્વનું જ અપરિહાર્ય અંગ છે.

નાનપણથી દરેક માણસમાં સ્વભાષા કેળવવાનો આગ્રહ હોય જ છે. મા બાપ પોતાનાં અપત્યોને ભાષા શીખવવાનો જેટલો આગ્રહ રાખે છે એના કરતાં આસપાસની ભાષા પોતાની કરવા પાછળ બાળકોનો ઉત્સાહ ઓછો નથી હોતો. ભૂખ લાગે એટલે ખાવું, થાક લાગે એટલે સૂઈ જવું, સંકટ દેખાય ત્યારે નાસી જવું અથવા લઢી લેવું એ જેટલું માણસ માટે સ્વાભાવિક છે તેટલું જ સ્વાભાવિક છે, બે જણ એકઠા થાય એટલે વિચાર-વિનિમય માટે બોલવાનું શરૂ કરે તે. ભાષા કેળવ્યા વગર માણસ રહી જ ન શકે.

આવો ઉત્સાહ એકાદ માણસમાં વધારે હોય, બીજામાં ઓછો હોય. ઉમર પરત્વે, કે બીજા કારણે, એ ઉત્સાહ વધે અથવા ઘટે. પણ ભાષા કેળવવાની આંતરિક પ્રવૃત્તિ આખો જન્મારો માણસને વળગી જ છે.

ભાષા એટલે બોલવાનું સાધન. 'અવાજ' એ જ ભાષાનો મુખ્ય આધાર એ ખરું. કહેવતો દ્વારા, કવિતાઓ દ્વારા, વિચારો ને લાગણીઓ, અનુભવો અને કલ્પનાઓ સંઘરવાનું માણસને સૂઝ્યું. પણ માણસ મોઢે કરી કરીને કેટલું કરે! એટલે માણસે ધ્વનિને યાદ કરવા માટે આકૃતિઓની મદદ લીધી. અને લિપિવાળી લેખનકળા ઉત્પન્ન થઈ. માનવી સંસ્કૃતિની આ એક અત્યંત મહત્ત્વની પ્રગતિ ગણાય. વસ્તુઓને માણસે નામો આપ્યાં. ક્રિયાઓ માટે ધાતુ જેવા શબ્દો ઉપજાવ્યા. લાગણીઓની ઉત્કટતા અથવા તેનો અભાવ વ્યક્ત કરવાની યુક્તિઓ શોધી. આ રીતે વાક્યોનું પૃથક્કરણ શબ્દો દ્વારા થવા લાગ્યું. એમાંથી ભાષાનો વિકાસ જોરથી વધ્યો.

વિચાર-વિનિમયની આવશ્યકતા વધી. પૂર્વજો પાસેથી મળેલી મૂડી તમામ સાથીઓ સુધી પહોંચાડવી અને હવે પછી આવનાર પેઢીઓ માટે અનુભવનો સંગ્રહ એકત્ર કરી રાખવો, એ બધું ભાષાના વિકાસમાં આવી ગયું. આ જાતનો વિકાસ બધા દેશોમાં, બધા સમાજોમાં અને બધી સંસ્કૃતિઓમાં પેઢી દર પેઢી થતો આવ્યો છે. અને એ પ્રવૃત્તિ કોઈ કાળે ઘટી નથી; વધતી જ જાય છે.

ભાષાનું સ્વરૂપ અને ભાષાનું ઘડતર સમજવાની દૃષ્ટિએ નાનપણમાં થોડુંક વ્યાકરણ શીખ્યો એ સારું થયું. ત્યારથી હું માનું છું કે 'વ્યાકરણ' એ સમજાવવાનો વિષય છે. ઉત્તમ રીતે સમજાવાય તો એની પરીક્ષા લેવાની તરખટમાં પડવું ન જોઈએ. આજે પ્રાથમિક શિક્ષકો (અને બધા જ શિક્ષકો) વ્યાકરણ શીખે છે, શીખવે છે પણ એમાં રસ ધરાવતા નથી. એટલે વ્યાખ્યાઓ મોઢે કરવી અને પ્રશ્નનો બરાબર જવાબ આપવો એને જ મહત્ત્વ આપે છે. ખેર.

મરાઠી ભાષા અને વ્યાકરણના થોડા પરિચય પછી હું સંસ્કૃત શ્લોકો શીખ્યો. ત્યાર પછી નાની ઉમરે અંગ્રેજી પણ શીખવું પડ્યું. એ ભાષાનો બોજો અકાળે અને કૃત્રિમ રીતે માથે આવ્યો એમ મને લાગે છે. એમ ન થવું જોઈએ એમ હું માનું છું. અને છતાં અંગ્રેજી ભાષાને કારણે એક વિદેશી ભાષા શીખવી પડી એ સરવાળે લાભ જ હતો એમ પણ હું માનું છું. એની લિપિ અલગ તથા અણઘડ; અને ઉચ્ચારણ વિચિત્ર. એ તો મને તે વખતે પણ એ ભાષાના 'પછાતપણાનું લક્ષણ' લાગતું. પણ અંગ્રેજી ભાષાનું વ્યાકરણ મને ખૂબ ગમ્યું. અંગ્રેજીમાં લખતાં શીખવાનો આગ્રહ મને અણગમતો ન હતો. સંસ્કૃતમાં લખવાનો આગ્રહ કેળવણીમાં નામમાત્ર હતો. છતાં મને એ પ્રયત્ન પણ ગમતો. પણ આ બધું સ્વભાષામાં લખવાની પ્રવૃત્તિ માટે પૂર્વતૈયારી જેવું હતું. અનુવાદનું તો ઠીક પણ સ્વતંત્ર રીતે વિચારો ઘડી અસરકારક શબ્દોમાં ગોઠવવા એ મને ખૂબ જ ગમતું. નિશાળમાં આને નિબંધલેખન કહેતા.

મને યાદ છે કે શિક્ષકો પ્રથમ દસવીસ મરાઠી વાક્યો લખાવે, ને પછી કહે, આનું અંગ્રેજી કરી લાવો, બીજા વિદ્યાર્થીઓ કરતાં મારામાં ભાષા ઉપર વિશેષ પ્રભુત્વ હતું એમ નહિ, પણ અનુવાદની પ્રવૃત્તિ મને ખૂબ ગમતી. પરિણામે શિક્ષકો જ્યારે મરાઠી વાક્ય લખાવે ત્યારે હું

*પ્રાણીઓ એટલે ફક્ત બધા પશુ અને પક્ષી. કીડા અને મકોડા અવાજ કરતા હોય એમ લાગતું નથી. અને પાણીનાં માછલાં તો ગળામાંથી અવાજ કાઢી શકતાં જ નથી. એમની વાત નોખી.

એ લખી લેવાને બદલે તરત જ મનમાં એનું અંગ્રેજી કરી એ જ લખી નાખતો. બધા વિદ્યાર્થીઓ આમ વીસ મરાઠી વાક્યો લખી કાઢે ત્યારે મારું તો અંગ્રેજી ભાષાંતર જ તૈયાર હોય. ઉતાવળે લખતાં એકાદ શબ્દની ભૂલ થઈ હોય અથવા કોઈ બીજો સારો શબ્દ સૂઝે એ શબ્દ ફેરવી મારું ભાષાંતર શિક્ષકને બતાવું. શિક્ષક ને વિદ્યાર્થીઓ બંને ચકિત થતા. શિક્ષક પૂછે 'પણ મરાઠી ક્યાં છે!' હું કહું : 'એની જરૂર શી?' મારી પ્રતિષ્ઠા વધી.

આના પછી હાઈસ્કૂલમાં નિબંધ-લેખન કર્યા બાદ જ્યારે કૉલેજમાં ગયો ત્યારે ભાષા, વિચાર અને સાહિત્યમાં મને અનોખો રસ પડવા લાગ્યો અને મારી આગળ ભાષાના અનેક નમૂના હોવાથી એમાંથી કઈ શૈલી સારી એનું ચિંતન કરવું પડ્યું.

એ જમાનામાં અંગ્રેજીમાં વાંચવું-લખવું એને જ મહત્ત્વ હતું. પણ એની વાત મારે અહીં કરવી નથી. હું તો વિચાર-પ્રચાર, જ્ઞાનનું ચિંતન અને સંસ્કૃતિનું ઘડતર એ દૃષ્ટિએ જ મરાઠીમાં નિબંધ લખવા લાગ્યો, તે વખતની શૈલીનો થોડો ઉલ્લેખ અહીં કરવા માગું છું.

મરાઠીમાં વચ્ચે અંગ્રેજી શબ્દ વાપરવા એ તો મને નામોશી જેવું લાગતું. સ્ટેશન જેવો શબ્દ મરાઠીમાં લેવામાં મને વાંધો ન હતો. એને માટે યોજતા કૃત્રિમ શબ્દો ટકવાના નથી એ પણ હું જાણતો હતો. જો કે વિનોદ તરીકે કૃત્રિમ શબ્દો ઉપજાવવામાં મને રસ પડતો. એમાંથી કોઈ સારો શબ્દ સમાજ લે અને એ ચાલવા માંડે તો મને વિજયાનંદ થતો છતાં અમુક શબ્દો અંગ્રેજીમાંથી લેવાય તો પણ સરવાળે મરાઠી જ રહેવી જોઈએ, એની પાસે પોતાના પારિભાષિક શબ્દો હોવા જ જોઈએ, એ વિષે મારો આગ્રહ કાયમ હતો.

અંગ્રેજી ઢંગની વાક્યરચના સામે તો મને સખત અણગમો હતો; અને છતાં અંગ્રેજી ઢબે વિચાર કરવાની અને વિવેચન ગોઠવવાની ટેવ પડી હતી એનો મને વસવસો ન રહેતો. મારી આગળ મુખ્ય સવાલ એ હતો કે મરાઠી ભાષા પ્રૌઢ અને સમર્થ શૈલીમાં લખવી હોય તો એમાં સંસ્કૃત શબ્દો આણવા જોઈએ. સંસ્કૃતમાં ગૂઢમાં ગૂઢ વિચાર પણ વ્યક્ત કરવાની ઉત્તમ શક્તિ અને પ્રૌઢી છે એ હું જાણતો હતો. મરાઠીના કેટલાક સારાસારા લેખકો સંસ્કૃતપ્રચુર શૈલી વાપરતા તે મને ગમતી. તે વખતે મોઢે કરેલી એક આર્યા મને હજી યાદ છે. એમાં શિખામણ હતી, બોલવાની ભાષા વિષે; છતાં નિબંધ-લેખનમાં પણ એ જ શૈલી મને સારી લાગતી.

> बह्वर्थ, जन-मनोहर, अल्पाक्षर, मधुर, सत्य बोलावें।
> ज्या सद्-वाक्य श्रवणें श्रोत्यांचें चित्त (शिर हि) डोलावें॥

જેને સંસ્કૃત આવડે અને ખાસ કરીને સંસ્કૃતની મદદથી સારાસારા મીઠામીઠા સામાજિક શબ્દો બનાવતાં આવડે તેની મરાઠી શૈલી, ઉપરની આર્યાના આદર્શો પ્રમાણે, રસિકમાન્ય થવાની જ.

આ જાતની શૈલી કેળવવાનો પ્રયત્ન કર્યા પછી એક વિચારે મનમાં તોફાન શરૂ કર્યું. 'હું લખું છું તે શું મારા જેવા જ સંસ્કૃત અને અંગ્રેજી જાણનારા સુશિક્ષિત અને સંસ્કાર-રસિક લોકોને માટે લખું છું? અને એમનામાં જ પ્રતિષ્ઠા મેળવવા માગું છું? કે જેમની કરોડોની સંખ્યા છે, જેમના પરિશ્રમથી હું જીવું છું અને સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન મેળવી બેઠો છું, અને ખાસ કરીને જેમના ઝનૂન વગર આઝાદી મળવાની નથી તે સામાન્ય જનતાને અદ્યતન પૌષ્ટિક વિચાર ખવડાવવા માટે લખું છું?' વિદેશી રાજ્ય તળે જીવીએ છીએ. એમની પ્રતિષ્ઠા તળે દબાએલા રહીએ છીએ, તેઓ આપણને ચૂસે, અપમાનિત કરે તો તે યોગ્ય જ છે એમ માની નભાવી લેવું એ જ્યારે અસહ્ય થવા લાગ્યું ત્યારે મારા બધા આદર્શો મારે બદલવા પડ્યા અને સંકલ્પ થયો કે મરાઠીમાં લખું તો મહારાષ્ટ્રની સામાન્ય જનતા સમજી શકે એવું જ મારે લખવું જોઈએ. એ તો મન સાથે નક્કી થયું, પણ જનતા કેવળ 'સમજે' એટલું જ શા કામનું? મારું લખાણ વાંચીને જનતામાં નવો પ્રાણ પ્રકટે ને તે પરાક્રમ કરવા તૈયાર થઈ જાય એ જાતની પ્રભાવશાળી શૈલી મારે લખવી જોઈએ. એ નિર્ણય પર હું આવ્યો.

એ નિર્ણય સાથે હું તપાસ કરવા લાગ્યો કે જનતા પાસે પોતાની ભાષાની મૂડી કેટલી છે? અને કઈ જાતની છે? મેં જોયું મહારાષ્ટ્રની જનતાએ મહારાષ્ટ્રનો ઇતિહાસ પણ હજી બરાબર જોયો નથી. છતાં અમુક ઇતિહાસ મનમાં પરંપરા દ્વારા જીવતો છે. અને એ ઇતિહાસ અમુક આચરણ પ્રેરે પણ છે. એ ઇતિહાસમાંની અને પોતાની જાતિના અભિમાનમાંની દરેક માણસે અમુક ટેકો કેળવેલી હોય છે. અમારાથી અમુક કામ ન જ થઈ શકે, અમુક આચરણ કર્યે જ છૂટકો, એ અમારી ટેક છે એમ લોકોને બોલતા સાંભળી મને થતું કે આ મૂડીનો ઉપયોગ કરવા જેવો છે. વળી જનતાના જીવનમાં ઊતરી ગએલી બીજી સંસ્કૃતિ તે સંતસંસ્કૃતિ. શાસ્ત્રી પંડિતો અને ધર્માચાર્યો વર્ણાશ્રમની વાતો કરી એક સંસ્કૃતિને ટેકો આપે છે. જ્યારે વિવિધ જાતિમાંથી પેદા થએલા સંતો બીજી જાતની સંસ્કૃતિના હિમાયતી છે. એ બે વચ્ચે અંદરનો વિરોધ ગમે તેટલો હોય, એ બે મળીને સરવાળે આપણી પરંપરાગત મૂડી બને છે. એ ખોઈ નાખીશું તો આપણે સંસ્કૃતિદરિદ્રી થઈશું. એ નિર્ણય ઉપર પણ હું આવ્યો. અને આપણા સમાજની સામાજિક નબળાઈ બરાબર જાણતો હોવાથી સંસાર-સુધારો અને રાજકીય સ્વાતંત્ર્ય એ જ આદર્શો લઈને મેં જનતા માટે લખવાનું શરૂ કર્યું.

એમાં સંતોની ભાષામાં સંસ્કૃત શબ્દો આવતા પણ તે મોટે ભાગે ધર્મપરિભાષાના શબ્દો હતા; એમની સાહિત્યિક શૈલી સંસ્કૃત પ્રભાવિત ન હતી; પણ જનતાની રોજના વ્યવહારની જ ભાષા તેઓ પસંદ કરતા હતા; એ બધું જોઈ મેં મન સાથે નક્કી કર્યું કે સંસ્કૃતના શબ્દો લોકસુલભ હોય તો તે જરૂર વાપરવા; પણ સંસ્કૃતપ્રચુર શૈલી ગમે તેટલી પ્યારી અને આદરણીય હોય તો પણ તેનો આગ્રહ છોડી દેવો.

ઉચ્ચ શિક્ષણના કૉલેજના દિવસોમાં જે વિચારો બંધાયા તે આજની ઢબે મનોમંથનમાં આપી દેવા એ મૂળ વિચાર. પણ ત્યાર પછીનું ચિંતન અને એની દલીલોમાં ઊતર્યા વગર આજની મારી ભૂમિકા શી છે એ પણ મનોમંથનમાં ટૂંકાણમાં આપવું જોઈએ એમ મને લાગે છે. તેથી આજકાલ હું કહું છું કે જૂની ભાષામાં આપણી ધર્મપરંપરા, આપણો ઇતિહાસ અને આપણી સાર્વભૌમ લાગણીઓ છે; એની પાછળ ભૂતકાળની સમૃદ્ધિ છે. એના પ્રત્યે આપણને મૂડીની ભાવના કેળવીએ, પણ એને ગુરુસ્થાને ન રાખીએ. ધર્મગ્રંથો, ધર્માચાર્યો, સંતો ને મહાત્માઓ એ સૌ પ્રત્યે આદર રાખીએ, પણ પોતાની સ્વતંત્ર બુદ્ધિ મારી નાખવા જેટલા એમના આંધળા દાસ ન થઈએ. પૂર્વજો સર્વજ્ઞ હતા. એમની વાતો તો બ્રહ્મવાક્ય ન માનીએ તો અધઃપાત થાય, એ જાતની લાગણીનો હું વિરોધ કરું છું. જૂની મૂડીમાંથી આજે જે પોષક હોય તે જ સ્વીકારવું. એને આજની સ્થિતિને અનુકૂળ રૂપ આપવું ને ભૂતકાળની કલ્પનામાં પણ ન હોય એવો સમર્થ ભવિષ્યકાળ રચવાની હામ ભીડવી, એ જાતનો નિર્ણય થયો હોવાથી એની અસર મારી શૈલી પર પણ પડવા લાગી છે. □

હરિ: ૐ આશ્રમ તરફનું
જાન્યુઆરી અંક માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'દાસુ ઘોત્રે'ના લેખક
શ્રી વિજયગુપ્ત મૌર્યને આપવામાં આવ્યું છે

કલાવાર્તા

ભાવનગરનું કલામંડળ
'આકાર'

ગુજરાતમાં ચિત્રકળાના ક્ષેત્રે સૌરાષ્ટ્રનાં ભાવનગરની દેણગી ઘણી ઉજ્જ્વળ રહી છે એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ નહિ ગણાય. ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળ આ નગરમાંથી પ્રારંભિક કલાદીક્ષા પામ્યા હતા. સર્વશ્રી માર્કન્ડ ભટ્ટ, વિનાયક પંડ્યા, જગુભાઈ શાહ, જ્યોતિ ભટ્ટ વગેરે આજના ઘણા નામી ગુજરાતી કલાકારોને આ નગરમાંથી જ કલાની પ્રાથમિક પ્રેરણા ને લગની મળી હતી. અહીંના દક્ષિણામૂર્તિ ભવનમાંથી શ્રી સોમાલાલ શાહે, ઘરશાળામાંથી શ્રી જગુભાઈ શાહે, ને 'સપ્તકલા' દ્વારા સ્વ. શ્રી જગદીપભાઈ વીરાણીએ કલાના અનેક વિદ્યાર્થીઓ તૈયાર કર્યા, જેમણે આગળ જતાં દેશભરમાં અને પરદેશમાં પણ કલાક્ષેત્રે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, ને હજી ઘણા નવા કલાકારો એવી જ ઉજ્જ્વળ સાધના કરી રહ્યા છે.

પણ સમગ્ર ભાવનગરના પીઢ અને નવોદિત ચિત્રકારો એક જૂથમાં મળે, અરસપરસ સંપર્ક વધારી એકબીજાની કલારીતિ અને વિવિધ કલાપ્રવાહો વિષે મુક્તપણે વિચારવિનિમય કરે તો વધુ સુંદર અને વધુ વ્યવસ્થિતપણે કલાસર્જન થઈ શકે એવી શ્રી રવિશંકર રાવળની એક સદ્‌ભાવનાથી પ્રેરાઈ ભાવનગરમાં ઈ. સ. ૧૯૬૪માં 'આકાર' નામે કલામંડળ સ્થપાયું. શ્રી રાવળ તથા મહારાજા શ્રી વીરભદ્રસિંહજી ગોહિલની આર્થિક સહાયથી તેને દૃઢતા પ્રાપ્ત થઈ અને વિકાસની મોકળાશ વધતાં ૧૯૬૬માં તો આ મંડળના ચિત્રકારોએ ત્યાં પહેલું વાર્ષિક પ્રદર્શન પણ યોજ્યું. ૧૯૭૦માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ પણ એક રજિસ્ટર્ડ કલાસંસ્થા તરીકે એને માન્યતા આપી.

આજે નિજી રીતે ચિત્રકામ ને સાધના કરતા ભાવનગરના જે કલાકારો આ મંડળ સાથે જોડાએલા છે એમની કલાનો આસ્વાદ આ સાથે આપ્યો છે. □


નીચે ડાબી બાજુ : બુદ્ધ જીવનદર્શન • ચિત્રકાર કુમારશ્રી મંગલસિંહજી (લાઠી). તેઓ ઉચ્ચ કક્ષાના પ્રતિભાસંપન્ન કલાકાર છે. પરદેશમાં તેમણે ચિત્રકલાની તાલીમ લીધી છે અને જૂનાં કિંમતી ચિત્રોની વૈજ્ઞાનિક મરામતમાં પણ તેઓ નિષ્ણાત છે. વળી દિલ્હીની અશોક હોટેલમાં વિશાળ ભીંતચિત્ર તથા રાષ્ટ્રપતિ ભવનના સૌરાષ્ટ્ર હૉલની શોભન-સજાવટ એમણે કરી છે. જામનગરની આયુર્વેદ કૉલેજના હૉલમાં પણ એમણે કરેલું ભીંતચિત્ર જાણીતું છે. ગુજરાતનાં પોથીચિત્રોની લોકશૈલી જેવી નિજી શૈલી ઘડી એમણે લોકજીવન અને પૌરાણિક કથાઓનાં અનેક સુંદર ચિત્રો કર્યાં છે. (જમણી બાજુ) મહિયારાં • ખોડીદાસ પરમાર. લોકશૈલીના ભરત, મોતીપરોણું ને ભીંતચિત્રોની પરંપરા પરથી સર્જેલી શૈલીનાં ચિત્રો કરતા આ કલાકારથી વાચકો પરિચિત છે. ગાંધી શતાબ્દી પ્રસંગે દિલ્હીના ગાંધીમંડપમાં એમણે લોકજીવનનાં સુંદર ચિત્રો કરેલાં. 'સૌરાષ્ટ્રનું લોકભરત' નામે એક પુસ્તક પ્રકટ કર્યા બાદ હાલ 'સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં પ્રતિબિંબિત લોકકળાઓ' એ વિષય પર એક મહાનિબંધ લખી રહ્યા છે. ભાવનગરની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં તેઓ ગુજરાતીના વ્યાખ્યાતા છે.







એકલવ્ય · રાજકુમારી રોહિણીદેવી. આશાસ્પદ ઊગતાં ચિત્રકાર. એમના ચિત્રવિષયોમાં, રંગ અને રજૂઆતનો પ્રશસ્ય પ્રયત્ન જોવા મળે છે.



એક દશ્ય · સુરેશ શેઠ. વડોદરા ફાઈન આર્ટ્સ કૉલેજમાં એમ.એ. થયા પછી હાલ પીએચ.ડી. કરેછે. રંગની મીઠાશભર્યાં એમનાં 'પેપર કટ્સ'-માં તથા તૈલરંગનાં દશ્યચિત્રોમાં રંગલીલાનું ભાતીગળ પોત વ્યક્ત થાય છે. હાલ તેઓ બી. એડ. કૉલેજમાં પાર્ટ ટાઈમ લેક્ચરર તરીકે સેવા આપી રહ્યા છે.



સ્વરમુગ્ધ · કનુભાઈ મજીઠિયા. એમનાં ચિત્રોમાં રંગ અને રેખાની મધુરતા ઘણી સુંદર હોય છે. ચિત્ર ઉપરાંત તેઓ સંગીત અને અન્ય કલા-કૌશલના પણ કુશળ શિક્ષક છે.




તુલસીવિવાહ · વનરાજ માળી. ટેમ્પેરામાંલોકજીવનનાં ચિત્રો કરવા પર સુંદર હથોટી ધરાવતા આ ચિત્રકારે, પ્રયોગશીલ હોઈ અવનવાં માધ્યમ અને પોતરચનાના સુંદર પ્રયોગો કરવા સાથે વ્યાવસાયિક ચિત્રકામમાં પણ સારી સિદ્ધિ મેળવી છે.



સેલાની નૃત્ય · ડાહ્યાભાઈ અજવાળિયા. શોભન-શૈલી પર ફાવટવાળા આ ચિત્રકાર છબિચિત્રો-ના આલેખન પર પણ સારી હથોટી ધરાવે છે.



રતન ફઈ · હરિભાઈ ઠક્કર. છબિચિત્રણમાં રસ ધરાવવા સાથે તેઓ દશ્યચિત્રોના હૂબહૂ આલેખનના ચાહક છે.



કડિયારાં · મનહર સોલંકી. ગાંધી સ્મૃતિ ભાવનગરના આ મુખ્ય કલાકાર શિલ્પી હોવા ઉપરાંત સુંદર ચિત્રો પણ કરતા રહે છે.



એકલવ્ય · રાજકુમારી રોહિણીદેવી. આશાસ્પદ ઊગતાં ચિત્રકાર. એમના ચિત્રવિષયોમાં, રંગ અને રજૂઆતનો પ્રશસ્ય પ્રયત્ન જોવા મળે છે.



એક દૃશ્ય · સુરેશ શેઠ. વડોદરા ફાઈન આર્ટસ કૉલેજમાં એમ.એ. થયા પછી હાલ પીએચ.ડી. કરે છે. રંગની મીઠાશભર્યાં એમનાં 'પેપર કટ્સ'-માં તથા તૈલરંગનાં દૃશ્યચિત્રોમાં રંગલીલાનું ભાતીગળ પોત વ્યક્ત થાય છે. હાલ તેઓ બી. એડ. કૉલેજમાં પાર્ટ ટાઈમ લેક્ચરર તરીકે સેવા આપી રહ્યા છે.



સ્વરમુગ્ધ · કનુભાઈ મઢહિયા. એમનાં ચિત્રોમાં રંગ અને રેખાની મધુરતા ઘણી સુંદર હોય છે. ચિત્ર ઉપરાંત તેઓ સંગીત અને અન્ય કલા-કૌશલના પણ કુશળ શિક્ષક છે.



તુલસીવિવાહ · વનરાજ માળી. ટેમ્પેરામાં લોકજીવનનાં ચિત્રો કરવા પર સુંદર હથોટી ધરાવતા આ ચિત્રકારે, પ્રયોગશીલ હોઈ અવનવાં માધ્યમ અને પોતરચનાના સુંદર પ્રયોગો કરવા સાથે વ્યાવસાયિક ચિત્રકામમાં પણ સારી સિદ્ધિ મેળવી છે.



સેલાની નૃત્ય · ડાહ્યાભાઈ અજવાળિયા. શોભન-શૈલી પર ફાવટવાળા આ ચિત્રકાર છબિચિત્રોના આલેખન પર પણ સારી હથોટી ધરાવે છે.



રતન ફઈ · હરિભાઈ ઠક્કર. છબિચિત્રણમાં રસ ધરાવવા સાથે તેઓ દૃશ્યચિત્રોના હૂબહૂ આલેખનના ચાહક છે.



કઠિયારાં · મનહર સોલંકી. ગાંધીસ્મૃતિ ભાવનગરના આ મુખ્ય કલાકાર શિલ્પી હોવા ઉપરાંત સુંદર ચિત્રો પણ કરતા રહે છે.


વિરામ · ભાસ્કરભાઈ ભટ્ટ. અવનવાં માધ્યમમાં સુંદર પ્રયોગો કરતા આ સ[illegible] કલાકારની કૃતિઓમાં રંગ, રચના અને પોતનું સુંદર સામંજસ્ય જોવા મળે છે. હાલ તેઓ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં કલા-શિક્ષક છે. (જમણી બાજુ) શ્રમજીવીઓ · જયંત ત્રિવેદી. ઘરશાળાના આ ચિત્રશિક્ષક આશાસ્પદ કલાકાર છે.

આ અંકના મુખચિત્ર સાથે તથા તેની પાછળ જેમની કૃતિઓ સમાવી છે તેમાં રમેશ રાઠોડની રચનામાં રૂપ રંગ અને રજૂઆત આગવાં જ છે. ગુલાબબહેન શાહ શોભન શૈલીમાં સુંદર ચિત્રો આલેખે છે. વિનોદ અભાણી પણ પોતાની આગવી રીતે અવનવાં સંયોજનો રજૂ કરે છે તો કોકિલાબેન દવે જુદીજુદી શૈલીમાં ગુજરાતી લોકજીવન અને પૌરાણિક પ્રસંગોનાં સુંદર ચિત્રો કરે છે. ભરત પંડ્યાની આલંકારિક શૈલીમાં રૂપ અને રચના પ્રશસ્ય હોય છે.

આ ઉપરાંત, કુમાશભરી હથોટીથી પંખી, પુષ્પો ને પ્રકૃતિના કલાકાર વીરેન્દ્ર પંડ્યા; ભાવનગર પૉલીટૅકનિકના વ્યાખ્યાતા અને હૃદયની લાગણીઓને ચિત્રોમાં ઉતારવા મથતા ફિલસૂફીના ચાહક ચંદુભાઈ પંડ્યા, સામળદાસ કૉલેજના હિંદીના પ્રાધ્યાપક અને જલરંગ તથા તૈલરંગમાં સુંદર દૃશ્યચિત્રો કરતા પ્રયોગશીલ ડૉ. સુદર્શન મજીઠિયા, દૃશ્યચિત્રો અને છબિચિત્રોમાં રસ ધરાવતા દલસુખભાઈ તથા મિસ્ત્રીભાઈ, સનાતન ધર્મ હાઈસ્કૂલના શિક્ષક અને જલરંગી ચિત્રોમાં રચના ને પાત્રાલેખનમાં આગવા જયમલ્લ પરમાર, કુદરતી દૃશ્યો અને માનવજીવનને ચિત્રમાં ઉતારતાં લીલાબેન પાધ્યે, મધ્યકાલીન રૂપરંગદર્શી કલાશૈલીમાં ચિત્ર કરતાં પ્રમીલાબેન ઝાલા વગેરે પણ 'આકાર'નાં સક્રિય કલાકારો છે. તે સિવાય હર્ષદ રાઠોડ, ભરત માળી, જનાર્દન ભટ્ટ, આસન રાજાઈ, જયકર જોષી વગેરેની કલમ પણ જોર પકડતી જાય છે. આમ, ભાવનગરનું આ કલામંડળ અરસપરસ પ્રેરણા પામી જે કલાપ્રવૃત્તિ વધારી રહ્યું છે જેનું ભાવિ ઊજળું છે.

ખોડીદાસ પરમાર

શતરંજનો ભારતીય પદ્ધતિનો કોયડો નં. ૯



(a) સફેદ ૧૦ ચાલમાં મ્હાત કરે છે.

(b) કાળો ૧૦ ચાલમાં મ્હાત કરે છે. વધુ શરતો નીચે લખાણમાં છે.

અહીં સફેદનાં પ્યાદાં જે રીતે ગોઠવાયાં છે તેવી સ્થિતિ રમતમાં આવવી શક્ય જ નથી એટલે આજના નિયમો પ્રમાણે શતરંજના કોયડામાં આવી સ્થિતિ મૂકી શકાય નહિ. સફેદની QR પંક્તિ ઉપર ત્રણ પ્યાદાં છે અને QN પંક્તિ ઉપર પણ એક પ્યાદું છે. આ ચાર પ્યાદાં મૂળ QRP, QNP, QBP અને QN હોય તો પણ ઓછામાં ઓછાં કાળાનાં પાંચ મહોરાં મારીને જ આ સ્થિતિમાં આવી શકે. અહીં કાળાનાં તેર મહોરાં તો બોર્ડ ઉપર છે એટલે સફેદનાં પ્યાદાંએ કાળાનાં બહુ બહુ તો ત્રણ મહોરાં માર્યાં હોય. માટે પ્યાદાંની આ રચના અશક્ય જ છે.

આ સિવાય આ કોયડો આજની શૈલી અને નિયમો પ્રમાણે જ છે. આ એક જ સ્થિતિમાં બે કોયડા છે. એકમાં સફેદની પહેલી ચાલ છે અને તે કાળાને દસ ચાલમાં મ્હાત કરે છે. ખાસ શરત એ છે કે સફેદની છેલ્લી ત્રણ ચાલમાં પ્યાદાની શેહ હોવી જોઈએ. બીજા કોયડામાં એ જ સ્થિતિમાં કાળાની ચાલ છે તે પણ દસ ચાલમાં મ્હાત કરે છે. આ વખતે પણ છેલ્લી ત્રણ ચાલમાં પ્યાદાની શેહ આવવી જોઈએ. કોયડાના બંને ભાગનું સામ્ય અહીં પૂરું થાય છે.

આ બેવડા કોયડા (twin-problem)ના બે ભાગના ઉકેલ એકબીજાથી ઘણા જ જુદા પડે છે. અને એથી આનું આકર્ષણ ઘણું વધી જાય છે. આ કોયડા ઘણા મુશ્કેલ છે. પૂરી કોશિષ કરી રહ્યા પછી જ નીચે ઉકેલ જોજો.

(a) 1 P–N8ch, K–R2; 2 N–N5ch., N×N; 3 R–R8ch, K×R, 4 R–N8-ch, K–R2; 5 R–R8ch., K×R; 6 N–N6ch, B×N; 7 Q–N7ch, Q×Qch.

સફેદ સાત ચાલમાં તેના વજીર, બે હાથી ને બે ઘોડાનો ભોગ આપીને એવી પરિસ્થિતિ ઊભી કરી છે કે હવેની ત્રણ ચાલમાં ત્રણ પ્યાદાં કાળાનું એકએક મહોરું મારી શેહ આપે છે અને છેલ્લે મ્હાત પણ કરે છે.

8 P×Qch, K–R2; 9 P×Bch, K–R3; 10 P×N mate.

(b) કાળાનાં પ્યાદાં જે રીતે ગોઠવાયાં છે તે ઉપરથી આ ભાગમાં સફેદ રાજાને કઈ તરફ લઈ જવાનો છે એ તરત સમજાય છે. તેથી એનો ઉકેલ સહેલો છે, પણ છઠ્ઠી ચાલ શોધવી મુશ્કેલ છે. હવે પછી કાળાની ચાલ પહેલી હોવાથી તે પહેલી લખી છે.

1 B–Q4ch, K×P; 2 N–Q6ch; 3 N–K3ch, K–K3; 4 N×P dis ch, K–Q2; 5 Q–B7ch; K–K1; 6 R–R8ch!! B–B1; 7 N–Q6ch, K–B1.

હવે ત્રણ ચાલમાં પ્યાદાથી જ શેહ આપીને મ્હાત કરવાની સ્થિતિ આવી ગઈ છે. કાળાએ એક પણ મહોરાનો ભોગ આપ્યો નથી.

8 P–N7ch, K–N1; 9 P–B7ch, K–R2; 10 P–N6 mate.

સુરેશ મોદી

સાહિત્યસંપર્ક

દૂરના એ સૂર

લલિત નિબંધોની આપણે ત્યાં ખોટ વર્તાયા કરી છે તેને પૂરવામાં શ્રી દિગીશ મહેતાનો આ નિબંધસંગ્રહ* એક મહત્ત્વના પ્રયાસરૂપ છે. તેનાં ૧૦૮ પૃષ્ઠોમાંનાં કુલ ૧૪ નિબંધોમાંથી પ્રથમ ૧૨ નિબંધો આ પ્રયાસની પ્રતીતિ કરાવી આપે છે. 'દૂરના એ સૂર...'થી 'પાવડિયાં' સુધીમાં ક્યારેક 'સ્વ'ને ભેળવીને તો ક્યારેક 'સ્વ'ને ટાળીને એમણે લલિત સૃષ્ટિ ઊભી કરી છે. કોઈ ઘટના હોય, સ્થળ હોય કે પાત્ર હોય, એ સહુને નિબંધકારે આરપાર જોયો છે, જોઇને એવી રીતે ગૂંથ્યાં છે કે અનુભૂતિનું, અર્થનું એક આગવું, એકત્વવાળું અને અભિનવ ક્ષેત્ર નિર્માણ થાય છે. આ નિર્મિતમાં જ લેખકની સર્જન-શક્તિનો ક્યાસ નીકળી રહે છે. અતીતની સ્મૃતિને ઢંઢોળીને એમણે વર્તમાનમાં વણી લીધી છે અને ભાવિને રસસભર કરવામાં કામે લગાડી છે.

પ્રત્યેક નિબંધમાં લેખકની બહુશ્રુતતા વરતાઈ આવે છે. પાશ્ચાત્ય અને પૌરસ્ત્ય વાચનના અણસારા અવારનવાર આવ્યા કરે છે. એમની બહુશ્રુતતા ક્યારેક સામાન્ય વાચકને રસાનંદ લેવામાં અને એ સંદર્ભનો મર્મ પામવામાં બાધા પણ ઊભી કરે છે. 'ઘર' નિબંધમાં નવા મકાનની અકળામણ દાદાજીના જૂના મકાનનું ચુંબકતત્વ પ્રતીત કરાવે તે વાતને એમણે, ડી. એચ. લૉરેન્સના હાથમાં, આંગળીઓ વચ્ચે રહી ગએલી સિગારેટની આછી ધૂમ્રસેર આમ જ અકળાવી ગઈ હતી ને?' જેવા સંદર્ભથી રજૂ કરી છે તે સહુને કઈ રીતે આસ્વાદ્ય બની શકે?

નિબંધસંગ્રહના અનેક ગદ્યાંશો કવિત્વથી ઝળાંહળાં છે. 'પાવડિયાં' નામક નિબંધ એની અનુભૂતિ કરાવી જાય છે. પાત્રના, પ્રસંગના કે સ્થળકાળનાં વર્ણનોમાં પણ અવારનવાર કવિત્વમયતા દેખાય છે. એમનાં રેખાચિત્રો સુરેખ, સંક્ષિપ્ત ને સચોટ છે. 'પુલ'માં આવતું ઘોડાગાડીવાળાનું રેખાચિત્ર તો 'પ્રવાહ'માં ઊછળતા પ્રવાહનું ચિત્ર, 'લોક'માં આરંભનું વર્ણન, વગેરે આનાં ઉદાહરણો છે. નર્મમર્મ પણ વારંવાર ઝળકયા કરે છે. કટાક્ષોની માત્રા પણ એવી જ તીવ્ર: ક્યારેક પોતાના પર તો ક્યારેક પારકા પર, ક્યારેક ભૂતકાળ પર તો ક્યારેક વર્તમાન પર, ક્યારેક સમાજ પર તો ક્યારેક રાજ્ય પર, ક્યારેક વ્યક્તિ પર તો ક્યારેક સમૂહપર!

વિચારોર્મિ પ્રમાણે એમણે ગદ્યને પણ લડાવ્યું છે: ક્યારેક ટૂંકાં તો ક્યારેક પ્રલંબ વાક્યોથી, ક્યારેક વિશેષણો તો ક્યારેક ક્રિયાપદોની હારમાળાથી. સમુચિત અલંકારો અને પ્રાચીન-અર્વાચીન શબ્દપ્રયોગો દ્વારા શૈલી પણ પોતદાર બની છે. આ બધાંની પાછળ એમની સૂક્ષ્મ અવલોકનશક્તિ, તીવ્ર સંવેદનશક્તિ ને ઊંડી વિચારશક્તિનાં દર્શન થાય છે. 'દૂરના એ સૂર', 'પુલ', 'દિવસને છેડે', 'પાવડિયાં' આદિ નિબંધો ખૂબ જ ચિત્તાકર્ષક બન્યા છે. 'પાંચ સાંજ' તો કાવ્યત્વથી ભર્યોભર્યો નિબંધ છે. 'ચાલો સુધારીએ' અને 'નિબંધ અને હું' એ બે નિબંધો તે પૂર્વેના બારથી જુદા પડી જાય છે. તેના વિષય અને નિરૂપણ બંનેની દૃષ્ટિએ, અને એમ લાગ્યા વગર રહેતું નથી કે એ બંનેને અહીં ન લીધા હોત તો સારું થાત. સમગ્રતયા આ સંગ્રહ સંનંક હોઈ લેખક પાસેથી આવા જ અન્ય નિબં ની અપેક્ષા જગાડી જાય છે.

કાજુ પિસ્તાં બદામ: સુશીલાબેન ઝવેરીનાં ૧૯ બાલગીતોનો આ પ્રથમ સંગ્રહ બાલસાહિત્યમાં સારો ઉમેરો કરે છે. નૈસર્ગિક પ્રેરણાના પરિણામ રૂપ આ કાવ્યો ભાષા, શૈલી, ભાવ, વગેરેની બાબતમાં બાળકોને જરૂર જચી જાય તેવાં છે. સુગેય લય પણ બાલભોગ્ય બન્યો છે. 'મહેમાની', 'ડાલાનાં રમકડાં', 'ઘડિયાળ', 'નકલી ઘોડો', 'વરસની આગગાડી' વગેરે સરસ ને સફળ કૃતિઓ છે. રમકડાં અને પશુ-પંખીઓને લેખિકાએ બાલચિત્તને આનંદ આપે એ રીતે અહીં રજૂ કર્યા છે. બાળકોને ગમે તેવો સચિત્ર સંગ્રહ. પ્રકાશક: પ્રેરણા પ્રકાશન, ૧૪૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, કાચું પૂઠું; પૃ. ૨૦, કિં. રૂ. ૧-૩૦. —ધીરુ પરીખ

દ્વાદશ જ્યોતિર્લિંગ વિષે પુરાણોક્ત માહિતીથી સભર શ્રમપૂર્વક કરેલું સંકલન. કર્તા નારાયણ પુ. સુખડિયા, પ્રકાશક એન. પી. સુખડિયા, ગુંદીવાદ, વિસનગર; પૃ. ૧૩૮, કાચું પૂઠું, રૂ. ૩-૮૦.

*પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરસ્તો, અમદાવાદ-૧. કાચું પૂઠું, કિં. રૂ. ૨-૬૦.

શબ્દકથા: અશ્લીલ · લજ્જા

સંસ્કૃતમાં પણ કેટલાક શબ્દોનું પ્રચલિત સ્વરૂપ એવું છે કે તેના ઉપરથી તેમનું મૂળ પકડી શકાતું નથી. પણ ફેરફારનો અમુક નિયમ ધ્યાનમાં આવતાં તે શબ્દો પારદર્શક બની જાય છે.

'અશ્લીલ' શબ્દનું મૂળ તેના એ સ્વરૂપ ઉપરથી સ્પષ્ટ થાય તેમ નથી. પણ જ્યારે આપણે જાણીએ કે એ શબ્દમાં મૂળના 'ર'કારનો 'લ'કાર થએલો છે, અને મૂળ રૂપ 'અશ્રીર' છે. ત્યારે આપણને સમજાય કે 'જે શ્રી વાળું નહિ, જે શ્રીહીન કે અશોભનીય તે અ-શ્રી-ર—અશ્લીલ.' આવો તેનો યૌગિક અર્થ છે અને તેમાંથી તેની પ્રચલિત અર્થચ્છાયા વિકસી છે.

'છલ' એટલે કપટ, દગો, છેતરપિંડી. આમાં પણ મૂળના દકારનો લકાર થયો છે એમ જાણીએ એટલે 'છદ્ =સંતાડવું,' 'છદ્મન્=કપટ' વગેરેની સાથે 'છલ' શબ્દ સંકળાઈ જાય.

આ જ રીતે 'આલાનસ્તંભ' (=હાથીને બાંધવાનો થાંભલો) એ મૂળે તો 'આદાનસ્તંભ' છે. (સરખાવો 'સંદાન=બાંધવું'); અને 'લઘુ' (=ચપળ) અને 'રઘુ' એક જ છે! વધુ આશ્ચર્ય તો એ જાણીને થશે કે 'લજ્જ' (=લાજવું) એ બીજું કશું નથી પણ 'રજ્ય' (રંગાવું, શરમથી લાલ થવું) એનું જ બીજું સ્વરૂપ છે. વૈદિક 'હ્રદ્=ટાઢક થવી,' 'તાજા થવું' તેના ઉપરથી એક તરફ 'હ્રદ' = 'ધરો', તો બીજી તરફ 'આહ્લાદ' (=આનંદ), 'પ્રહ્લાદ' વગેરે શબ્દો બન્યા છે.

'દ'કારનો 'લ'કાર થવાના ફેરફારને આધારે કેટલાક પ્રાકૃત અને અર્વાચીન શબ્દોનો પણ યોગ્ય ખુલાસો આપી શકાય છે. 'પલેવણું' એટલે 'આગ'. પણ આના મૂળમાં તો 'પ્રદીપન' છે. તે ઉપરથી પ્રાકૃતમાં 'પલીવણ' અને ગુજરાતી 'પલેવણ, પલેવણું.'

'અલ્પના' બંગાળીમાંથી આવેલો, પણ દેખાવે સંસ્કૃત લાગતો શબ્દ છે. પરંતુ ખરું જોતાં તે સંસ્કૃત નથી. મૂળમાં સંસ્કૃત 'આદીપન' છે, તે ઉપરથી પ્રાકૃતમાં સ્ત્રીલિંગ 'આલિપ્પણા' અને પછી 'આલપના', 'અલ્પના'. 'આદીપન' એટલે રંગોળી જેવી ભાતોથી કરાતું સુશોભન—આંગણું વગેરે 'દીપે' તેમ કરવું તે; તેમ 'કરવાનું સાધન.' એ જ રીતે સંસ્કૃત 'અતસી', પ્રાકૃતમાં 'અદસી' દ્વારા 'અલસી' બન્યું છે, અને આપણને 'અળસી' શબ્દ મળ્યો છે.

પ્રાચીન પ્રતિષ્ઠાન (હાલના પૈઠણ) નગરના વિખ્યાત રાજા સાતવાહનનું 'શાલિવાહન' એવું નામ વધુ જાણીતું છે, અને કવિ તરીકે તેનું નામ 'હાલ' વધુ પ્રચલિત હતું. આમાં પણ 'સાત'નું 'સાદ' અને પછી 'સાલ' કે 'હાલ' થએલું છે.

છેલ્લે 'દ'કારનો 'ડ'કાર અને તેનો 'લ'કાર કે 'ળ'કાર થવાનો દાખલો. આપણા સંખ્યાવાચક 'સોળ' શબ્દમાં 'સો'ના મૂળમાં 'ષટ્' છે, અને બાકીનો 'ળ'એ મૂળના 'દશન્'નો પ્રતિનિધિ છે. 'ષટ્+દશન્' ઉપરથી 'ષોડશન્'—તેના ઉપરથી 'સોલસ, સોલહ' અને પછી 'સોળ'.

હરિવલ્લભ ભાયાણી

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૯] **કરાવનાર · જલન માતરી**



ડૉ. બટુકરાય પંડયા

ગઝલો, છંદો, હઝલો, ગીતો વગેરેની પ્રીત માણનારા, નાનાં મંડળોમાં કવિતા-વાચન કરવા કરતાં દસેક હજારની મેદનીને કવિતા સંભળાવી જીવને બહેલાવી ['.]નારા, દુનિયાને હસાવવા ખાતર એકાંત રાતે રુદન કરનારા, અતિથિધર્મ બજાવવા માટે જ દરદ અને વેદનાને નિત્ય મહેમાન રાખનારા ડૉ. બટુકરાય હ. પંડયાને છેલ્લાં પંદરેક વરસથી ગુજરાતનો ગઝલપ્રેમી સમાજ એમના નામે જ ઓળખે છે. જન્મ તા. ૬-૧૦-૧૯૧૮ના રોજ ગઢડા (સ્વામીનારાયણ) મુકામે. અમદાવાદમાં ૧૯૪૧માં એલ.સી.પી.એસ.ની પરીક્ષા પસાર કરી ત્યાર પછીથી ભાવનગરમાં પોતાનું ખાનગી દવાખાનું સંભાળે છે. ઉપરાંત એક સાર્વજનિક પ્રસૂતિ-ગૃહમાં પ્રસૂતાઓ તથા બાળકોની માવજત કરે છે.

જેને નાડીની પરખ છે એને ઊર્મિની પરખ કેમ ન હોઈ શકે? માટે જ એમનો ૧૯૫૬થી ૧૯૬૨ સુધીનો સર્જનપ્રવાહ જોરદાર રીતે વહેતો રહ્યો છે. પરિણામે ૧૯૬૧માં 'પંચામૃત' કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે અને આગામી સંગ્રહ 'મધ્યાંતર' પ્રગટ થવાની તૈયારીમાં છે.

સનમનું આંગણું દીઠયાનો સંતોષ માની, બંધ દ્વાર જોઈને દરવાન બનીને ઉભા રહી જવાની ખેવના રાખતા, મીરાં જેવી પ્રીત અને નરસિંહ જેવા કીર્તનને અભાવે ઝેરને અમૃત ન બનાવી શકતા, રોગીઓના રોગનું નિદાન કરવામાં મગ્ન રહી ઊર્મિશીલ ગઝલોનું સર્જન કરતા આ તબીબ-શાયરના શે'રોની મજા માણીએ:

હસાવી છે મેં દુનિયાને, રડયો છું એકલો રાત્રે,
મને જાહેરમાં લીલામ કરવાનું નથી ગમતું.
ખુદા રાખે સલામત આ તરસ મારી, દરદ મારાં,
મને માગી ભીખીને જામ ભરવાનું નથી ગમતું.

પ્રસંગ એક હતો, પણ અલગ હિસાબ હતો,
સવાલ એક હતો, પણ અલગ જવાબ હતો.
તમે તો આયખું સહરાનું રણ ગણ્યું કિંતુ,
અમારે મન તો એ કણ કણ મહીં શરાબ હતો.

મહોબ્બતમાં તમારા નામ પર કુરબાન થઈ જાશું,
સફરમાં કંટકોની વેદનાનું ગાન થઈ જાશું;
તમારું આંગણું દીઠા તણો સંતોષ તો રહેશે,
હશે જો બંધ દ્વારો તો અમે દરવાન થઈ જાશું.

ચાલુ રહ્યું છે ગાન, નજાકત નથી હવે,
મહેફિલમાં પૂર્વની કોઈ રંગત નથી હવે;
માનવંના આ પડાવ, ન રહબર, ન બંદગી!
લાગે છે કાફલો જ સલામત નથી હવે.

ઝેરને અમૃત બનાવી દઉં પરંતુ મુજ કને
પ્રીત મીરાંની નથી, નરસિહનું કીર્તન નથી.

કંચન કથીર કાંઈ પરખતાં ન આવડયું,
નીંદર મહીં કો સ્વપ્ન નીરખતાં ન આવડયું;
અફસોસ એ જ વાતનો મનમાં રહી ગયો,
લાચાર જિંદગીને હરખતાં ન આવડયું.

મેઘલી રાતમાં પ્રીત થઈ જાય છે,
આ કુડો જીવ ભયભીત થઈ જાય છે;
સ્તબ્ધ વાતાવરણ, મૌન મલકી રહ્યું,
બોલતો હું નથી, ગીત થઈ જાય છે.

પૂનમની ચાંદની રાતો રૂપાળી પણ નિહાળી છે,
અમાસે એ જ નભમાં રાત કાળી પણ નિહાળી છે;
ફળીના તેજનો આકાશ તું અફસોસ ના કરજે,
અમે ધરતી ઉપર હોળી દિવાળી પણ નિહાળી છે.

શાયરીની શોધમાં ફરતો રહ્યો,
હું હવાને બાચકા ભરતો રહ્યો,
કોક દી તો આપનાં દર્શન થશે
એ જ આશે સ્વપ્ન સંઘરતો રહ્યો.
આયખાની અંજુમનના ચાર દિન,
કયાંક હસતો, કયાંક કરગરતો રહ્યો.

ખરેખર એ વિંધની ફરતા નાહ તો બીજું શું છે?
પ્રભાતે ખીલતું કો પુષ્પ દષ્ટિપાત ઝંખે છે!
ઢળ્યું સિંદૂર સેંથાનું મિલનવ્યાકુળ રજનીનું,
સૂરજને શી ખબર મળવા અભાગણ રાત ઝંખે છે.

હૃદયમાં દર્દની હસ્તી, નયનમાં જામની મસ્તી,
મને ખુદ ભાન પણ મારું ભૂલાતું જાય છે નિત્યે.
મને પરવશ કરી દીધો, વ્યથા પણ કયાં જઈ કહેવી?
અજાણી ભોમમાં ડગલું ભરાતું જાય છે નિત્યે.
મજલમાં શું થશે? કયારે થશે પૂરી પ્રભુ જાણે,
જીવન તો કામને રંદે ઘસાતું જાય છે નિત્યે.

ગૃહસ્થી છું, કવિ છું ને અતિથિધર્મ છે પ્યારો
દરદ ને વેદનાને નિત્ય હું મહેમાન રાખું છું;
વિચારો આ દિશે, ઓલી દિશે જીવાય છે જીવન,
બનાવી કલ્પના-સેતુ અનુસંધાન રાખું છું.

જરી ઊર્મિ, જરી સ્પંદન, જરી ઝંકાર રગરગના,
મળી છે વેદના-સરગમ દરદની દિલરુબા માટે;
સમયને પૂછજો મારી કથાનો અંત શું આવ્યો,
હજી તો હું લખું છું ખુદ કથા ભૂલી જવા માટે.

આમ તો મોજ છે, ઈશ્વરની મહેરબાની છે,
પ્યાર છે, દર્દ છે, દિલ છે ને રંગબાની છે,
આપની યાદ છે, મસ્તી છે, નવજવાની છે,
હોઠ પર હાસ્ય છે, અંતરમાં ધૂપદાની છે.
આંખડી કેમ નજાકતથી ના હિલોળા લે!
હાજરી આપની છે, પ્યાલીઓ સુરાની છે.

હે જીવ! સાચવીને તું ડગલાં ભર્યે જજે,
સામે જ હાથવેંતમાં એનું મુકામ છે.
નજરોનું નૂર છોને હરાઈ ગયું, અમે
અંતરમાં આવરી લીધી દુનિયા તમામ છે.
મંઝિલનો માર્ગ ઢૂંઢતાં ચરણોને ગમ નથી,
હોઠે છે જામ, સાથમાં ઈશ્વરનું નામ છે.

એ નથી ભૂલ્યો હજી હું આજ પણ
યાદ છે, રંગીન રાતો યાદ છે
જાગરણમાં ચિત્ત છો ભડકે બળે,
સ્વપ્નમાં કીધેલ વાતો યાદ છે.

ટમટમતી જ્યોત દીપની ઓલાઈ પણ જશે,
તોફાન જિંદગીનું સમેટાઇ પણ જશે;
શમણાંની ફૂલમાળ ગૂંથીને જતન કર્યું,
કંઈયે રહ્યો ન ખ્યાલ કે કરમાઈ પણ જશે;
જીવનકથાનો સાર સ્મરણમાં નથી રહ્યો,
પાનું ભૂલી ગયો છું એ ભૂલાઈ પણ જશે.

મહર્ષિ વિનોબા: સંત વિનોબાના જીવનપારસનો એમના થોડાઘણા જીવનપ્રસંગો દ્વારા, એમના જ શબ્દોને વચમાં વણી લઈને જીવનકથાત્મક પરિચય આપવાનો સુંદર પ્રયાસ. આ પ્રસંગોથી વાચક વિનોબાજીના જીવનની ભવ્યતા ખોજવા અભિમુખ થશે. લે૦ અમૃત મોદી, પ્ર. યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાત-પાગા, વડોદરા ૧. કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૧-૫૦.

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ–૨

ખંડેર: ખૂન ને સનસનાટી ભર્યા પ્રસંગોથી સભર આ નવલકથા નવનીત સેવકની પ્રેતસૃષ્ટિ વિષયક બીજી નવલકથા છે. વિસ્મયકારક અને ભયાનક વાતાવરણ આખીયે નવલકથાને છાયી રહ્યું છે. આ સૃષ્ટિમાંથી ઉપાડી વાચકોને એ પ્રેતસૃષ્ટિમાં સફળતાથી લઈ જઈ શકયા છે. પરિણામે જાસૂસી કથા જેવી હોવા છતાં ય પ્રેતસૃષ્ટિના વાતાવરણથી નવીન અનુભૂતિ જગાવી જતી આ નવલકથા આસ્વાદ્ય બની શકી છે. પાકું પૂઠું, પૃ. ૨૪૭, રૂ. ૭-૨૫.

મોલે બાંધ્યાં વેર: પ્રહ્લાદ બ્રહ્મભટ્ટે લગભગ બેએક ડઝન નવલકથાઓ આપી છે તેમાં આ નવલકથા જુદી તરી આવે છે. એના વાતાવરણથી. અહીં એમણે પ્રેતસૃષ્ટિના એક પાત્ર સવિતા અને તેનાં કાર્યો દ્વારા અદ્ભુત રસની સારી જમાવટ કરી છે. સામાન્ય વિષયની ચીલાચાલુ નવલકથા કરતાં આ રીતે જુદી તરી આવતી આ આ કૃતિ જરૂર આનંદ આપી જાય તેવી છે. પ્રેતસૃષ્ટિ અને દાક્તરી વિદ્યા જેવી વૈજ્ઞાનિક સૃષ્ટિને સામસામે મૂકીને કર્તાએ વાર્તારસની સારી જમાવટ કરી છે. આપણા સાહિત્યમાં મળતી પ્રેતસૃષ્ટિની અલ્પસંખ્ય નવલકથાઓમાં આ કૃતિથી વાચનક્ષમ ઉમેરો થાય છે. પાકું, પૃ. ૩૨૭, રૂ. ૯-૫૦.

મનનાં બંધ કમાડ: માતૃત્વ એ સ્ત્રીની મહામૂલી મૂડી છે, એ સનાતન ભાવને આ નવલકથામાં પ્રતીતિકારકતાથી નિરૂપવામાં આવ્યો છે. શિલ્પાના હૈયામાં બાલ્યાવસ્થાથી સળવળી રહેલી માતૃત્વની ભાવના એના ખરા પ્રસંગે ચગદાઈ જાય છે ત્યારે એક સ્ત્રી અતૃપ્ત માતૃત્વને તૃપ્ત કરવાના જે પ્રયાસો કરે છે તેની આ સૂક્ષ્મ સંઘર્ષાત્મક નવલકથા છે. સ્ત્રી જીવનના આ પ્રશ્નને લેખક પ્રહ્લાદ બ્રહ્મભટ્ટે અહીં સંવેદનથી રજૂ કર્યો છે અને એક સ્ત્રીના 'મનનાં બંધ કમાડ'ને વાચકો સમક્ષ આબાદ રીતે ખોલી આપ્યાં છે. પાકું પૂઠું, પૃ. ૩૫૩, રૂ. ૧૦.

સૂરજ દીસે સોનલવરણો: કચ્છના અતીતના રાજકીય ને સામાજિક વાતાવરણના તાણાવાણાથી ગૂંથાએલી આ રસસભર નવલકથાના લેખક છે ઉમિયાશંકર અજાણી. ભૂતકાળની રાજ્યખટપટ અને અમાનુષીતા વચ્ચે પ્રગટતા માનુષી દીપની આ કથામાં રાજ્ય કારભાર અને સામાજિક પ્રશ્નોની છણાવટ છે, તો દેશદાઝ અને ઇન્સાનિયતની ભાવનાઓ યે છે. અતીતની પ્રોજ્જ્વળ મશાલથી સાંપ્રતને ઉજાળતી આ કથા તાજગીભરી વાચનસામગ્રી પૂરી પાડે છે. પાકું પૂઠું, પૃ. ૪૦૧, રૂ. ૧૧-૭૫.

મિથુન લગ્ન: મનસુખલાલ મો. ઝવેરીની આ આઠમી નવલકથા પ્રણય અને લગ્નના અતિનિરૂપાએલા વિષયને સુવાચ્ય રીતે રજૂ કરતી કૃતિ છે. સંઘર્ષોની તીવ્રતાને બદલે ચીલાચાલુ નવલકથાના પ્રવાહમાં આથી એક વધુ ઉમેરો થાય છે. પાકું પૂઠું, પૃ. ૨૨૩, રૂ. ૬-૫૦.

મારો આઠમો જન્મ વર્તમાન યુગના સંદર્ભમાં માણસની જે હાલત છે તેના સૂક્ષ્મ મનોવેગને વાચા આપતી માનસશાસ્ત્રીય નવલકથા. કાવ્યાભાસી લખાવટ ઘણી વાર વિષય કરતાં વિષયાંતર તરફ વધુ વળી જાય છે. પણ વાત નવી રીતે નિરૂપાએલી હોવાથી આસ્વાદ્ય બની શકી છે ખરી. લે. પરાજિત પટેલ; પાકું પૂઠું, પૃ. ૩૨૩, રૂ. ૯-૫૦. —ધી. પ.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



બંસીલાલ વર્મા
'ચકોર'

જન્મ: ચોટિયા-ઉત્તર ગુજરાતમાં તા. ૨૩-૧૧-૧૯૧૭. રવિશંકર રાવળના હાથ તળે ચિત્રકળાની તાલીમ લીધા બાદ ૩૫ વર્ષથી ઠઠ્ઠાચિત્રો કરે છે, જે બધાં મળીને લાખેક થયાં હશે. વ્યંગચિત્રો દોરવાની શરૂઆત 'નવ સૌરાષ્ટ્ર'માં કરેલી. ઈ. ૧૯૪૨માં 'કુમાર'માંથી નોંધપાત્ર પ્રોત્સાહન મળેલું. ૧૯૬૬માં મોંટ્રિયલ (કૅનૅડા)માં આંતરરાષ્ટ્રીય ઠઠ્ઠાચિત્ર-પ્રદર્શનમાં એશિયાભરમાંથી એમને એકને જ ઈનામ મળેલું. કટાક્ષ ચિત્રોનાં ત્રણ પુસ્તકો પ્રગટ કર્યાં છે: ૧) ભારતમાં અંગ્રેજી અમલ, ૨) વામનમાંથી વિરાટ, ૩) શાંતિમય ક્રાન્તિ. બૉમ્બે આર્ટ સોસાએટી તરફથી ચિત્રો માટે એમને ચંદ્રક મળેલો. સ્પર્ધામાં મોટેભાગે ભાગ નથી લેતા; પણ લે છે ત્યારે આપોઆપ પુરસ્કાર મળે છે. આ વર્ષે ગુજરાત સરકારે એમને સન્માન્ય કલાકાર તરીકે રૂ. એક હજારનું પારિતોષિક તથા શાલ આપ્યાં, (જે રકમ એમણે સંરક્ષણ ફંડમાં અર્પણ કરી).

૧ એક કાર્ટૂનિસ્ટ તરીકે તમને જગત ને જીવન કેવાં લાગે છે?

ઉ. મને તો બંને જીવવા જેવાં લાગે છે. સાક્ષીભાવે, તટસ્થતાથી ને 'સુખદુઃખ સમે કૃત્વા'ની દૃષ્ટિથી જોતાં જીવન ખરે જ આનંદયોગ તરફ ઢળે છે. માનશો? જિંદગીમાં હું કદી ય રડયો નથી, અલબત્ત પ્રસંગોપાત્ત વ્યથા થાય.

૨ કાર્ટૂનો દોરતાં ગુજરાતની પ્રગતિ તરફ લક્ષ આપો છો?

ઉ. જરૂર. નર્મદની તેજી ને ટેક, મુનશીજીની અસ્મિતા ને મેઘાણીની લોકવાર્તાની વ્યાપક જવાંમર્દી મારા હૈયાને ઊંડે સ્પર્શી ગયાં છે. સત્તાધીશો ને રાજમંત્રીઓનાં ઠઠ્ઠાચિત્રો નિત્ય દોરવાનાં હોવાથી ગુજરાતની નિર્બળતા, નામોશી ને નિર્ભર્ત્સના કોઈ પણ ભોગે જવાં જ જોઈએ એવી અને પ્રત્યેક ગુજરાતી મર્દ ને મક્કમ બને એવી મારા મનની મકસદ ખરી.

૩ કાર્ટૂનની કલા ક્યારથી વ્યાપક બની? એના આદ્ય પ્રણેતા કોણ?

ઉ. સત્તરમી સદીમાં પ્રૉટેસ્ટન્ટ ધર્મના સ્થાપક માર્ટિન લ્યૂથરે રોમન કૅથલિક ધર્મ ને પોપની સત્તાની સામે માથું ઊંચક્યું તે વખતે ઇટલીના એક માસિકમાં પોપની સત્તાને પડકારતું પહેલું વ્યંગચિત્ર પ્રગટ થયું. એમાં પોપને ઊંધે મસ્તકે નરકની ખીણની ભડભડતી આગમાં નાખતાં બતાવેલા. ઇતિહાસે નોંધેલું એ કદાચ પ્રથમ કટાક્ષચિત્ર હોય.

૪ કાર્ટૂન દોરવાના અભિલાષકોને યોગ્ય માર્ગદર્શન આપશો?

ઉ. પ્રથમ ચિત્રો દોરતાં શીખો. એમાંય આકારની આવડત જોઈએ. એ હસ્તગત થયા પછી વિચારો ને કલ્પન માટે બાલસાહિત્યથી માંડી બર્નાર્ડ શૉ સુધીનું, મતલબ કે શક્ય એટલું તમામ સાહિત્ય ફેંદી વળો. પછી ઠઠ્ઠાચિત્રમાં દૃષ્ટિકોણ, અભિવ્યક્તિ ને ગતિ મૂકો, જેથી જડ-સ્થગિત-પણ ગતિમાન, ચેતનામય દર્શાવાય. આ સાધના પછી તો સંગીતકારની માફક રિયાઝ ને ક્રિકેટિયરની માફક પ્રૅક્ટીસ કર્યા કરો ને ઠઠ્ઠાચિત્રોને જીવંત સ્વરૂપ એની લાક્ષણિકતા પ્રમાણે આપો. વાક્ચાતુરીની માફક ઠઠ્ઠાચિત્રોનો પાયો જ ચિત્રચાતુરી છે.

૫ કયા પ્રકારનાં ઠઠ્ઠાચિત્રો તમે વધારે દોરો છો?

ઉ. મારાં ઠઠ્ઠાચિત્રોમાં હાસ્ય ને વિનોદને બદલે વ્યંગ ને મર્મ પર વધારે ભાર હોય છે. બર્નાર્ડ શૉનું દાઢમાંથી બોલતું વાચન પચાવીને એવાં વ્યંગચિત્રો પર અભિરુચિ વધી.

૬ તમને કોનું વ્યક્તિત્વ સવિશેષ ગમ્યું કે ગમે છે?

ઉ. નેહરુજીનું. પણ ટોપી પહેરેલું, ટોપી વિનાના નહિ.

૭ જીવનનો અવિસ્મરણીય પ્રસંગ કહેશો?

ઉ. 'જન્મભૂમિ'નો રૌપ્ય મહોત્સવ હતો. નેહરુજી એના પ્રમુખ. અમારાં કાર્ટૂનોનું પણ એમાં પ્રદર્શન. વીસ મિનિટ એમણે મારાં કાર્ટૂનો જોયાં. રાજાજીનું ઠઠ્ઠાચિત્ર લાકડી ને ઉપર કાળાં ચશ્માં એમને ખૂબ ગમ્યું. મેં દિલ્હી મોકલ્યું. પાછળથી એમનો પત્ર આવ્યો: 'જગતભરનાં મારાં જોએલાં શ્રેષ્ઠ કાર્ટૂનોમાંનું આ એક છે. ચિત્ર મોકલવા બદલ આભાર.'

બંસીલાલ વર્મા
ચકોર

શ્રી બંસીલાલ વર્માનાં શિર્ષક(આ)લેખનો

વર્ષોથી 'ચકોર'ના નામે કાર્ટૂનિસ્ટ તરીકે અને 'બંસી'ના નામે કથાનુરૂપ ભાવસભર વાર્તાચિત્રોના આલેખક તરીકે શ્રી બંસીલાલ વર્મા સારી રીતે વિખ્યાત છે. પણ એમની કલ્પનાસભર કલાશક્તિનું એક અન્ય પ્રશસ્ય અંગ પણ છે. એ છે એમણે કરેલાં શિર્ષક આ-લેખનો. એમનાં કાર્ટૂનોની માફક આની પણ સંખ્યા ઘણી મોટી છે, પણ તેમાંથી પ્રાપ્ય એટલા નમૂનામાંથી અહીં રજૂ કરેલાં કેટલાંક ઉદાહરણો ઉપરથી એમની એ શક્તિનો ખ્યાલ આવી શકશે.

શબ્દ એ અર્થનું વાહન છે. એનું આલેખન પણ જો એ પ્રકારનું હોય કે એ જોતાં જ તેનો અર્થ સમજાઈ જાય એટલું જ નહિ પણ તેમાં બળ પુરાય તો એ એક ચાતુરીયુક્ત કળા બની રહે. વાર્તા કે લેખના વાચન દરમિયાન વાચકના મનોજગતમાં જે અનેકાનેક ચિત્રો ઊપસે છે એની સચોટ સબળ પૂર્વભૂમિકા તૈયાર કરવામાં એવું ચાતુરીયુક્ત શિર્ષક-આલેખન અગત્યનો ભાગ ભજવે છે. બંસીલાલે પોતાની કળાના આ પાસાને પણ કેવું આબેહૂબ બનાવ્યું છે તે અહીં આપેલાં દૃષ્ટાંતો પરથી સ્પષ્ટ થશે. એમાં એમણે કોઈમાં અક્ષરલેખનની ચાતુરી ગૂંથી છે, કોઈ અક્ષરોમાં ભાવાનુરૂપ આકારો રચ્યા છે, તો કોઈમાં પૂરક આલેખનો ઉમેરીને શિર્ષકના ભાવાર્થમાં બળ પૂર્યું છે. કેટલાંક શિર્ષકોમાં શબ્દાર્થને અનુરૂપ અને 'ટચ' આકારો યોજ્યા છે દા.ત. 'ચોર' શબ્દમાં દેખાતી આંખો ને 'ભડકે બળે છે અંતર'માં જ્વાળાનો આકાર, 'મનલીલા'માં ભ્રમરી, તો 'સૂરજમુખી'માં પુષ્પનો આકાર; જ્યારે 'Pills'માં Pને છરીને સચોટ સૂચન કર્યું છે. અમુકમાં માત્ર શોભનયુક્ત અક્ષરો જ શિર્ષકને ગૌરવ આપે છે તો અમુક અક્ષરોની ગોઠવણી જ ભાવને વ્યક્ત કરવા પર્યાપ્ત બને છે.

ઇન્દ્રદેવ આચાર્ય













શિર્ષકલેખનના છ સુંદર નમૂના: 'પિપળપાન'માં પિપળપાનની આકૃતિ, ગુલાબની કાંટાવાળી ડાળના અક્ષરો, 'સૂરજમુખીનાં ફૂલ'માં એ ફૂલના જ આકારે લખેલા અક્ષરો, 'પાનખરનાં ફૂલ'માં પાનખરનું અને 'ઘાસવન'માં ઘાસનું ચાતુરીભર્યું આલેખન. નીચે માનવ કીડીઆરાથી ઊભરાતા મુંબાઈ-Bombayનું અર્થસભર સુંદર આલેખન.















મુખ્ય કથાદોરને આવરી લઈ તેના ભાવને બળવત્તર બનાવતું અક્ષરઆલેખન. નીચે : અન્ય ભાવસચોટ શિર્ષકો

























'વિલન સાથે મિલન'માં મૂકેલાં આલેખન તો શિર્ષકનો ભાવ વ્યક્ત કરે જ છે, પણ શબ્દોનું લેખન પણ એટલું જ સૂચક છે. 'Films, Sex, Censorship'માં આ ત્રણે શબ્દોના અર્થને સાંકળી લેતું આલેખન અને Pillsમાં છેકેલો P તથા i પરના ટપકાને સ્થાને બતાવેલી ગોળી સાથે ills અક્ષરો નીચે ખેંચેલી લીટી દ્વારા ચિત્રકારે પોતાની કલ્પનાસભર ચાતુરીનું પ્રમાણ આપ્યું છે. 'પર્વાધિરાજ પર્યુષણ'માં હસ્તલિખિત ગ્રંથોના અક્ષરો જેવો વળાંક ને તેના પરના ચાંદલા તથા પાછળ કળશ મૂકી જૈનત્વનું સૂચન કર્યું છે, 'રાત ગુજારી નાખો'ની પશ્ચાદભૂમાં તારાભર્યા આકાશ વડે રાત સૂચવી છે, 'રક્ષાબંધન' શિર્ષક સાદું જ લાગે છે, પણ તેમાં 'બ'ના અનુસ્વારને સ્થાને ચાંદલો, લેખિકાના નામ નીચે 'રાખડી' અને કંગન દ્વારા બહેનના પ્રેમને સૂચવીને આ પર્વની સાથે સંકળાએલી શુભ કામનાઓ વ્યક્ત કરી છે. 'સર્વોદયની સાધના'માં વિનોબાજીનું આલેખન ભાવ પૂરે છે. 'શૃંગારમંજરી'માં અક્ષરોનો વળાંક અને સાથેનું આલેખનશોભન અર્થ અને વિષયને ચોટદાર બનાવે છે. સામેના પૃષ્ઠ પર 'ચોર', 'બાવરો', 'કોણ?' અને 'ડરપોક'ના અક્ષરોની લેખનચાતુરી ઉપરાંત સાથેનાં આલેખનો શિર્ષકના સમગ્ર ભાવની રજૂઆતમાં બળ પૂરે છે. 'ભડકે બળે છે અંતર'માં બહારથી ગંભીર લાગતાં પાત્રોનાં અંતરની સ્થિતિને અક્ષરોના આકાર વડે વ્યક્ત કરીને સચોટતા આણી છે. 'ભૂખ'માં એ શબ્દના સાધના આલેખનો દ્વારા અર્થવિસ્તાર દર્શાવ્યો છે. તેમાં મુખ્ય સ્ત્રીપાત્ર તથા શિર્ષકમાં આંખનું આલેખન તથા પાછળ આપેલા નમૂનાઓમાં 'ટેવ' અક્ષરોની વચ્ચે મૂકેલા આંખના ડોળા તથા સાથે બતાવેલી લાકડી દ્વારા વયનું સૂચન કરી ચિત્રકારે મૂગા રહીને પણ કેટલું બધું કહી દીધું છે! એ જ રીતે 'બે અપરાધી' તથા 'તિરાડ'માં હૃદયાકારનો ચાતુરીયુક્ત પ્રયોગ, 'મુક્તિ અને બંધન'ના અક્ષરોમાં મશાલ અને દોરડાની ગૂંથણી, તથા 'હું ને મારો ઓછાયો'માં ઓછાયા રૂપ ભૂતકાળનું સૂચન પણ કલ્પનાસભર છે.









શાપ
-હરીન્દ્ર દવે

-જ્યોતીન્દ્ર હ. દવે


કલારવિ ટ્રસ્ટ તરફની ત્રીજી રંગપૂરણી હરીફાઇ



(શરતો માટે પાછળ જુઓ)

પચ્ચીસ વર્ષ પહેલાં



ફેબ્રુઆરી ૧૯૪૭ · અંક ૨૭૮

આજથી પચ્ચીસ વર્ષ પર કલાનાં રૂપરહસ્ય-ની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી 'શિલ્પ-વિજ્ઞાન'ની જે લેખમાળા આવતી હતી તેની એક વધુ રસમય વાનગી :

શિલ્પના ગુણદોષની પરીક્ષા તો માત્ર પ્રકૃતિના રૂપ સાથે હૂબહૂ મળતું આવે છે કે નહિ એટલું જોવાથી જ થઈ શકતી નથી. તેની રૂપ-કલ્પના તો તેની રેખાઓની સંગતિ (harmony of line) ઉપર અને તેના જુદાજુદા ખંડની ભારસામ્યતા (balance of masses) ઉપર જ ખરો આધાર રાખે છે. કાગળ ઉપર આલેખેલા ચિત્રમાં તો કે રેખાનાં મૂલ્ય અને કથનશક્તિ (expressiveness) ઘણાં હોય છે, પરંતુ શિલ્પમાં તો રેખાનું મૂલ્ય એથી પણ વધારે ગણાય છે; કારણ કે શિલ્પમાં તો તેના જાતજાતના ખંડમાં ચારે દિશાએથી પ્રકાશ પડતો હોવાથી મૂર્તિકારને રેખાનો સમાવેશ અને સમન્વય એટલી કુશળતાથી કરવો પડે છે કે, જુદેજુદે વખતે જુદીજુદી જાતનો જે પ્રકાશ તેના પર પડે તેમાં પણ તેમની રચાએલી મૂર્તિ નવાં નવાં રૂપ અને આકર્ષણ કરતું મોહિની રૂપ લઈને પ્રકાશે. વળી આ રેખારચના અને સંસ્થાનમાં છન્દપ્રકારના વિવિધ સુયોગ અને લાલિત્ય બહુ પ્રમાણમાં છે. એથી ચિત્રની માફક શિલ્પમાં પણ છંદ-રચના (rhythm) એ એક જરૂરી ઉપાદાન અને સાધન છે



ચિત્ર નં. ૧ બેલૂરના મંદિરમાં ગંગાદેવી



પાણીના મોજાની ગતિશીલતા

ભારતનાં પ્રાચીન દેવ-દેવીઓની કાલ્પનિક મૂર્તિઓની રેખા-કલ્પનામાં પણ છંદ-ગતિનાં ઘણાં રમણીય દૃષ્ટાન્તો છે. દક્ષિણ દેશના બેલૂરના મંદિરમાં ગંગાદેવીની મૂર્તિને વેષ્ટન કરતા એક પ્રભાવાળા તોરણની સુંદર કલ્પના આપી છે (ચિત્ર નં. ૧). એક કમળનો મૃણાલ-શાખા દેવીની પાદપીઠના મકરની સૂંઢમાંથી નીકળીને, વળાંક લઈ દેવીના મૃણાલ બાહુમાં થઈને, વળી એક નમણો વળાંક લેતી ઊંચે ચડી, માથા ઉપર એક સુંદર વર્તુલાકાર તોરણ (arch) રચી રહે છે; અને ત્યાંથી જમણા હાથની રેખા સાથે પોતાનો પ્રવાહ મેળવી દઈને, ફરી જરા વળાંક લેતી જળધોધની સુમિષ્ટધારાની માફક, પદ્મકોરકનું રૂપ લઈ, સ્વચ્છન્દ ગતિથી છન્દના તાલમાં નીચે ઊતરે છે શિલ્પમાં દર્શાવેલી છંદ-લીલાનું આ એક શ્રેષ્ઠ દૃષ્ટાંત છે.

છંદ-ગતિ ઉપરાંત બીજા એક વિશેષ રસના નિરૂપણનો પણ સુયોગ શિલ્પમાં થાય છે: એનું નામ સ્થિર રસ અથવા શાન્તિ રસ (repose). વિવિધ રેખાનાં ગતિચાંચલ્યમાંથી તથા વિવિધ ખંડ (mass)ના સમૂહો (volume)ની ભારસામ્યતા (balance)માંથી શિલ્પ એક મધુર રસનો ઉઠાવ લાવવાનો પ્રયત્ન કરે છે. આ રસ તે સ્થિર ભાવનો શાન્તિ રસ (repose). ગતિહીનતાના આ સુસ્થિર રસ (repose)નાં ઘણાં ઉદાહરણો ભારતની ઘણી દેવી પ્રતિમાઓમાં મળે છે. ભારતની 'ધ્યાની બુદ્ધ'ની પ્રતિમાઓમાં, અથવા જગવિખ્યાત 'પ્રજ્ઞાપારમિતા'ની અલૌકિક મૂર્તિ-કલ્પનામાં ઉતારેલું શાન્તિરસનું પ્રતીક તો દુનિયાના બીજા કોઈ પણ દેશના શિલ્પમાં વિરલ ગણાય છે. (જુઓ પછીના પાને) પ્રજ્ઞાપારમિતાની આ સ્થિર ભાવની, શાન્તિરસની મૂર્તિને કવિઓએ 'વાયુહીન સ્થાનમાં રહેલી કંપહીન દીપશિખા' (निर्वात निष्कम्प इव प्रदीपम्)-ની સાથે સરખાવી છે.

પણ પથ્થર અથવા લાકડાની વસ્તુમાં આ ગતિહીનતા અથવા સ્થિર રસની મૂર્તિ રચવી જેટલી સહેલી છે તેટલો, ચલમાન ગતિનો ભાવ (movement) તેમાં ઉતારવો સહેલો નથી. છતાં ચતુર મૂર્તિકારો દરેક યુગમાં નિશ્ચલ પથ્થરમાંથી પણ જાતજાતની કલ્પિત મૂર્તિમાં ગતિ અને ચંચળતાના અનેકવિધ છન્દમય પ્રતીક રચી ગયા છે.

શિલ્પીને ગતિની વિવિધ ભંગિ સર્જવા સારુ એવા એક વિશેષ ગતિરૂપની ચૂંટણી કરવી પડે છે, એવી એક ચલન્ત મૂર્તિને શોધી કાઢવી પડે છે, જેમાં આ ગતિવેગનું બીજ તીવ્ર રૂપે ઢંકાએલું હોય છે. દાખલા તરીકે પાણીનું મોજું જ્યારે એની સમતલ રેખાની ગોદ છોડી, વાંકી રેખામાં ઉપર ચડે છે, ત્યારે તે તેના ઊંચામાં ઊંચા શિખર (crest) ઉપર પહોંચી, ત્યાં એક મુહૂર્તને માટે સ્થિર થઈ ઊભું રહે છે. પરંતુ આ સ્થિરતાના ભાવમાં પણ તેની ચલન્ત શક્તિનું બીજ અથવા શક્તિ હોય જ છે; કારણ કે ત્યારે પણ તેની ગતિશક્તિ નિઃશેષ થઈ જતી નથી પરંતુ તે વખતે પણ નીચે ઊતરી આવવાનો વેગ એમાં રહેલો હોય છે. ઉપર ચડવાથી ગતિની એક ક્રિયા સંપન્ન થઈ, જ્યારે નીચે ઊતરવાનો બીજો અધ્યાય હજુ બાકી છે. ચીન ને જાપાનના કલાકારોનાં ચિત્રોમાં આવી ગતિલીલાનું રહસ્ય સરસરીતે વ્યક્ત થયું છે. (જુઓ ઉપરનું ચિત્ર) તેના એકબીજા ઉત્તમ દૃષ્ટાન્ત રૂપ જાપાની કલાકાર હોકુસાઈનું પ્રખ્યાત ચિત્ર 'જલ-મોજ' અગાઉ આવી ગયું છે. ગતિમાં પણ સ્થિતિનું આવું શ્રેષ્ઠ નિદર્શન, ભારતીય પ્રતિમાકારની અપૂર્વ કલ્પના 'નટરાજ'ની પ્રતિમાની રસમય મૂર્તિમાં (પછીના પાને) ચિત્રિત થયું છે.

શિલ્પમાં 'સ્થૈર્ય' અને 'ગતિશીલતા' એ બે સ્થિતિ શ્રેષ્ઠપણે દર્શાવતી બે સર્વોત્કૃષ્ટ ભારતીય પ્રતિમાઓ: ડાબી બાજુ—'પ્રજ્ઞાપારમિતા'; જમણી બાજુ—'નટરાજ'





નટરાજ શિવની એ મૂર્તિ નૃત્યગતિના વાવાઝોડામાં આત્મવિસ્મૃત થઈ, 'કાલ-પુરુષ'ને નૃત્યના છંદમાં ચૂર્ણવિચૂર્ણ કરીને પગ નીચે દબાવી, એક બ્રહ્મસૂત્ર (axis)ના અવલમ્બન વડે ભમરડાની નિદ્રિત ગતિની માફક ચક્રાકારે (gyrating) ફરે છે. એ મૂર્તિને અચાનક જોવાથી તો ભ્રમણા જ થાય કે જાણે મૂર્તિ સ્થિર થઈને ઊભી છે. પણ તેના હાથપગ ઇતસ્તતઃ ફેરવતું ચંચળ ચિત્ર જોવાથી સમજાય છે કે નૃત્યની ગતિના વેગમાં તેનું એકેએક અંગપ્રત્યંગ કેન્દ્ર(axis)માંથી વિક્ષિપ્ત થઈ જાય છે. આ વિક્ષેપના સંકેતમાં ગતિના ચિત્રની સૂચના થઈ છે.

પ્રાગૈતિહાસિક પ્રાણીઓ-૨

પ્રાગૈતિહાસિક પ્રાણીઓની વિકાસકથા તો અત્યંત વિસ્તૃત છે, અને એમાં જળમાંથી બહાર આવી જમીન પર પણ વસી શકતા પ્રાણીઓનો ઉત્પત્તિકાળ એક રસમય પ્રકરણ છે, જેમાં કરોડવાળાં પ્રાણીઓની જમીન પર વસી શકેલી જીવસૃષ્ટિનું ઘણું મહત્ત્વ છે.


'સેમોરિયા' એ એક એવું પ્રાણી હતું. લગભગ ૨૫ કરોડ વર્ષ પહેલાંનું એ પ્રાણી દેખાવે



સેમોરિયા - પ્રારંભિક કાળનું જળસ્થળચર

ગરોળી જેવું ચપટા મોટા માથાવાળું અને બેએક ફૂટના કદનું થતું. મળી આવેલા એના અવશેષો પરથી એ પાણીમાં તેમજ જમીન પર રહી શકતું હોવાની સાબિતી મળે છે. એનાં ફેફસાં સીધી હવા શ્વાસમાં લઈ શકે એવાં હશે એમ જણાયું છે. મળી આવેલા ઈંડાંના પ્રાચીનતમ અવશેષો કદાચ આવાં પ્રાણીઓનાં હશે તેમ મનાય છે. લગભગ આને મળતાં પણ કદમાં ત્રણ ગણાં મોટાં 'એરીયોપ્સ' નામે ઓળખાતાં પ્રાણીઓ પણ એ યુગમાં પેદા થયાં.

તે પછીના યુગમાં 'ડિમેટ્રોડોન' નામક પ્રાણીઓ ધ્યાન ખેંચે છે. અમેરિકામાં ટેક્સા-



ડિમેટ્રોડોનનું હાડપિંજર

સમાંથી એના અવશેષ મળેલા. આ પ્રાણીઓ નવેક ફૂટ લાંબાં હતાં અને એમની સંખ્યા પણ મોટી હતી. એ સમયનું કદાચ એ સૌથી વધુ શક્તિશાળી માંસાહારી હતું. એની કરોડના મણકાનું કદ અને આકાર કંઈક અજબ હતાં. નિષ્ણાતોના અનુમાન પ્રમાણે શૂળવાળા એ લાંબા મણકાઓ પર ચામડીનું આવરણ હશે જે પંખા કે માછલીની પાંખ જેવું લાગતું હશે. એમના શરીર પરની આ રચનાનો શો હેતુ હશે તે નિશ્ચિત નથી પણ મનાય છે કે એના વડે તેઓ પોતાના ઉષ્ણતામાનનું નિયમન કરી શકતાં હશે. પૃથ્વીમાંથી મળતા ખનિજ કોલસાના કેટલાક થર આ યુગની વનસ્પતિઓમાંથી બન્યા હશે એવો અંદાજ છે.



અમધુકરી

અમને નાખો જિંદગીની આગમાં :
ફેરવીશું આગને પણ બાગમાં !
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં !
—શેખાદમ આબુવાલા

કૅપ્ટન મુલ્લાની ઠંડી શહાદત

હમણાં હવાઈ માર્ગે એકાએક હુમલા કરી પાકિસ્તાને ભારત પર આક્રમણ કર્યું ત્યારે જલમાર્ગે સલામતી માટે સાબદા થઈ ગએલા આપણા નૌકાદળની એક ફ્રિગેટ જહાજ 'ખુકરી' અરબી સમુદ્રમાં ઘૂમી રહી હતી. ૨૩૪ નાવિકો, ૨૩ અફસરો અને સબમરીનનો નાશ કરવા માટે મૉર્ટાર તોપોથી સજ્જ ૧૧૮૦ ટનની એ ફ્રિગેટનું લક્ષ્ય હતું પાકિસ્તાની સબમરીનની શોધ અને નાશ. પણ ગઈ ૯મી ડિસેમ્બરે ઓચિંતી ચડી આવેલી પાકિસ્તાની સબમરીન પર તે હુમલો કરી શકે એ પૂર્વે જ તેના પડખામાં ઉપરાઉપર ત્રણ ટૉર્પિડો વાગતાં ગાબડાં પડી ગયાં અને તેથી ભરાવા માંડેલા ધોધમાર પાણીથી 'ખુકરી' તુરત જ ડૂબવા માંડી.

જહાજને બચાવવું શક્ય ન જણાતાં તેના કૅપ્ટન મુલ્લાએ તુરત પોતાના નાવિકોને જહાજ છોડી દેવા હુકમ આપ્યો ને પોતે જહાજના બ્રિજ પર ખડા રહી સ્વસ્થ ચિત્તે બચાવની સર્વ કામગીરીની જાતે દોરવણી આપતા રહ્યા. 'ખુકરી' ઘણી ઝડપથી ડૂબી રહી હોઈ બચાવ માટે જે કૈં મિનિટો મળી તેમાં ૬૧ નાવિકો અને ૬ અફસરો જ બચી શક્યા, પણ ઈ. ૧૮૫૨માં બર્કનહેડના કપ્તાને સ્થાપેલી આદર્શ પ્રણાલિ અનુસાર, કૅપ્ટન મુલ્લા તો છેવટ સુધી બ્રિજ પર રહીને સ્વસ્થતા જાળવી પોતાની ફરજ બજાવતા રહ્યા અને સ્વેચ્છાએ ખુકરી સાથે જળસમાધિ લઈને ભારતીય નૌકાદળના નામને રોશન કર્યું.

કૅપ્ટન મહેન્દ્રનાથ મુલ્લાનો જન્મ ઉત્તર પ્રદેશનાં ગોરખપુરમાં ઈ. ૧૯૨૬ની ૧૫મી મે એ થયો હતો. તેઓ પંડિત જગતનારાયણ મુલ્લાના પૌત્ર અને જસ્ટીસ ડી. એન. મુલ્લાના પુત્ર હતા. પૂર્વજોની પેઠે અદાલતી કારવાઈમાં તેઓ પણ એટલા જ કુશળ હતા. માતૃપક્ષે તેઓ લાહોરના રાજા નરેન્દ્રનાથના દૌહિત્ર હતા. આ નરેન્દ્રનાથના પ્રપિતામહ રાજા રણજિતસિંહના સેનાપતિ હતા. રામેશ્વરી નેહરુ કૅપ્ટન મુલ્લાનાં માસી થાય અને એ રીતે અગાઉના અમેરિકામાં ભારતના એલચી અને આજના આસામના ગવર્નર શ્રી બી. કે. નેહરુના માસિયાઈ ભાઈ થાય.

ઈ. ૧૯૩૦થી પિતાની અલ્લાહાબાદ બદલી થતાં મહેન્દ્રનાથનું બાળપણ અને યુવાની ત્યાં જ વીત્યાં. બચપણમાં તેઓ સેન્ટ મેરી કૉન્વેન્ટના પ્રથમ કક્ષાના તેજસ્વી વિદ્યાર્થી હોવા સાથે ઘણા શરમાળ હતા. ગણિત અને ફારસીમાં ડિસ્ટિંક્શન સાથે તેઓ મૅટ્રિક થયા. ૧૯૩૪માં ઈન્ટરમીડીએટ થયા પછી સનદી નોકરીના બદલે માતાની અનિચ્છા છતાં ૧૯૪૫માં રૉયલ નેવીની પરીક્ષા આપી અને એ જ વર્ષે સપ્ટેમ્બરમાં રૉયલ નેવલ કૉલેજમાં અભ્યાસ માટે ઇંગ્લૅંડ ઊપડયા. ત્યાં એમણે સબ-લેફ્ટેનન્ટનું પદ પામી નૌકાદળની પૂરી તાલીમ લઈ માલ્ટા અને ક્રેટની કવાયતમાં ભાગ લીધો.



પણ એમની નીડરતા અને બહાદુરી છતાં હજી આ યુવાન અફસરની શરમાળતા ગઈ નહોતી. પાંચ વર્ષ પછી હકસર કુટુંબની ૧૫ વર્ષની કાશ્મીરી કન્યા સાથે એમનું લગ્ન થયું ત્યાર પહેલાં એમણે એ કન્યાને એ માત્ર છ વર્ષની હતી એ વખતે એક વાર પોતાની સાઈકલ પર ફેરવેલી એ સમયે જોએલી એ જ. તે પછીના સોળ વર્ષના સુખી લગ્નજીવન દરમિયાન અવારનવાર બદલી થતી રહેતાં અહીંતહીં ઘર ફેરવવું પડતું હતું. પણ વર્ષો વીતવા સાથે એમની



કૅ. મુલ્લાની ફ્રિગેટ 'ખુકરી'

નૌકાદળ પ્રત્યેની નિષ્ઠાનો વધારો જ થતો રહ્યો હતો અને એમને બઢતી પણ મળતી ગઈ. નૌકાદળમાં એમની શાયરી અને કવ્વાલી જાણીતી હતી. શેક્સપીઅર, ઇતિહાસ કે કાવ્યોનાં સંખ્યાબંધ અવતરણો પણ તેઓ અવારનવાર સંભળાવતા રહેતા. પૅટન એમનો માનીતો યુદ્ધવીર હતો અને એની ફિલ્મ એમણે બબ્બે વાર હોંશથી જોઈ હતી. ડૂબતા 'બિસ્માર્ક' વિષેની સ્પીચ તો તેઓ પોતાના અફસરોને પણ વારંવાર સંભળાવતા. ફરજ પર એમનો મિજાજ તેજ રહેતો, પણ એમના સૌજન્યથી હાથ નીચેના માણસો આનંદથી એમને સહી લેતા. અન્ય કોઈ પણ અફસર કરતાં નૌકાદળના કાયદાના વધુમાં વધુ પ્રશ્નો એમને હલ કરવાના આવ્યા હતા અને ત્યારે વડવાઓની વકાલતનું કૌશલ એમનામાં દીપી નીકળતું. આ બધું છતાં તેઓ મૌનના આગ્રહી હતા. ધર્મમાં પણ એમને ઊંડી આસ્થા હતી. ફરજ પર હોય ત્યારે જહાજમાં પોતાની કૅબિનમાં કે બ્રિજ પર પણ તેઓ દુર્ગા માતાનું સ્તોત્ર રાખતા.

વેલિંગ્ડનમાં ડિફેન્સ સર્વિસીઝ સ્ટાફ કોર્સ પૂરો કર્યા પછી એમને વિદેશમાં ફરજ સોંપવાની ભલામણ થએલી ને તદનુસાર ઈ. ૧૯૬૭માં તેઓ ડેપ્યુટી નેવલ ઍડવાઈઝર તરીકે બે વર્ષ માટે રાજદ્વારી ફરજમાં લંડન ગયા. પણ તે અગાઉ ડિસ્ટ્રૉયર 'રાણા' પરના આ યુવાન કમાન્ડિંગ ઑફિસરે રીઅર ઍડમિરલ કુરુવિલા પર એક ઉત્તમ નૌ-અફસર તરીકેની ઊંડી છાપ પાડી હતી અને એથી ૧૯૭૦માં એમને ઍડમિરલના કપ્તાન તરીકેની ફરજ સોંપવામાં આવી. એમની આખાબોલાપણા જેવી ખાસિયત છતાં એમની આ પદ પર વરણી થવાથી કેટલાકને એ સમયે જરા માઠું પણ લાગેલું. બીમારી તો એમણે ભાગ્યે જ અનુભવેલી. છેવટ સુધી તેઓ તંદુરસ્ત હતા. પત્નીને તેઓ કહેતા કે નૌકાદળમાંથી નિવૃત્તિ મળ્યા પછી પોતે વ્યાવસાયિક રીતે 'બ્રિજ'ની રમત શીખવશે. બ્રિજ રમવામાં તેઓ એટલા કુશળ હતા.

છેલ્લે તેઓ હમણાંના ભારત-પાકિસ્તાન સંઘર્ષ વેળા ૧૪મી ફ્રિગેટ સ્કવૉડ્રનમાં સીનિયર ઑફિસર તરીકે પાકિસ્તાની સબમરીન સામે દેશની પશ્ચિમ કંઠાર સામે ફરજ પર હતા ત્યારે પાકિસ્તાની સબમરીને સૌરાષ્ટ્રની પશ્ચિમ કંઠારે ઓચિંતા એમની ફ્રિગેટ 'ખુકરી' પર ઉપરાઉપરી ત્રણ ટૉર્પિડો છોડી તેને ખાંગી કરી નાખી ત્યારે એમણે શક્ય એટલા સૌને બચાવી લેવા તદ્દન સ્વસ્થ ચિત્તે હુકમો આપતા રહીને પોતાની ફરજ અદા કરી હતી. બચી ગએલા ૯૭ જણમાંના જેમણે એમને આખરી ઘડીએ દેખેલા તેમણે કહ્યા પ્રમાણે તેઓ ડૂબતા જહાજના બ્રિજ પર શાંતિથી સિગારેટ પેટાવીને પોતાની ખુરશી પર બેઠેલા રહેલા. સરકારે એમની આ દિલેરીને 'મહાવીર ચક્ર' આપીને બિરદાવી છે.

પહેલાં પોતાના આશરે રહેલા બધા જ પ્રવાસીઓને, ને પછી પોતાના હાથ તળેના નાવિકો અને અફસરોને બચાવીલીધા બાદ જ તથા જહાજને પણ ઉગારવાના શક્ય એ બધા જ પ્રયાસો કરી ચૂક્યા પછી જ તેનો કપ્તાન પોતાના બચાવનો વિચાર કરી શકે, એવો એક ગૌરવશીલ ઉચ્ચ આદર્શ જહાજાતની દુનિયામાં પળાતો આવ્યો છે. પણ યુદ્ધપ્રસંગે એવી લાગણીશીલતાનો ત્યાગ અક્ષમ્ય અને નાલેશીભર્યો નથી ગણાતો. છતાં દુનિયાભરની જહાજાતોમાં અનેક કપ્તાનોએ, આ આદર્શના સફળ પાલન પછી યે, અને કેટલાક કિસ્સાઓમાં તો સ્વબચાવની શક્યતા હોવા છતાં પણ, પોતાના જહાજ સાથે જળસમાધિ લેવાનું જ પસંદ કર્યું છે.

યુદ્ધજહાજની બાબતમાં તો શત્રુને હાથ ચડી જઈ એનો ગેરલાભ ન લેવાય તે સારુ જરૂર પડ્યે તેને જાણીબૂઝીને ડુબાડી દેવાની પણ ગોઠવણ હોય છે. પણ ત્યારે યે પોતાના જહાજ પ્રત્યે પ્રગાઢ આત્મીયતા રાખતા કપ્તાનોએ એની સાથે જ જળસમાધિ લેવાનું વધુ પસંદ કર્યું છે. ૧૯૩૯માં ચારે તરફથી ઘેરાઈ ગએલા જર્મન યુદ્ધજહાજ 'ગ્રાફસ્પી'ના કપ્તાન લૅંગ્સડૉર્ફે પણ એમ જ કર્યું હતું. આવા તો અનેક કિસ્સા જહાજાતના ઇતિહાસમાં છે. પહેલી જ વાર યુદ્ધમાં ઊતરેલા ભારતના નૌકાદળના કૅપ્ટન મુલ્લાએ પણ એ જ પ્રણાલીનું પાલન કરી દેશને ગૌરવ આપ્યું છે.

પણ આનો યે એક અપવાદ બન્યો છે. ઈ. ૧૯૬૮માં ઉત્તર કોરિયાના જલવિસ્તારમાં જાસૂસી કરતું અમેરિકન જહાજ 'પાબ્લો' પકડાઈ ગયું ત્યારે, એમાં ગોઠવાએલી જાસૂસી યંત્રજાળ શત્રુઓ પામી ન જાય એ માટે જરૂર પડ્યે જહાજનો નાશ કરવાની બધી સગવડ હોવા છતાં, એનો કપ્તાન લૉઈડ બુશર એ જિગર બતાવી શક્યો નહોતો. પોતાના નાવિકો સાથે એ શરણે થઇ ગયો અને જહાજ પણ દુશ્મનોને સોંપી દીધું! પોતાના વિશાળ નૌકાકાફલાની શક્તિ પ્રદર્શિત કરવામાં રાચતી અમેરિકન જહાજાતની એ એક કાળી ટીલી છે. એવી જ નાહિમ્મત એના એક જાસૂસી વિમાનીએ જીવતા રહીને રશિયામાં બતાવેલી એ પણ સૌને યાદ હશે. કેવળ શક્તિ નહિ, આત્મસમર્પણનું જિગર પણ કંઈક ચીજ છે. ભારતીય સૈન્યની ત્રણે પાંખે એ બતાવી આપ્યું એ તો તાજા જ બનાવો છે.

સોમનાથનું મંદિર

સોમનાથને કોણ નથી જાણતું? વિદેશીઓએ અનેક વાર એને લૂંટ્યું, ભાંગ્યું અને તો ય ફરી એ તો નૂતન સ્વરૂપે હાજર! ભારતવર્ષનાં બાર જ્યોતિર્લિંગોમાંનું તે એક છે. એનો પરિચય રસમય છે.

લગભગ દરેક મોટા શહેરથી સોમનાથની બસ મળે. ટ્રેઈન રસ્તે રાજકોટ, જેતલસર ને વેરાવળ, ને ત્યાંથી પ્રભાસ પાટણ. સોમનાથ પહોંચીએ એ પહેલાં વેરાવળનું હરસિદ્ધ માતાનું મંદિર જોઈ લેવા જેવું છે. આપણા ગુજરાતનો એક મૂલ્યવાન શિલાલેખ ત્યાં સંગ્રહાયો છે. એમાં હિજરી સંવત, વિક્રમ સંવત, વલભી સંવત અને સિંહ સંવત એમ ચાર સંવતોનો એકસાથે ઉલ્લેખ છે. વેરાવળ એટલે બંદર. એનો મૂળ શબ્દ 'વેલાકુલ'. દરેક બંદર માટે આ શબ્દ વપરાતો, જેમ દરેક નગર માટે 'પત્તન' શબ્દ હતો. પાછળથી વેરાવળ અને પાટણ વિશેષ નામો બની રહ્યાં. સોમનાથ તરફ જતાં વચ્ચે આવે છે ભાલકાતીર્થ, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણને બાણ વાગેલું. એમ કહેવાય છે કે ઈશુના જન્મ પહેલાં ત્રણ હજાર છસો વર્ષ પર મહાભારતનું યુદ્ધ થએલું અને તે વખતે એક્યાશી વરસના, સફેદ વાળવાળા વૃદ્ધ કૃષ્ણ અર્જુનના સારથિ બનેલા!

ભાલકાનો કુંડ અને મહાર સુંદર બાંધણીવાળું તળાવ જોઈ સીધા દરિયાકાંઠે. ત્યાં એક ખડકમાં બે ખૂબ જ સુંદર વિશાળ અને શ્યામ શિવલિંગો સદીઓ થયાં જડાએલાં પડ્યાં છે. આગળ ચાલતાં દરિયાકિનારાની અનેક પ્રકારની જીવાત આપણને પોતાનો પરિચય કરાવવા ઉત્સુક છે: ભટકતા કરચલા, સુકાએલાં પરવાળાં, માછલાંના ભિન્ન ભિન્ન અવશેષો— ભગવાન શંકરના પરિવાર જેવો આખો કિનારો વિચિત્ર છે!

અને આ સોમનાથનું ભવ્ય મહાલય! ભગવાન મહાકાળ અનેક વાર માનવીના હાથે સંહાર પામી એ જ હાથે અભિનવ સ્વરૂપ સર્જન પામતા સૈકડો વર્ષો થયાં અહીં સ્થિત છે. (જુઓ લેખને અંતે) પુરાણોમાં કથા છે કે દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૭ પુત્રીઓ ચંદ્રને પરણાવી, તેમાંથી રોહિણી ચંદ્રની વધારે માનીતી બની રહી. આથી દક્ષે ચંદ્રને શાપ આપ્યો.

શાપ નિવારવા ચંદ્ર ભાસ્કરતીર્થમાં તપ કરવા લાગ્યો. ભગવાન પ્રસન્ન થયા. ચંદ્રે પોતાના 'સોમ' એવા નામ ઉપરથી 'સોમનાથ'ની સ્થાપના કરી!

આપણાં પુરાણો પણ કેવી રસિક કથાઓ આપે છે! ૨૭ પુત્રીઓ એટલે ૨૭ નક્ષત્રો! દક્ષના શાપ પછી ચંદ્ર દરરોજ એક એક નક્ષત્રમાં ફરવા લાગ્યો, આથી જ ચંદ્રનું એક નામ નક્ષત્રપતિ પણ છે. એ ભાસ્કરતીર્થ તે આજનું પ્રભાસપાટણ.

સ્વરાજ્ય મળ્યા પછી બંધાએલા આ નવા સોમનાથ મંદિરની સામે અહલ્યાબાઈએ બનાવેલા જૂના સોમનાથ નીચે ભોંયરામાં છે. બાજુમાં ભદ્રકાળી માતાના મંદિરમાં સુંદર મૂર્તિ છે. અને જરા દૂર ગામમાં 'દૈત્યસૂદન' નામે વિષ્ણુમંદિરમાં પણ આપણા દેશની શ્રેષ્ઠ મૂર્તિકલાનાં દર્શન થાય છે. બાજુમાં સૂર્યમૂર્તિ પણ છે, સામે નાનકડા મંદિરનો પોઢિયો માથું પગ વચ્ચે મૂકી દેવો સૂઈ ગયો છે! બાજુમાં ચંદ્રપ્રભ જિનાલયમાં ધાતુની એક અતીવ મધુર પ્રતિમાનાં દર્શન થશે.

દેહોત્સર્ગ જતાં રસ્તામાં આવતું સુંદર કલામય પ્રસાદવાળું રુદ્રેશ્વર અને સરસ્વતી, કપિલા તથા હિરણ્ એ ત્રણ નદીઓનો ત્રિવેણીસંગમ ભારે પવિત્ર અને રમ્ય સ્થળો છે. ભગવાન શ્રીકૃષ્ણનો અગ્નિસંસ્કાર અહીં થએલો. સામે જરા દૂર હિરણને કાંઠે નગરાનો ટીંબો છે. ગુજરાતમાં જે થોડાંક સ્થળોએથી હડપ્પન્ન સંસ્કૃતિ નીકળી છે તેનું આ મહત્ત્વનું કેન્દ્ર. બાજુમાં સાદી બૌદ્ધ ગુફાઓ છે.

સોમનાથના મંદિરની તવારીખ

પ્રથમ મંદિરની સ્થાપના : ? (ઈશુની પહેલી-બીજી સદી)
પ્રથમ ભાંગ્યું : ઈ. સ. ૧૦૨૬માં મહમુદ ગઝનીને હાથે.
બીજા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૧મી સદીમાં ભીમદેવને હાથે.
બીજું ભાંગ્યું : ઈ. સ. ૧૨૯૭માં અલાઉદ્દીન ખિલજીને હાથે.
ત્રીજા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૩૦૮માં રા'મહિપાલને હાથે.
ત્રીજું ભાંગ્યું : ઈ. સ. ૧૩૪૫માં મહમદ તઘલગના હાથે.
ચોથા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૩૪૯માં મેઘરાજ વાળાને હાથે.
ચોથું ભાંગ્યું : ઈ. સ. ૧૩૬૯માં ઝફરખાનને હાથે.
પાંચમા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૩૮૯માં (સંયુક્ત પ્રયાસથી).
પાંચમું ભાંગ્યું : ઈ. સ. ૧૩૯૫માં મુઝફ્ફરખાનને હાથે.
છઠ્ઠા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૪૫૧માં રા'માંડલિક ત્રીજાને હાથે.
છઠ્ઠું ભાંગ્યું : ઈ. સ. ૧૪૯૦માં મહમદ બેગડાને હાથે.
સાતમા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૫૧૧માં બ્રાહ્મણોને હાથે.
સાતમું ભાંગ્યું : ઈ. સ. ૧૬૬૫માં ઔરંગઝેબને હાથે.
આઠમા નવા મંદિરની અન્યત્ર સ્થાપના : ઈ. સ. ૧૭૮૩માં મહારાણી અહલ્યાબાઈ હોલકરને હાથે
મૂળ જગ્યાએ આઠમા મંદિરની સ્થાપના : ઈ. સ. ૧૯૪૭-૯૨.

(લોકજીવન)

—નરોત્તમ પલાણ

ચિત્તાગાંવ

બાંગલા દેશમાં પાકિસ્તાનીઓએ મહમ્મદ ગઝની અને નાદિરશાહને પણ ઝાંખા પાડે એવી ક્રૂરતાથી જે ખ્યાતનામ નગરોનો સર્વનાશ કર્યો એના ભવ્ય ભૂતકાળની યાદ આવે છે ત્યારે વિચાર આવે છે કે પૂર્વ બંગાળની પ્રજાએ ૨૪ વર્ષ પહેલાં પાકિસ્તાનમાં ભળવામાં કેવી ભયંકર ભૂલ કરી હતી. ચાર ધર્મનાં સેંકડો ધર્મસ્થાનો ધરાવતા એના ઇતિહાસ પ્રસિદ્ધ પાટનગર ઢાકાનો પરિચય ગયા અંકમાં આપેલો. ચિત્તાગાંવ કે ચટગાંવ કે ચિત્તાગોંગ નામે ઓળખાતું બંગલા દેશનું સૌથી મોટું બંદર આજે તો પશ્ચિમ પાકિસ્તાનીઓએ ફેલાવેલા વિનાશથી મૃતપ્રાયઃ બની ગયું છે. પરંતુ એક જમાનામાં જ્યારે કલકત્તા ન હતું ત્યારે ચિત્તાગાંવ ભરતખંડ અને અગ્નિ એશિયાનું એક મોટું બંદર હતું. બંગદેશના હિંદુ રાજ્યનું એ મુખ્ય બંદર હતું. એક બાજુ બ્રહ્મદેશ સાથે તથા અગ્નિ એશિયાના બીજા દેશો સાથે અને બીજી બાજુ ભારતના પૂર્વ કાંઠા અને લંકા સાથે બંગદેશના સંબંધની કડી ચિત્તાગાંવમાં હતી.

દસમી સદીમાં અરબ વહાણવટીઓ અહીં આવ્યા ત્યારે ચિત્તાગાંવ વેપાર-ઉદ્યોગથી ધીકતું બંદર હતું. ઇટાલિયન અને પોર્ટુગીઝ વહાણવટીઓએ આ બંદરની ભવ્યતા જોઇને તેને પોર્તો ગ્રાન્દ એટલે મહાબંદર કહ્યું હતું. બંગાળ કાંપ વડે બનેલા મેદાનનો પ્રદેશ છે. ચિત્તાગાંવ બંદર પહાડી પ્રદેશ ચિત્તાગાંવનો એક ભાગ છે. આસામની લુશાઈ ડુંગરમાળા ચિત્તાગાંવના પહાડી પ્રદેશ અને ચિત્તાગાંવ બંદર સુધી ફેલાએલી છે. આ પહાડી પ્રદેશોની વસતિ પણ ૭૫ ટકા બૌદ્ધ છે. આમ છતાં હિંદના ભાગલાના સીમાડા નક્કી કરવા નીમાએલા રૅડક્લીફ પંચે ચિત્તાગાંવનો પહાડી પ્રદેશ પાકિસ્તાનને આપ્યો જેથી આસામને સમુદ્રકાંઠો ન મળે, અને તે બાકીના ભારતથી લગભગ કપાઈ ગએલો રહે.

આ પ્રદેશ જંગલસંપત્તિથી સમૃદ્ધ છે. મૂળ તો આ પ્રદેશ પણ નદીઓના કાંપ વડે સમુદ્ર પુરાઇને બન્યો છે, પણ ધરતીકંપથી સમાંતર ડુંગરમાળાઓ બની ગઈ છે, જે વધુમાં વધુ ૪,૦૨૪ ફૂટ ઊંચી છે. ધરતી માત્ર કાંપની બનેલી હોવાથી ખેતરની ક્યારીઓને પાળ બાંધવા માટે યે પથ્થર નથી મળતા! એ પહાડી પ્રદેશને દક્ષિણ છેડે આવેલું ચિત્તાગાંવ કર્ણફુલી નદીના જમણા કાંઠે નદીમુખ પર આવેલું ઊંડુ પાણી ધરાવતું કુદરતી બંદર છે. તેની પાછળ લીલીછમ ટેકરીઓ છે. જે પર ઈમારતો પણ છે. અહીં સૃષ્ટિસૌન્દર્ય મનોહર છે તેમ હવામાન પણ ખુશનુમા રહે છે. ઉનાળામાં પણ ઉષ્ણતામાન ૮૫ અંશ ફે.થી ઊંચે ભાગ્યે જ જાય છે.

પૂર્વ પાકિસ્તાન રેલવેનું છેલ્લું સ્ટેશન ચિત્તાગાંવ કોમિલા અને ઢાકા સાથે જોડાએલ છે. તેની વસતિ અંદાજે પાંચ લાખ જેટલી હતી. પાકિસ્તાનની રચના થયા પછી કલકત્તાનો ઘણોખરો વેપાર ચિત્તાગાંવ બંદર લઈ ગયું. કાપડ, દીવસળી, ઇજનેરી માલ, ચા અને શણની નિકાસનું તે મુખ્ય બંદર છે. અહીં રૉસ્તખાનના પુત્ર ઉમેદખાને ટેકરી પર બાંધેલી જુમા મસ્જિદ જોવા જેવી છે. મોગલ યુગની અને બ્રિટિશ યુગની સુંદર ઐતિહાસિક ઇમારતો વડે આ પ્રાચીન બંદર શોભે છે. ચિત્તાગાંવ જિલ્લો તેની ખેતી, જંગલ અને મત્સ્યસંપત્તિથી સમૃદ્ધ છે અહીં વર્ષે ૧૦૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. ડુંગરોમાં હાથી, વાઘ, દીપડા, જંગલી ભેંસો, સાબર અને રંગબેરંગી પક્ષીઓ વસે છે. આજે તો આ બધું ભીષણ બૉંબમારા અને તોપમારાનું ભોગ બનીને બેહાલ થયું છે, પણ સ્વતંત્ર બાંગલા દેશમાં તે પોતાની અસલ રોનકે પહોંચી જશે.

(મુંબાઈ સમાચાર)

—'હિમાચલ'

નાગરવેલનું પાન

પચવામાં મદદ કરવા ઉપરાંત સૈકાઓથી પાન ભારતીય ઉપખંડમાં સામાજિક જીવનનું એક પ્રણાલિગત અંગ બની ગયું છે. જન્મ, લગ્ન અને અન્ય સામાજિક પ્રસંગોએ પાન ખવાય છે. રાજામહારાજાઓ પાનની ભેટ મોકલતા હતા. જેલના અધિકારીઓ કેદીને ફાંસી આપતાં પહેલાં તેને પાન આપે છે. મલયેશિયામાં માફી માગવાના પ્રતીક રૂપે પાન ધરાય છે. જો કે એક સમયે લાંબો વખત રહી ચૂકેલા મહેમાનને વિદાય લેવાનું સૂચન કરવા પણ પાન અપાતું હતું!

પાન બનાવવું એ પણ એક કળા છે. પુત્રવધૂની પસંદગી કરતી વખતે ભાવિ સાસુ તેના હાથના પાનની માગણી કરે છે, જેથી એની આવડતનું પારખું થાય. લગ્નની વિધિ દરમિયાન ઘણી વાર નવવધૂનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા તેનો ખોળો પાનથી ભરી દેવાતો હતો. વૃદ્ધ સ્ત્રી પાનનો રસ સગર્ભા સ્ત્રીની નાભિ ઉપર રેડીને રસ કઈ દિશામાં ઢળે છે એ જોઈને ભાવિ બાળકની જાતિ નક્કી કરતી હતી. પાન ઉપર હાથ મૂકીને લેવાએલા સોગંદ ન તોડી શકાય એવા મનાતા.

કેટલાક ડૉક્ટરોએ એવો દાવો કર્યો છે કે પાનના રસની હિસ્ટી-

રિયાના દર્દ ઉપર સારી અસર થાય છે. વિટામીન સીની ઊણપ હોય એવા માણસોને પાન ખાવા અનુરોધ કરાય છે. જેને શ્વાસોચ્છ્વાસમાં તક્લીફ હોય તેને પણ પાન ખાવાથી રાહત થતી હોવાનું જાણવા મળે છે.

બીજી બાજુ એક તબીબી અભિપ્રાય જણાવે છે કે ખૂબ પાન ખાવાથી ભૂખ મંદ પડે છે, જ્યારે પાન સાથે તમાકુ ખાવાથી ધીરે ધીરે હૃદય નબળું પડે છે. જાણીતા ડોક્ટરોએ તાજેતરમાં કરેલાં સંશોધનો પરથી એમ જાણવા મળ્યું છે કે પાન ખાવાથી મોંનું કૅન્સર પણ થઈ શકે છે.

(ગુજરાતમિત્ર) —એમ. અમીનુદ્દીન

ગણિતગમ્મત

'૩ ને ૯' અને '૪ ને ૭ની જોડી રહસ્યમય છે. '૩ ને ૯'નો સરવાળો '૪ ને ૭'ના સરવાળાથી ૧ વધારે છે. પરંતુ '૪ ને ૭'નો ગુણાકાર '૩ ને ૯'ના ગુણાકારથી ૧ વધારે છે.

(૩+૯)-(૪+૭)=૧   (૪×૭)-(૩×૯)=૧

વળી ૩ અને ૯ નો ગુણાકાર કરવાથી ઘનસંખ્યા આવે છે. (૩×૯=૨૭=૩³) અને ૪ ને ૭ ના ગુણાકાર કરવાથી જે સંખ્યા આવે તે ક્રમિક-સંખ્યાનો સરવાળો છે. ૪×૭=૨૮=(૧+૨+૩+૪+૫+૬+૭)

વળી ૩ ને ૯ નો ગુણાકાર તેમજ ૪ ને ૭ નો ગુણાકાર એબે ગુણાકારનો સરવાળો પણ ક્રમિક સંખ્યાનો સરવાળો થાય છે.

(૪×૭)+(૩×૯)=૨૮+૨૭=૫૫
=(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯+૧૦)

—એમ. એન. ખત્રી

કાવ્યપુસ્તકના પ્રકાશનમાં દેના બૅંકનું ધીરાણ

'ઉર્દૂ, હિન્દી અને અંગ્રેજીમાં સાહિત્યરચના કરનાર એક જુવાન લેખકને કાને વાત ગઈ કે રાષ્ટ્રીયકૃત દેના બૅંક સર્જનાત્મક સાહિત્યકારોને તેમનાં લખાણ પ્રગટ કરવા માટે આર્થિક સહાયતા આપે છે, એટલે એણે તે માટે બૅંકની એક શાખાનો સંપર્ક સાધ્યો. પત્રવહેવાર શરૂ થયો, મુલાકાતો થઈ અને દેના બૅંકને ખાતરી થઈ કે આવા પ્રગતિશીલ લેખકોને નાણાકીય સંસ્થાઓએ ટેકો અને ઉત્તેજન આપવાં જોઈએ એટલે એણે આ જુવાન સાહિત્યકાર શ્રી મદહોશ બિલગ્રામીને એમના કાવ્યપુસ્તક 'આબલે'નું ઉર્દૂ અને હિન્દીમાં પ્રકાશન કરવા માટે નાણાં ધીર્યાં. આજે એ પુસ્તકનું પ્રકાશન થયું છે.

શિરઃશૂલમાં ડુંગળી

'સુશ્રુતે આંખ અને પગનાં તળિયાંનો સંબંધ બતાવ્યો છે. નેત્રનું તેજ વધારવા પગને તળિયે માલિશ કરવાનું લખ્યું છે. આધુનિકોને આ વાત હાસ્યાસ્પદ લાગતી હતી. પણ હમણાં જ આ વાતને અનુમોદન આપતી એક શોધ જાહેરમાં મુકાઈ છે. ગમે તેવો ભયંકર માથાનો દુખાવો હોય, ડુંગળીને પાણીમાં લસોટી તેના રસને પગને તળિયે ઘસવાથી 'તરત જ' માથું ઊતરી જાય છે. 'તરત જ' શબ્દ ઉપર ભાર છે. પગના તળિયેથી માથા સુધી એ ઓષધની અસર કેટલી ઝડપથી કઈ રીતે પહોંચે છે તે એક નવાઈની વાત છે, પણ હકીકત છે.

મારાં શ્રીમતીજીનું એકદમ માથું દુખવા લાગ્યું. જમણી આંખનો ઉપરનો ભાગ, નેણ, કપાળ વગેરે એક જ બાજુ સખત દુખે. મને ડુંગળીની વાત યાદ આવી. છીપર ઉપર પાણી મૂકી ડુંગળી ખૂબ ઘસી પ્રવાહી તૈયાર કર્યું. આને ડુંગળીનો રસ પણ કહી શકીએ. છતાં ઘટ વધારે. દુખાવો જમણી તરફ હતો એટલે ડાબા પગના તળિયે રસનું બરાબર માલિશ કર્યું. બધો જ રસ વાપરી નાખ્યો. ૨-૩ મિનિટ માલિશ કર્યું હશે ત્યારે દુખાવો ધીમો પડવો શરૂ થઈ ગયો હતો. માલિશ બંધ કર્યું. પાંચેક મિનિટમાં સદંતર દુખાવો બંધ! પોતાની અધૂરી ચોપડી પૂરી કરવા શ્રીમતીજી લાગી ગયાં હતાં.

(શ્રેયસી) —નવીનભાઈ ઓઝા

અનુસંધાન] મુનિશ્રી પુણ્યવિજયજી [પૃ. ૪૪થી

દેશી-પરદેશી અનેક વિદ્વાનોએ એમની રાહબરી નીચે સંશોધન કર્યું છે. છતાં ય એ ગુરુપદનો લેશ પણ મદ ક્યાંય કળી શકાશે નહિ. ઉચ્ચતમ ઉપાધિ પીએચ.ડી.ના પરીક્ષક તરીકે પણ એમણે એટલી જ નિર્લેપતાથી કામગીરી કરી હતી. ઇ. સ. ૧૯૫૯માં અમદાવાદ ખાતે મળેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના વીસમા અધિવેશનના ઇતિહાસ-પુરાતત્ત્વ વિભાગના એઓ પ્રમુખ વરાએલા. ઈ. ૧૯૬૧માં કાશ્મીર ખાતે મળેલા 'ઑલ ઇન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ'ના એકવીસમા અધિવેશનમાં 'પ્રાકૃત અને જૈન ધર્મ' વિભાગના અધ્યક્ષ તરીકે એ પસંદ થએલા. ઈ. ૧૯૭૦માં અમેરિકાની 'ઓરિયેન્ટલ સોસાએટી'એ એમને માનાર્હ સભ્ય તરીકે ચૂંટી કાઢ્યા હતા. આવું માન મેળવનાર કદાચ એઓ પ્રથમ જ હિંદી હશે. એમના પાંડિત્યનો આ કંઈ ઓછો પુરાવો નથી. આથી જ પ્રો. ડૉ. ડબ્લ્યુ. નૉર્મન બ્રાઉનના શબ્દો યથાર્થ લાગે છે: (He is) a worthy representative of the best Indian tradition of learning and teaching. (તેઓ ઉત્તમ ભારતીય અધ્યયન-અધ્યાપન પ્રણાલીના એક આદરણીય પ્રતિનિધિ છે.)

એમની જ્ઞાનપ્રવૃત્તિનાં બે સુફળ તે પાટણના 'શ્રી હેમચંદ્રાચાર્ય જૈન મંદિર'ની તેમજ અમદાવાદના 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર'ની સ્થાપના. અનેક વિદ્વાનો અને અભ્યાસીઓને માટે આ બંને સંસ્થા આશીર્વાદ રૂપ બની છે. એમની સક્રિય પ્રવૃત્તિની તેમજ પ્રાચીન જ્ઞાનવિસ્તરણ વૃત્તિની આ ન ભુલાય તેવી દેણગી છે. અનેક વ્યક્તિઓ અને વિદ્વાનોથી ઘેરાએલા પુણ્યવિજયજી એક વ્યક્તિ નહિ પણ સ્વયં સંસ્થા રૂપ હતા.

વિદ્યાભ્યાસંગમાં તો એઓ વ્યાધિને પણ વિસરી જતા. ઈ. ૧૯૫૫ની વર્ષાઋતુના દિવસો હતા. સંગ્રહણીના રોગે એમને ઘેરી લીધા. વ્યાધિ ઉગ્રસ્વરૂપ પકડતો ગયો. લગભગ દોઢ વર્ષ સુધી એઓ પીડાયા; પરંતુ તે દરમિયાન એમને સધિયારો આપ્યો શાસ્ત્રવ્યાસંગે. 'કથારત્નકોષ'નું સંપાદન અને 'નિશીથચૂર્ણિ'નું અધ્યયન એમણે આ નાદુરસ્ત તબિયતે જ કર્યું. એમની જ્ઞાનભક્તિ અને ચિત્તની સ્વસ્થતા અહીં પ્રગટ થયા વગર રહેતાં નથી.

આવા આત્મસાધક સંત પોતે અનેકાંતવાદની સાક્ષાત્ પ્રતિમા હતા. પોતાની તેજસ્વી બુદ્ધિને સ્વાશ્રયના જળસિંચનથી એમણે અવિરત ફળદાયિની બનાવી હતી. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ ને જૂની ગુજરાતીના આ પ્રકાંડપંડિત પાંડિત્યદંભથી હમેશાં દૂર રહેતા. કદાપિ વિકાર ન પામી શકે એવી ચિત્તવૃત્તિવાળા એઓ સાચા આધ્યાત્મિક પુરુષ હતા. વિપરિત સંજોગો પણ એમના દઢોત્સાહને કદાપિ વિચલિત નહોતા કરી શક્યા. બાસઠ વર્ષનું એમનું દીક્ષાજીવન એટલે અવિરત કર્મયાત્રા અને અખંડ જ્ઞાનયજ્ઞ. પોતાની સાધના સાથે સાથે એમણે અનેકોને અધ્યાત્મજ્ઞાન આપ્યું હતું. એઓ શાસ્ત્રીય દષ્ટિસંપન્ન સંપાદક, શ્રમશીલ સંશોધક. વિનમ્ર વિદ્વાન, આદર્શ શ્રમણ અને ગુણગ્રાહી વત્સલ વ્યક્તિ હતા, એક સાચા વિદ્વાનને છાજે એ રીતે એઓ આજીવન વિદ્યા-અર્થી જ રહ્યા. પુણ્યવિજયજી એટલે જ નખશિખ વિદ્યાર્થી. એમની વિદ્યાપ્રીતિ અને વ્યવહારરીતિ નિરાડંબરી અને નિખાલસ હતાં. ૭૬ વર્ષની ઉમરે મુંબાઈમાં 'પ્રોસ્ટેટ'ની શસ્ત્રક્રિયા બાદ ૨૪મી જૂન ૧૯૭૧ના રોજ રાત્રે સાડા આઠ કલાકે આવા મનીષી સંત, પ્રજ્ઞા પુરુષ અને આજીવન અક્ષર-સાધક સમ્યક્રીતે જ ક્ષરને ત્યજી અ-ક્ષરત્વ પામ્યા. એમની જ્ઞાનસાધનાનો સ્રોત અસ્ખલિત રીતે અનેકોનેક પ્રેરણાવારિ પાતો રહે એ જ એમને સાચી અંજલિ હો! □

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૧, ૧૯૫૮ ઇજિપ્ત અને સીરિયાનું જોડાણ થઈ 'યુનાઇટેડ આરબ રીપબ્લિક'ની સ્થાપના થઈ. ઈ. ૧૯૨૨માં આ જ માસમાં ૨૮ તારીખે ઇજિપ્ત સ્વતંત્ર થયું હતું.



ચર્ચિલ, રૂઝવેલ્ટ અને સ્ટૅલિન

તા. ૩, ૧૯૪૫ બીજા વિશ્વયુદ્ધમાં કૂદી પડેલા જાપાનની સામે સાથી રાજ્યોને મદદ કરવાના વચનથી પ્રેરાઈ બ્રિટનના વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલ અને અમેરિકાના પ્રમુખ રૂઝવેલ્ટ રશિયન નેતા સ્ટૅલિનની સાથે મંત્રણા કરવા યાલ્ટા ગયા. આ મંત્રણા બાદ રશિયન સહાયની અપેક્ષા હતી, પણ છેક આઠમી ઑગસ્ટ સુધી રશિયા આ અંગે નિષ્ક્રિય જ રહેલું અને દરમિયાન અણુબૉમ્બની મહાવિનાશક શક્તિથી ભાંગી પડી જાપાને છ જ દિવસ પછી તો શરણાગતિ સ્વીકારી લીધી. એટલે હકીકતે રશિયાને કશું કરવાપણું જ રહ્યું નહોતું.

તા. ૫, ૧૯૨૨ ચૌરીચૌરામાં લોકોએ એકવીસ પોલીસોને અને એક સબ ઈન્સ્પેક્ટરને મારી નાખ્યા. આમ અહિંસાનો ભંગ થવાથી મહાત્માજીએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.

તા. ૬, ૧૮૪૦ વાઇટાંગી સંધિ અનુસાર માઓરીઓએ ભૂમિ, જંગલો અને મચ્છીમારીના કેટલાક હક્ક જાળવી રાખી પોતાનો દેશ ન્યૂઝીલૅન્ડ બ્રિટિશ તાજને સોંપી દીધો. ન્યૂઝીલૅન્ડ કૉલોનાઇઝિંગ એસોસીએશનનો સંચાલક એડવર્ડ ગિબન વેઈકફિલ્ડ તો વર્ષોથી આ માટે પ્રયત્નશીલ હતો, પણ બ્રિટિશ સરકારે આ અંગે બહુ લક્ષ આપેલું નહિ. પરંતુ જ્યારે એમને જાણ થઈ કે ફ્રેંચ કોલોનાઇઝિંગ કંપની પણ આ દિશામાં પ્રયત્નો કરે છે ત્યારે તુરત એમણે શાહી અરમારના કૅપ્ટન હૉબ્સનને એ માટે મોકલ્યો અને ન્યૂઝીલૅન્ડને ઑસ્ટ્રેલિયા સાથે જોડી દેવામાં આવ્યો. ત્યાર બાદ અનેક મુશ્કેલીઓ પછી ઈ. ૧૮૫૨માં ન્યૂઝીલૅન્ડને સ્વાયત્ત સત્તા મળી.

તા. ૮, ૧૫૮૭ સ્કૉટલૅન્ડની રાણી મેરી સ્ટૂઅર્ટનો વધ. ફ્રાંસના પાટવી કુંવરની એ વિધવા લૉર્ડ ડાર્ન્લે સાથેના પુનર્લગ્નના નાતે રાણી ઇલિઝાબેથ પહેલી પછી ઈંગ્લૅંડની ગાદીની એક હકદાર હતી, પણ ડાર્ન્લેના મૃત્યુમાં એનો હાથ હોવાની શંકાથી લોકોએ એને પદભ્રષ્ટ કરતાં એ ઇલિઝાબેથને શરણે ગઈ. ઇલિઝાબેથે એને એની નિર્દોષતા સાબિત કરી આપવાની તક આપવાની શરતે ૧૭ વર્ષ કેદમાં રાખી અને પછી કૅથૉલિકો સાથે મળી પોતાને મારી નાખવાના કાવતરા બદલ, પાર્લામેન્ટના દબાણથી ઇલિઝાબેથે તેનો વધ કરવા મંજૂરી આપીને ઇંગ્લૅંડ માટેનો સ્કૉટલૅન્ડ તરફનો ભય દૂર કરવા સાથે કૅથૉલિકો પર પણ દાબ પાડ્યો.

તા. ૯, ૧૭૯૨ અંગ્રેજોએ ટીપુ સુલતાન સાથેના કરારોમાં અર્ધું મ્હેસુર પડાવી લીધું.

તા. ૧૧, ૧૭૯૩ બ્રિટિશ હિંદમાં જિલ્લા અને શહેર અદાલતોની સ્થાપના થઈ.

તા. ૧૨, ૧૭૦૯ અંગ્રેજી કુમાર-સાહિત્યની જગવિખ્યાત કથા 'રૉબિન્સન ક્રૂઝો' જેની જીવનઘટના ઉપરથી ડૅનિયલ ડીફોએ લખી તે માથાફરેલ સ્કૉટ્સમેન ઍલેક્ઝાંડર સેલ્કર્કનો જુઆન ફર્નાન્ડિઝ ટાપુ પરથી છુટકારો. પોતાના ગામ લાર્ગોમાં દેવળમાં પ્રાર્થના દરમિયાન ગેરવર્તણૂક દાખવવા બદલ ધર્મગુરુઓના રોષથી બચવા એ નાસીને દરિયાખેડુ બન્યો, પણ તેમાંયે એક ખેપમાં જહાજના કપ્તાન જોડે આથડી પડતાં એની પોતાની જ ઇચ્છા પ્રમાણે એને દક્ષિણ મહાસાગરના આ ઉજ્જડ ટાપુ પર થોડો સીધાસામાન આપી ઉતારી મૂકવામાં આવ્યો. એ ટાપુ પર એના એકાંતવાસના ચાર વર્ષ બાદ 'ડયૂક' નામના જહાજના કૅપ્ટન વૂડઝ રૉજર્સે એને પોતાના વહાણ પર લઈ લીધો. એ પછી સેલ્કર્ક ઈ. ૧૭૨૧માં પોતાના અવસાન સુધી દરિયો ખેડતો રહેલો.

તા. ૧૪, ૧૯૩૦ લૉવેલ વેધશાળાએ સૂર્યમાળાના સૌથી દૂરના ગ્રહ 'પ્લૂટો'ની શોધ કરી.

તા. ૧૫, ૧૯૪૮ સ્વ. સરદાર વલ્લભભાઈ પટેલની મુત્સદ્દીગીરીથી ૪૪૯ જેટલાં દેશી રાજ્યોનો લોપ થઈ એક અખંડ કાઠિયાવાડનું 'સૌરાષ્ટ્ર' નામથી સર્જન થયું. અને જામનગરના જામસાહેબના પ્રથમ રાજપ્રમુખ પદ નીચે શ્રી ઉછરંગરાય ઢેબરના પ્રમુખપણા સાથે ત્યાં પ્રજાકીય સરકારની રચના થઈ. આજે સૌરાષ્ટ્ર અને કચ્છ ગુજરાત રાજ્યમાં ભળી ગયાં છે.


તા. ૧૯, ૧૮૬૫ તિબેટ અને મધ્ય એશિયાનાં કપરાં વેરાનોમાંથી પ્રાચીન સંસ્કૃતિઓના મૂલ્યવાન પુરાઅવશેષો શોધી કાઢનાર સ્વિસ સાહસ-ખેડુ વિદ્વાન સ્વેન હેડિનનો જન્મ.

તા. ૨૧, ૧૮૯૮ ગુજરાતના વિખ્યાત મસ્ત-કવિ બાલારામ ઉલ્લાસરામનું અવસાન.

તા. ૨૨, ૧૯૪૪ સુભાષબાબુની આઝાદ હિંદ ફોજે હિંદની ધરતી પર ઈમ્ફાલમાં પ્રવેશ કર્યો.

તા. ૨૩, ૧૫૬૮ ચિતોડગઢનું ખંડન. સમસ્ત હિંદુ રાજ્યોને હરાવી એક મહાન મુઘલ સલ્તનત સ્થાપવા ઇચ્છતા અકબરે અડગ-અજેય રહેલા મેવાડની રાજધાની ચિતોડગઢને ઈ. ૧૫૬૭ના ઑક્ટોબરમાં ઘેરો ઘાલ્યો. આ માટે એ પાંચ કોસમાં પથરાય એટલી વિશાળ સેના અને ગઢના દરવાજા તોડવા સેંકડો હાથીઓ અને તોપો લાવેલો. છતાં રાણા ઉદયસિંહની સેનાનું સંચાલન કરનાર બદનોરના ઠાકોર જયમલ રાઠોડે છ છ મહિના સુધી મચક ન આપી. પણ એક રાતે ગઢની મરામત કરાવતાં જયસિંહને બંદૂકની ગોળી વાગી અને તે ઘાયલ થયો. બીજે દિવસે રજપૂતોએ કેસરિયાં કર્યાં તેમાં ઘાયલ જયસિંહ પણ લડેલો. ગઢમાં સ્ત્રીઓએ જૌહર કર્યું. આખરે ચિતોડગઢ પડ્યો. આ મહાન વિજયની યાદમાં અકબર તેના કિલ્લાનાં તોતિંગ દ્વાર અને માઈલો દૂર સંભળાય એવી ત્યાંની નોબતો સાથે લઈ ગયો.

તા. ૨૫, ૧૮૮૬ એ ગુજરાતી સાહિત્યના નવયુગના અગ્રણી, પ્રથમ ગુજરાતી ભાષાના ગદ્યલેખક, 'પ્રેમશૌર્ય-ગીતો'ના સૂત્રધારી કવિ નર્મદનું અવસાન.



તા. ૨૮, ૧૫૦૦ કોલંબસના એક વખતના સહ-સફરી વિન્સેન્ટ યાનેઝ પિન્ઝોને ઍમેઝોન નદીની શોધ કરી.

દક્ષિણ ભારતમાં ગુજરાતી સાહિત્યના પ્રસારના હેતુથી હૈદરાબાદની સાહિત્ય સમિતિએ નવલિકા, કાવ્ય અને વિનોદનિબંધિકાની એક હરીફાઈ યોજી છે. એમાં સૌ કોઈ ભાગ લઈ શકશે અને એક સાથે આ ત્રણે વિભાગોમાં પોતાની કૃતિ મોકલી શકશે. (છેલ્લી તા. ૧-૩-૭૨) ત્રણે વિભાગમાં ત્રણ-ત્રણ અને દ. ભારતના હરીફો માટે એકએક પ્રોત્સાહક ઈનામ અપાશે. વધુ વિગત માટે સાહિત્ય સમિતિ, ગુજરાતી સેવા મંડળ, ૪-૩-૨૫૯ ગિરિરાજ લેઈન, સુલતાન બજાર, હૈદરાબાદ-૧ (આંધ્ર પ્રદેશ)ને લખવું

તું ભાઈ મારા ! મન મોહું રાખજે, ને વિશ્વનાં ઝેર બધાં પચાવજે;
તું સત્યને પંથ ધર્યે જજે સદા, બધાયનો રાખણહાર રામ છે.

—સનાતન

બીજા વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સમાં નાઝી હકૂમત સામેની મુક્તિચળવળના ભૂગર્ભ નેતા આંદ્રે જ્યૅાબની શોધમાં તેના જેવો જ તેનો તેડિયો ભાઈ નાઝીઓને હાથે સપડાઈ ગયો. તે સમજી ગયો કે ભાઈને બચાવવાની આ અમોલી તક છે, કેમ કે આન્દ્રે જતાં પ્રતિકાર-ચળવળને મોટો ફટકો પડે તેમ હતું. તેથી નાઝીઓની પૃચ્છામાં પોતે જ આન્દ્રે હોવાનું કબૂલી લીધું અને બીજે દિવસે હસતે હૃદયે ગોળીથી ઠાર થયો.

કહેવતોના અર્થ— 'હાંડલીમાં રૂપ ને પેટીમાં શણગાર': હાંડલી=ભોજન. પેટી=નાણાંની છોળ; મતલબ કે માણસ ખાધેપીધે સુખી હોય તો રૂપ ખીલી ઊઠે અને નાણાંની છૂટ હોય તો પહેર્યેઓઢ્યે શોભી ઊઠે. એ રીતે સુખી સંસારનાં સાધન દર્શાવવા આ વપરાય છે.

અનેકાર્થી શબ્દ: **આમ**=આ રીતે; અહીં, આ સ્થળે; આંબો, કેરી; અજીર્ણનો રોગ, કાચો મળ, જળસ, ઝાડા સાથે નીકળતો સફેદ ચીકણો પદાર્થ; લોકસમૂહ, જનસામાન્ય; ચણાનો ક્ષાર; કાચ દ્વીપના એક ખંડનું નામ; એ ખંડનો અધિપતિ અને ધૃતરાષ્ટ્રના એ નામનો પુત્ર.



નૉર્વેના શોધસફરી રોઆલ્ડ આમુંડસેને વાપરેલી નાની બોટ ઉત્તર અને પશ્ચિમ વચ્ચેના લાંબા સમુદ્રમાંથી પસાર થનારી પહેલી બોટ હતી. ૧૯૦૬ના ઑગસ્ટમાં એ સફર પૂરી થતાં પહેલાં એ બોટ ત્રણ શિયાળા સુધી આર્કટિકના બરફમાં અટવાએલી સ્થિતિમાં રહી હતી.



ઈ. ૧૮૪૩માં બ્રાઝિલની પહેલી ટિકિટ બહાર પડી તેનું આલેખન પહેલી નજરે બળદની આંખ જેવું લાગતું હોઈ સંગ્રાહકો તેને 'બ્રાઝિલીઅન બુલ્સ આઈ' કહે છે.



આ તે ફૂલદાની છે કે સામસામા બે હસતા ચહેરાની છાયા?



કલાકણિકા : રાજસ્થાની હાંસડી. કોઈને આ ગળામાં લટકાવવાની કલ્પના ન યે રુચે, પણ રાજસ્થાની ચોળીના પહોળા કાપ ઉપર ઉઘાડા દેખાતા અંગને ઢાંકવાની આ શોભનભરી લોક-કલ્પનામાં સ્ત્રીનાં માનગૌરવ જાળવવાની પણ કદાચ ભાવના હશે.



હર્ષદ (હરસિદ્ધ)માતાનું મંદિર – મિયાણી (ચિત્રકાર · મગનલાલ દેસાઈ)

સ્થળ-પરિચય માટે જુઓ 'માધુકરી'



ગીત-અંજલી
ચિત્રકાર
અબ્દુર્રહમાન ચુઘતાઈ

અસ્ખલિત મુલાયમ રેખાઓ,
સમતોલ સંયોજન,
સપ્રમાણ વિવિધ મધુર રંગછાયા
અને પ્રત્યેક આકારની પૂર્ણ સ્પષ્ટ
રજૂઆત સાથે, નરી વાસ્તવિકતાથી
દૂર કોઈ કલ્પનાભોમમાં વિહાર
કરાવતી ઈસ્લામી છાંટવાળી
કાવ્યમય ચિત્રાલેખના એ આ
મરહૂમ ચિત્રકારની આગવી ને અજોડ
લાક્ષણિકતા રહી છે.
એમનો પરિચય આ અંકની
'કલાવાર્તા'માં આપ્યા છે.